ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 4 • JULY 2018 • PAGES 56 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ – ૬ (કુલ વર્ષ ૬૬) અંક- ૪ • જુલાઈ ૨૦૧૮ • પાનાં -૫૬ • કિંમત રૂા. ૩૦/-



## જિન-વચન

न चित्ता तायए भासा कुओ विज्जाणुसासणं।
विसन्ना पावकम्मेहिं बाला पंडियमाणिणो।।

Knowledge of various languages does not give shelter to human beings. How can training in various arts protect them? They think that they are highly learned persons, but in fact they are ignorant, if they are committing sinful deeds.

विविध भाषाओं का ज्ञान जीव को रक्षण नहीं देता। विद्या का अनुशासन भी कहां शरणरूप होता है ? अपने को पंडित मानने वाले वे पापकर्मों से मलिन हुए अज्ञानी ही हैं।

જુદી જુદી ભાષાઓનું જ્ઞાન જીવને શરણરૂપ થતું નથી. વિદ્યા-મંત્રની શિસ્ત પણ ક્યાંથી શરણરૂપ થાય ? તેઓ ભલે પોતાને પંડિત માને, પરંતુ જો પાપકર્મથી ખરડાયેલા હોય તો તેઓ અજ્ઞાની જ છે.

ડૉ. રમણલાલ ચી. શાહ 'જિન વચન' ગ્રંથિત માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- કુલ ૬૫મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ સાંભળી શકશો.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | જીવન માત્ર જીવવા કરતાં કંઈક વધારે છે (તંત્રી સ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૨. | ઉપનિષદમાં અશ્વત્થ વૃક્ષવિદ્યા | ડૉ. નરેશ વેદ | ૫ |
| ૩. | જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એક તુલનાત્મક અભ્યાસ - નિર્વાણના સંદર્ભમાં | સંધ્યા શાહ | ૭ |
| ૪. | ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી રચિત સુવિધિનાથ જિન સ્તવન | ડૉ. રશ્મિ ભેદા | ૧૦ |
| ૫. | નવ્યન્યાયના મહત્ત્વના ગ્રંથનો સર્વપ્રથમ હિન્દી અનુવાદ | હર્ષવદન ત્રિવેદી | ૧૨ |
| ૬. | જૈન દર્શન - દ્રવ્યાનુયોગ | ડૉ. કોકિલા હેમચંદ શાહ | ૧૬ |
| ૭. | ગુરૂ કોને કહેવાય ? | ડૉ. છાયા શાહ | ૧૮ |
| ૮. | પરમજ્યોતિઃ પચ્ચવિંશતિકા - ઉપાધ્યાયજી યશોવિજયજી | મનુભાઈ દોશી | ૧૯ |
| ૯. | ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૧૦ | કિશોરસિંહ સોલંકી | ૨૦ |
| ૧૦. | સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૨૨ |
| ૧૧. | શ્રી ભક્તામર સ્તોત્ર : આસ્વાદ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૨૯ |
| ૧૨. | મા | દક્ષા એમ. સંઘવી | ૩૦ |
| ૧૩. | મા, માતૃભાષા ને માતૃભૂમિ | ડૉ. ભદ્રાયુ વછરાજાની | ૩૧ |
| ૧૪. | રામનામ : નીતિ, અધ્યાત્મ અને રાષ્ટ્રસેવા | સોનલ પરીખ | ૩૨ |
| ૧૫. | સારસ્વતોમાં સૂર્ય : પંડિત બેચરદાસ જીવરાજ દોશી ! | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૪ |
| ૧૬. | દક્ષિણાપથની સાધના-યાત્રા | પ્રા. પ્રતાપકુમાર ટોલિયા | ૩૬ |
| ૧૭. | નિમિષોડનિમિષ: | હેમંતવાળા | ૩૮ |
| ૧૮. | 'ડેવિડનો જૈન મુનિ સાથેનો વાર્તાલાપ' | શશિકાંત લ. વૈદ્ય | ૩૯ |
| ૧૯. | જ્ઞાન-સંવાદ | ડૉ. રતનબેન ખીમજી છાડવા | ૪૦ |
| ૨૦. | સર્જન-સ્વાગત | ડૉ. રશ્મિ ભેદા | ૪૧ |
| ૨૧. | ભાવ-પ્રતિભાવ જૂન અંક વિશેષ : કેલિડોસ્કોપીક નજરે .. | ડૉ. સર્વેશ વોરા | ૪૩ |
| ૨૨. | The Absolute Knowledge…The right Knowledge ….. Samyak Gyan | Prachi Dhanvant Shah | ૪૬ |
| ૨૩. | Jainism Through Ages | Dr. Kamini Gogri | ૪૮ |
| ૨૪. | અતીતની બારીએથી આજ | શ્રી બકુલ ગાંધી | ૫૫ |
| ૨૫. | જો હોય મારો અંતિમ પત્ર તો… | રતિલાલ બોરીસાગર | ૫૬ |


પ્રબુદ્ધ જીવનનો ઓગસ્ટ મહિનાનો પર્વાધિરાજ પર્યુષણ વિશેષાંક

**'જૈન અને અન્ય ધર્મમાં પેઈન્ટીંગ કળા'**

રહેશે જેનું સંપાદન વિદ્વાન શ્રી રમેશભાઈ બાપાલાલ શાહ કરશે. પર્યુષણ પર્વ સમયે પ્રભાવનાના અંક માટે આગોતરી નકલ ઑફિસ પર નોંધાવશોજી.

મોબાઈલ નંબર : ૯૧૩૭૭૨૭૧૦૯

❑ તંત્રી

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯ થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-

વિક્રમ સંવત ૨૦૭૪ • વીર સંવત ૨૫૪૪ • અષાઢ સુદી -૪

**માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ**


### તંત્રી સ્થાનેથી...

## જીવન માત્ર જીવવા કરતાં કંઇક વધારે છે

જીવન માત્ર જીવી જવા સિવાય કશુંક વધારે હોવું જોઈએ. જીવનનો ધ્યેય ઉચ્ચ હોવો જોઈએ. મનુષ્ય જીવનનો ધ્યેય 'હું કોણ છું?' ની ઓળખાણ પામવી તે છે. ઓળખાણ પામવી અને ઓળખાણ સમજવી અને એ 'ઓળખ'ને ટકાવી રાખવી મહત્વની છે.

'હું કોણ છું' આ પ્રશ્નનો જવાબ જ્ઞાની સંતોની વાણીમાં મળે છે.


આ અંકના સૌજન્યદાતા

**ચંદ્રકુમાર ગણપતલાલ ઝવેરી**


**હું કોણ છું?, હું કોણ નથી?,** આત્મા કોને કહેવાય?, મારું શું છે?, મારું શું નથી?, બંધન શું છે?**મોક્ષ (મુક્તિ) શું છે?** ભગવાન ક્યાં છે? ભગવાન શું છે? જગતનો 'કર્તા' કોણ છે?, ભગવાન 'કર્તા' છે કે નથી? ભગવાનનું ખરું સ્વરૂપ શું છે?' આ જગતમાં રીયલ 'કર્તા' નો સ્વભાવ શું છે?જગત કોણ ચલાવે છે? કેવી રીતે ચાલે છે? ભ્રાંતિનું ખરુ સ્વરૂપ શું છે? જે આપણે જાણીએ છીએ તે સાચું (રીયલ) છે કે ભ્રાંતિ છે? પોતાની પાસે જે જ્ઞાન છે તેનાથી પોતે મુક્ત થશે કે બંધનમાં રહેશે? આવા અનંત સવાલોના જવાબમાં મનુષ્ય અટવાય છે.

**The World is the puzzle itself, God has not created this puzzle. There are two viewpointers to solve this puzzle, One Relative viewpoint and one Real view point. Real is permanent, Relative Is temporary, All thls relatlves are temporary adjustments.**

જે ક્ષણિક છે તેને સમજી લેવું. જીવન ટૂંકુ અને ક્ષણભંગુર છે અને દેવળ જૂનું થયે હંસ તો ઊડી જવાનો છે,

*તારે ને મારે હંસા, પ્રિત્યું બંધાણી રે;*
*ઊડી ગયો હંસ, પિંજર પડી રે રહ્યું*

મીરાંબાઈનું આ ભજન પણ દેહની નશ્વરતા અને ક્ષણભંગુરતાની વાત કરે છે. ત્યારે થાય છે કે જીવન જીવવા કરતાં કંઈક વધારે છે.

ગૃહસ્થ જીવન જીવતાં આ સમજ એકવાર કેળવાઈ જાય પછી ઘણું બધું સમજાઈ જાય છે. આત્માનો પરમાત્મા સાથેનો પરમ તલસાટ ગૃહસ્થને સુશ્રાવક બનાવે છે. સંસ્કૃત ક્રિયા 'શ્રુ' અર્થાત સાંભળવું. જે સંતની વાણીનું પાન કરે છે, જેને આત્માનું સત્ય સમજાય છે, તે શ્રાવક. બાહ્ય રીતે તો શ્રાવક દ્વારા દેવપૂજા, ગુરુભક્તિ, સ્વાધ્યાય, સંયમ, તપ, ધન વગેરે અપેક્ષિત છે. પણ જેના અંતરમાં તીર્થંકરની વાણી સાંભળવાનો તલસાટ હોય અને જે ભૌતિક જગતમાં રહીને પણ મુક્તિનો પથ શોધવાનો પ્રયત્ન કરે તે શ્રાવક.

બિનજરૂરી પ્રવૃતિમાંથી પોતાનું મન પાછુ ખેંચી, પોતાના કષાયને ઓછાં કરવાનો પ્રયત્ન કરે છે.

શ્રાવક આ શબ્દ શાસ્ત્રીય રીતે તેનું ''શ્રમણોપાસક'' નામાંકન થયેલ છે, જે અતિ સાર્થક છે. 'શ્રમણની પર્યુપાસના કરે તે' જ શ્રમણોપાસક અથવા શ્રાવક.

ઉપાસકદશાંગ અને દશાશ્રુતસ્કંધ આ બેમાં આપણને


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

શ્રાવકાચાર વિષે પૂરતી માહિતી મળે છે. એમાં મનાય છે કે જે ગૃહસ્થાશ્રમમાં હોય તેમને સાધુજીવનની તુલનામાં મોક્ષ પ્રાપ્ત ન થાય, પરંતુ ગ્રંથોમાં કેટલાક એવાં ઉદાહરણો મળે છે જેમાં શ્રાવકોને પણ પોતાના આચારો દ્વારા મોક્ષ પ્રાપ્ત થાય છે.

બીજી તરફ ભગવદ્ ગીતાને યાદ કરીએ. સર્વ શરીરનો જ્ઞાતાએ પુરુષોત્તમ છે. શરીર અને તેના જ્ઞાતાને જાણવાની બાબત એ જ જ્ઞાન છે. આ શરીરમાં મિથ્યા અહંકાર, દ્વેષ, દુઃખ વગેરે વિકાર છે. એની સામે શું કેળવવાનું છે? વિનમ્રતા, દંભવિહિનતા, અહિંસા, સહિષ્ણુતા, સરળતા, સદ્‌ગુરુનો આશ્રય, પવિત્રતા, સ્થિરતા, આત્મસંયમ, ઈન્દ્રિય તૃપ્તિના વિષયોનો ત્યાગ, અનુકુળ અને પ્રતિકુળ ઘટનાઓ પ્રતિ સમભાવ, સામાન્ય જનસમુહથી અલિપ્ત હોવું, આત્મસાક્ષાત્કારના મહત્વનો સ્વીકાર અને પરમપ્રાપ્તિની શોધ, આ બધાને જ્ઞાન કહેવામાં આવ્યું છે. અને કહે છે કે જે મનુષ્યો જ્ઞાનનાં નેત્રોથી શરીર અને શરીરના જ્ઞાતાની વચ્ચેનો ભેદ જુએ છે અને ભૌતિક પ્રકૃતિના બંધનમાંથી મુક્ત થવાની પ્રક્રિયાને જાણે છે, તે પરમ ધ્યેયની પ્રાપ્તિ કરે છે.

જે સાચો શ્રાવક છે એને પણ તો, પોતાના મનને, ઈન્દ્રિયોને કાબૂમાં રાખવાની છે.

સાચો જૈન શ્રાવક સમ્યક દર્શનને આધારે પોતાના વ્યવહારમાં સાચો આચાર આચરે છે. શ્રાવકના ૧૪ નિયમો દર્શાવ્યા છે,

**सचित दव्व विगइं वाणह तंबोल वत्थ कुसुमेशु ।**
**वाहण शयन विलेपन बंभ दिसि ण्हाण भत्तेसु ।।**

શ્રાવક જે વચન બોલે તે પ્રિય હોય, પથ્ય હોય અને તથ્ય પણ હોય. એટલે કે તે (૧) કઠોર ભાષાનો પ્રયોગ કરે નહિ કે અપશબ્દો બોલે નહિ. (૨) જે હિતકારી હોય તેવું જ બોલે અને અહિતકર બોલવા કરતાં મૌન રહેવાનું વધારે પસંદ કરે. (૩) જે વાત જેવી હોય તેવા પ્રકારે કરે પણ તેમાં ભેળ-સેળ કરીને તેના મૂળ આશયને વિકૃત ન કરે.

પ્રત્યેક શ્રાવકે બને તો નીચેના કાર્યો યથાશક્તિ કરવા જોઈએ,

- જૈન સૂત્ર સિદ્ધાંતમાં જે કામો કરવાની 'આજ્ઞા' હોય તે જ કામો કરવાં, પણ તેથી વિપરીત કામો કરવાં નહિ.
- ભવ-ભ્રમણના મુખ્ય કારણરૂપ 'મિથ્યાત્વ' કે ખોટી સમજણનો ત્યાગ કરવો.
- 'સમ્યકત્વ'ને ધારણ કરવું એટલે કે દેવ, ગુરુ અને ધર્મ વિશે સાચી શ્રદ્ધા કેળવવી.
- ''સામાયિક, ચતુર્વિંશતિ-સ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખાન''એ 'ષડ્‌વિધ આવશ્યકો' નિત્યકર્મ તરીકે કરવા કરવાની છે, ચતુર્વિંશતિ-સ્તવ વડે પ્રભુ-ભક્તિમાં લીન થવાનું છે, વંદન વડે ગુરૂ પ્રત્યે વિનય કેળવવાનો છે, પ્રતિક્રમણ વડે આત્મ-નિરીક્ષણની ટેવ વડે ત્યાગ-ભાવનાનો વિકાસ કરવાનો છે.
- 'મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય' ભાવનાનું રહસ્ય વિચારી તે તે પ્રકારની 'ભાવના' ભાવવી. અથવા અનિત્યત્વાદિ બાર પ્રકારની ભાવના ભાવવી.
- ગુરૂ પાસે ધાર્મિક અભ્યાસ કરવો તથા મનનીય પુસ્તકો વાંચવાં-વિચારવાં; અને શક્ય હોય તો સમજાયેલું તત્ત્વ બીજાને પણ અધિકાર જોઈને યોગ્ય શૈલીથી સમજાવવું.
- પરોપકાર-બુદ્ધિ રાખવી.
- વ્યવહાર શુદ્ધ રાખવો, એટલે કે પ્રામાણિક રહેવું.

કબીર કહે છે કે જ્યાં અવિનાશી આત્મા છે ત્યાં તે નિત્ય વસંત છે, અવિનાશી આત્મા આ નાશવંત શરીરમાં છે. તેને કારણે નાશવંત શરીરના પ્રત્યેક કણમાં તેની પરમ ચેતનાનો અનુભવ થાય છે.

***અઘટ વસંત ઘટત નહિ કબહૂ, અવિનાશી હે જ્યાંહી,***
***ડાળ ન ફૂલ ન પત્ર નહિ છાંયા, ભ્રમર વિલંબ્યો ત્યાંહી.***

વસંત આવ-જાવ કરે છે. ઘટવું એટલે જન્મવું-ખીલવું વગેરે. જે અઘટ છે તે જન્મતી નથી. જે જન્મે છે, તે મૃત્યુ પામે છે, જે જન્મતી જ નથી, તે કઈ રીતે મૃત્યુ પામે? આપણા શરીરમાં વૈવિધ્ય છે, જે અનેક જગ્યાએ આકર્ષાય છે, અનેક અજાયબીઓ જોવાં મથે છે, પાર્થિવ જગતમાં રસ લેતું મન, પોતાના શરીરમાં ડૂબકી મારવાનો પ્રયત્ન કરે છે. જ્યારે ગુરુ મળે ત્યારે સાધના કરે છે, પણ ગુરુની શોધ માત્ર બાહ્ય નહીં આંતરીક પણ થવી જોઈએ. બર્હિમુખી અવસ્થા મોહમાં મગ્ન બને છે અને અંતમુર્ખી અવસ્થા ઉત્કૃષ્ટ ઝાંખી કરવા તલપાપડ બને છે, હે શ્રાવક, મનુષ્ય મન તું બધું જ જાણે છે, પણ વીસર્યા છે, જરા યાદ કર તું તને!

છેલ્લે રૂમી,

***તારા હૃદયથી***
***મારા હૃદય સુધીનો એક રસ્તો છે***
***અને મારું હૃદય એ જાણે છે,***
***કારણ કે એ જળ જેવું સ્વચ્છ અને શુધ્ધ છે,***
***જ્યારે જળ દર્પણ જેવું સ્થિર હોય***
***ત્યારે જ એ ચંદ્રને જોઈ શકે, ઝીલી શકે.***

❑ **ડૉ. સેજલ શાહ**
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

# ઉપનિષદમાં અશ્વત્થ વૃક્ષવિદ્યા

ડૉ. નરેશ વેદ

**મૂ**ળે તો અશ્વત્થ વૃક્ષવિદ્યા વેદસંહિતામાં પ્રતિપાદિત થયેલી છે. તેમાં આ વિશ્વ કે સંસારને અશ્વત્થ (પીપળાના) વૃક્ષનું રૂપક આપીને ઓળખાવવામાં આવેલ છે. ત્યાં આ વૃક્ષને બ્રહ્મથી ઉત્પન્ન થયેલું કહેવામાં આવ્યું છે. આ કોઈ સામાન્ય પ્રકારનું વૃક્ષ નથી; પણ વિશિષ્ટ પ્રકારનું વૃક્ષ છે. સામાન્ય વૃક્ષનાં મૂળ નીચે જમીનમાં હોય અને એનાં થડ, ડાળ, પાંદડાં, ફૂલ અને ફળ ઉપરની દિશામાં હોય, જ્યારે આ અશ્વત્થ વૃક્ષ એવું નિરાળું છે કે એનાં મૂળ ઉપરની તરફ છે અને એની શાખા-પ્રશાખાઓ તથા ફૂલ-ફળ નીચેની તરફ છે.

આ જ રૂપકનું અનુસંધાન પાછળથી શ્રીમદ્ ભગવદગીતા અને ઉપનિષદોમાં પણ ચાલુ રહ્યાનું જણાય છે. શ્રીમદ ભગવદગીતાના પંદરમા અધ્યાયના પહેલા ચાર શ્લોકોમાં ભગવાન અર્જુનને કહે છે : જેનાં મૂળ ઉપર છે, જેની ડાળો નીચે છે અને વેદસૂક્તો જેનાં પાંદડાં છે એવા અશ્વત્થ (વટવૃક્ષ જેવા સંસારવૃક્ષ)ને અવિનાશી કહેવાય. તેને જે જાણે-સમજે છે, તે વેદોનો જાણનારો છે. પ્રકૃતિના ત્રણ ગુણોની વૃદ્ધિ પામેલી, આ વૃક્ષની ડાળીઓ નીચે ફેલાયેલી છે. ઈન્દ્રિયોના વિષયો તેની કૂંપળો છે. મનુષ્યલોકમાં આ વૃક્ષનાં મૂળ પ્રસરેલાં છે અને એ મૂળ મનુષ્યોને કર્મો સાથે બાંધનારાં છે. આ વૃક્ષનું સાચું સ્વરૂપ આ લોકમાં જોવા મળતું નથી. તે ક્યાં શરૂ થાય છે, ક્યાં પૂરું થાય છે અને ક્યાં તેનો પાયો છે એ કોઈ જાણી શકતું નથી. પરંતુ મનુષ્યે દૃઢ મૂળવાળા આ વૃક્ષને વૈરાગ્યરૂપી સમર્થ શસ્ત્રથી કાપી નાખવું જોઈએ. તે પછી તેણે તે પદ શોધવું જોઈએ કે જ્યાં પહોંચીને તેને સંસારમાં પાછા આવવાનું બનતું નથી.

અશ્વત્થ વૃક્ષનું આ રૂપક લઈને જુદા જુદા ઉપનિષદના સ્રષ્ટાઓએ પણ આ વાત સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. 'કઠ ઉપનિષદ'ના બીજા અધ્યાયની ત્રીજી વલ્લીમાં આ વાત આ રીતે કહેવાઈ છે : ''આ સનાતન પીપળો ઊંચા મૂળવાળો અને નીચી શાખાવાળો છે; તે જ શુક્ર (પ્રકાશમાન) કહેવાય છે, તે જ બ્રહ્મ કહેવાય છે, અને તે જ અમૃત કહેવાય છે. તેને આધારે આ બધા લોકો રહ્યા છે અને તેનાથી પર કોઈ જઈ શકતું નથી. તે જ આત્મા છે.''

'શ્વેતાશ્વતર ઉપનિષદ'ના ત્રીજા અધ્યાયમાં વિશ્વ અને સંસારની રચનાનાં ઘણાં બધાં કારણોમાંથી સર્વથી મુખ્ય કારણ સર્વને પોતાનામાંથી પેદા કરનાર અને પોતાનામાં જ સમાવેશ કરનાર દેવતત્ત્વની ચર્ચા કરતાં તેને ઈશ કહી ઓળખાવી, તેને જ આ બ્રહ્માંડ અને સંસારનું જાળું રચનારો કહ્યો છે. કારણ કે તેણે રચેલું આ વિશ્વ એક જાળા જેવું છે. એ મહાપુરુષથી પર અથવા અપર, સ્થૂળ અથવા સૂક્ષ્મ, નાનું અથવા મોટું, અણુ અથવા મહાન બીજું કંઈ જ નથી. તેનું સર્વનો પરાભવ કરનારું તેજ પૃથ્વીથી લઈ દ્યુલોક એક મહાન વૃક્ષની જેમ નિશ્ચલ રહેલું છે. વિશ્વના જન્મ, વૃદ્ધિ, અને ક્ષયના જે નિયમો છે તે બધા વૃક્ષના જીવનમાં પણ જોવા મળે છે, એમ કહીને આ સંસારને જીવનવૃક્ષ કહીને ઓળખાવ્યું છે.

શાસ્ત્રોમાં અપાયેલી જીવનવૃક્ષની આ કલ્પના યથાર્થ અને અન્વર્થક છે. આ વૃક્ષનાં મૂળરૂપે ભગવાન ઉર્ફે બ્રહ્મતત્ત્વ રહેલું છે. જેમ વૃક્ષનાં મૂળ જમીનમાં અંતર્નિહિત હોવાથી નરી નજરે જોઈ શકાતા નથી, તેમ આ બ્રહ્મ તત્ત્વને પણ આ સંસાર કે વિશ્વમાં જોઈ શકાતું નથી. પરંતુ વૃક્ષનાં થડ, ડાળો, પાંદડાં, ફૂલ, ફળ વગેરે જેમ વૃક્ષનાં ભાગો છે તેમ તેનાં મૂળ પણ તેનો જ ભાગ છે. આ મૂળ જ આખા વૃક્ષના પોષણ, નિભાવ અને ટકાવવાનું કામ કરે છે. વૃક્ષનાં બધાં અંગ-ઉપાંગો વચ્ચે કોઈ યાંત્રિક સંબંધ નથી, પણ સજીવ પ્રાણમય સંબંધ છે. અન્ય અંગો સમેત મૂળ સાથેનું વૃક્ષ એક સાવયવ રચના છે. એમ આ સંસાર અને આ મનુષ્ય શરીર પણ સાવયવ રચના છે, એક Organic Whole છે.

પણ જેમ પ્રત્યેક વૃક્ષને અંકુરણ, વૃદ્ધિ, વિકાસ, કોહવાટ અને નાશ જેવી અવસ્થાઓ વળગેલી છે, તેમ જીવન અને સંસાર વૃક્ષને પણ જન્મ, વૃદ્ધિ, વિકાસ, જરા, ક્ષય અને નાશ જેવી અવસ્થાઓ વળગેલી છે. સંસાર જેમ પ્રત્યેક ક્ષણે પરિવર્તન પામતો રહે છે, તેમ જીવન પણ પરિવર્તન પામતું રહે છે. જેનું અસ્તિત્વ નથી હોતું પણ કેવળ આભાસ જ હોય છે એવા મૃગજળ કે આકાશકુસુમ જેવો આ સંસાર છે. એ અંદરથી ખોખલો છે. જે સત્ત્વ છે તે એનાં મૂળમાં (એટલે કે બ્રહ્મતત્ત્વમાં) છે. તમે વૃક્ષનાં મૂળને કાપી નાખો તો વૃક્ષ નષ્ટ થઈ જાય છે, એમ જો મનુષ્ય બ્રહ્મરૂપી સંસારનાં મૂળને છેદી નાખે છે તો આ સંસાર પણ નષ્ટ થઈ જાય છે. બ્રહ્મ અને અનેક સંસારોને સમાવતાં બ્રહ્માંડો એકમેકથી જુદાં નથી, બેઉ વચ્ચે ભેદ નથી; અભેદ છે. માટે સમજવાનું એ છે કે આ સમગ્ર બ્રહ્માંડ અને સચરાચર સૃષ્ટિનાં મૂળ બ્રહ્મતત્ત્વમાં છે. જેમ મૂળ એ વૃક્ષ છે, તેમ બ્રહ્મતત્ત્વ એ બ્રહ્માંડ છે. કોઈ અજ્ઞાનને કારણે આ બંનેને જુદાં પાડે કે સમજે છે, ત્યારે એ અજ્ઞાનનાં ફળરૂપે એને જન્મ-મરણના વારાફેરાનો શિકાર બનવું પડે છે. એમાંથી એને મુક્તિ ત્યારે જ મળે છે જ્યારે આ બંને એક જ છે, જુદાં નથી એવું જ્ઞાન પામે છે.

આ સંસારવૃક્ષનું અંકુરણ અજ્ઞાનના બીજમાંથી થાય છે. તેનો ફણગો હિરણ્યગર્ભ રૂપે ફૂટે છે, તે કામનાની જળથી પરિપોષાય છે. એની નજાકત જ્ઞાનેન્દ્રિયોથી પોષાય છે. વેદો, સ્મૃતિઓ (એટલે કે માહિતી, તર્ક, જ્ઞાન) રૂપી એને પાંદડાં ફૂટે છે. તપ, ત્યાગ, દાન વગેરે જેવાં કર્મો તેનાં ફળરૂપ છે. સુખ:દુખ કે પ્રસાદ વિષાદનો

સ્વાદ એ ફળનો છે. સુખદુ:ખ, હર્ષશોક, જયપરાજય, આશાનિરાશા જેવાં વાવંટોળ આ વૃક્ષ સહન કરતું રહે છે. પણ જ્યારે મનુષ્ય આત્મા અને પરમાત્મારૂપી જ્ઞાનનો સાક્ષાત્કાર પામે ત્યારે વૈરાગ્યની કૂહાડીથી કપાઈને નષ્ટ થાય છે.

મનુષ્ય સંસારની અશ્વત્થવૃક્ષ સાથે સરખામણી કરી આ ઋષિઓએ ઘણી સુંદર રીતે જીવ, જગત અને બ્રહ્મનો સંબંધ બતાવ્યો છે. આ વિશ્વ કે આ સંસારનું આદિકારણ અને અંતિમ કારણ બ્રહ્મ જ છે. એ એક તત્ત્વમાંથી જગતની ઉત્પત્તિ થઈ છે અને એ જ એક તત્ત્વમાં પાછો એનો લય થવાનો છે, એ વાત આ રૂપકથી સ્પષ્ટ થઈ શકી છે. બ્રહ્મ એનું મૂળ છે. પણ આ જગત અને આ સંસાર શામાંથી ઉત્પન્ન થયાં છે, શા કારણે ઉત્પન્ન થયાં છે, માણસો ક્યાં કારણે જન્મે છે અને મરે છે એ બધા પ્રશ્નોના ઉત્તરો શોધવાની દિશામાં આગળ વધેલા આ ઋષિઓ અંતે એક વાત ઉપર આવ્યા છે. તે એ કે સૃષ્ટિનાં સર્જન, પોષણ અને વિનાશની લીલા અકળ છે. એનો પાર પામી શકાય તેમ નથી.

આજની દૃષ્ટિએ હજુ એક મુદ્દાનો ખુલાસો જરૂરી છે. એ મુદ્દો એ છે કે સંસારને અશ્વત્થવૃક્ષનું રૂપક ભલે આપ્યું, પણ એને ઊર્ધ્વ મૂલ (ઉપર મૂળ) અને અધઃશાખ (નીચે શાખાઓ) વાળું શા માટે કહ્યું છે. એનો શો અર્થ છે? વિચાર કરતાં સમજાય છે કે આ સંસારમાં જેટલાં કુળ છે અને જેટલા વંશ છે, એનો આરંભ ક્યાંકથી તો થયો જ હશે. એને આપણે કુળદેવી કે કુળદેવ કહીએ અને આપણી અલ્પજીવી સ્મૃતિને આધારે એનો દસબાર પેઢી સુધીનો સિલસિલો યાદ રાખીએ છીએ. એ ભૂલી ન જવાય એ માટે હજુ હમણાં સુધી ઘણા સંસ્કારી અને સમજુ ઘરોમાં વંશવૃક્ષ અથવા કુટુંબનો આંબો કેલેન્ડરની માફક દિવાલ ઉપર લટકાવવામાં આવતો હતો. એમાં આપણા કુળ કે વંશના આદિ યુગલથી આપણે આપણા સુધી નીચે આવતા હતા. મતલબ કે આપણા અસ્તિત્વનું મૂળ એ વંશવૃક્ષ કે કુળના આંબામાં ઉપર હોય છે. પછી અને થયેલાં સંતાનોનો નિર્દેશ એમાંથી ફૂટતી ડાળીઓ કે શાખાઓ રૂપે હોય છે. પછી પ્રત્યેક પુત્રના સંતાનોની ડાળીઓ પ્રશાખારૂપે દર્શાવી હોય છે. એમ સૌથી નીચે અત્યારના જીવીત સંતાનો અને એમને ત્યાં જન્મેલાં નાના બાળકો ફૂલ અને ફળરૂપે નિર્દેશાયા હોય છે.

આ વંશવૃક્ષ કે કુળઆંબાને નીચેથી ઉપર તરફ ક્રમશઃ આગળ જતાં વાંચવા જોવાનો હોય છે. મારું સંતાન, હું મારા પિતા, એમના ભાઈઓ, એમનાં સંતાનો, એ સૌના દાદા, પરદાદા, પિતામહ, પ્રપિતામહ, એમ ઉપર ઉપર જતાં આપણે આપણા વંશના મૂળ સુધી પહોંચીએ છીએ. એ વંશ ક્યારે, કોણે શરૂ કર્યો, એનું બીજ ક્યાં હતું એ આપણે જાણતા નથી હોતા એટલે આપણે ભગવાને એ બીજ રોપ્યું હશે અને પછી એનો આ રૂપે વિકાસ થયો હશે એમ આપણે માનીએ છીએ. અખિલ બ્રહ્માંડમાં સર્વત્ર વ્યાપક ચેતનારૂપ વિષ્ણુ, તેના અવતારો, તેમના ફરજંદો, તેમની પેઢીઓ એમ પ્રજાતંતુ વિકસ્યો હશે એવી આપણી ધારણા જ નથી, માન્યતા છે અને પ્રતીતિ પણ છે.

જે કુળ કે વંશરૂપી (દા.ત. સૂર્યવંશ કે ચંદ્રવંશ) મૂળમાંથી ઉત્તરોત્તર પ્રજાતંતુ લંબાતો લંબાતો આપણા સુધી અને આપણાં સંતાનો સુધી આવ્યો છે. માટે આપણા વંશવૃક્ષ કે કુટુંબવૃક્ષ ઉર્ફે સંસારવૃક્ષનું મૂળ ઉપર છે. એનાં સંતાનોરૂપે શાખાઓ છે, એમનાં સંતાનોરૂપે પ્રશાખાઓ છે, એમનાં નાના બાળકો એ વૃક્ષનાં ફળફૂલ છે. જેનાં મૂળ ઉપર છે અને જેની શાખાઓ તથા ફળફૂલ નીચે છે એવાં અશ્વત્થ વૃક્ષનું રૂપક આપણા વંશવૃક્ષ કે કુટુંબઆંબા દ્વારા સમજી શકાય છે. જેવું એક વ્યક્તિનું જીવનવૃક્ષ એવું અન્ય વ્યક્તિઓનું જીવનવૃક્ષ, મતલબ કે વ્યક્તિના સમુદાયરૂપ સંસારનું જીવનવૃક્ષ.

આ વૃક્ષ શાશ્વત નથી, નાશવંત છે. કેમકે જેને નામ છે એને નાશ છે. માટે આ સંસારવૃક્ષને અશ્વત્થવૃક્ષ કહીને ઓળખાવ્યું છે. જેમ વ્યક્તિનું જીવન હર ક્ષણે બદલાતું રહે છે, તેમ સંસારનું જીવન પણ હર ક્ષણે બદલાતું રહે છે. એમાં ભાવવિકારો અને અવસ્થા રૂપાન્તરો આવ્યાં કરે છે. જન્મ, વૃદ્ધિ, વિકાસ, જરા, વ્યાધિ, ક્ષય, નાશ જેવી ઘટનાઓ ઘટતી રહે છે. માટે સંસારની સરખામણી અશ્વત્થ વૃક્ષ સાથે કરીને આખી વાતને ઋષિઓએ સુગમ કરી છે. હજારો વર્ષો પછી આજે જ્યારે આપણે એ વિદ્યાને સમજીએ છીએ ત્યારે આપણને પાકો ખ્યાલ આવે છે કે આપણા એ પૂર્વજો જ્ઞાન, બુદ્ધિ અને સમજમાં, તર્ક વિજ્ઞાન અને શાસ્ત્રમાં કેટલા શ્રીમંત અને ધીમંત હતા.

અશ્વત્થ વૃક્ષ વિદ્યા આપણને આપણા અસ્તિત્વ, મૂળ, કુળની પતીજ પાડે છે. આ જગતમાં અવતરિત થઈને આપણાં આ સંસારમાં ધર્મ-કર્મ શા હોઈ શકે એનું શિક્ષણ આપે છે.

❑❑❑

ફોન નં. ૯૭૨૭૩૩૩૦૦૦
કદમ્બ બંગલો, ૩૫, પ્રોફેસર્સ સોસાયટી
મોટા બજાર, વલ્લભ વિદ્યાનગર

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂ. ૭૫૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂ. ૧૨૫૦ ● દસ વર્ષનું લવાજમ રૂ. ૨૫૦૦**
શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260. IFSC:BKID0000039

# જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ એક તુલનાત્મક અભ્યાસ - નિર્વાણના સંદર્ભમાં

સંધ્યા શાહ

જીવનની ઘટમાળમાં પ્રતિપળ માનવીનો સાચો સંગાથી તે ધર્મ-માનવ ઈતિહાસ જેટલો જે પુરાણો ધર્મનો ઈતિહાસ છે. જીવનને ઉન્નત અને ઉજ્જવળ બનાવે, આત્માને શુદ્ધ અને બુદ્ધ બનાવે તેવી વિચારધારા, તેવી આચાર સંહિતા એટલે ધર્મ. ડૉ. રાધાકૃષ્ણન્‌ના શબ્દોમાં કહુ તો 'ધર્મ એટલે સદ્‌વર્તનનો નિયમ. માનવીને જે સાચા અર્થમાં માનવ બનાવે, નીતિપરાયણ બનાવે અને ઊર્ધ્વકક્ષાએ લઈ જાય તેવા વર્તનને ધર્મ કહેવાય.'

વિશ્વમાં પ્રવર્તમાન મુખ્યત્વે આઠ ધર્મોમાંથી મારે વાત કરવી છે જૈન ધર્મની અને બૌદ્ધ ધર્મની. જૈન ધર્મ પ્રત્યેની અપાર આસ્થા અને બૌદ્ધ ધર્મ પ્રત્યેનું અનહદ આકર્ષણ તેથી જ તુલના કરવી છે આ બંને ધર્મોની-વિશેષતઃ નિર્વાણના સંદર્ભમાં...

**જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મનો ઉદય :**

સમસ્ત વિશ્વના ઈતિહાસમાં ઈ.સ. પૂર્વેની છઠ્ઠી સદી ધાર્મિક ક્ષેત્રે ઉત્થાનની બની રહી. ભારતમાં, વૈદિક સંસ્કૃતિના તે કાળમાં હિન્દુ ધર્મ કર્મકાંડ અને યજ્ઞયાગાદિના વમળોમાં સ્થગિત થઈ ગયો હતો. સર્વત્ર હિંસાનું વાતાવરણ પ્રસર્યુ હતું. યજ્ઞોમાં થતી અબોલ પશુઓની કતલ, પુરોહિતવાદની વ્યાપક પકડ, વર્ણવ્યવસ્થાનો કડક અમલ ને જનસમૂહથી વિમુખ એવી ભાષામાં ધર્મ શાસ્ત્રોને કારણે હિંદુધર્મનું સાચું સ્વરૂપ અદ્રશ્ય થઈ ગયું હતું. સ્થગિત અને રૂઢિગત ધર્મમાં ભારતની વિશાળ આમજનતાની આધ્યાત્મિક પિપાસા અધૂરી રહી જતી હતી. ધાર્મિક વિકૃતિઓ, કર્મકાંડમય જડતા, વહેમ, અંધશ્રદ્ધા, ઉગ્ર ધાર્મિકતા અને તળિયેથી ટોચ સુધી પ્રસરી ગયેલા સડાને દૂર કરવાની અનિવાર્યતા હતી. નવસર્જન અને નવરચનાની જરૂર હતી. બંધિયાર થઈ ગયેલા નીરને વહેતા કરવાની, નિર્મળ અને સ્વચ્છ બનાવવાની જરૂર હતી તે સમયે ભારતીય સંસ્કૃતિના બે મહાન જ્યોર્તિધરોએ જગતને શુદ્ધ અને મહાન ધર્મોની ભેટ આપી. ત્યાગ અને તપસ્યાની સાક્ષાત મૂર્તિ સમા જૈન ધર્મના સમર્થ પ્રચારક પ્રભુ મહાવીર તથા કરૂણા અને પ્રેમની ગંગા વહાવનારા બૌદ્ધ ધર્મના સ્થાપક ભગવાન બુધ્ધ. મહાતપસ્વી મહાવીર, મહાજ્ઞાની બુધ્ધ...

**પ્રભુ મહાવીર પ્રરૂપિત જૈન ધર્મ :**

બાળપણથી સંસારના રાગથી વિરક્ત રહેલા વૈશાલીના રાજકુંવર વર્ધમાને સંન્યાસ ગ્રહણ કર્યા પછી ૧૨ વર્ષ અપૂર્વ આત્મબળે કઠોર તપ આદર્યું. ઉગ્ર તપશ્ચર્યા, સતત અને અવિરત સાધના અને દેહને પણ વીસરી જઈ સત્યની શોધને માટે આદરેલી તેમની આરાધનાએ સર્વે ઈન્દ્રિયો પર વિજય મેળવ્યો તેઓ જિતેન્દ્રય કહેવાયા. સાધનામય જીવનની નિષ્પત્તિનું અમૃત ભગવાન મહાવીરે સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ ને બ્રહ્મચર્યના સ્વરૂપે જગતને ભેટ ધર્યુ. અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતવાદનું સમર્થન કર્યું. જગતના સર્વે જીવો સાથે સુમેળ, પ્રત્યેક વ્યક્તિની વૈચારિક સ્વતંત્રતાનું સમર્થન ને ભૌતિક વસ્તુના વપરાશ અને માલિકી ભાવનો ઘટાડો... વ્યક્તિગત શાંતિ અને સમષ્ટિના કલ્યાણનો મંત્ર મહાવીરે આપ્યો.

જગતના બધા ધર્મોએ કોઈ એક સર્વેસર્વા ઈશ્વરની ધારણા કરી છે. જૈન ધર્મે ઈશ્વરનો ઈન્કાર કરી આત્માને કેન્દ્રમાં રાખ્યો છે. જૈન ધર્મ પોતાના સુખ કે દુઃખ માટેનો યશ કે અપયશ કોઈને નથી આપતો તે કહે છે, જીવ પોતે જ કર્મનો કર્તા છે, 'વત્થુ સહાવો ધમ્મો.' જીવનો સ્વભાવ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત આનંદ છે. આ સ્વભાવથી વિપરીત ભાવો છે તે બધા વિભાવો છે. જાગી ગયેલો જીવ પોતાના પર પડેલા બધા જ કર્મોને ખંખેરી નાખવા સમર્થ છે. કર્મસત્તાની પેલે પાર નીકળી જવાની તેની ક્ષમતા છે. જીવ કર્મથી અળગો થઈ જાય પછી તેને કોઈ પીડી શકતું નથી. કર્મ ગયા એટલે આત્માને પોતાનું ઘર મળી ગયું. કર્મરહિત અવસ્થા એ પરમ આનંદની અવસ્થા છે અને તે શાશ્વત છે. આવા કર્મવિહિત આનંદમય અસ્તિત્વને જૈનદર્શન મોક્ષ કહે છે. આમ આત્માનું અસ્તિત્વ છે, આત્મા નિત્ય છે, આત્મા કર્મનો કર્તા છે, ભોક્તા છે, મોક્ષ છે અને મોક્ષને પ્રાપ્ત કરવાનો ઉપાય છે. આ છ વિગતોનો વિસ્તાર એટલે જૈન ધર્મ.

**કરૂણામૂર્તિ બુધ્ધ અને બૌદ્ધ ધર્મ :**

રાજકુમાર ગૌતમે સંસારના સઘળા ઐશ્વર્યોનો ત્યાગ કરી, માનવજાતના દુઃખનું નિવારણ કરવા મહાભિનિષ્ક્રમણ કર્યું. તપ, ત્યાગ, સાધના ને મંથન દ્વારા જે સત્ય લાધ્યું, તેમાંથી બૌદ્ધ ધર્મ જન્મ્યો. દુઃખમાં ડૂબેલા જગતના માનવીઓને અહિંસા, શાંતિ, કરૂણા અને સત્યના સિદ્ધાંતો દ્વારા સુખનો કલ્યાણકારી માર્ગ બુધ્ધે દર્શાવ્યો છે. દુઃખથી આત્યંતિક મુક્તિ એ જ બૌદ્ધ ધર્મનું લક્ષ્ય છે.

જગતમાં દુઃખ છે, સર્વ દુખોના મૂળમાં તૃષ્ણા રહેલી છે, તૃષ્ણાના ક્ષયથી દુઃખની નિવૃત્તિ થઈ શકે છે ને તૃષ્ણાનો નાશ કરવાનો ઉપાય છે. આ ઉપાય એ બુધ્ધનો આષ્ટાંગિક માર્ગ છે. સમ્યક્ દ્રષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાણી, સમ્યક્ કર્મ, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ... ચાર આર્યસત્યો અને આષ્ટાંગમાર્ગના પાયા પર મંડિત બૌદ્ધ દર્શન ક્ષણિકવાદ અનાત્મવાદ, અનીશ્વરવાદ, કર્મ સિદ્ધાંત, પ્રતિત્યસમુત્પાદવાદ તથા નિર્વાણની વાત સરળતાથી નિરૂપે છે.

બુધ્ધનું લક્ષ્ય દુઃખમાંથી મુક્તિ છે. બૌદ્ધ ધર્મનો એક સિદ્ધાંત એ છે કે માણસના સર્વે દુઃખો અજ્ઞાનમાંથી જન્મે છે તેથી મનુષ્યની

ઉન્નતિનું અને સુખનું પરમ પગથિયું અજ્ઞાનને દૂર કરી જ્ઞાન મેળવવાનું છે. પ્રજ્ઞાના આ જાગરણમાં જીવ-જગતના બધા રહસ્યો સ્પષ્ટ થઈ જાય. ભવચક્રની સમાપ્તિની સાથે દુઃખનો નિરોધ થઈ જાય. દુઃખથી આત્યંતિક મુક્તિની આ અવસ્થાને નિર્વાણ કહેવાય છે. બુધ્ધની કરૂણા એ સમસ્ત માનવજાત માટેની કરૂણા છે. વિશુદ્ધ દર્શન અને વિશુદ્ધ કરૂણાનો અદ્ભૂત મેળ...

**જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મની તુલના :**

જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મ સત્ય, અહિંસા અને અપરિગ્રહના પાયા પર રચાયા છે. બંને ધર્માએ વેદોનો, ઈશ્વરનો ઈન્કાર કર્યો છે. બંને ધર્માએ પોતાના ધર્મગ્રંથો લોકબોલી (પ્રાકૃત અને પાલી)માં લખ્યા છે. જગતના સર્વે જીવો પ્રત્યેની કરૂણા બંને ધર્માએ દર્શાવી છે. તેમ છતાં કેટલોક તફાવત નજરે પડે છે. જૈન ધર્મ દ્વૈતવાદી છે. બૌદ્ધ ધર્મ શૂન્યવાદી છે. જૈન ધર્મમાં કામનાઓના ત્યાગની વાત છે. બૌદ્ધ ધર્મમાં તૃષ્ણાના ત્યાગની વાત છે. કામના દૈહિક છે. તૃષ્ણા માનસિક છે. જૈન ધર્મનો વિચાર બાહ્યાચાર પર આધારિત છે. બૌદ્ધ ધર્મમાં માનસિક ઊર્ધ્વીકરણની વાત છે. જૈન ધર્મમાં મુક્તિની પ્રાપ્તિ માટે સંયમપૂર્ણ જીવન અને તપશ્ચર્યા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. બૌદ્ધ ધર્મમાં મુક્તિના ખ્યાલને નિર્વાણ તરીકે સ્વીકારવામાં આવે છે.

**નિર્વાણ :**

મોક્ષ, મુક્તિ, નિર્વાણ, આત્માનો ઉદ્ધાર આ શબ્દો સામાન્યતયા આપણે એકમેકના પર્યાય તરીકે વાપરીએ છીએ પરંતુ એ ધર્મ વિશિષ્ટ સંજ્ઞાઓ છે. 'સમણસુત્ત'માં કહ્યું છે, જ્યાં નથી દુઃખ, નથી સુખ, નથી પીડા, નથી બાધા, નથી મરણ અને નથી જન્મ, આનું જ નામ નિર્વાણ... જ્યાં નથી ઈન્દ્રિય, નથી ઉપસર્ગ, નથી મોહ, નથી વિસ્મય, નથી નિંદ્રા, નથી તૃષ્ણા, નથી ભૂખ - આનું જ નામ નિર્વાણ... 'સુત્તનિપાત'માં નિર્વાણને અંતિમ શુદ્ધિ તરીકે વર્ણવાયું છે. આમ નિર્વાણ એ અહંકારમુક્ત માનવીની પરમ સુખમય અવસ્થા છે. માનવીની ઊર્ધ્વતમ ચેતનાનો એક આયામ છે એટલે કે આધ્યાત્મિક અનુભૂતિની ચરમ અવસ્થા છે, નિર્વાણ.

'નિર્વાણ' એ સંસ્કૃત શબ્દ છે. જેનો શાબ્દિક અર્થ 'વિલોપન' કે 'બુઝાઈ જવું' 'વિલય થવો' એવું સૂચવે છે અને શમન થવું, ઉગ્ર વાસના કે ક્લેશો શાંત થવાં, એવું સૂચવે છે. નિર્વાણના આ બંને સૂચિતાર્થો મોક્ષ અંગેના ખ્યાલથી ભિન્ન છે. નિર્વાણમાં બ્રહ્મ, ઈશ્વર, કોઈ અંતિમ અને અફર એવા તત્ત્વનો સાક્ષાત્કાર કે તેની સાથેનું સાયુજ્ય સાધવાનું નથી. વળી આ 'બુઝાવું'નો અર્થ જીવનનો અંત કે નાશ પણ નથી. નિર્વાણનો અર્થ તો આનંદથી સભર નૈતિક પરિપૂર્ણતાની સ્થિતિ છે.

ગૌતમબુધ્ધના મતે નિર્વાણ એ જ પરમશાંતિનું ધામ છે. એમાં જ ઊંચામાં ઊંચો આનંદ છે. તૃષ્ણાનો નાશ થાય તો જ પરમ શાંતિ મળે, કામનાને જીતવા માટે હથિયાર કે લશ્કરની જરૂર નથી. લોભ, મોહ, કામ, ક્રોધ અને અજ્ઞાન પર વિજય મેળવવા માટે કેવળ વૈરાગ્યની જરૂર છે. આ જગતમાં જેણે મન જીત્યું છે તેણે જગત જીત્યું છે.

નિર્વાણને ધ્યેય બનાવીને, સૂક્ષ્મ વિચારણા કરીને બુધ્ધે સાધનાપથ દર્શાવ્યો છે. નિર્વાણ એટલે દુઃખનો નિરોધ સંપૂર્ણ નિરોધ. શીલ, સમાધિ અને પ્રજ્ઞાની ક્રમિક સાધના દ્વારા નિર્વાણની પ્રાપ્તિ થાય છે. નિર્વાણ એ ચિત્તની પરમ અવસ્થા છે જેમાં સુખ કે દુઃખનું કોઈ વેદન નથી. રોગરહિત અવસ્થા એ સ્વાસ્થ્ય છે તેમ નિર્વાણ એ ભવરોગની નિવૃત્તિની અવસ્થા છે.

નિર્વાણ એ ચિત્તની અત્યંત વિશુદ્ધ અવસ્થા છે ત્યાં ચિત્ત પોતાના સ્વભાવમાં સ્થિત થઈને રહે છે કશાયથી ચલિત થતું નથી. તેમાં કોઈ બાહ્ય વિષયનો આકાર ઊઠતો નથી. સંસ્કારોથી સદંતર મુક્ત થઈ જાય છે ચિત્તની નિર્મળતા અને વૃત્તિરહિતતા જ નિર્વાણ છે, એમ કહી શકાય.

ભગવાન બુધ્ધે નિર્વાણ માટે જે શબ્દ પ્રયોજ્યો છે તે 'દુઃખથી આત્યંતિક નિવૃત્તિ'. સુખ પણ એક સંવેદન તો ખરૂં જ ને! નિર્વાણ એ સંવેદનની ઉપરની અવસ્થા છે. કદાચ તેને વિશુદ્ધ અસ્તિત્વ કહીએ કે પ્રસન્ન અસ્તિત્વ કહીએ, તો પણ યોગ્ય. ચિત્ત એક વાર નિર્વાણને પ્રાપ્ત કરે પછી તે ચ્યુત નથી થતું. આ રીતે નિર્વાણને અચ્યુત ગણી શકાય. નિર્વાણ એ બૌદ્ધ ધર્મનું અમૃત પદ છે તે જ જીવનનું પ્રાપ્તવ્ય છે. સંસારનું સર્વોચ્ચ શિખર છે ત્યાં પહોંચ્યા પછી બીજે ક્યાંય આગળ જવાનું રહેતું નથી, તેમ છતાં નિર્વાણ એ મૃત્યુનો પર્યાય નથી.

નિર્વાણ એ બોધિ કે જ્ઞાનીની સ્થિતિ છે, તેના સાત લક્ષણો કે ગુણો છે. ઉત્સાહ, ડહાપણ, ચિંતન, સંશોધન, આનંદ, શાંતિ અને ગાંભીર્ય.

નિર્વાણને 'સિતિભાવ' કે શીતળતાની સ્થિતિ પણ ગણવામાં આવી છે. આલંબનની અપેક્ષાથી મુક્ત એવી અતિન્દ્રિય સ્થિતિ છે. 'થેરીગાથા'માં સ્પષ્ટ દર્શાવ્યું છે કે નિર્વાણમાં અસ્તિત્વનો નાશ નથી થતો. વર્તમાન જીવનમાં પણ તે પ્રાપ્ત કરી શકાય છે.

નિર્વાણ વિશે પ્રયોજાયેલા વિવિધ શબ્દપ્રયોગોમાં અમૃત પદ, અચ્યુતપદ, યોગક્ષેમ, શાંતિ, ધ્રુવ, અસ્તિ ધર્મ કહેવામાં આવ્યું હોવા છતાં મહદ્ અંશે અસીમ, અહેતુ, અનાવલંબિત, અપશ્યાપન્ન, અનુત્તર વગેરે નિષેધવાચક શબ્દપ્રયોગો થયા છે. આથી તે સ્પષ્ટ થાય છે કે નિર્વાણની અનુભૂતિ શબ્દાતીત છે.

મૂળ બૌદ્ધદર્શન અનુસાર નિર્વાણના બે પ્રકાર છે સોપાધિશેષ નિર્વાણ અને અનુપાધિશેષ. નિર્વાણ અથવા પરિનિર્વાણ. અહીં નિર્વાણનો સામાન્ય અર્થ - 'निर्गत वानं गमनं यस्मिन तत् निर्वाणाम्' એવો કે જેનાં ગમન કે સંસ્કાર નિવૃત્ત થયાં છે તે નિર્વાણ છે. સોપાધિશેષ નિર્વાણમાં માનવીની વાસનાઓ બુઝાઈ જાય છે. નિર્વાણ પ્રાપ્ત કરેલા સાધકનો, અર્હત્‌નો દેહ જ્યારે છૂટી જાય ત્યારે તેને પરિનિર્વાણ કહેવામાં આવે છે.

**મોક્ષ :**

ભવચક્રના ફેરામાંથી મુક્તિની સર્વોચ્ચ અવસ્થા દર્શાવવા માટે જૈનદર્શન મોક્ષ શબ્દને જ યથાર્થ ગણે છે. 'આત્માનો પરમાત્મા સાથેનો યોગ' આવો અર્થ જૈનોને અભિપ્રેત નથી. જૈન દર્શન મુજબ શુદ્ધ અને મુક્ત જીવ આનંદ સ્વરૂપ છે અનંત આનંદનો આ મુળભૂત ગુણ અશુદ્ધ જીવમાં ઢંકાઈ ગયો છે. તેથી જીવની શુદ્ધિ અને સંસારના બંધનમાંથી જીવની મુક્તિ એ જીવનનું લક્ષ્ય છે.

ભગવાન મહાવીર કુશળ સાર્થવાહક છે. પરમ ઐશ્વર્યના પદ પર પહોંચી ને એ વીરમ્યા નથી, પાછળ આવનારાઓ માટે સીમા ચિન્હો મૂક્યા છે. માર્ગ ચાતરી બતાવ્યો છે. મોક્ષ માર્ગમાં આવતા પડાવો અને તેના ભયસ્થાનોનું નિર્દેશન કર્યું છે. આ પરમ પુરૂષાર્થના માર્ગ પર પ્રભુ મહાવીરે ગુણવૃદ્ધિ માટેના ચૌદ ગુણસ્થાનકો દર્શાવ્યા છે. સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર્યના રત્નત્રયી માર્ગની અંતિમ મંઝીલ એટલે જ મોક્ષ... જીવનમૃત્યુના દુઃખમય ચક્રમાંથી જીવની મુક્તિ. પુર્નજન્મ નહીં. અવતાર તરીકે પણ નહીં. જે આત્મા જન્મ મરણના ફેરામાંથી સંપૂર્ણ મુક્ત થાય તે જ પરમાત્મા આ પરમ આત્મા સિધ્ધક્ષેત્રમાં, શુદ્ધ આત્માના સ્વરૂપમાં સ્થાયી થઈને રહે છે.

જૈન ધર્મની આખી ગુંથણી કર્મને લક્ષમાં રાખીને થયેલી છે. કર્મ એટલે સંસાર અને કર્મવિહીન અવસ્થા તે મોક્ષ. જૈન ધર્મશાસ્ત્રોની માન્યતા પ્રમાણે સર્વ પદાર્થોનો સમાવેશ જીવ અને અજીવમાં થઈ જાય છે. જગતમાં જે જે જીવો છે, એ સર્વને ઈન્દ્રિયોની પ્રવૃત્તિઓ દ્વારા તેમજ સાંસારિક વિષયો દ્વારા કર્મબંધન થાય છે, આવા કર્મોને અટકાવવાથી ને બાંધેલા કર્મોનો ક્ષય કરવાથી, શુદ્ધ અને પવિત્ર આત્માને શાશ્વત મુક્તિ મળી શકે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષના નવ તત્ત્વોની વાત જૈન દર્શને કરી છે.

મોક્ષ માર્ગની પ્રાપ્તિના ત્રણ મુખ્ય સાધનો તરીકે પ્રભુ મહાવીરે અહિંસા, સંયમ અને તપને મહત્તા આપી છે. અહિંસા એ ધર્મનો આત્મા છે, સંયમ એ ધર્મનો પ્રાણ છે અને તપ એ ધર્મનો દેહ છે. સાધનત્રયી દ્વારા ચૌદ ગુણસ્થાનકોને પાર કરી આત્મા સર્વકર્મરહિત થઈ દેહને છોડીને મોક્ષ પ્રાપ્ત કરે છે ને સિધ્ધશિલા પર સ્થિત થઈ જાય છે. સિધ્ધ અવસ્થા એ શૂન્ય અવસ્થા નથી કે કોઈ પરમાત્મામાં વિલીન થઈ જવાની સ્થિતિ નથી. આ વિધાયક અવસ્થા છે ત્યાં જીવ અનંત ચતુષ્ટયી એટલે કે અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય અને અનંત સુખનો અવિર્ભાવ કરે છે.

**ઉપસંહાર :**

આમ, હિન્દુધર્મની પશ્ચાદભૂમાં સર્જાયેલા, સમાન વિચારધારા ધરાવતા આ બંને ધર્મો સત્ય, અહિંસા અને કરૂણાથકી સમષ્ટિનું કલ્યાણ ઝંખે છે. તાત્ત્વિક વિચારધારામાં જે ભિન્નતા છે તેમાં જૈન ધર્મ જગતને સનાતનતા દર્શાવે છે. જ્યારે બૌદ્ધ ધર્મ ક્ષણભૂંગૂરતા. જૈન ધર્મ આત્માનો અસ્તિત્વને સ્વીકારે છે, બૌદ્ધોના મતે આત્મા અચલ નથી. જૈન ધર્મ મોક્ષ પ્રાપ્તિ માટે કઠોર દેહ દમનનો માર્ગ સ્વીકારે છે, જન્મ મરણથી મુક્તિ એ જ તેનું ધ્યેય છે. બૌધ્ધોના મતે મૃત્યુ પછીની સ્થિતિનો ભય નથી. દુઃખમાંથી મુક્તિ એ તેમને મન મુખ્ય છે. ટૂંકમાં જૈનોની શોધ કર્મક્ષય કરી કેવલી બનવાની છે. જ્યારે બૌધ્ધોની શોધ તૃષ્ણાથી ઉત્પન્ન થયેલા આ જન્મના દુઃખો દૂર કરી નિર્વાણ મેળવવાની છે.

**સમાપન :**

વેદોમાં એવું કહેવાયું છે एकं सत् विप्रा बहूधा वदन्ति। સત્ય એક છે, તેની ઉપાસના કરનારા તેને અલગ અલગ નામે વર્ણવે છે. મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટે પ્રભુ મહાવીરે કે ભગવાન બુધ્ધે દર્શાવેલો કર્મ મુક્તિનો, ધર્મપ્રાપ્તિનો આ માર્ગ આખરે તો માનવભવના સાર્થક્ય માટે છે. કોઈ પણ માર્ગે સાધના કરીને અંતે તો એક અત્યંત નિર્મળ પરિશુદ્ધ તત્ત્વની પ્રાપ્તિ કરવાની છે. દુનિયાના સત્‌પુરૂષોના દિલ હંમેશા સહુને એક કરવા જ તડપતા હોય છે. 'ધમ્મપદ' હોય કે 'ઉત્તરાધ્યયન સૂત્ર' હોય આખરે આપણે તો વિશુદ્ધ પ્રજ્ઞાના સહારે પરમ પદને પ્રાપ્ત કરવાનું છે. ધર્મના આચરણ માટે પ્રવૃત્ત થવાનું છે. આમ પણ धर्मस्य त्वरिता गतिः જે શીઘ્ર થાય છે એ જ ધર્મ છે. આપણે મોક્ષ કે નિર્વાણની પ્રાપ્તિ માટે ઊર્ધ્વગતિ માટે, ઉન્નતિ માટે પ્રયત્નશીલ બનીએ. જાગરૂક બનીએ, કારણ ધર્મ પ્રતિપળ જાગરૂકતા માગે છે. પાણીના ટીપાને ભાગ્યે જ ખબર હોય છે કે તેના અસ્તિત્વની પરિસમાપ્તિ મહાસાગરમાં જ હોઈ શકે. દીવાની જ્યોત છે તો નાની પરંતુ એનો સંબંધ છે સૂરજ સાથે. માણસ ગમે તેવો કાં ન હોય, એના અસ્તિત્વનું આખરી અનુસંધાન તો પરમાત્મા કે પરમ સત્ય સાથે જ હોઈ શકે.

આપણને સહુને આવા પરમ અનુસંધાનની, જીવનલયની, અસ્તિત્વના સાર્થક્યની અનુભૂતિ થાય એ જ પ્રાર્થના...

અસ્તુ...

**સંદર્ભગ્રંથ સૂચિ :-**

જૈન ધર્મનું હાર્દ - ચંદ્રહાસ ત્રિવેદી
બૌદ્ધ ધર્મ સિદ્ધાંત અને સાધના - ચંદ્રહાસ ત્રિવેદી
ગૌતમ બુધ્ધ - રામનારાયણ પાઠક
કરૂણામૂર્તિ બુધ્ધ - ગુણવંત શાહ
બૌધ્ધ દર્શન - એમ. કે. ભટ્ટ
જૈન ધર્મ અને અભિનવ અધ્યાત્મ - વસ્તુપાલ પરીખ
વિશ્વના ધર્મોનો પરિચય - એમ. વી. મેઘાણી તથા અન્ય
ધર્મોનું તુલનાત્મક અધ્યયન - ભાસ્કર દેસાઈ
The face of the Buddha - T. L. Vaswami

❑❑❑

મો. ૯૩૨૪૬૮૦૮૦૯

# ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી રચિત સુવિધિનાથ જિન સ્તવન

ડૉ. રશ્મિ ભેદા

જિનભક્તિ, મુક્તિનું પ્રધાન અંગ છે. મોક્ષપ્રાપ્તિનું સરળ અને સચોટ સાધન પરમાત્મભક્તિ છે. જે નિષ્કામ, મોક્ષલક્ષી હોવી જોઈએ. આચાર્ય શ્રી કલાપૂર્ણસૂરિજી લખે છે - 'સર્વ આગમ શાસ્ત્રોનો સાર ભક્તિયોગ છે, પરમાત્માની સ્તવના, પૂજા કરવાથી ચિત્ત નિર્મળ થાય છે, પરમાત્મા પ્રત્યે પ્રીતિ અને ભક્તિ વધે છે અને ક્રમશઃ ધ્યાનયોગની સાધનામાં સરળતાથી પ્રવેશ કરી તેમાં પ્રગતિ થાય છે. જૈન દર્શનમાં આવશ્યક સૂત્રો તરીકે પ્રસિદ્ધ 'લોગસ્સ' અને 'નમુત્થુણં' વગેરે સૂત્રોમાં જિનભક્તિનો અપાર મહિમા ગાયો છે. અનેક સાધક મહર્ષિઓની પરમાત્મપ્રીતિ અને પરમાત્મભક્તિ ઉપર અનેક રચનાઓ છે. જેમાં યોગીરાજ આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રીમદ્ દેવચંદ્રજી, શ્રી જ્ઞાનવિમલસૂરજી આદિનું મહત્ત્વનું યોગદાન રહેલું છે. દેવચંદ્રજીની વર્તમાન જિનચોવીશી એ આનંદઘનજીની ચોવીશીથી પ્રારંભાયેલી જ્ઞાનપ્રધાન ચોવીશી પરંપરાની એક અત્યંત મહત્ત્વની કૃતિ છે. આનંદઘનજીના સ્તવનોમાં મોટેભાગે અધ્યાત્મનું નિરૂપણ છે, દેવચંદ્રજીએ અધ્યાત્મ સાથે ભક્તિતત્ત્વની પણ સ્થાપના કરી. તેમણે રચિત ચોવીશીમાં જ્ઞાન અને ભક્તિનો રસ છલકાય છે. ભક્તિની પ્રકૃષ્ટ પરાકાષ્ઠામાં રચેલા આ સ્તવનો સ્વાનુભવ-રસિકતાના પાયા પર રચવામાં આવેલા હોવાથી સ્તવનોમાં કૃત્રિમતા નથી, પરંતુ ભક્તિરસ સાથે તત્ત્વરસ, અધ્યાત્મરસ, વૈરાગ્યરસ અને સમતારસથી છલકાય છે.

ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજી મહારાજ વિદ્વાન પ્રભાવક, લેખક, કવિ હોવાની સાથે જ અધ્યાત્મકયોગી, અંતર્મુખી અને આત્મજ્ઞાની પણ હતા. એમણે દ્રવ્યાનુયોગ જેવા ગહન પદાર્થને પ્રસ્તુત ચોવીશીમાં ખૂબજ સરળ રીતે ગુંથી લીધા છે, એટલું જ નહિ તેના ઉપર સ્વોપજ્ઞ બાલાવબોધ લખીને એ વિદ્વદ્ભોગ ગહન વિષયને જનભોગ્ય સહજ બનાવ્યો છે. તેમની રચનાશૈલી ઉપરથી તેમનામાં જે ઉચ્ચ કક્ષાની આત્મદશા પ્રગટેલી હતી તેની પ્રતીતિ થાય છે કે શ્રીમદ્ દેવચંદ્રજીને સ્વરૂપની ઝાંખી તો અવશ્ય થઈ જ હતી. કેમકે, પૌદ્ગલિક પરપદાર્થોના વિષયરસને છોડ્યા વગર કોઈપણ આત્માની વૃત્તિ અંતર્મુખ થતી નથી, અનાદિકાલથી જે દેહાધ્યાસ છે આત્મસ્વભાવમાં સ્થિર થાય ત્યારે જ એ સચ્ચિદાનંદ એવા આત્મિક સુખનું આસ્વાદન કરે છે. તેઓ જ્યારે પ્રભુભક્તિમાં લીન બની જતા ત્યારે દેહાતીત બનીને બાહ્યભાવથી સર્વથા પર બની જઈ સ્વરૂપરમણતામાં ખોવાઈ જતા.

ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજીનો જન્મ વિ.સં. ૧૭૪૬માં મરૂસ્થલ (મારવાડ)ના બિકાનેર નગરની પાસે આવેલ એક ગામમાં ઓસવાલવંશીય લુણીયા ગોત્રના સુશ્રાવક તુલસીદાસજી અને એની ભાર્યા ધનબાઈના કુખે થયો. જ્યારે બાળક ગર્ભમાં હતું ત્યારે તેઓએ ઉપાધ્યાય શ્રી રાજસાગર પાસે પ્રતિજ્ઞા કરી હતી કે, જો એમને પુત્ર થશે તો અવશ્ય તેને જિનશાસનને સમર્પિત કરશું. અનુક્રમે ધનબાઈના ગર્ભની વૃદ્ધિ થતા એમને શુભ સ્વપ્નો આવવા લાગ્યા. એક વખત સ્વપ્નમાં ધનબાઈએ પોતાના મુખમાં ચંદ્રને પ્રવેશતો જોયો. એ સમયે ખરતરગચ્છના આચાર્ય શ્રી જિનચંદ્રસૂરિ વિહાર કરતા ત્યાં આવ્યા. એમણે સ્વપ્નશાસ્ત્રના આધારે જણાવ્યું કે આ પુત્ર મહાન થશે. કાં તો છત્રપતિ (રાજા) થશે, કાં તો દીક્ષા લઈને પત્રપતિ (જ્ઞાની મુનિ) બનશે. ત્યારબાદ વિ.સં. ૧૭૪૬માં પુત્ર જન્મ્યો. સ્વપ્ન અનુસાર તેનું નામ દેવચંદ્ર રાખવામાં આવ્યું. દેવચંદ્ર જ્યારે આઠ વર્ષના થયા ત્યારે વિહાર કરતા શ્રી રાજસાગર વાચક પધાર્યા. ત્યારે પોતાની પ્રતિજ્ઞા મુજબ માતાપિતાએ બાળક દેવચંદ્રને ગુરૂને સમર્પિત કર્યા. વિ.સં. ૧૭૫૬માં દસ વર્ષની વયે ગુરૂએ તેમને લઘુદીક્ષા આપી. પછી વડીદીક્ષા આપી તેમનું નામ 'રાજવિમલ' રાખ્યું, છતાં તેઓ 'દેવચંદ્રજી'ના નામથી વિખ્યાત થયા. પછી રાજસાગરજી વાચકે દીક્ષિત દેવચંદ્રજીને સરસ્વતી મંત્ર આપતા તેમણે બેલાડા ગામમાં રમ્ય વેણાતટે ભોંયરામાં તેની યથાર્થ સાધના કરી જેથી પ્રસન્ન થયેલી સરસ્વતીએ તેમની રચના પર વાસ કર્યો અને તેમણે શાસ્ત્રાભ્યાસ શરૂ કર્યો. જૈન આગમ, આગમેતર ગ્રંથો તેમજ જૈનેતર દર્શનોનો પણ અભ્યાસ કર્યો.

તેઓ સમાચારી ખરતરગચ્છની રાખતા હતા પરંતુ અધ્યાત્મની ગહનતામાં પહોંચ્યા હોવાથી વિશાળ દૃષ્ટિ ધરાવતા હતા. એમને ઉપાધ્યાય યશોવિજયજી પ્રત્યે અત્યંત આદરભાવ હતો. ગુજરાતી, હિંદી, સંસ્કૃત અને પ્રાકૃત ભાષાઓમાં કૃતિઓ રચી છે. તેમણે વર્તમાન જિનચોવીશી ઉપરાંત અતીત જિનચોવીશી તેમજ વર્તમાન વિહરમાન જિનચોવીશી પણ રચેલી છે.

નવમાં સુવિધિનાથ ભગવાનના સ્તવનમાં આત્મા અને પરમાત્માની વચ્ચે રહેલ અંતરને તોડવાનો સચોટ ઉપાય બતાવ્યો છે. શ્રીમદ દેવચંદ્રજી કહે છે, પરમાત્મારૂપી નિમિત્ત કારણના અવલંબનથી ભક્તને પોતાનું શુદ્ધ આત્મસ્વરૂપ, સિદ્ધ સ્વરૂપનું ભાન થાય છે અર્થાત્ અરિહંત પરમાત્માના સાક્ષાત્ દર્શનથી કે તેમની પ્રશાંત પ્રતિમાના દર્શનથી પોતાના શુદ્ધ સ્વરૂપની પ્રતીતિ થાય છે. આત્મા શુદ્ધ સ્વરૂપી હોવાં છતાં કર્મોના આવરણના લીધે બકરીના ટોળામાં રહેલા સિંહ જેવો છે. જ્યાં સુધી તેણે અન્ય સિંહના દર્શન કર્યા ન હતા ત્યાં સુધી એનું સિંહપણું જાગ્રત થયું નહોતું. અન્ય સિંહરૂપ આલંબન મળતા જ એને પોતાના સિંહપણાની જાગ્રતિ થઈ, એવી જ રીતે આત્માને પોતાના સંપૂર્ણ સિધ્ધ સ્વરૂપના પ્રગટીકરણ માટે પરમાત્માના દર્શનરૂપ અવલંબનની જરૂર પડે છે.

જીવાત્માનું વાસ્તવિક સ્વરૂપ નિર્મળ જ છે, સાધક પુરૂષાર્થ વડે તે શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરી શકે છે. જૈન દર્શન અનુસાર પ્રત્યેક આત્મામાં નિરંજન, સિધ્ધ, બુધ્ધ બનવાની ક્ષમતા રહેલી છે. કોઈ વ્યક્તિના હાથમાં અમૂલ્ય રત્ન આવે ત્યારે એનું દિવ્ય તેજ જોઈ વિસ્મયથી એ એના સ્વામિત્વની ઈચ્છા કરે છે, ત્યારે જ કોઈ રત્નનો જાણકાર ઝવેરી એને જણાવે છે કે તારી પાસે રહેલા, ચીંથરામાં ઢાંકેલો પથ્થર પણ એવો જ દિવ્ય મુલ્યવાન રત્ન છે, ત્યારે તે હર્ષથી અને ઉત્સાહથી એ પથ્થર પરની અશુદ્ધિ દૂર કરવાનો, પુરૂષાર્થ પ્રારંભ કરી દે છે. એવી જ રીતે ભક્તને શાંત રસથી પૂર્ણ પરમાત્માના દર્શન થતાં પોતાનામાં રહેલા પરમાત્માનું ભાન થાય છે અને જીવાત્મા શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવાની સાધના શરૂ કરે છે.

શ્રી સુવિધિનાથ જિન સ્તવનમાં પરમાત્માની મુદ્રા કેવી રીતે સાધકને સહજ સુખમય પૂર્ણ દશા પ્રાપ્ત કરાવે છે, એ સમજાવ્યું છે. મુમુક્ષતા પ્રગટે પછી સુવિધિનાથ ભગવાનના દર્શન થતાં જે અદ્‌ભુત રૂપાંતરણ અનુભવાય છે, એનો ભાવોલ્લાસ ગણિશ્રી આ સ્તવનમાં વ્યક્ત કરે છે -

**દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યા હો લાલ**
**ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વીસર્યા હો લાલ.**
**સકલ વિભાવ ઊપાધિ, થકી મન ઓસર્યા હો લાલ**
**સત્તા સાધન માર્ગ ભણી, એ સંચર્યા હો લાલ. ।।૧।।**

જિનેશ્વર પરમાત્માની સમાધિરસના પ્રશંસતાથી ભાવિત એવી મુખમુદ્રાના દર્શન કરતા અનાદિથી વિસરાયેલા આત્માના શુદ્ધ સ્વરૂપનું ભાન થયું; મન વિષયવાસનાથી પાછું ફરવા લાગ્યું અને પોતાના શુદ્ધ સ્વરૂપને પામવા માટે પ્રયત્નશીલ બન્યું. પરસંયોગો અને વિકારોથી ભિન્ન એવા ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય લક્ષ્ય બને છે. તેના કારણે સકલ વિભાવો ઓસરવા માંડ્યા. જે વૃત્તિ સતત પરમાં જતી હતી ત્યાંથી પાછી ફરીને સ્વસન્મુખ થવા લાગી. આત્મ-સાધનાના માર્ગરૂપ સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યગ્-ચારિત્રની આરાધનામાં સંચરણ થયું.

પ્રભુમુદ્રાના દર્શન કરતાં દેવચંદ્રજી કહે છે, 'આપનો જગત પ્રત્યેનો કેવો સહજ જ્ઞાતાભાવ છે. આપના કેવળદર્શન, કેવળજ્ઞાનમાં સર્વ જગતના સર્વ દ્રવ્યોના સર્વ ભાવો આપના ક્ષાયિક જ્ઞાનમાં ઝળકવાં છતાં પણ અંશમાત્ર પણ રાગદ્વેષ થતાં નથી. આપ શુભપરિણામી વસ્તુના ગ્રાહક નથી અને અશુભપરિણામી વસ્તુના દ્વેષી નથી. કર્તાપણું, ભોક્તાપણું, ગ્રાહકપણું, સ્વામિપણું ટાળીને અહંબુદ્ધિરહિત સર્વભાવના જાણકાર છો. સમ્યગ્‌દર્શન ગુણની બલિહારીથી આપને જીવમાત્ર નિર્દોષ અને સિધ્ધસમ ભાસે છે. પ્રભુની ચારિત્રગુણની ચરમસીમા છે. પરની ઉપેક્ષા કરવી અને અદ્વેષભાવ રાખવો. અહીં 'પર' પરિણતિ એટલે બે રીતે આવે છે - (૧) પરભાવની દ્રષ્ટિએ - રાગાદિ સર્વ ભાવોની ઉપેક્ષા અને (૨) પરદ્રવ્યો (નિમિત્તો) - નિમિત્તોનો ત્યાગ અદ્વેષભાવે કરવો.

શ્રીમદ્ દેવચંદ્રજી આગળ કહે છે, હે પરમાત્મા આપની મુદ્રાનું અવલંબન લેતા મારી વૃત્તિઓ સ્વરૂપાવલંબી બનવા લાગી છે. પ્રભુને જે જેવો ઓળખે છે એ તેવો થાય છે. ભક્તામર સ્તોત્રમાં આચાર્ય માનતુંગસૂરિ કહે છે,

नात्यद्‌भुतं भुवनभूषण भूतनाथ;
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः।

અર્થાત્ હે જગતના શણગાર, હે પ્રાણીઓના સ્વામિન, વિદ્યમાન ગુણો વડે તમારી સ્તુતિ કરનારાઓ તમારા જેવા થાય છે.

પ્રભુ, આપના કૃપાબળે અનાદિની મોહની મૂર્છા ઉતરવા લાગી છે અને રાગાદિ મલિનતા વિનાનો 'અમલ', શુભાશુભ પરિણામોથી ખંડિત ન થતો એવો 'અખંડ', બાહ્ય કશું સ્પર્શતું જ નથી એવા 'અલિપ્ત' આત્મસ્વભાવની જ રૂચિ અને એ જ ભાવનામાં લીન રહેવાનું ગમે છે. બાહ્યમાં પ્રવૃત્તિ થાય પણ ઊંડે ઊંડે પરમાત્મા જ ઘોળાતા રહે... જેમ પનિહારીઓ માથા પર ત્રણ-ત્રણ બેડલા રાખી ચાલતી જાય, હસતી રમતી એકબીજાને તાળીઓ આપતી જાય પણ મનમાં ઊંડે ઊંડે માથા પર બેડલા છે, એનું સતત ધ્યાન હોય. સાધક અંતર્મુખતામાં સરી પડે, ધર્મધ્યાનથી શુક્લધ્યાનમાં પહોંચી જઈ વીતરાગી અવસ્થા પ્રાપ્ત કરે છે. આમ સુવિધિનાથના દર્શનથી એમના જેવી દશા સાધકની થાય છે.

ગણિશ્રી દેવચંદ્રજી પ્રભુ પ્રત્યે પોતાનો અનન્યભાવ વ્યક્ત કરે છે કે તમારી ભક્તિથી સમ્યગ્‌દર્શનાદિનો યોગ થાય છે. તો મારો આત્મસ્વભાવ જે શુદ્ધ જ્ઞાનાદિ ગુણમય છે, તેનું મને સદાય સ્મરણ રહો. પ્રભુના પ્રશાંત મુદ્રાના દર્શનથી, પ્રભુની પ્રભુતા, વીતરાગતા આદિ ગુણોની ઓળખાણ થતાં પ્રભુ પ્રત્યે અત્યંત બહુમાન જાગે છે,

**પ્રભુમુદ્રાનો યોગ, પ્રભુ પ્રભુતા લખે હો લાલ.**
**કરૂણાનિધિ અભિલાષ, અછે મુજ એ ખરો, હો લાલ.**
**ઓળખતા બહુમાન, સહિત રૂચિ પણ વધે હો લાલ.**
**રૂચિ અનુયાયી વીર્ય, ચરણધારા સધે હો લાલ. ।।૬।।**

જીનેશ્વર ભગવાનની પ્રભુતાના દર્શનથી પોતામાં રહેલા આત્મગુણોની પ્રતીતિ થાય છે અને પ્રભુમાં રહેલાં ગુણો અનુભવવાની બહુમાનપૂર્વક રૂચિ જાગે છે. સમ્યગ્‌ચારિત્ર અર્થાત્ આત્મરમણતાની ધારા વહે છે અને સ્વ-સ્વભાવમાં સ્થિત થવાય છે.

અનંતજ્ઞાની પરમ અમોહી એવા પ્રભુની મુદ્રાનો યોગ મળે ત્યારે અનંતગુણરૂપ સકલ જ્ઞાયક એવા પ્રભુની પ્રભુતા આપણો આત્મા જાણે અને એ પ્રભુતાના દર્શનથી પોતામાં રહેલા આત્મગુણોની પ્રતીતિ થાય છે. તે ઓળખ્યા પછી તેમના અને આપણા જીવ વચ્ચેનું દ્રવ્ય થકી સાધર્મ્ય, સરખાપણું (અર્થાત્ તે સિધ્ધ તે પણ જીવ અને હું છદ્મસ્થ તે પણ જીવ, સત્તાએ સરખા છીએ), તેમજ બંનેની સંપદા સત્તાએ સરખી છે. અર્થાત્ આ જીવ પણ પ્રભુની સંપદા જેટલી સંપદાનો ધણી છે. એમ ઓળખે અને

ઓળખ્યા પછી તે સંપદા પર બહુમાન આવે અને પ્રભુમાં રહેલાં એવા ગુણો અનુભવવાની બહુમાનપૂર્વક રૂચિ જાગે છે કે મારે ક્યારે આવી સંપદા નિપજશે? અને તેવી રૂચિ અનુસાર તે દિશા પ્રત્યે વીર્ય ગુણનું સ્ફુરણ થાય, તેનું જ આચરણ થાય અર્થાત્ પ્રભુના દર્શન કરવાથી જે પ્રભુતા ભાસી છે તે પોતામાં જાણે. એટલે આગળ દેવચંદ્રજી કહે છે,

**''ક્ષાયોપશમિક ગુણ સર્વ, થયા તુજ ગુણરસી હો લાલ।**
**સત્તા સાધન શક્તિ, વ્યક્તતા ઉલ્લસી હો લાલ।।**
**હવે સંપૂરણ સિદ્ધિ, તણી શી વાર છે હો લાલ।**
**'દેવચંદ્ર' જિનરાજ, જગત આધાર છે હો લાલ।।૭।।''**

સાધકના જ્ઞાન, રૂચિ, રમણતા વીર્યાદિ સર્વ ક્ષાયોપશમિક ગુણો પ્રભુના ક્ષાયિકભાવે પ્રગટેલા કેવળજ્ઞાનાદિ ગુણોના રસિક બની ગયા છે. આવી રીતે જ્યારે સાધકના ક્ષાયોપશમિક ગુણો પરમાત્માના ક્ષાયિક કેવળજ્ઞાનાદિ ગુણો સાથે એકરૂપ તન્મય થાય છે, ત્યારે સુવિધિજિણંદના સ્મરણથી, શરણથી અત્યાર સુધીનું આચ્છાદિત એવું આત્મસ્વરૂપ હવે સંપૂર્ણપણે વ્યક્ત થશે, એવો ઉલ્લાસિત ભાવ થાય છે. નિમિત્ત કારણ મળતા ઉપાદાન કારણ પ્રગટે, આત્મા તત્ત્વરૂચિ, તાત્ત્વિક, તત્ત્વાવલંબી થાય તો સંપૂર્ણ અવિનાશી એવા સિદ્ધ સ્વરૂપના પ્રગટીકરણમાં કયાં વાર છે? અને દેવચંદ્રજી જે સ્તુતિ કર્તા છે એ કહે છે, 'દેવોમાં ચંદ્ર સમાન એવા હે સુવિધિનાથ ભગવાન, જે જગતના સર્વ જીવોના આધાર છે એવા જિનમુદ્રાના અવલંબને અનંત જીવ સિદ્ધગતિ પામ્યા છે, અરિહંતના આલંબને અરિહંત થવાય છે, તો તમારા શરણથી હું પણ તમારા જેવી દશાને ત્વરાથી પ્રાપ્ત કરીશ.'

❑❑❑

email id : rashmi.bheda@gmail.com | M. 9867186440

## નવ્યન્યાયના મહત્ત્વના ગ્રંથનો સર્વપ્રથમ હિન્દી અનુવાદ

**હર્ષવદન ત્રિવેદી**

સંસ્કૃત ભાષામાં લખાયેલા પ્રાચીન શાસ્ત્રો વિશે એક ગેરસમજ એવી પ્રવર્તે છે કે આ બધા શાસ્ત્રો એક જમાનામાં ઘણાં ઉપયોગી હતા. પણ આજે તે બધાં જૂનાં કે કાળગ્રસ્ત થઈ ગયા છે કે આધુનિક વિજ્ઞાને એટલી બધી પ્રગતિ સાધી છે કે આ જૂના શાસ્ત્રોની આજે આપણને કોઈ જરૂર નથી.

આ એક મોટી ગેરસમજ છે. હકીકત એ છે કે પ્રાચીન શાસ્ત્રોના ઘણાં વિચારો આજની સમસ્યાઓને ઉકેલવા માટે કે આધુનિક જ્ઞાનની ઉણપો દૂર કરવા માટે ઘણાં ઉપયોગી બની રહ્યા છે. દા.ત. સંસ્કૃત તર્કશાસ્ત્ર એટલે કે ન્યાયપરંપરા અને પાણિનિના વ્યાકરણનો ઉપયોગ Natural language processing કે artificial intelligenceના ક્ષેત્રે થઈ રહ્યો છે. બીજું, આધુનિક વિજ્ઞાન પાશ્ચત્ય ફિલસૂફી સાથે અંકોડા ભીડાવીને ચાલ્યું છે. એરિસ્ટોટલ, કાન્ટ જેવા ફિલસૂફોના વિચારોનો પ્રભાવ આજે પણ જોવા મળે છે. આ ફિલસૂફો પર નવાં નવાં પુસ્તકો વિવિધ અભિગમોથી લખાઇને આજે બહાર પડતાં રહે છે. આધુનિક વિચારકોનું ધ્યાન હવે ભારત, ચીન, જાપાન, અરબસ્તાન જેવાં બિન-પશ્ચિમી દાર્શનિકો તરફ પણ ખેંચાયું છે. દાખલા તરીકે સંજ્ઞાનાત્મક મનોવિજ્ઞાન (cognitive psychology)માં પાશ્ચાત્ય ફિલસૂફીની મન (mind) અંગેની વિચારણાનો મોટો પ્રભાવ છે. હવે તેઓ આ અંગેની બૌધ્ધ અને અન્ય ભારતીય વિચારપરંપરાઓમાં રસ લઈ રહ્યા છે. અહીં તેમને પોતાની કેટલીક ગૂંચોનો ઉકેલ મળતો પણ જણાય છે.

આ શાસ્ત્રોને સમજવા માટે સૌપ્રથમ તો તેમની શાસ્ત્રનિરુપણની પદ્ધતિ સમજવી પડે છે. એ માટે વ્યાકરણ અને તર્કશાસ્ત્રની જાણકારી અપેક્ષિત હોય છે.

આપણે જાણીએ છીએ કે શબ્દો વાપરવામાં સાવધાની ન રખાય તો તેનાં ગંભીર પરિણામો આવતા હોય છે. કોર્ટ કે સરકારી કામકાજમાં 'શબ્દોની જ મારામારી' હોય છે. ખોટું અર્થઘટન, ખોટી રજૂઆત અને મોઘમ કે સંદિગ્ધ વિધાનોના કારણે ઘર્ષણ સર્જાય છે. છેતરાવાની કે ઠગાવાની શક્યતાઓ પણ તેમાં જ હોય છે. ભસ્માસુરે વરદાન માગ્યું પણ તેણે એવી સ્પષ્ટતા કરી હોત કે મારા પોતાના શરીર પર મારો હાથ પડે તો તે ભસ્મ નહીં થાય તો વાંધો આવત નહીં. દેવોની સાથેની લડાઈમાં દૈત્યોના પરાજયનું કારણ ચોકસાઈપૂર્વક શબ્દો પ્રયોજવાની કુનેહનો અભાવ હતો. ન્યાયદર્શન એટલે કે તર્કશાસ્ત્ર અને વ્યાકરણનો અભ્યાસ ચોક્સાઇ માટે અનિવાર્ય છે. આથી શાસ્ત્રાર્થમાં ભાગ લેનારા કે શાસ્ત્રોને સમજવાનો પ્રયાસ કરનારાઓ માટે વ્યાકરણ અને તર્કશાસ્ત્રનો અભ્યાસ જરૂરી છે.

સંસ્કૃત શાસ્ત્રાર્થમાં બે પક્ષ હોય છે. એક પક્ષ એવું માને કે જીવ અને શિવ એક જ છે. જ્યારે બીજો એવું માને કે બંને અલગ અલગ છે. બંને પક્ષો સામેવાળાના મતનું ખંડન કરીને પોતાના પક્ષનું મંડન કરવાનો પ્રયાસ કરે છે. આ પ્રવૃત્તિના બે ભાગ હોય છે. સામેવાળાનો પક્ષ એ પૂર્વપક્ષ કહેવાય અને પોતાનો પક્ષ ઉત્તરપક્ષ કે સિદ્ધાન્તપક્ષ કહેવાય. પૂર્વપક્ષમાં વિરોધીના મતની વિગતો આપવાની હોય છે. ઘણાં આચાર્યો તો વિરોધી પક્ષની વિગતો આપતા હોય ત્યારે સામેવાળાની તરફેણમાં એવી દલીલ કરે કે આપણને શંકા જાય કે આ ખરેખર કયા પક્ષના છે! પણ તે વિરુધ્ધ પક્ષની માન્યતાઓનું એક પછી એક ખંડન કરીને પોતાના પક્ષની સ્થાપના કરે ત્યારે તેમની તર્કશક્તિનો આપણને ખ્યાલ આવે છે.

બીજું આપણે એ પણ ધ્યાનમાં રાખવાનું છે કે, માનવ ભાષાના શબ્દો એક કરતાં વધુ ભાવો વ્યંજિત કરતા જોવા મળે છે. આ અનેકાર્થીપણું કે સંદિગ્ધતા એ માનવ ભાષાની શબ્દસંપદાનો વિશેષ છે. એના કારણે જ કાવ્યમય અભિવ્યક્તિ શક્ય બને છે. પણ આ અનેકાર્થકતા કે સંદિગ્ધતાના કારણે પ્રકૃતિક ભાષા તાર્કિક અભિવ્યક્તિ માટે મુશ્કેલી ઉભી કરે છે. તર્કશાસ્ત્રમાં અભિવ્યક્તિ ચોક્કસાઈપૂર્વક અને અસંદિગ્ધપણે કરવાની હોય છે. સંદિગ્ધતા કાવ્યસર્જન માટે ભલે ઉપકારક હોય પણ તાર્કિક અભિવ્યક્તિ માટે તો તે સમસ્યાજનક છે. આથી જ પશ્ચિમમાં પ્રતીક તર્કશાસ્ત્ર, બીજગણિત, કેલક્યુલસ વગેરે ક્ષેત્રોમાં વિકાસ થયો અને તેની એક નવી પ્રતીકો, ચિહ્નો ધરાવતી ગાણિતિક Formal ભાષાનો પણ વિકાસ થયો.

આ ભાષા ખરી, પણ તે એક કૃત્રિમ ભાષા છે. તેનો ઉપયોગ વિજ્ઞાન સિવાયની જ્ઞાનશાખાઓમાં ખાસ થતો નથી. ભારતની ન્યાયપરંપરા એટલે કે તર્કશાસ્ત્રની પરંપરામાં વિવિધ વિષયોના શાસ્ત્રાર્થ કે ખંડન-મંડન માટે તર્કશાસ્ત્રનો ભરપેટે ઉપયોગ થયો. તર્કશાસ્ત્રની પધ્ધતિઓ અને પ્રવિધિઓ વિશે પણ ઘણી ઝીણવટપૂર્વક વિચારણા થઈ. માત્ર બ્રાહ્મણપરંપરાના વિદ્વાનો જ નહિ પણ જૈન, બૌધ્ધ વગેરે પરંપરાના વિદ્વાનોએ પણ તર્કશાસ્ત્રના વિકાસમાં ઊંડો રસ લીધો. આના કારણે ભારતમાં પણ તર્કશાસ્ત્રની એક ટેકનિકલ ભાષા વિકસી. ન્યાયદર્શનનો વિકાસ નવ્યન્યાયમાં પરિણમ્યો. નવ્યન્યાયની તુલના આજના પ્રતીક તર્કશાસ્ત્ર વગેરે સાથે થાય છે.

નવ્યન્યાયના કારણે તર્કશાસ્ત્રમાં એક મોટી ક્રાન્તિ થઈ અને તેનો પ્રભાવ જ્ઞાનના વિવિધ ક્ષેત્રોમાં પડ્યો, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર વગેરે પર. ઇસુની ૧૪મી સદી પછી લખાયેલા વ્યાકરણ, ધર્મશાસ્ત્ર, કાવ્યશાસ્ત્ર, વેદાન્ત જેવા ક્ષેત્રોમાં ઘણાં મહત્વનાં ગ્રંથો નવ્યન્યાય શૈલીમાં લખાયા છે. જેમકે, આનંદબોધના વેદાન્ત દર્શન પરના ગ્રંથ 'ન્યાય મકરન્દ' પરની ચિત્સુખાચાર્યની ટીકા 'ચિત્સુખી', હિન્દુ વારસાધારા અંગેના ગ્રંથ 'દાયભાગ' પરની શ્રીકૃષ્ણ તર્કાલંકારની ટીકા 'દાયભાગ-પ્રબોધિની', પંડિતરાજ જગન્નાથનો કાવ્ય શાસ્ત્ર પરનો ગ્રંથ 'રસગંગાધર', મહાવૈયાકરણ નાગેશ ભટ્ટના વ્યાકરણ અંગેના ગ્રંથો જેવા કે પરિભાષેન્દુશેખર અને લઘુશબ્દેન્દુશેખર વગેરે. આ ગ્રંથો સમજવા માટે નવ્યન્યાયની પરિભાષાની જાણકારી અપેક્ષિત છે. એટલે કે, જેમ ભૌતિકવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર કે જીવવિજ્ઞાન સમજવા માટે ગણિતનું જ્ઞાન જરૂરી છે તેમ આ ગ્રંથો સમજવા માટે નવ્યન્યાયની પરિભાષા અને પધ્ધતિથી વાકેફ થવાની જરૂર છે.

સંસ્કૃતમાં તર્કશાસ્ત્રને 'ન્યાયદર્શન' કહે છે. ગૌતમ ઋષિનું ન્યાયસૂત્ર એ હાલમાં ઉપલબ્ધ સૌથી પ્રાચીન ગ્રંથ છે. ન્યાય દર્શનના વિકાસના બે તબક્કા છે. પ્રથમ તબક્કો પ્રાચીન ન્યાય તરીકે ઓળખાય છે. તેનો આરંભ ન્યાયસૂત્રથી થાય છે અને આ પરંપરા ૧૦મી સદી સુધી ચાલુ રહે છે. બીજો તબક્કો નવ્યન્યાય તરીકે ઓળખાય છે. તેનો પ્રારંભ ૧૨મી સદીથી થયો છે. નવ્યન્યાય વિશ્લેષણની પધ્ધતિ પર વિશેષ ભાર મૂકે છે. નવ્યન્યાયનો ઉદય મિથિલા, બિહારમાં થયો પણ તેનો પ્રચાર-પ્રસાર બંગાળમાં પણ થયો. નવ્યન્યાયની નિરુપણપદ્ધતિ એટલી બધી પ્રસિદ્ધ બની કે તેનો પ્રભાવ જ્ઞાનના વિવિધ ક્ષેત્રોપર પડ્યો છે જે આપણે આગળ જોઇ ગયા.

ન્યાયદર્શનનો અભ્યાસ મુખ્યત્વે બે કારણોસહ લોકો કરે છે,
1- ન્યાયદર્શનના સિદ્ધાન્તોથી પરિચિત થવા માટે અને
2- ન્યાયદર્શનની પારિભાષિક શબ્દાવલીથી પરિચિત થવા માટે.
આમ તો બંને પ્રવૃત્તિઓ એકબીજા સાથે સંકળાયેલી છે.

સિદ્ધાન્તબોધ માટે તર્કસંગ્રહ કે ન્યાય સિદ્ધાન્તમુક્તાવલી જેવા ગ્રંથો છે. પરિભાષા માટે 'नव्यन्यायभाषाप्रदीप' જાણીતો ગ્રંથ છે. ગુજરાતીમાં યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ દ્વારા પ્રકાશિત ડો. લક્ષ્મેશ જોશીનું નવ્યન્યાયપ્રવેશ પુસ્તક ઉપલબ્ધ છે. આ ક્ષેત્રે સૌથી વધુ કામ જૈન મહારાજસાહેબોએ કર્યું છે. જેમકે, મુનિ અભયશેખરવિજયગણીએ 'ન્યાયસિદ્ધાન્તમુક્તાવલી'ના પોતાના ગુજરાતી વ્યાખ્યા-અનુવાદના પ્રથમ ખંડમાં સંક્ષિપ્ત ન્યાયભૂમિકા આપી છે. આ ભૂમિકા મુનિશ્રી વિજયભુવનભાનુસૂરિ મહારાજસાહેબના લબ્ધપ્રતિષ્ઠ ગ્રંથ ન્યાયભૂમિકાના આધારે લખાઇ છે. એવી જ રીતે મુનિ જયસુંદરવિજયજીએ આ ન્યાયભૂમિકા ગ્રંથની નોટ્સ કહી શકાય એવું છાત્રોપયોગી સંસ્કરણ ન્યાયભુવનભાનુ નામે તૈયાર કર્યું છે. આ ગ્રંથ સરસ અને સરળ છે. સૂત્રાત્મક કહી શકાય તેવી શૈલીમાં આકૃતિઓ વગેરેની મદદથી નવ્યન્યાયની ક્લિષ્ટ સંજ્ઞાઓને સ્પષ્ટ કરવાનો પ્રશસ્ય પ્રયાસ કરાયો છે.

આધુનિક યુગમાં ન્યાય પરંપરાને અંગ્રેજીના માધ્યમથી સમજાવવાના પ્રયાસો ડેન્યલ ઈન્ગાલ્સ, બી. કે મતિલાલ, ફ્રિટ્ઝ સ્તાલ, શિવજીવન ભટ્ટાચાર્ય, જે.એલ શો, જનાર્દન ગનેરી વગેરેએ કર્યા છે. પૂણેના આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત વિદ્વતદંપતી પ્રો. વશિષ્ઠ નારાયણ ઝા, અને તેમનાં પત્ની ઉજ્જવલા ઝાએ આધુનિક પેઢીના વિવિધ ક્ષેત્રના અભ્યાસીઓને નવ્યન્યાયથી પરિચિત કરવા માટે જાણેકે એક ઝુંબેશ ઉપાડી છે. નવ્યન્યાય જેવો અઘરો વિષય સરસ રીતે અને સરળતાપૂર્વક સમજાવવાની તેમની પધ્ધતિ પણ વિદ્વાનોમાં આદરપાત્ર બની છે. ઝા દંપતીએ 'नव्यन्यायभाषाप्रदीप' સમજાવવા માટે કદાચ પહેલી જ વાર આકૃતિઓની મદદથી નવ્યન્યાયની પરિભાષાઓ સમજાવવાની શરૂઆત કરી હતી જે ઘણી લોકપ્રિય નીવડી છે.

નવ્યન્યાયના પ્રચાર માટે આધુનિક યુગમાં ઝા દંપતી ઉપરાંત ઈન્ડિયન ઈન્સ્ટીટ્યૂટ ઓફ ટેકનોલોજી ખડગપુરની પણ નોંધપાત્ર કામગીરી રહી છે. ૧૯૯૨-૯૪ દરમિયાન ખડગપુરમાં નવ્યન્યાયની અનેક કાર્યશિબિરો યોજાઈ. આ કાર્યશિબિરોમાં પ્રો. શિવજીવન ભટ્ટાચાર્ય, પ્રો. પ્રહલાદાચાર, પ્રો. મુખોપાધ્યાય, પ્રો. રાજારામ શુક્લ, પ્રો. વિનીત ચૈતન્ય અને પ્રો. રાજીવ સંઘલે ભાગ લીધો. આ વર્કશોપનો હેતુ જરા અલગ હતો. આધુનિક વિજ્ઞાનીઓ અને ટેકનોલોજીસ્ટોને અને નવ્ય ન્યાયની પરિભાષા અને પ્રવિધિ સમજાવવાનું તેમણે બીડું ઝડપ્યું હતું. વિજ્ઞાન અને ટેકનોલોજીના અભ્યાસીઓને નવ્યન્યાયની સંજ્ઞાઓ સરળતાથી સમજાય એ માટે આ લોકોએ Prof. F. Sowa ના conceptual Graphs, અને First order predicate Calculusનો ઉપયોગ કર્યો અને એમાં તેમને ઘણી સફળતા મળી. આઇઆઇટી ખડગપુર જેવી કેટલીક સંસ્થાઓના માસ્ટર ઓફ ટેકનોલોજી (MTech)ના કેટલાક મહાનિબંધો પણ આ વિષય પર લખાયા, જેમાં હૈદરાબાદના ડિપાર્ટમેન્ટ ઓફ સંસ્કૃત સ્ટડીઝના અધ્યક્ષ પ્રો. અંબા કુલકર્ણીના MTechના થિસીસનો પણ સમાવેશ થાય છે. નેચરલ લેંગ્વેજ પ્રોસેસિંગના ક્ષેત્રના વિદ્વાનો પણ નવ્યન્યાયમાં ઊંડો રસ લઈ રહ્યા છે.

પ્રો. ઉજ્જવલા ઝાના અનુવાદ ઉપરાંત મણિપાલ યુનિવર્સિટી પ્રેસ તરફથી 2013માં The Language of Logic 'Navya Nyaya Perspectives' બહાર પડ્યું છે. આ ગ્રંથ વર્તમાન ડિજીટલયુગની આવશ્યક્તાને અનુરૂપ હોવાનું કહી શકાય. અહી આધુનિક શબ્દાવલીમાં ગ્રાફ્સ અને આકૃતિઓની મદદથી નવ્યન્યાયની મહત્ત્વની સંજ્ઞાઓ સમજાવાઇ છે. આ પુસ્તકના લેખકો તિરુમાલા કુલકર્ણી અને જયદીપ જોશી છે. તિરૂમાલા કુલકર્ણી બેંગ્લોરમાં સંસ્કૃતના પ્રાધ્યાપક છે તો જયદીપ જોશી બેંગ્લોરની ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સમાં સંશોધક છે.

પં. વશિષ્ઠનારાયણ ઝા અને તેમના વિદુષી પત્ની ઉજ્જવલા ઝા વર્ષોથી ભારત અને ભારત બહારની યુનિવર્સિટીઓ, વિદ્યાસંસ્થાઓમાં ૧૦-૧૦ દિવસની શિબિરો યોજે છે. તેમાં મહેશચંદ્ર ન્યાયરત્નના 'नव्यन्यायभाषाप्रदीप' ગ્રંથને આધાર બનાવીને વિદ્યાર્થીઓ, અધ્યાપકો, વિદ્વાનો, વિજ્ઞાનીઓને નવ્યન્યાયનું આધુનિક શૈલીમાં ચાર્ટ-ગ્રાફ વગેરેની મદદથી સઘન શિક્ષણ આપે છે. ઈ.સ. ૨૦૦૦ થી ઝા દંપતિએ પોતાના આ અભિયાનનો પ્રારંભ કર્યો હતો. આવી જ એક શિબિર ૨૦૦૧ના મે માસમાં ઓરિયેન્ટલ ઈન્સ્ટીટ્યૂટ વડોદરા ખાતે યોજાઈ હતી. આ શિબિરમાં આપણાં સમર્થ કવિ અને વિવેચક સિતાંશુ યશચંદ્રે પણ પૂરી નિષ્ઠાથી ભાગ લીધો હતો. તેમની નિષ્ઠાની પરાકાષ્ઠા એ હતી કે, શિબિરના અંતે જે પરીક્ષા લેવાઈ તેમાં પણ તે બેઠાં અને પેપર લખ્યું.

સિતાંશુ યશચંદ્ર તો ગુજરાતીના અધ્યાપક- એમાં ય સાહિત્યકાર, તેમને નવ્યન્યાય જાણવા માટે આટલો દાખડો કરવાની શી જરૂર? કારણ તેમની વિદ્યાનિષ્ઠા. પંડિતરાજ જગન્નાથના કાવ્યશાસ્ત્ર પરના ગ્રંથ 'રસગંગાધર'માં નવ્યન્યાયની પરિભાષા અને પધ્ધતિ અપનાવાઈ છે. જો નવ્યન્યાયની શબ્દાવલી અને તેની વિશ્લેષણ પધ્ધતિથી આપણે વાકેફ ન હોઈએ તો તે ગ્રંથ બરાબર સમજાશે નહીં. સિતાંશુભાઈએ આ ગ્રંથ યથાતથ સમજવા માટે નવ્યન્યાયનો અભ્યાસ કર્યો. સુરેશ જોષીની આગેવાની હેઠળની આધુનિકવાદી વિવેચકોની પેઢીમાં નવ્યન્યાયની પધ્ધતિસર તાલીમ મેળવનાર સિતાંશુભાઈ કદાચ એકલા જ હશે. એમના પછીની પેઢીમાં આ વિષયની તાલીમ મેળવનારા ડો. હેમન્ત દવે એકમાત્ર હશે. હેમન્ત દવે તો પ્રો. ઉજ્જવલા ઝાના પ્રત્યક્ષ શિષ્ય હોવાનો મારો ખ્યાલ છે.

નવ્યન્યાય અવચ્છેદક-અવછિન્ન કે આધાર-આધેય જેવી અત્યંત દુર્બોધ જણાતી પારિભાષિક શબ્દાવલી પ્રયોજે છે. નવ્યન્યાયનો પ્રયાસ અર્થઘટન કરતી વખતે કશી છટકબારી રહી ન જાય તે રીતે ગાણિતિક ચોક્સાઇથી વિચારોને રજૂ કરવાનો છે. આમ તે ભાષાની સીમાઓ અને સામર્થ્યને પણ ચકાસે છે. આપણે જો ગંભીરતાપૂર્વક શાસ્ત્રાધ્યયન કરવા માગતા હોઇએ તો નવ્યન્યાયની ઉપેક્ષા કરવી આપણને પાલવે તેમ નથી.

નવ્યન્યાયને સરળ ભાષામાં સમજાવવા માટે 'नव्यन्यायभाषाप्रदीप' ગ્રંથ રચાયો હતો. 'नव्यन्यायभाषाप्रदीप' એ મૂળે તો એક લેખ હતો. ૧૮૯૧માં મહામહોપાધ્યાય મહેશચંદ્ર ન્યાયરત્ને તે લખ્યો હતો. બંગાળી વિદ્વાન કાલિપાદ તર્કાચાર્યે આ લેખનો બંગાળી ભાષામાં અનુવાદ કરીને તેની પર સુપ્રભા નામની ટીકા લખી અને લેખને પુસ્તકનું સ્વરૂપ આપ્યું. આ લેખ સંસ્કૃતમાં હોવા છતાં **Brief Notes** on the Modern Nyaya system of Philosophy and its Technical Terms એમ અંગ્રેજીમાં ઉપશીર્ષક અપાયું છે. તેની પ્રસ્તાવના પણ અંગ્રેજીમાં હતી. સંસ્કૃત કોલેજ, કોલકાતાએ તેને ૧૯૭૩માં પુસ્તકાકારે પ્રકાશિત કર્યો હતો.

નવ્યન્યાયનો વિષય એટલો છે કે વિદ્યાર્થીઓ તેના અભ્યાસના નામમાત્રથી ભયભીત થઈ જતા હતા. આથી આવા વિદ્યાર્થીઓને નવ્યન્યાયની પરિભાષા- પધ્ધતિનો સરળતાથી બોધ થાય એ માટે આ લેખ લખ્યો હતો. આ પુસ્તકમાં નવ્યન્યાયની પાયાની વિભાવનાઓ-પરિભાષાઓ સરળ અને સુબોધ ભાષામાં સમજાવાઈ છે જેમકે, ધર્મ અને ધર્મી, જાતિ અને ઉપાધિ, પ્રતિયોગી-અનુયોગી, અવચ્છેદકત્વ-અવછિન્ન, આધાર-આધેય વગેરે.

મહેશચંદ્ર ન્યાયરત્ન પ્રથમ તો જે તે વિભાવના કે પરિભાષિક

સંજ્ઞા સમજાવે છે, તેનું સ્વરૂપ સ્પષ્ટ કરે છે પછી તેનો બરાબર બોધ થાય તેવું ઉદાહરણ આપે છે. ત્યાર બાદ આ પારિભાષિક સંજ્ઞાની અભિવ્યક્તિ કેવી રીતે કરવી તેનો પણ નિર્દેશ કરે છે. મહેશચંદ્ર ન્યાયરત્નના આ લેખના ૮૨ વર્ષ પછી મહોપાધ્યાય કાલીપદ તર્કાચાર્યે તેનું પુનઃસંપાદન કરીને કોલકાતાથી પ્રકાશિત કર્યું. તેમણે ગ્રંથનું સંસ્કૃત નામ નવ્યન્યાય ભાષાપ્રદીપ રાખ્યું. આ ઉપરાંત મૂળ ગ્રંથકારની અંગ્રેજી પ્રસ્તાવનાનો સંસ્કૃત અનુવાદ તથા મૂળગ્રંથનો બંગાળી ભાષામાં અનુવાદ અને સુપ્રભા નામની નવી બંગાળી ટીકા પણ લખી. જે પરિભાષાઓ પર મૂળ ગ્રંથકારે પ્રકાશ પાડ્યો ન હતો. તેમને સ્પષ્ટ કરવા માટે 'પરિશિષ્ટ પ્રકરણ' નામનું સ્વતંત્ર પ્રકરણ ઉમેર્યું. અને તેનો બંગાળી અનુવાદ પણ કર્યો. આ ઉપરાંત તર્કાચાર્યે મૂળ ગ્રંથકાર મહેશચંદ્ર ન્યાયરત્નનો જીવન-પરિચય પણ અંગ્રેજી ભાષામાં જોડ્યો. આમ આ સંપાદન ઘણું છાત્રોપયોગી બનાવવામાં આવ્યું હતું.

પં. વશિષ્ઠ નારાયણ ઝા જેવા સમર્થ વિદ્વાન નવી પેઢીને નવ્યન્યાયનો પરિચય કરાવવા માટે આ ગ્રંથને આધાર તરીકે સ્વીકારે તેમાં જ આ ગ્રંથની ખ્યાલ આવી જાય છે. આગળ કહ્યું તેમ આ ગ્રંથનો પ્રો. ઉજ્જવલા ઝા પ્રણીત અંગ્રેજી વ્યાખ્યા-અનુવાદ અને કાલીપદ તર્કાચાર્ય પ્રણીત બંગાળી-વ્યાખ્યા-અનુવાદ તો ઉપલબ્ધ હતાં જ હવે તેનો હિન્દી વ્યાખ્યા-અનુવાદ પણ ઉપલબ્ધ બન્યો છે તે પણ એક ગુજરાતી જૈન આચાર્યના હસ્તે!

**હિન્દી અનુવાદ**

આ જ ગ્રંથ આચાર્ય વિજય જગચ્ચન્દ્રસૂરિ અને તેમના શિષ્યોના હાથમાં આવ્યો. કોલકાત્તામાં સંવત ૨૦૬૭ના ચોમાસામાં તેમણે વિદ્યાર્થીઓની ઉપયોગીતાને ધ્યાનમાં રાખીને બંગાળી 'સુપ્રભા' ટીકાનો સંસ્કૃત અનુવાદ કરાવ્યો. મૂળગ્રંથ અને અનુવાદ ટીકાનો હિન્દી અનુવાદ જગચ્ચન્દ્રસૂરિના પ્રશિષ્ય મુનિ નયજ્ઞવિજયે તૈયાર કર્યો છે.

બંગાળી ભાષાની સુપ્રભા ટીકાનો સંસ્કૃત અનુવાદ શ્રી વિમલ રક્ષિતે કર્યો. મુનિ નયજ્ઞવિજયે મૂળ ગ્રંથ અને ટીકાનો હિન્દી અનુવાદ કર્યો. 'नव्यन्यायभाषाप्रदीप' શીર્ષક અન્વર્થક છે. એટલે કે, નામ પ્રમાણે તેનામાં ગુણ છે. જેમ દીપકના પ્રકાશમાં પદાર્થ સ્પષ્ટ થઈ જાય છે તેમ આ ગ્રંથના પ્રકાશમાં જ નવ્યન્યાયની પરિભાષા સ્પષ્ટ થઇ જાય છે.

આ ગ્રંથના સંપાદક જગતચંદ્રસૂરિ (સંસ્કૃત સન્ધિ નિયમ પ્રમાણે જગચ્ચન્દ્રસૂરિ) મ. સા.એ વિદ્યાર્થીઓ- નવા અભ્યાસીઓને ઉપયોગી બને તે રીતે ગ્રંથની યોજના કરી છે. સમગ્ર ગ્રંથને તેમણે 30 ખંડોમાં વહેંચીને તેને ક્રમાંક આપ્યો છે. (પ્રો. ઉજ્જવલા ઝાએ પોતાના અંગ્રેજી વ્યાખ્યા-અનુવાદમાં નવ્યન્યાયભાષાપ્રદીપ ગ્રંથને સરળતા ખાતર ૫૩ ખંડોમાં વહેંચ્યો છે.)

એવી જ રીતે ટીકાના પ્રત્યેક અનુચ્છેદને પણ ક્રમ સંખ્યા આપી છે. સર્વપ્રથમ મૂળગ્રંથનો અંશ, ત્યારબાદ તે અંગેની ટીકાનો અંશ તથા ત્યારબાદ તેમનો હિન્દી અનુવાદ મુકવામાં આવ્યો છે. જ્યાં જરૂર જણાય ત્યાં અધિક સ્પષ્ટતા માટે ટિપ્પણી પણ મુકવામાં આવી છે. અહીં એ ધ્યાનમાં રાખવાનું છે કે, આ ગ્રંથ નવ્યન્યાયના પ્રારંભિક અભ્યાસી માટે છે, ન્યાય દર્શનના પ્રારંભિક અભ્યાસીઓ માટે નહીં. સંસ્કૃતમાં, 'बालानां सुखबोधाय' એવો ઉલ્લેખ આવે ત્યારે ઘણું સાવધ રહેવાની જરૂર હોય છે. સંસ્કૃત પરંપરામાં ન્યાયદર્શનનો, बाल એ છે જે વ્યાકરણ અને અન્ય શાસ્ત્રો ભણ્યો છે પણ ન્યાયદર્શન નથી ભણ્યો.

तर्कसंग्रह જેવો ગ્રંથ બરાબર સમજ્યા બાદ જ આ ગ્રંથનો અભ્યાસ કરવો યોગ્ય રહેશે. એમાં ય જે લોકો तर्कसंग्रहની ગોવર્ધનરચિત न्यायबोधिनी ટીકાનો અભ્યાસ કર્યા બાદ આ ગ્રંથ વાંચશે તેમને તો ઘણી સરળતા જમાશે.

ગ્રંથમાં ટિપ્પણીઓથી વિશેષ સમજૂતી અપાઈ છે. જેમકે, પૃ.૧૦ પર 'जाति' ની સમજૂતી અપાઈ છે. પ્રો. ઉજ્જવલા ઝાની જેમ અહીં સ્પષ્ટીકરણ માટે આકૃતિઓનો પણ ઉપયોગ કરાયો છે. જેમકે, द्रव्यत्व-( પૃ.૨૫).

આ પુસ્તક ૧૮૯૧માં ભારતમાં બ્રિટિશરાજ હતું એ જમાનામાં લખાયું છે. એટલે ઉદાહરણોમાં તેનો પ્રભાવ વર્તાય છે. જેમકે, પૃ. ૪૫ પર અંગ્રેજોનો ભારતીયોના સમ્રાટના રૂપમાં ઉલ્લેખ છે. સંપાદકે યોગ્ય રીતે જ ટિપ્પણીમાં આ બાબતે વાચકોનું ધ્યાન દોર્યું છે. સંપાદકની આ સજાગતા પ્રશંસનીય છે. ૨૫મા ખંડના અનુવાદમાં પૃ. ૧૦૭ પર વ્યાપ્યવૃત્તિની ચર્ચામાં શશ यानि हिरन में विषाण अर्थात सिंग का अभाव व्याप्यवृत्ति है। અહીં સરતચૂકથી શશ એટલે સસલાને બદલે હિરન થયું છે. હરણને શીંગડા હોય છે. સસલાને નહીં. મૂળમાં શશ विषाणाभाव એમ સ્પષ્ટ છે.

આ પ્રકારની સરતચૂક સહ્ય અને ક્ષમ્ય ગણી શકાય.

સમગ્રતયા અનુવાદ ઘણો સરસ થયો છે. ટિપ્પણીઓ આદિ દ્વારા કેટલાક દુર્ગમ સ્થળો સરળ બનાવવામાં આવ્યા છે. નવ્યન્યાયભાષાપ્રદીપ જેવા ગ્રંથનો આ પ્રથમ હિન્દી અનુવાદ છે. ભારતીય ભાષાઓ તથા અંગ્રેજી, ફ્રેન્ચ કે જર્મન જેવી ભાષાભાષી અભ્યાસીઓ પણ સંસ્કૃત ગ્રંથો જરૂર પડ્યે હિન્દી ભાષાના માધ્યમથી વાંચતા હોય છે. આથી આ અનુવાદની ઉપયોગીતા સ્વયંસ્પષ્ટ છે. ભારત અને ભારત બહાર આ ગ્રંથનું પઠનપાઠન થઇ રહ્યું છે. આથી અનુવાદક-વ્યાખ્યાકાર શ્રી જગચ્ચન્દ્રસૂરિ મ.સા તેમ જ પ્રકાશક પાર્શ્વ પ્રકાશનને મારું એવું સૂચન છે કે આ ગ્રંથની અમુક નકલો વારાણસી, પૂણે, દરભંગા તેમજ હરિદ્વાર જેવી જ્યાં જ્યાં નવ્યન્યાયનું અધ્યયન-અધ્યાપન થાય છે એવા કેન્દ્રોના આ વિષયના નિષ્ણાત

અધ્યાપકો તેમ જ જૈન તથા અજૈન સંન્યાસીઓને પણ અવલોકનાર્થે મોકલવામાં આવે તો ગુજરાતના જૈન સાધુઓ કેવું કામ કરે છે તેનો બહારના વિદ્વાનોને પણ ખ્યાલ આવી શકશે.

શ્રી જગચ્ચંદ્ર મહારાજસાહેબ આ અનુવાદ-વ્યાખ્યા માટે અભિનંદનના અધિકારી છે. નવ્યન્યાયના પ્રવર્તક ગંગેશ ઉપાધ્યાયના તત્ત્વચિંતામણી ગ્રંથનો હજી હિન્દી કે અન્ય કોઇ ભાષામા અનુવાદ થયો નથી. તેના સંપાદનો દરભંગા, વારાણસી વગેરે સ્થળોથી બહાર પડ્યા છે. હવે જગચ્ચંદ્ર મહારાજસાહેબ તત્વચિંતામણી જેવા અતિ મહત્ત્વના અને પડકારજનક ગ્રંથના હિન્દી અનુવાદનું કાર્ય હાથ ધરશે તો આ વિષયના અભ્યાસીઓ પર મોટો ઉપકાર થશે.

પુસ્તક પ્રાપ્તિની વિગત- 'नव्यन्यायभाषाप्रदीप' सम्पादक- आचार्य विजयजगच्चन्द्रसूरि, प्रकाशक पार्श्व पब्लिकेशन्स, अमदाबाद, 2017. ફોન નં.:- ૨૬૪૨૪૮૦૦

❑❑❑

# જૈન દર્શન - દ્રવ્યાનુયોગ

**ડૉ. કોકિલા હેમચંદ શાહ**

'णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स'

જૈન શાસ્ત્રો સર્વજ્ઞકથિત છે. સર્વજ્ઞોએ તેની દ્વાદશાંગમાં રચના કરી. જિનવાણી અગાધ છે. જૈન સાહિત્ય વિપુલ છે. સંપૂર્ણ જૈન આગમોના ચાર વિભાગમાં વર્ગીકરણ કર્યા છે - વિષયભેદે,

(૧) પ્રથમાનુયોગ - ધર્મકથાનુયોગ. જેમાં મહાનપુરુષોના જીવનચરિત્રનું કથન હોય છે. જે સાધકને આત્મહિત સાધવાની પ્રેરણા આપે છે.

(૨) ગણિતાનુયોગ - જેમાં ચાર ગતિ તેમજ લોકનું સ્વરૂપ બતાવ્યું છે.

(૩) ચરણાનુયોગ - જેમાં નિશ્ચય ચરિત્ર પ્રાપ્ત કરવા માટે જે જે વ્યવહાર ચારિત્રની આવશ્યકતા છે. તે સર્વ બતાવ્યું છે - સાધુના વ્રતો, શ્રાવકના વ્રતો વગેરેની ચર્ચા છે.

(૪) દ્રવ્યાનુયોગ - જે પરમ આગમ અથવા અધ્યાત્મશાસ્ત્ર કહેવાય છે. એમાં છ દ્રવ્ય, પાંચ અસ્તિકાય, સાત તત્ત્વ અને નવ પદાર્થોનું વ્યવહારનયથી પર્યાયરૂપે તેમજ નિશ્ચયનયથી દ્રવ્યરૂપ કથન છે. અર્થાત્ તેમાં આત્માનુભૂતિ પ્રાપ્ત કરવા આત્માનું વર્ણન, બીજા દ્રવ્યોથી ભિન્નપણું, ભેદજ્ઞાન, આત્મિક શક્તિઓ વગેરેનું સવિસ્તાર અને સૂક્ષ્મ વર્ણન છે. ચારે અનુયોગનું બીજ દ્રવ્યાનુયોગ છે.

દ્રવ્યાનુયોગ પરમ ગંભીર અને સૂક્ષ્મ છે. નિર્ગ્રંથ પ્રવચનનું રહસ્ય છે. શુક્લધ્યાનનું અનન્ય કારણ છે... શુક્લધ્યાનથી કેવલજ્ઞાન સમુત્પન્ન થાય છે. મહાભાગ્ય વડે તે દ્રવ્યાનુયોગની પ્રાપ્તિ થાય છે. (શ્રીમદ્ રાજચંદ્ર - પત્રાંક ૮૬૬)

દ્રવ્યાનુયોગનું ફળ છે દુઃખથી મુક્તિ. જૈન તત્ત્વમીમાંસામાં દ્રવ્યાનુયોગના બોધ માટેના અનેક ગ્રંથો છે. જેવા કે - ઉમાસ્વાતિનું તત્ત્વાર્થસૂત્ર, સિદ્ધસેનદિવાકરનું સન્મતિતર્ક, મહોપાધ્યાય યશોવિજયજીનો દ્રવ્ય ગુણ પર્યાયનો રાસ, નેમિચંદ્ર રચિત દ્રવ્યસંગ્રહ, ગોમ્મટસાર જીવકાંડ, ગોમ્મટસાર કર્મકાંડ, પંચાસ્તિકાય વગેરે. આચાર્ય કુંદકુંદ, સામંતભદ્ર આદિ આચાર્યોનું પણ દ્રવ્યાનુયોગમાં મહત્ત્વપૂર્ણ યોગદાન છે. ચારે અનુયોગ આત્મહિત માટે ઉપયોગી છે. પણ દ્રવ્યાનુયોગનો મહિમા છે. દ્રવ્યાનુયોગના વિચાર વિના ચરણકરણાનુયોગનું સારભૂત ફળ મળતું નથી. એમ સન્મતિતર્ક પ્રકરણમાં કહ્યું છે. તે યોગ્ય જ છે. દ્રવ્યાનુયોગના અધ્યયન ચિંતન વગર આંતરિક પરિણતિ નિર્મળ થતી નથી. તેથી બાહ્ય આચરણ પણ અસાર જ બની રહે છે. દ્રવ્યાનુયોગ વિના સમ્યક્ત્વ સંભવિત નથી. અને સમ્યક્ત્વ વિનાનું કઠોર આચરણ પણ ફળથી શૂન્ય છે.

દ્રવ્યાનુયોગ વિશેષ મહત્ત્વનો છે. ચારે અનુયોગ દ્વાદશાંગી પર આધારિત છે અને દ્વાદશાંગી ઉપનેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા એ ત્રિપદીમાંથી જ ઉદ્ભવી છે. દ્રવ્યાનુયોગનો મુખ્ય પ્રતિપાદ્ય વિષય છે દ્રવ્યગુણપર્યાયની ત્રિપદી.

દરેક વસ્તુ-પદાર્થ અનેકાત્મક છે. જૈનાચાર્યોના મત અનુસાર પ્રત્યેક વસ્તુમાં અનંત ગુણધર્મો હોય છે. અનંત ધર્માત્મક વસ્તુમાં પરપસ્પર વિરોધી ગુણધર્માનું હોવું એ મૂળભૂત સિદ્ધાંત છે. તીર્થંકર શ્રમણ ભગવાન મહાવીરે સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને ધર્મતીર્થની કરી.. ગણધરોએ તત્ત્વ શું છે એ પ્રશ્ન કર્યો - 'किं तत्त्वम्'. ભગવાને તેના ઉત્તરમાં ત્રિપદીનું પ્રદાન કર્યું. 'ઉપનેઈવા, વિગમેઈવા, ધ્રુવેઈવા' જેના આધારે દ્વાદશાંગીની રચના થઈ. આ ત્રિપદીનો અર્થ છે - વસ્તુ, પદાર્થ તત્ત્વ ઉત્પન્ન થાય છે, નાશ પામે છે અને શાશ્વત છે. આ ત્રિપદી સત્ય છે, તત્ત્વ છે. દરેક પદાર્થ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપ છે. જે નિત્ય છે, અનિત્ય છે અને શાશ્વત છે તે સત્ય છે. તત્ત્વ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યાત્મક છે. મહાવીરે આ રીતે તત્ત્વજ્ઞાનનો ઉપદેશ આપ્યો તેમાં વસ્તુના સ્વરૂપનું બધી દ્રષ્ટિઓથી પ્રતિપાદન કર્યું છે.

ભગવતીસૂત્રમાં પ્રશ્ન પૂછ્યો છે કે લોક શાશ્વત છે કે અશાશ્વત? ભગવાન મહાવીર આ પ્રશ્નનો ઉત્તર આપતા કહે છે કે લોક શાશ્વત પણ છે અને અશાશ્વત પણ છે. ત્રણે કાળમાં એક પણ સમય એવો નથી જ્યારે લોક ન હોય તેથી તે શાશ્વત છે પરંતુ લોક સદા હંમેશા એક સરખો નથી રહેતો તેથી અશાશ્વત છે. તે અવસર્પિણી અને ઉત્સર્પિણીમાં બદલાતો રહે છે તેથી

અશાશ્વત છે. આ રીતે અનેકાંત એ વસ્તુનું સ્વરૂપ છે. આ અનેકાંતવાદ એક વિલક્ષણ દ્રષ્ટિ છે જે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ રજૂ કરે છે.

પ્રશ્ન છે કે વિશ્વ શું છે? છ દ્રવ્યોના સમૂહને વિશ્વ કહે છે. દ્રવ્ય ઉત્પાદ, વ્યય અને શાશ્વતાયુક્ત હોય છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય સહિત હોય છે. ગુણપર્યાયવદ્દ્રવ્યમ (તત્ત્વાર્થસૂત્ર ૫-૩૭) દ્રવ્ય ગુણ અને પર્યાયયુક્ત છે. જે દ્રવ્યના પૂરા ભાગમાં અને તેની સર્વ હાલતોમાં રહે છે તેને ગુણ કહે છે તથા ગુણોના પરિણમનને પર્યાય કહે છે. અર્થાત્ ગુણ દ્રવ્યના સંપૂર્ણ ભાગો અને પર્યાયોમાં રહે છે. દ્રવ્યનો અર્થ છે ધ્રુવ સ્વભાવી તત્ત્વ-પદાર્થ. સમગ્ર અસ્તિત્વના છ ઘટકો છે - પાંચ અસ્તિકાય અને કાળ જેને દ્રવ્યો કહે છે. દ્રવ્ય એટલે તે પદાર્થ જેનું અસ્તિત્વ અનાદિ અને અનંત છે છતાં તે ઉત્પાદ, નાશવંત અને નિત્ય છે. આમાં વિરોધ નથી - જૈન દર્શન વાસ્તવવાદી છે. પ્રત્યેક વસ્તુ, પદાર્થ (existent) સત્ સ્વરૂપ છે. સત્ ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યમુક્ત હોય છે. તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિ આચાર્યે કહ્યું છે 'ઉત્પાદ્વ્યયધ્રૌવ્યયુક્તં સત્' (૫-૩૦) અને 'સત્ દ્રવ્ય લક્ષણમ્' (૫-૨૯). ભગવતીસૂત્રમાં કહ્યું છે 'सद् दण्णं वा' (ભગવતી ૮/૬). ઉત્પાદ્, વ્યય અર્થાત્ પરિવર્તનશીલતા. ધ્રૌવ્ય અર્થાત્ નિત્યતા આમ પ્રત્યેક પદાર્થ ઉત્પાદ્ વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત છે આથી તે દ્રવ્ય છે. પર્યાય એટલે જે સર્વ તરફથી ભેદને પામે તે (નિયમસાર ગાથા - ૧૪).

જૈન શાસ્ત્રોમાં આ ત્રિપદીના આધાર પર દ્રવ્યાનુયોગની વિશદ્ ચર્ચા કરવામાં આવી છે. લોક છ દ્રવ્યોનું બનેલું છે. દરેકનું અસ્તિત્વ જુદુ જુદુ છે. એ સ્વતંત્ર દ્રવ્યો છે.

મહાવીરે વસ્તુનું અનેકાત્મક સ્વરૂપનું પ્રતિપાદન કર્યું છે. એમાં વસ્તુ સ્વાતંત્ર્યને સર્વાધિક મહત્ત્વપૂર્ણ સ્થાન છે. જૈનદર્શન અનુસાર વિશ્વનો પ્રત્યેક પદાર્થ સંપૂર્ણ સ્વતંત્ર છે. તે પોતાના પરિણમનનો કર્તા હર્તા સ્વયં છે. એમાં અન્યનો જરાપણ હસ્તક્ષેપ નથી. અહીં ઈશ્વરકતૃત્વવાદનો સંપૂર્ણ નિષેધ છે. જગતનો કર્તા - સર્જક ઈશ્વર નથી. એટલું જ નહીં પણ. એક દ્રવ્ય બીજા દ્રવ્યનો કર્તા હર્તા નથી. આ વિશ્વ અનાદિ અનંત છે. વિશ્વનો સર્વથા નાશ થતો નથી, માત્ર પરિવર્તન થાય છે. આ જગત પરિવર્તનશીલ હોવા છતાં પણ નિત્ય છે અને નિત્ય હોવા છતાં પણ પરિવર્તનશીલ છે. અર્થાત્ તે નિત્યાનિત્યાત્મક છે. એની નિત્યતા સ્વતઃસિદ્ધ છે અને પરિવર્તન એનો સ્વભાવગત ધર્મ છે. નિત્યતાની જેમ અનિત્યતા પણ વસ્તુનું સ્વરૂપ છે.

*''મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહીં*
*નહીં નાશ પણ તેમ*
*અનુભવથી તે સિદ્ધ છે*
*ભાખે જિનવર એમ''.*

વળી એમ પણ કહ્યું છે -

*''હોય તેહનો નાશ નહીં*
*નહીં તેહ નહીં હોય*
*એક સમય તે સહુ સમય*
*ભેદ અવસ્થા જોય''. (શ્રીમદ રાજચંદ્ર દોહરા - ૧૦)*

અવસ્થાઓનું પ્રતિક્ષણ પરિવર્તન થવા છતાં પણ મૂળભૂત દ્રવ્ય જેમ છે તેમજ અવસ્થિત રહે છે - જેમકે જુનું પાણી વહી જાય અને નવું પાણી આવે તો પણ નદી ગંગા નદી ગંગા જ રહે છે. સૃષ્ટિ (જગત) અનાદિ છે અને તે છ દ્રવ્યની બનેલી છે તે પણ અનાદિ છે. ઈશ્વરકર્તાનો અહીં છેદ ઉડી જાય છે. વિશ્વ અને દ્રવ્યોનું સ્વરૂપ સર્વજ્ઞોએ કહેલ તે છે. સર્વજ્ઞકથિત આગમો વસ્તુસ્થિતિ છે.

''દ્રવ્યદ્રષ્ટિએ વસ્તુ સ્થિર પર્યાય અથિરવિહાર ઉપજત વિણસતં દેખકે હર્ષ-વિષાદ નિવાર''

(ક્રમશઃ)

❑❑❑

કે.જે.સોમૈયા સેન્ટર ફોર સ્ટડીઝ ઈન જૈનિઝમ

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન નિધી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦,૦૦૦/- | શ્રી સી. કે. મહેતા સાહેબ |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૧,૦૦૦/- | ધીરજલાલ પી. દેસાઈ ચેરિટેબલ ટ્રસ્ટ |

ઊડ ઊડ કરતું એક, બીજું નિરાંત કરે છે,
અંદરના પંખીની સંતો વાત કરે છે !

એક પલકમાં તરણા માફક તૂટી જાશે.
ઈચ્છા વચ્ચે ઊભો જે ઠકરાત કરે છે.

અક્ષરનો મહિમા તો બંધુ ઓહો! ઓહો!
ક્ષણમાં નશ્વર હોવાને રળિયાત કરે છે.

ભીતરના અજવાસની ભોગળ વાસી દઈને,
સાવ અમસ્તો સૂરજની પંચાત કરે છે.

'આ માટીની મહેફિલમાં મહેમાન હતો હું,'
'સાધુ' કેવી દરવેશી રજૂઆત કરે છે !

**— શ્યામ સાધુ**

# ગુરૂ કોને કહેવાય ?

ડૉ. છાયા શાહ

'લલીતવીસ્તરા' ગ્રંથમાં પૂ. આચાર્ય હરિભદ્રસુરિશ્વરજી મહારાજ સાહેબે ગુરૂના કેટલાંક આવશ્યક લક્ષણો બતાવ્યા છે.'

**(૧)'ગુરૂ' શબ્દના અર્થ પ્રમાણે ગુણવાળા હોવા જોઈએ.**

'ગુરૂ' શબ્દનો અર્થ સારી રીતે શાસ્ત્રની ગિરા (વાણી) વાળા એવો થાય છે. એ જો આ અર્થ પ્રમાણે ગુણવાળા નહીં હોય તો પરિણામ એવું આવે કે આપણે જાણીએ કે શાસ્ત્ર સમજવાં મળે છે જ્યારે વસ્તુસ્થિતિ એ કાંઈ ભળતું જ મળતું હોય? ભણાવનાર પોતે શાસ્ત્રના શબ્દો અને પંક્તિઓને પોતાની ધારણા મુજબ અયોગ્ય કે વિપરીતપણે લગાવતા હોય, શાસ્ત્રમાંથી યેથેચ્છ ભાવ કાઢી બતાવતા હોય, એ ગુરૂ જ નથી માટે ગુરૂ શાસ્ત્રના જાણકાર, તત્ત્વને કહેનારા અને તે મુજબ આગળ પાછળના સંબંધ, તાત્પર્ય વગેરેને જાળવીને પદ-પંક્તિ સમજાવનારા હોવા જોઈએ.

**(૨)ગુરૂ સ્વ-પર શાસ્ત્રના જાણકાર હોવા જોઈએ.**

સ્વશાસ્ત્રના જાણકાર એટલા માટે, કે ભલે પ્રસ્તુત શાસ્ત્રને આમ સમજી શકતા હોય પરંતુ તેમાં કેટલીક વસ્તુઓ સંક્ષેપમાં કે નામ માત્રથી કહી હોય અને તેનો વિસ્તાર બીજા શાસ્ત્રમાં આવતો હોય, અથવા આમાં બીજા શાસ્ત્રની ભલામણ હોય વગેરે અને તે શાસ્ત્રોની જાણકારી ન હોય તો પ્રસ્તુત શાસ્ત્રની વ્યવસ્થિત વ્યાખ્યા ન કરી શકે. એવી રીતે પરશાસ્ત્ર એટલે કે ઈતર શાસ્ત્રોની જાણકારી પણ એટલા માટે જરૂરી કે પ્રસ્તુત શાસ્ત્રમાં તેના વાકચ ઉદ્ધૃત કર્યા હોય ને તે ઈતરમતના શાસ્ત્રની માહિતી ન હોય તો તેની વસ્તુ બરોબર સમજાવી શકે નહીં. વળી પ્રસ્તુત શાસ્ત્રના ઈતરમતવાળાએ કરેલ ખંડનની યુક્તિઓ વગેરેની ખબર નહીં હોય તો એનો પ્રતિકાર સમજાવી શકશે નહીં. પરિણામે ભવિષ્યમાં કોઈ ઈતર મતવાળો આપણા ભણેલા શાસ્ત્રની વસ્તુનું ખંડન કરે ત્યારે આપણું ચિત્ત ચક્તિ, વિહ્વળ કે ચલાયમાન થવાનો સંભવ રહે માટે વ્યાખ્યાકાર ગુરૂ સ્વ-પર શાસ્ત્રના જાણકાર હોવા જોઈએ.

## ગુરુપૂર્ણિમા નિમિત્તે

**(૩)ગુરૂ સ્વ-પર હિતરક્ત હોવા જોઈએ.**

ગુરૂ આત્મહિત અને પરોપકારમાં પરાયણ હોવા જોઈએ. ગુરૂ જો પોતાના આત્માના હિતમાં રક્ત નહિ હોય, ઈન્દ્રિયપરવશ, શરીરાસક્ત, કષાયભિભૂત હશે, નિંદ્રા - વિકથા, આલસ્યાદિ પ્રમાદને આધિન હશે તો વર્તન અને વાણીમાં ફરક પડશે. તેથી પરહિત માટે શિષ્યને કંઈ કહેશે ત્યારે શિષ્યને વિશ્વાસ નહીં બેસે. એને એમ થશે કે 'એ કહે છે આમ, પણ એમના જીવનમાં જુદુ દેખાય છે તો સાચું શું?' વળી એવું પણ બને કે શિષ્ય એવું વિચારી લે કે અપવાદે આમ વર્તાતુ હશે. વળી એવું પણ બને કે ગુરૂ પોતાની નબળાઈઓ ઢાંકવા માટે અન્ય વિષયોનું દા.ત. મિથ્યાત્વનો ત્યાગ એવા વિષયોની જ ચર્ચા કરશે. આમ શિષ્યને પુરો ન્યાય નહીં આપી શકે. જો ગુરૂ પરહિતરક્ત નહિ હોય તો શાસ્ત્રની વ્યાખ્યા ટૂંકમાં પતાવશે તેથી શિષ્યને પુરૂ જાણવા નહિ મળે. કોઈ કારણવશ શિષ્ય પર અરૂચિ થઈ હશે ઉતરતી પરકલ્યાણની બુદ્ધિને લીધે ગુસ્સો ને ધમધમાટ કરતા પાઠ આપશે તો શિષ્યનો ઉત્સાહ ભાગી જશે. શાસ્ત્રજ્ઞાનથી વિમુખ બનશે. ક્યારેક આવા ગુરૂ ભણાવવાને બદલે શિષ્યને પોતાની વૈયાવચ્ચમાં જ લગાવી દેશે. શિષ્યને મિથ્યાત્વ, પ્રમાદ, વિષય કષાય વગેરેમાં દોરી જવાના મહાન અનર્થો સર્જશે. માટે ગુરૂ પોતાનું પણ હિત કરનારા અને શિષ્યનું પણ હિત કરનારા હોવા જોઈએ.

**(૪)ગુરૂ પરાશયવેદી હોવા જોઈએ.**

એટલે શિષ્યના મનને કળી જનારા હોવા જોઈએ. પોતે જે સમજાવે છે તે તે જ પ્રમાણે શિષ્ય સમજે છે કે નહીં તેનો ગુરૂને ખ્યાલ આવી જવો જોઈએ. બીજું સમજતો હોય તો શિષ્યને લાઈનમાં લાવવો. શિષ્ય કંઈ પ્રશ્ન કરે તો એ પ્રશ્નનો મર્મ સમજતા ગુરૂને આવડવું જોઈએ. પ્રશ્ન પાછળનો આશય જુદો હોય તે સમાધાન જુદુ આપે તો શિષ્ય મૂંઝવણમાં પડે. તેથી નવા નવા પ્રશ્ન થાય ને મુખ્યપાઠ બાજુએ રહી જાય. વળી શિષ્યનો પ્રશ્ન શંકાના કે જિજ્ઞાસાના ઘરનો છે કે પથરો મૂકવાના હેતુનો કે ગુરૂને હલકા પાડવાનો, તેનો ખ્યાલ ગુરૂને ન આવે તો અનુચિત પ્રશ્નના ઉત્તર આપતા જ્ઞાનદાનમાં વિઘ્ન આવે, ગુરૂનું ગૌરવ હણાય, બીજા શિષ્યોની ગુરૂ-આસ્થા મોળી પડે, વ્યાખ્યા લેવામાં આદરવાળા ન રહે તેથી ગુરૂ સામાના આશયને સમજી શકવાની તાકાતવાળા જોઈએ.

આવા ગુરૂ જે શિષ્યને પ્રાપ્ત થાય તે શિષ્યે પણ વિનયપૂર્વક ગુરૂને ઉચ્ચ આસને બેસાડી, પોતે ઉચિત મુદ્રામાં બેસી, મુખમુદ્રા ગુરૂના અનુગ્રહને નમ્રતાથી ઝીલતી અને આનંદ પામતી રાખી, મનમાંથી બધા જ વિક્ષેપોનો ત્યાગ કરી એકાગ્રતાપૂર્વક ગુરૂની વાણીને ઝીલવી જોઈએ.

❑❑❑

મો.૯૯૪૮૩૩૬૯૯૨

# परमज्योति: पच्चविंशतिका - ઉપાધ્યાયજી યશોવિજયજી

**મનુભાઈ દોશી**

**ऐन्द्रं तत्परमं ज्योतिरुपाधिरहितं स्तुमः।**
**उदिते स्युर्यदंशेअपि सन्निध्तै निधयो नव।।११।।**

કર્મોપાધિ રહિત આત્મા સંબંધી તે પરમ જ્યોતિની અમે સ્તુતિ કરીએ છીએ કે જેના અંશ માત્રનો ઉદય થવાથી નવ નિધિઓ પ્રગટ થાય છે.

વિક્રમની સત્તરમી સદીમાં ગુજરાત પ્રદેશના ઝળહળતાં અને પ્રતાપી મહાત્મા પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી કૃત તેઓના એક અત્યંત મૂલ્યવાન લઘુ ગ્રંથ જે માત્ર ૨૫ શ્લોક પ્રમાણ છે. પણ તેની ગહનતાને કોઈ ઉપમા તો આપી જ ન શકાય. ઉપચારકથનથી કહીએ તો પેસિફીક મહાસાગર જેમ વિશ્વનો સૌથી ઊંડો મહાસાગર કે, જે ૩૫૮૪૨ ફીટ ઊંડો છે તે ગહનતા આત્મતત્વની બાબતમાં ગાગરમાં સાગરની જેમ આ ગ્રંથ ધરાવે છે.

કવિશ્રીએ પ્રારંભના પ્રથમ ચરણમાં જ નિર્દેશ આપ્યો છે કે, એવી પરમજ્યોતિની અમે સ્તુતિ કરીએ છીએ કે જે કર્મોપાધિથી રહિત છે. ભગવાનનો આત્મા ત્રણેય કાળ માટે પરમવિશુધ્ધ દ્રવ્ય છે. એવી કોઈ પણ ક્ષણનો અસંખ્યાત્મક ભાગ નથી જ્યારે સમયે કોઈપણ અશુધ્ધિ આ ત્રિકાળી શુધ્ધ દ્રવ્યમાં પ્રવેશી શકે.

ઉપરનું નિર્દંભ, નિર્મળ, અને સનાતન સત્ય શ્રી તીર્થંકરે આપ્યું છે તેનો જ નિર્દેશ ઉપાધ્યાયજીએ અહીં પરમજ્યોતિ તરીકે આપેલ છે. જ્ઞાનીઓના વચન ત્રણેય કાળમાં આત્મા અંગે એક-સરખા જ રહે છે. જે તીર્થંકરે અને શ્રી. ઉપાધ્યાયજીએ કહ્યું તે જ ટંકોત્કીર્ણ વચન શ્રીમદ રાજચંદ્રજી 'આત્મસિધ્ધિ'માં જણાવે છે કે..

*''શુધ્ધ બુધ્ધ ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખધામ.*
*બીજું કહીએ કેટલું, કર વિચારતો પામ.''*

આત્મા કેવો છે તે બાબતમાં જ્ઞાનીઓના આશય અને વચન એક સરખાં જ રહેવા છતાં મનુષ્યના વર્તમાન જીવનનો અનુભવ 'દોન ધ્રુવ'ની જેમ ઉત્તર અને દક્ષિણ ધ્રુવના બે છેડાની જેમ પરસ્પરની તદ્દન વિરુધ્ધમાં છે.

પૂજ્ય યશોવિજયજી મહારાજે કર્મોપાધિ રહિત આત્માની અને તેની પરમજ્યોતિની વાત કરી છે અને વાસ્તવિકતા એ છે કે દરેક જીવ કર્મોપાધિથી, કર્મની શૃંખલાથી અને જન્મમરણના ભવચક્રના પરિભ્રમણમાં અનાદિ કાળથી આજ પર્યંત એકસરખા આવા વિષમ અને કટુ અનુભવમાંથી કેમ પસાર થઈ રહ્યો છે? જૈન દર્શન સ્વયં પુરૂષાર્થ પ્રધાન દર્શન છે. તેણે એવી કંઈ ભૂલ કરી. એવો કયો પ્રમાદ કર્યો કે એવી કઈ ઘટના બની કે ભવભ્રમણના ચક્કરમાં ફસાઈ ગયો છે? અહીં એક સાદી અને છતાં સત્ય હકીકતનો ઉલ્લેખ કરવો અનિવાર્ય છે. પ્રસંગ તુલસીકૃત રામાયણનો છે. સીતાજીના અતિ આગ્રહને વશ થઈ સોનેરી મૃગને લેવા જતી વખતે શ્રી લક્ષ્મણજીએ એક રક્ષાકવચ અર્થાત્ વર્તુળ બનાવીને સીતાજીને તેમાં જ રહેવા માટે વિનંતી કરી. પરંતુ રાવણની અગમ્ય લીલા કે માયાનો પ્રભાવ કે જેના કારણે તેઓએ માત્ર ભિક્ષા દેવાના હેતુ માટે તે વર્તુળની રેખા બહાર સહેજ હાથ લંબાવતા રાવણે તેઓનું હરણ કર્યુ અને આખી રામાયણનું સર્જન થયું. જેનું જેવું ઉપાદાન (પુરૂષાર્થ) તેને તેવું ફળ મળે. પોતાના ત્રિકાળી શુધ્ધ દ્રવ્યની, આત્માની અનંતી શક્તિ અને તેની તેજ પ્રકારની અનંતી સ્થિતિ એટલે કે પર્યાયમાં રહેલો આત્મા આજે પણ સ્વસ્વરૂપમાં નિજાનંદમાં જ છે. પરંતુ એક સમય માટે (આંખના એક પલકારાના અસંખ્યાત્મક ભાગ માટે) બહિર્મુખ થયેલો આ જીવ નીજસ્વરૂપને ભૂલ્યો અને તે પરિભ્રમણમાં ફરે છે અને આજે તો એવી જ સ્થિતિ છે કે, જેમ ઉપાધ્યાયજીએ જે ઉલ્લેખ કર્યો છે તે રીતે કર્મોપાધિથી રહિત આત્મા એટલે કે તેવો યોગી અને સંસારી ભોગી જીવની હકીકત એક દુહામાં આ પ્રમાણે લખી છે.

*''અનુભવ કે બલ પર હોઉ ખડે, તામે સાચી એક,*
*જોગી તજે ન જોગકી ભોગી તજે ન ભોગ.''*

ઉપરની પંક્તિનો અર્થ એ જ છે કે, નિજસ્વરૂપની સાથે જે યોગીને સ્વાનુભૂતિનું દર્શન થયું છે અર્થાત્ આત્મજ્ઞાન થયું છે તે યોગી માટે આ જગત સાવ સોનાનું થઈ અને તેને મળે તો પણ જગત તેના માટે ઘાસના એક તણખલાલ સમાન હોવાથી યોગી તેની સામે નજર પણ કરતો નથી. કારણ કે અતિન્દ્રિય આનંદના સચ્ચિદાનંદ સ્વરૂપમાં રમણતા કરનાર, પૌદ્‌ગલિક સુખો તરફ નજર પણ કરે જ નહીં. યોગીના આ અનુભવની સામે પોતાના નિજ સ્વરૂપમાંતી ચલિત થયેલો જીવ અનાદિ કાળથી મિથ્યાત્વ અને મોહનીય કર્મની શતરંજની ચાલમાં રમત રમ્યા જ કરે છે. પોતે પોતાને ભૂલી ગયો છે. અને જે પ્રાપ્ત સ્થિતિમાં નાશવંત ચીજ વસ્તુઓમાં ધન-વૈભવ અને સંબંધોમાં તે અત્યંત આસક્ત હોવાથી મોહાધીન દશાનો કારણે તેની યથાર્થ નિર્ણયની શક્તિ લોપ થઈ ગઈ છે.

ઉપરોક્ત પરિસ્થિતિના અનુસંધાનમાં યશોવિજયજી મહારાજાએ આ શ્લોકની બીજી પંક્તિમાં જણાવ્યું છે કે, પરમ જ્યોતિની અમે સ્તુતિ કરીએ છીએ. પરિપૂર્ણ શુધ્ધ આત્માની અમે સ્તુતિ કરીએ છીએ. જેના અંશ માત્રનો ઉદય થવાથી નવ નિધિ પ્રાપ્ત થાય છે. આત્મા ત્રિકાળી શુધ્ધ દ્રવ્ય છે. અને કર્મોપાધિથી

રહિત છે. આ બાબતમાં એમ સમજવાનું છે કે, કર્મની ઉપાધિનું અને તેથી કરીને ભવભ્રમણનું જે ચક્કર છે તે તો સમુદ્રની સપાટી ઉપરના તરંગો અને ઉછળતા મોજાંના પ્રતિબિંબ સમાન છે. જેના કારણે તરંગી અને મોજાં જન્મે છે. અને વિલિન થાય છે, તે રીતે આ જીવ અનંત વખત જન્મ-મરણના ફરતો રહ્યો હોવાં છતાં જેમ સાગરના અસલ ઊંડાણ અને તેની હજારો ફૂટની ઊંડાઈમાં પરમશાંતિ અને સ્થિરતા વર્તે છે, તેવી જ પરમ શાંતિ અને સ્થિરતા સાથે અતિન્દ્રિય આનંદમાં ભગવાન-આત્મા અનાદિથી અનંતકાળ માટે બિરાજમાન છે.

આ જીવે હું કર્મબંધનમાંથી મુક્ત થઈ શકું જ નહીં. મુક્તિનો માર્ગ સર્વથા અસંભવ છે. એવી નકારાત્મક માન્યતાને દરેક જન્મમાં ઘૂંટી ઘૂંટીને તે સમજણને એટલી દૃઢ કરી છે કે, તે આ બાબતમાં કશું વિચારી શકતો નથી. પરંતુ કવિ કહે છે કે; કોઈ પરમ શાંત અવસ્થાના સમયે કર્મોપાધિથી રહિત આત્મા વિષે અંતરમુખ થઈને જ્યારે તે અંદરમાં સહેજ ડૂબકી મારીને એકાગ્ર ચિત્તે આ બાબતની સઘનવિચારણા કરે અને પરમજ્યોતિની સ્તુતિ કરે ત્યારે એક અંશ માત્રનો ઉદય થતાં, તે નવ નિધિને પ્રાપ્ત કરે છે, તેમ અહીં કવિશ્રી લખે છે. તેમાં એમ પણ અભિપ્રેત છે કે, ત્રિકાળી ધ્રુવ દ્રવ્ય ઉપર એટલે કે કર્મોપાધિ રહિત શુધ્ધ આત્મા ઉપર એક ક્ષણ માટે પણ જો દૃષ્ટિ થઈ જાય તો એક અંશ તો શું પરંતુ એક અંશના હજારમાં ભાગ ઉપર પણ થયેલી દૃષ્ટિનું પરિણામ અત્યંત શ્રેયસ્કર છે. સમકિતની ઝલક આપનારું છે. જે એકવાર આ નજારો જુએ તે, પછી સંસારના સુખો, સંબંધો અને પૌદ્‌ગલિક દ્રવ્યો આકર્ષી શકતા નથી.

❑❑❑

(મનુભાઈ પ્રજ્ઞાચક્ષુ છે, ચિંતક છે)
ફોન નં.: ૦૭૯-૨૬૬૧૩૩૫૯

# ભુતાન પ્રવાસના સંસ્મરણો : ૧૦

કિશોરસિંહ સોલંકી

(ગતાંકથી ચાલુ...)

## ૧૩. ડ્રુક-યેલ જોન્ગ

તાક્સંગ લાખન્ગથી થોડે આગળ જતાં ડ્રુક-યેલ જોન્ગ (Drukyel Dzong) આવે છે. અત્યારે હવામાન સારું છે. વાદળ છે પણ આછાં આછાં. આ જોન્ગની પાછળ ૭૩૧૪ મી. ઊંચું શિખર માઉન્ટ જોમોલ્હારી દેખાય છે. આ પર્વત તિબેટ અને ભુતાન વચ્ચે સરહદની ગરજ સારે છે અને તેને જોમોદેવીનું સ્થાનક માનવામાં આવે છે. ૧૯૩૭માં પહેલીવાર તેની ઉપર ચઢાણ કરવામાં આવ્યું હતું. પરંતુ ત્યારબાદ આ શિખરને સંરક્ષિત શિખરની યાદીમાં મૂકવામાં આવ્યું છે.

ડ્રુક-યેલ-જોન્ગની સ્થાપના ઈ.સ.૧૬૪૭માં શાબ્દુન્ગ ગવાન્ગ નામગ્યેલે તિબેટ પર મળેલા વિજયની ઉજવણી કરવા કરી હતી. ડ્રુકેલ જોન્ગનો સ્થાનિક ભાષામાં અર્થ થાય છે : 'વિજયી ડ્રુક્પા સમુદાયનો કિલ્લો' ૧૯૫૧માં માખણનો એક દીવો ઢળી પડતાં અહીં ભયંકર આગ લાગી અને સમગ્ર ઈમારત ફક્ત દીવાલોને બાદ કરતાં ખંડેર બની ગઈ હતી.

એ જોઈને આગળ નીકળ્યા. અમારો બીજો પડાવ ડુન્ગસે લાખન્ગ હતો. ગાડીમાં ઠંડી હવાની લહેરો આવતી હતી. ઢોળાવો ચડવા - ઉતરવાનો પણ એક આનંદ આવતો હોય છે. ઊંચે ચડીએ ત્યારે નીચેનો નજારો અદ્‌ભૂત લાગતો હોય છે. અહીંની શુદ્ધ હવાનો ઘૂંટ ભરી લેવાની લાલચ કેવી રીતે રોકી શકાય? જ્યાં પ્રદુષણનો સંપૂર્ણ અભાવ આપણને વધારે જીવવાની ગરજ સારતો હોય. એ જ તો સુખ છે આ ભુતાનનું.

ડુન્ગસે લાખન્ગ વિશિષ્ટ મહત્ત્વ ધરાવે છે. કારણ કે તે એક ચૉરટનના સ્વરૂપમાં છે. ભુતાનમાં આવા મંદિર ખૂબ ઓછા જોવા મળે છે. આ મંદિર પારો વેલી અને દોપચારી વેલીની વચ્ચે આવેલી એક ટેકરીની ધાર ઉપર આવેલું છે. તે પારો વિલેજના પુલની સામેની બાજુએ આવેલ છે. ત્યાંથી થોડેક આગળ ઢાળ ચડીએ તો નેશનલ મ્યુઝીયમ આવે છે.

ડુન્ગસે લાખન્ગની સ્થાપના વિખ્યાત તિબેટી લામા થાન્ગટન ગેલપોએ (Thangton Gyelpo 1385-1464) કરી હતી. તે ભુતાનમાં જમીનમાંથી નીકળતા લોખંડની શોધમાં આવ્યા હતા. તિબેટ પાછા ફરતાં પહેલાં અહીં તેમણે લોખંડના આઠ પુલ બાંધ્યા હતા. તેથી તેમનું નામ ચાગઝમ્પા એટલે કે 'લોખંડના પુલ બાંધનાર' તરીકે પણ ઓળખાય છે.

એક દંતકથા પ્રમાણે પારોમાં એક રાક્ષસી સમગ્ર ખીણ પ્રદેશમાં લોકોને ત્રાસ આપતી હતી અને આ ટેકરી તેનું મસ્તક માનવામાં આવતું હતું. આ રાક્ષસીને મહાત કરવા માટે થાન્ગટન ગેલપોએ આ ટેકરી ઉપર ચૉરટનના સ્વરૂપમાં આ મંદિરનું નિર્માણ કર્યું હતું. એક દંતકથા પ્રમાણે આ ચૉરટન કોઈપણ અસુરને જકડી રાખવા માટે ખીલાની ભૂમિકા ભજવે છે.

ઈ.સ.૧૮૪૧માં શેરાબ ગ્યેલસેને આ મંદિરનો જીર્ણોદ્ધાર કરવાનું નક્કી કર્યું. અને આજુબાજુના લોકોએ આર્થિક સહયોગ અને શ્રમદાન કર્યું. આ મંદિરના ભોંયતળિયે બધા જ દાતાનો નામ

વૃક્ષના થડથી બનેલા થાંભલાઓ ઉપર કોતરવામાં આવ્યાં છે. આ મંદિરના ચિત્રો ભુતાન અને સમગ્ર હિમાલયન દેશોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. ભોંયતળિયે ધ્યાનસ્થ પાંચ બુદ્ધના શિલ્પો છે. બુદ્ધના અલગ અલગ અવતારોનું આલેખન છે. બીજા માળની બહારની દિવાલો પર મહાકાલના સ્વરૂપો જોવા મળે છે અને અંદરની દિવાલો ઉપર મૃત્યુ અને પુનર્જન્મ વચ્ચેના પ્રદેશ 'બારડો'નાં ચિત્રો છે. ત્રીજા માળે તાંત્રિક વિધિને લગતા ચિત્રો જોવા મળે છે.

આ સંપ્રદાયની મહાન દૈવી પ્રતિભાઓ જેવી કે, વજભૈરવ, ચક્રસંહાર, કાલચક્ર, હયગ્રીવ, મહાકાયા, વજવારાહી, ગુયાસામાક્ષના ચિત્રો દોરેલાં છે. અંદરની દિવાલ ઉપર ૮૪ ભારતીય સંતો જે મહાસિદ્ધ કહેવાય છે, એમનાં આલેખન જોવા મળે છે. આ મહાસિદ્ધ તંત્ર માર્ગમાં આધ્યાત્મિક જ્ઞાન મેળવનારા સૌ પ્રથમ વ્યક્તિઓ હતા અને તેમણે તેમના જીવનકાળ દરમ્યાન બુદ્ધત્વ પ્રાપ્ત કર્યું હતું. ત્યારબાદ આ મહાસિદ્ધ દ્વારા તંત્રમાર્ગનું જ્ઞાન મેળવનારા તિબેટના સંતોના ચિત્રો છે, જેમણે તિબેટમાં પ્રચલિત 'કાગ્યુપા' ધાર્મિક સંપ્રદાયની સ્થાપના કરી. આ ત્રીજા માળ ઉપર ખાસ જોવાલાયક એક ભવ્ય મૂર્તિ ૧૨મી સદીના તિબેટી સંત કવિ મિલારેપાની છે. તે જોઈને નીચે ઉતર્યા. હજી અમારે નેશનલ મ્યુઝીયમની મુલાકાત બાકી છે.

## ૧૪. મ્યુઝીયમ

ગાડી પાર્કિંગમાં મૂકાઈ. અમે નીચે ઉતર્યાં. સરસ બગીચો બનાવેલો છે. અમે એમાં થઈને ઢાળ ચઢતાં-ચઢતાં નેશનલ મ્યુઝીયમના દરવાજે પહોંચ્યાં. કેટલાંક પ્રવાસીઓ આવેલાં હતા. ખાસ ભીડ નહોતી. આમેય, કોઈપણ દેશના મ્યુઝીયમ જોનારાંની સંખ્યા પ્રમાણમાં ઘણી ઓછી હોય છે, એવું જ અહીં હતું. પણ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સવાળાઓના લીસ્ટમાં હોય એટલે અહીં લાવવામાં આવે છે. અમે આવ્યાં. ટિકિટ આપનાર ક્યાંય દૂર જઈને કોઈની સાથે વાતોના તડાકા મારતો હતો. તે દોડતો આવ્યો. અહીં ટિકિટના બે પ્રકારના ભાવ હતા. એક, ભારત માટે ઓછો ચાર્જ, અન્ય દેશના નાગરિકો માટે વધારે. અમે ટિકિટ લઈને આગળ વધ્યા.

મ્યુઝીયમ તરફ જતાં બહારના રસ્તા પર લોખંડની સાંકળો લગાવવામાં આવી હતી. આ સાંકળો ૧૫મી સદીમાં થાન્ગટન ગેલાપોએ સમગ્ર ભુતાનમાં જે લોખંડના આઠ પુલ બાંધ્યા હતા તેના અવશેષોમાંથી બનાવવામાં આવી છે.

આ મ્યુઝીયમ પારો જૉન્ગથી થોડું ઉપર આવેલું છે. અહીં સુધી આવતો માર્ગ દુન્ગસે લાખાન્ગમાં થઈને પસાર થાય છે. અમે ત્યાં ઊભા રહીને પારો વૅલીને નિરખી રહ્યા. દૂર દૂર પથરાયેલાં છૂટાંછવાયાં મકાનો. મકાનો જોતાં એવું લાગેલું કે, એમાં અનેક પેઢીઓ રહેતી આવી હશે. માટીના અને ડાંગરના છોતરાંના મકાનો! એક પણ મકાન એવું નહોતું કે ઉપરનો ભાગ ભવ્ય કોતરકામ અને ચિત્રોથી સજાવેલો ન હોય. અહીંથી પારો વેલીનું રમણીય દૃશ્ય આંખોમાં ભરી લીધું.

આ નેશનલ મ્યુઝીયમ હકીકતમાં પારો જોન્ગના પ્રાચીન વૉચ ટાવર તા જૉન્ગમાં જ બનાવવામાં આવ્યું છે. આ ટાવર ઈ.સ. ૧૬૫૧માં બાંધવામાં આવ્યો હતો અને ઈ.સ. ૧૮૭૨માં ભુતાનના ભાવિ પ્રથમ રાજા યુગ્યેન વૉન્ગચૂક જ્યારે એક બળવો શાંત કરવા અહીં આવ્યા હતા ત્યાં તેમને અહીં બંદી બનાવવામાં આવ્યા હતા. ઈ.સ. ૧૯૫૦ના દાયકા સુધી તા જૉન્ગ અત્યંત જર્જરિત હાલતમાં હતો. ૧૯૬૫માં ત્રીજા રાજા જિગ્મા દોરજી વૉન્ગચૂકે તેનો જીર્ણોદ્ધાર કરાવવાનું નક્કી કર્યું અને ૧૯૬૮માં અહીં નેશનલ મ્યુઝીયમનું ઉદ્ઘાટન થયું.

અમે અંદર પ્રવેશ્યા. ડાબી બાજુએ માસ્ક-ચહેરાઓનું પ્રદર્શન છે. ત્યાં એક મોટા પડદા ઉપર ભુતાનના નૃત્યોની ડોક્યુમેન્ટરી જોવા મળી. થોડો સમય ત્યાં બેસીને નૃત્યો દ્વારા વાર્તાઓ હતી એનું નિદર્શન જોવાનો આનંદ લીધો. આ મ્યુઝીયમમાં અનેક ધાર્મિક કૃતિઓ હોવાથી તેને મંદિરનો દરજ્જો મળ્યો છે. એટલા માટે જ દરેક મુલાકાતીઓએ ઘડિયાળના કાંટાની દિશામાં ચાલવું પડે છે, અમારે તો નિરાંત હતી.

મ્યુઝીયમમાં માત્ર કલાકૃતિઓ જ નહિ પણ રોજિંદા જીવનને લગતી વસ્તુઓ, પ્રાણીઓના મૃતદેહોને પણ સમાવ્યા છે. રક્ષણના શસ્ત્રો તથા સાધનો પણ છે. પહેલી ગેલેરીમાં જ્યાં અમે ડૉક્યુમેન્ટરી જોઈ ત્યાં વિવિધ પ્રકારના પોષાકો અને પરંપરાગત કાપડના નમૂના, માસ્ક, હેટ, ઘોડાના ચાંદીના પલાણ અને પ્રાચીન પુસ્તકો જોવા મળ્યાં.

ટિકિટ ગેલેરીમાં ભૂતાનની વિખ્યાત ટિકિટોનું પ્રદર્શન છે. ત્રિપરિમાણીય ટિકિટ, સિલ્કમાંથી બનાવેલી ત્રિકોણાકાર ટિકિટો પણ જોવા મળી. અહીં બાજુમાં એક નાનું મંદિર પણ આવેલું છે. જેમાં જીવનવૃક્ષની સ્થાપના કરવામાં આવી છે. તેની પૂર્વમાં પ્રાચીન બુદ્ધ વજધારની મુખ્ય પ્રતિમા છે. દક્ષિણમાં કાગ્યુપા સંપ્રદાયના ૧૨મી સદીના સંત દાગપો લાહજેની મૂર્તિ છે. પશ્ચિમમાં ગુરૂ રિપૉચે અને ઉત્તરમાં ભારતીય સંતો જેવી અતિશાની મૂર્તિ છે. ૧૯૬૮માં નિર્મિત આ જીવનવૃક્ષ માટીકામની શિલ્પકલાનો અદ્ભુત નમૂનો છે.

બીજી ગેલેરીમાં ચાંદીની કલાકૃતિઓ અને વિશિષ્ટ શસ્ત્રો છે. આ ગેલેરીની બારીમાંથી પારો જૉન્ગનો અદ્ભુત નજારો જોવા મળે છે. અહીં ચાંદીની બારીઓ, વિવિધ પ્રકારના હેલ્મેટ, વાંસ અને ગેંડાની ચામડીમાંથી બનાવેલી ઢાલો, તીરકામઠાં અને ભાલા જોવા મળે છે. તે દરવાજાની આગળ જતા ત્રીજા રાજાની ૧૮૦ બંદૂકોનો સંગ્રહ છે. સંગીતના વાદ્યો, તાંબાના વાસણો, ચાની

ટીપોય... જ્યાં પ્રાણીઓના મૃતદેહો રાખ્યા છે. એમાં ભુતાનના જાણીતાં પ્રાણીઓ જેવા કે, કસ્તૂરીમૃગ, હિમાલયના રીંછ, હીમ દીપડો, જંગલી ભેંસ, અદ્‌ભુત પતંગિયા મનને મોહી લે છે.

અમે મ્યુઝીયમમાંથી બહાર નીકળીને સામેના ભાગમાં સિક્યુરીટી ટાવર છે ત્યાં ગયા. અત્યારે તેનો જીર્ણોદ્ધાર થઈ રહ્યો છે. જ્યારે તે તૈયાર થશે ત્યારે આ મ્યુઝીયમને ત્યાં ખેસડવાનું છે. એવું ત્યાંના માણસોએ કહ્યું ત્યાં ઊભા રહીને તેની પાછળનો જે અદ્‌ભુત નજારો હતો એના ફોટા પાડીને વળતા થયા.

❑❑❑

'ઋત' ૪૩, તીર્થનગર, વિ૦૧, સોલા રોડ,
ઘાટલોડીયા, અમદાવાદ - ૩૮૦૦૬૨.
મો. ૯૮૨૫૦૯૮૮૮૮

# સ્વાધ્યાય - ધ્યાન - કાયોત્સર્ગ

**સુબોધીબેન સતીશ મસાલીઆ**

**(મે ના અંકથી આગળથી ચાલુ...)**

ગણધરો તીર્થંકરને ત્રણ પ્રદક્ષિણા દેતા દરેક પ્રદક્ષિણા વખતે પૂછે છે કે 'ભંતે કિં તતં' ભગવાન પ્રથમ પ્રદક્ષિણા વખતે જવાબ આપે છે. ઉપનેઈવા... બીજી પ્રદક્ષિણા વખતે કહે છે વિગમેઈવા... ત્રીજી પ્રદક્ષિણા વખતે કહે છે કે ધુવમેઈવા.

આપણે આ ત્રીપદીને સારી રીતે ગોખી લીધી. અડધી રાતે કોઈ ઉંઘમાંથી ઉઠાડીને પૂછે તો કડકડાટ બોલી જઈએ કે ઉપનેઈવા, વિગમેઈવા, ધુવમેઈવા. કદાચ આની પરીક્ષા આપવાની હોય તો પ્રથમ નંબરે પાસ પણ થઈ જઈએ પણ ક્યારેય આપણે એ અનુભવ્યું નહીં કે જેમાં આખું તત્ત્વજ્ઞાન સમાયું છે તે શું છે ઉપનેઈવા? વિગમેઈવા કે ધુવમેઈવા? જ્યારે વિપશ્યના સાધના કરતા કરતા એક અવસ્થાએ પોતાનું શરીર ઘન સ્વરૂપે નહિ પણ પ્રતિ ક્ષણ અનેકશઃ પલટાતા પૂંજ તરીકે અનુભવશો, પ્રતિ સેકંડે પાંચ કરોડ કોશિકાઓ નાશ પામતી ને નવસર્જન થતી જાત અનુભવથી જાણશો ત્યારે ભગવાને કહેલા આ ત્રીપદીના શબ્દો સમજાશે... ખૂબ સમજાશે.

તમે પ્રક્ષાલ વખતે આ દુહો બોલો છો ને? 'જ્ઞાન કળશ ભરી આત્મા, સમતા રસ ભરપૂર, શ્રી જિનને નવરાવતા, કર્મ થાય ચકચૂર'. બસ આ દુહો વાંચીને આપણે તો કળશા ને કળશા દૂધ પાણીના ભરી ભરીને જિન પ્રતિમા પર ઢોળવા લાગ્યા ને માનવા લાગ્યા કે જિન પ્રતિમાને કળશા ભરી ભરીને નવડાવીશ એટલે મારા કર્મ ચકચૂર થઈ જશે... નાશ પામી જશે. મારા કર્મની નિર્જરા થઈ જશે. પણ કોઈ દિવસ એ વિચાર્યું કે આપણે બોલીએ છીએ અલગ ને કરીએ છીએ અલગ - અરે ભાઈ... જ્ઞાની પુરુષોને સાંકેતિક ભાષા તત્ત્વજ્ઞાનને - વિપશ્યનાને આ દુહામાં વણી લીધી છે તેઓ જાણતા હતા કે સમય જતા ભાષાના શબ્દો બદલાઈ જશે. પણ આ સાંકેતિક ભાષા જીવંત રહેશે. જેમાંથી વિચાર કરતા ફરી પાછું લોકો જ્ઞાન મેળવશે. અહીં આત્મારૂપી જ્ઞાન કળશ લેવાનું કહ્યું છે ને આપણે તો સોના-ચાંદી-પિત્તળના કળશ લઈએ છીએ... આમાં તો જ્ઞાન કળશમાં સમતારૂપી રસ ભરવાનો કહ્યો છે અને આપણે તો દૂધમિશ્રિત પાણી ભરીએ છીએ. આ દુહામાં તો ખુદ જિનને નવડાવવાનું કહ્યું છે ને આપણે તો જિનેશ્વરદેવની મૂર્તિને નવડાવીએ છીએ. આમાં જે પ્રમાણે કહ્યું છે તેમ કરીએ તો કર્મ ચકચૂર થાય. આપણે તો તે પ્રમાણે નથી કરતાં છતા માનીએ છીએ કે અહો... મારા તો કર્મ ચકચૂર થઈ ગયા... એમ વિચાર કરતા સાધક વિચારશે કે 'પણ ખુદ જિન છે ક્યાં?' અત્યારે પંચમ કાળમાં તો કોઈ જિનેશ્વરની હાજરી તો છે નહીં... ત્યાં તો એને સમજાશે કે અરે... મારો ખુદનો આત્મા જ જિન છે. ફક્ત એના પર જે કર્મોની કાળાશ છે તે દૂર થઈ જાય તો એના જિનેશ્વર સ્વરૂપના દર્શન થઈ જાય. ઓહ! તો એને નવડાવવાનું કામ આપણી અંદર જ કરવાનું છે? એને નવડાવવા માટે જ્ઞાનરૂપી કળશ જોઈશે. પુદ્‌ગલની અનિત્યતાનું જ્ઞાન હાજર કરી એ કળશમાં સમતારૂપી રસ ભરીશું. ઘટના, પ્રિય હોય કે અપ્રિય. રાગ કે દ્વેષમાં તણાઈ ન જતાં, તટસ્થ રહી... સમતામાં સ્થિર થશું તો મારા કર્મ ચકચૂર થશે... આટલી વાત સમજમાં આવતા વિપશ્યી સાધક તરત સમજી જશે કે, આપણે વિપશ્યનામાં આજ તો કામ કરીએ છીએ. પ્રથમ તો મન-વચન-કાયાને સ્થિર કરી નવા કર્મોનો આશ્રવ બંધ કરીએ છીએ. જેણે સાધનાનો ઘનિષ્ઠ અનુભવ મેળવ્યો હશે, પ્રત્યેક શ્વાસ સાથે સમસ્ત કાયામાં 'ધારાપ્રવાહ' અનુભવ્યો હશે, તેમને એ વખતનો પોતાનો જાત. અનુભવ આ દુહામાં દેખાશે. વિપશ્યના શિબિરમાં રોજના નવ-દસ કલાક શિખાથી પગના તળિયાં સુધીની યાત્રા કરતા સાધકને સ્થૂળ/દુઃખદ સંવેદનાનો અનુભવ થાય કે સૂક્ષ્મ/સુખદ સંવેદનાનો અનુભવ થાય. ધારાપ્રવાહ કે સૂક્ષ્મતમ/અસુખદ-દુઃખદ સંવેદનાનો અનુભવ થાય, ત્યારે આત્મારૂપી કળશમાં એ જ્ઞાન, એ પ્રજ્ઞા હાજર કરવાની છે કે સંવેદના સુખદ હોય કે દુઃખદ, કોઈ સંવેદના અનંતકાળ સુધી રહેવાની નથી... આ બધી સંવેદના અનિત્ય છે તો જે અનિત્ય છે તેના પ્રત્યે શું રાગ જગાડવો? શું દ્વેષ જગાડવો? આવા જ્ઞાનરૂપી કળશની હાજરીને લીધે સાધક જે ક્ષણે જેવી સંવેદના હોય તેને તટસ્થ પ્રેક્ષકની જેમ નિહાળી, તેની ક્ષણભંગૂરતા અને નિઃસારતા પ્રત્યે સભાન રહી સમતામાં સ્થિર થાય છે. સુખદ સંવેદના કે ધારા પ્રવાહમાં રાગ કરી હર્ષથી નાચી નથી ઉઠતો કે દુઃખદ સંવેદના જાગે ત્યારે ખિન્ન

થઈ રોવા નથી બેસતો... સંપૂર્ણ સમતામાં સ્થિર થાય છે... આમ આત્મારૂપી જ્ઞાનકળશમાં સંપૂર્ણ સમતા રસ ભરે છે. હવે જોઈએ કે તેથી શું થાય છે? તેથી એક પછી એક કર્મની પ્રતરો જે સંવેદનારૂપે ઉદીરણામાં આવી છે તેને રાગ કે દ્વેષનો ટેકો ન મળતા તે કર્મ ઉદીરણામાં આવી નિર્જરી જાય છે. આમ એક પછી એક કર્મ ચકચૂર થતાં આપણો આત્મા કર્મની કાળાશથી હળવો થતો જાય છે... નિર્મળ થાય છે... આ રીતે આત્માને સમતારસથી સ્નાન કરાવતા કરાવતા એના જિનસ્વરૂપની એક ઝલક પ્રાપ્ત થઈ જાય છે એ જ છે સમ્યક્દર્શન. જેમકે એક લાલટેન છે. એમાં દીવાનો પ્રકાશ તો ઝળહળે છે પણ એના કાચ પર એટલી બધી કાળાશ જમા થઈ ગઈ છે કે એનો પ્રકાશ બહાર આવી શકતો નથી. લાગે છે કે જાણે અંદર દીવો જલતો જ નથી. પરંતુ પ્રયત્ન દ્વારા જો કોઈ એક જગ્યાએથી પણ કાચ પરની કાળાશ મૂળ સુધી દૂર થઈ તો દીવાની એક ઝલક દેખાઈ જાય છે. તેથી દીવો કેવો હોય તેની પણ ખબર પડી જાય છે. હવે તો કાચ પરની સંપૂર્ણ કાળાશ દૂર કરી દીવાનો સંપૂર્ણ પ્રકાશ રેલાવવાની એને તાલાવેલી લાગે છે. બસ, આજ રીતે આત્મારૂપી કળશમાં પુદ્ગલની અનિત્યતાનું જ્ઞાન હાજર કરી, સુખદ સંવેદના પ્રત્યે રાગ કે દુઃખદ સંવેદના પ્રત્યે દ્વેષ ન જગાવતા સમતારસમાં સ્થિર થઈ, ઉદીરણા થયેલી એક એક કર્મ પ્રતરોને નિર્જરતા જઈ, આત્મા પરથી કર્મની કાળાશ ઓછી થતાં, તેનું જિનસ્વરૂપ પ્રગટ થાય છે.

આમ આ દુહામાં આખી વિપશ્યના ભરેલી પડેલી છે... પણ આપણને કાંઈ જોવાનો કે સમજવાનો કે વિચારવાનો ટાઈમ જ ક્યાં છે? 'આ આવ્યા દેરાસરમાં ધડાધડ મૂર્તિ પર પાણી ઢોળ્યું, જો ગીર્દી હોય તો એક બે ધક્કા પણ મારી દીધા, કોઈના પર ક્રોધ કર્યો, કોઈના પર રાગ કર્યો, ને કર્મ ચકચૂર કરવાને બદલે નવા કર્મના પોટલા બાંધીને રવાના થયા... આને તમે ધર્મ કહેશો? આ એક દુહો સમજાવ્યો એવી તો કેટલીય સજ્ઝાયો, સ્તવનો, કૃતિઓમાં વિપશ્યના ભરેલી પડેલી છે... જો વિપશ્યના - સ્વાધ્યાય કરવા લાગો તો ખુદ સમજવા લાગશો. કોઈ કોઈ સાધકના એક-બે સવાલ આવ્યા છે તે જરા જોઈ લઈએ.

સવાલ :- ત્રણેક વર્ષથી વિપશ્યના સાધના કરૂં છું, પણ શિબિરોમાં એની એજ વાત આવે છે તો શું વર્ષોવર્ષ માત્ર સંવેદનાઓ જ જોયા કરવી?

જવાબ :- વિપશ્યના શું છે? સંવેદનાઓ જોતાં રહેવું એજ વિપશ્યના નથી. કિંતુ, પ્રત્યેક સંવેદના પ્રત્યે જાગૃત રહેવું અને તેની સાથે એ તથ્ય પ્રત્યે પણ સભાન રહેવું, કે ઈન્દ્રિયજગતનો કોઈ અનુભવ / કોઈ સંવેદના ચિરસ્થાયી નથી – આ સભાનતાપૂર્વક, 'અમુક સંવેદના મળે' કે 'અમુક સંવેદના ટળે' એવી કોઈ કામના કર્યા વિના / પ્રતિક્રિયા વિના, પ્રતિ પળ પૂર્ણ સમતામાં રહી પ્રાપ્ત સ્થિતિનો શાંત - સ્વીકાર કરવો એ વિપશ્યના છે. પ્રતિપળ વર્તમાન સચ્ચાઈ પ્રત્યે સજગ તેમજ નિર્લેપ રહી, અહં-મમ અને કર્તા-ભોક્તાભાવમાંથી બહાર આવી, સમતામાં ઉત્તરોત્તર વધુને વધુ સ્થિર થતાં જવું એ આ સાધનાની ધરી છે. એને જ કેન્દ્રમાં રાખી સાધનાચક્ર ગતિશીલ રહે તો મુક્તિપથે પ્રગતિ થતી રહે.

સંવેદનાઓ સ્થૂળ મળી કે સૂક્ષ્મ એ વાત એટલી મહત્ત્વની નથી, તમે એના નિર્લેપ સાક્ષી રહી શક્યા કે નહિ એ મહત્ત્વનો મુદ્દો છે. આટલું સમજી રાખો કે અમુક સંવેદના ક્યારે પૂરી થાય અને અમુક સંવેદના ક્યારે મળે એ કામના ચિત્તમાં પેઠી કે વિપશ્યના છૂટી ગઈ; તટસ્થ સાક્ષી રહેવાને બદલે તમે ફરી કર્તા-ભોક્તાભાવમાં સરકી ગયા – જેમાંથી બહાર નીકળવા સાધના આદરી છે, તેને જ પુષ્ટ કરી રહ્યા છો.

ચિત્તમાં કંઈક અપેક્ષા છે / આશા છે / તૃષ્ણા છે કે અમુક સ્થિતિ ક્યારે મળે અથવા અમુક સ્થિતિ ક્યારે ટળે, તો, એ તૃષ્ણા તમને વર્તમાનમાં સ્થિર થવા દેશે નહિ. તૃષ્ણા એજ બંધન છે, દુઃખ છે, આર્તધ્યાન છે. તેની પકડમાંથી મુક્ત થવા મુમુક્ષુ સાધના તરફ વળે છે પણ એમાંય અહં અને ઝટ ન પરખાય એવી કોઈ તૃષ્ણા પાછળ સાધક દોડતો થઈ જાય છે.

સંવેદનાઓ સાધનાની પ્રગતિનો માપદંડ નથી. પરંતુ સંવેદનાઓ પ્રત્યે સભાન રહી સમતામાં કેટલું સ્થિર રહી શક્યા એ પ્રગતિનો માપદંડ છે. સંવેદના સમતાપૂર્વક ભેદાય તો સ્થૂળ / પીડાદાયી સંવેદના દ્વારા દ્વેષના અને સૂક્ષ્મ/સુખદ સંવેદના દ્વારા રાગના અને સૂક્ષ્મતમ સંવેદના દ્વારા (અસુખદ-અદુઃખદ) મોહના કર્મોની નિર્જરા થાય છે.

સવાલ :- આ સાધના ક્યાં સુધી કરવી? નિર્વાણની પ્રથમ અનુભૂતિ ક્યારે મળે?

જવાબ :- આજીવન કરવાની આ સાધના છે એવું નથી કે શિબિરો પૂરતી જ વિપશ્યના કરવાની છે, સમગ્ર જીવનમાં એ વ્યાપવી જોઈએ.

પહેલી એકાદ - બે શિબિરમાં તો વિપશ્યનાની બારાખડીનું જ્ઞાન મળ્યું ગણાય. સાધક એકથી વધુ શિબિરોમાં જોડાઈ વિપશ્યનામાં સુસ્થિર બને, એ ઈચ્છનિય છે.

નિર્વાણની અનુભૂતિ ક્યારે મળે? તો સમય પાકશે ત્યારે. કેલેન્ડરના પાનાં વડે એનું માપ આપી ન શકાય. સાધનામાં પુરૂષાર્થ કેવો છે? તીવ્ર છે કે મંદ? સમજણની પરિપક્વતા કેવી છે? પહેલાંના કર્મ સંસ્કારોનો જથ્થો કેવો છે, તેવી અનેક બાબતો પર નિર્વાણની અનુભૂતિનો આધાર રહે છે.

સાધકે એ ખાસ ધ્યાન રાખવું કે થોડા પ્રયત્ને જલ્દીથી આત્મઉપલબ્ધિ કરાવી દેવાનો કોલ આપતી કોઈ સાધનાની પાછળ ભાગવું નહિ. કેમકે આત્મઉપલબ્ધિનો કોઈ ટૂંકો માર્ગ છે જ નહિ. સાધકના સાંપ્રદાયિક મોહને પંપાળતી કોઈ સાધના વિપશ્યનાનું

મહોરૂં પહેરીને પેશ થતી હોય ત્યારે પણ સાધકે ભરમાવું નહિ. વિપશ્યના એના શુદ્ધ સ્વરૂપમાં વિપશ્યના કેન્દ્ર પર જઈને જ કરવી / શીખવી. નહિ તો એનો લાભ મળશે નહિ.

સવાલ :- ક્યારેક બાહ્ય કશા કારણ વિના અંતરમાં ભય, ગ્લાનિ, ઉદ્વેગ, હતાશા આદિનો અનુભવ થાય છે તો ક્યારેક બંધ આંખે તારા જેવો તેજસ્વી પ્રકાશ દેખાય, આસનથી અધ્ધર ઉંચકાઈ ગયાનો અનુભવ થાય છે.

જવાબ :- અવચેતન મનમાં અનેક ભવના શુભ-અશુભ કર્મસંસ્કારો પડેલાં હોય છે. સાધના દરમ્યાન એમાંથી ગમે તે સંસ્કાર ચિત્તની સપાટી પર આવી શકે છે. તેવી બાહ્ય કશા કારણ વિના અંતરમાં ભય, ગ્લાનિ, ઉદ્વેગ આવી શકે છે પણ તેથી અકળાવું નહિ. કે ન એ ચિત્તસ્થિતિ શમી જાય એવી ઈચ્છા કરવી. જે વખતે જે ચિત્તસ્થિતિ હોય તેના પ્રતિમાત્ર જાગૃત રહેવું. ક્યારેક એવું બને કે જે પ્રકારના વિચાર કે ભાવને કદી ચિત્તમાં સ્થાન ન આપ્યું હોય એવા નિમ્ન કોટીના વિચાર-ભાવ ચિત્તમાં ઉભરાવા લાગે, આવા અવસરે સાધકે પોતાનું પતન થઈ રહ્યું છે, એમ માની અપરાધભાવને ચિત્તમાં સ્થાન ન આપવું. ન મુંઝાઈ જઈને સાધના પડતી મુકવી. સત્તાગત કર્મમાંથી કોઈવાર અજ્ઞાન કે મોહ કે નશાજન્ય કર્મસંસ્કારની ઉદીરણા થતાં, આવું બની શકે છે. વર્તમાન ક્ષણે જે સ્થિતિ છે તેને બદલવાની કે ટાળવાની કોઈ મથામણમાં પડ્યા વિના તટસ્થ રહી તેના પ્રત્યે જાગૃત રહેવું. નિઃકાંક્ષ (ઈચ્છારહિત) જાગૃતિમાં કર્મ-નિર્જરાની અપૂર્વ ક્ષમતા છે. સાધકે માત્ર પ્રેક્ષક રહી જાગૃતિના પ્રકાશમાં એના મૂળને છતું થવા દેવું. એનું મૂળ જાગૃતિના તેજમાં ખુલ્લું થઈ જતાં એ સંસ્કારોની પકડ ચિત્ત પર રહેતી નથી. એને એનો અનુબંધ ન રહેવાથી સાધક તેમાંથી ક્રમશઃ મુક્ત થતો જાય છે.

ક્યારેક બંધ આંખે તારા જેવો તેજસ્વી પ્રકાશ દેખાય કે ધારાપ્રવાહની સાથે સમગ્ર શરીરે રોમાંચનો અનુભવ થાય, અત્યંત આનંદ, વિસ્મય કે હળવાશનો અનુભવ થાય કે આસનથી અધ્ધર ઊંચકાઈ ગયાનો અનુભવ થાય ત્યારે સાધકે કોઈ અનુભવને વળગી ન પડવું – એમાં વધુ સમય રમમાણ ન રહેવું. તેણે સમજવું રહ્યું કે સાધનાપથ પર પ્રગતિની ધરપત આપતી આ બધી ક્ષણભંગુર એંધાણીઓ છે. એની માત્ર નોંધ લઈ આગળ વધવું. પ્રાપ્ત અનુભવનો આસ્વાદ માણતાં ક્યાંય બેસી ન પડવું. એ જ પ્રમાણે દરેક બેઠક વખતે એકસરખી / એક જ પ્રકારની સંવેદનાઓ મળતી રહે – તેમાં કશો ફેરફાર થતો ન અનુભવાતો હોય – ત્યારેય કંટાળવું નહિ; પણ, સંવેદનાઓની અનિત્યના / ક્ષણભંગુરતા લક્ષમાં રાખી, અવિક્ષિપ્ત ચિત્તે સાધના પ્રવાહિત રાખવી.

ખાતરી રાખો કે એક દિવસ સફળતા મળશે જ. વિદ્યુતબત્તીના બલ્બનો વ્યવહારોપયોગી તાર એડીસન એક હજાર નિષ્ફળ પ્રયાસ પછી શોધી શકેલો. મોક્ષાર્થી શું એક વૈજ્ઞાનિક જેટલીયે ધીરજ ન કેળવી શકે ?

સંકલ્પ કરો – 'મુક્તિ જ જોઈએ છે, એનાથી ઓછું કશું નહિ.' પછી સજાગતા ('સતિ'/awareness)નો દંડ અને સમતા ('ઉપેખ્ખા'/equanimity)નું ભાથું સાથે રાખી પગ ઉપાડો. ગતિ વેગીલી હો કે મંદ, ચાલતા જ રહો. અનેકવારની નિષ્ફળતાઓને અવગણીને અને શીઘ્ર ફળપ્રાપ્તિ માટેની ઉત્સુકતા રાખ્યા વિના, પાકી નિષ્ઠા, સમજ અને ખંતપૂર્વક સાધના કરતા રહો. વિશ્વાસ રાખો કે વિપશ્યનાના પથ પર મૂકેલું એક પણ ડગલું વ્યર્થ નહિ જાય.

સવાલ :- સાધનામાં આગળ વધતા સાધકમાં શું બદલાવ આવે છે ?

જવાબ :- વિપશ્યના - પથ પર સાધકની પ્રગતિ એ જ કે તેના કામ-ક્રોધ-લોભ-આસક્તિ આદિ વિકારો ઉત્તરોત્તર ક્ષીણ થતા રહે, શીલ-સદાચાર પુષ્ટ થતા જાય, ને પંચશીલ પાંચ અણુવ્રત/મહાવ્રત–ના ભંગમાં પરિણમતું કોઈ અકાર્ય તેનાથી થાય નહિ, ને તે સમતામાં વધુ ને વધુ પ્રતિષ્ઠિત થતો જાય; અર્થાત્ સામાયિકભાવનો ક્રમશઃ વિકાસ અને અંતે એની પૂર્ણતા અર્થાત્ વીતરાગતા – કે જે મુનિની તેમજ શ્રાવકની સમગ્ર ધર્મસાધનાનું લક્ષ્ય છે તેની દિશામાં સાધકની ગતિ થતી રહે.

સામાયિકભાવ પુષ્ટ થયો તો એમાંથી અહિંસા સ્વયં વિકસે છે – પોતાથી કોઈને લેશમાત્ર કષ્ટ ન પહોંચે તેની કાળજી આપોઆપ આવે છે અને 'પોતાના' કે 'પરાયાં'ના ભેદ વિના, સૌ પ્રત્યે નિષ્કારણ મૈત્રી / નિર્વ્યાજ પ્રેમનો પ્રવાહ અંતરમાં વહેતો થઈ જાય છે. આથી ઉદારતા, ક્ષમા, સહિષ્ણુતા, સહકાર, સહચારની ભાવના ઈત્યાદિ દૈવીસંપત્ પ્રગતિશીલ વિપશ્યી સાધકને સ્વયં આવી મળે છે. ક્યારેક એવું બને છે કે ક્રોધ-લોભ આદિ વિકારોને વશ ન થવું એવું પોતે ઈચ્છતો હોવા છતાં, સામાન્યતઃ માનવી કોઈ પણ ઘટના, વ્યક્તિ કે પરિસ્થિતિ પ્રતિ, પૂર્વસંસ્કારવશ, અવશપણે, પ્રતિક્રિયા કરતો રહે છે. ચિત્તમાં ઊઠતા વિકારોનું પ્રતિબિંબ આખા શરીરમાં પડે છે – મનમાં ઊઠતો પ્રત્યેક વિકાર શરીરમાં કંઈક સંવેદના જગાડે છે. વિપશ્યનાના અભ્યાસ દ્વારા એ સૂક્ષ્મ સંવેદનાઓને જોવાની અનુભવવાની ક્ષમતા આપણા ચિત્તમાં પ્રગટે છે અને સાથોસાથ તેના પ્રત્યે તટસ્થ દ્રષ્ટા રહેવાનો મહાવરો પણ થાય છે. આથી, વિપશ્યનામાં પ્રતિષ્ઠિત સાધક આંતરમનમાં વિકાર ઊઠે એ ક્ષણે જ, શરીરમાં અનુભવાતી સંવેદનાઓ દ્વારા સાવધ બની, વિકારના હુમલાને ખાળી શકે છે – તેના પ્રવાહમાં તણાઈ જતો નથી. આ અભ્યાસ પુષ્ટ થતાં જીવનની નાની-મોટી પ્રત્યેક ઘટનાને સાક્ષીભાવે નિર્લેપનેત્રે નિહાળવાની ક્ષમતા લાધે છે, દેહાધ્યાસ મોળો પડે છે અને ભવના બીજભૂત કર્તા-ભોક્તા

ભાવમાંથી બહાર નીકળાય છે, દ્રષ્ટાભાવ ઉત્તરોત્તર પ્રગાઢ બનતો જાય છે. ત્યારે –

કર્તા-ભોક્તા કર્મનો, વિભાવ વર્તે જ્યાંય;
વૃત્તિ વહી નિજભાવમાં, થયો અકર્તા ત્યાંય.
છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ;
નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ.

– આ પંક્તિઓનો મર્મ સાધક સ્વાનુભવે માણી શકે છે. વિપશ્યનાની સાધનામાં પ્રગતિ કરતા કોઈ પણ મત-પંથના મુમુક્ષુને પ્રતીતિ થાય છે કે શાસ્ત્રોનું અને આત્મજ્ઞ મહાપુરુષોના વચનોનું હાર્દ તેની સામે હવે જાણે સ્વયં પ્રગટ થાય છે.

સભાનપણે/સાચી રીતે અભ્યાસ કરનારો સાધક પોતાના ચિત્તમાં શુભ પરિવર્તન આવતું જોઈ શકશે. બધા દોષો સંપૂર્ણપણે ક્ષીણ ભલે ન થયા હોય પણ તેમનું બળ ઓછું થયું હોય તો તે પ્રગતિનું ચિન્હ છે. વિપશ્યનાના અભ્યાસથી પીડાથી ગભરાવાનું કે અકળાવાનું ઘટતું જાય છે. દુઃખનો 'હાઉ' વિદાય લે છે. તેને સ્થાને, જે કંઈ બને તેનો, વિના વિરોધે, સ્વીકાર કરવાની ક્ષમતા આવી જાય છે.

ચિત્તની અંદર કામના-તૃષ્ણાનો પ્રભાવ ઘટતો જવાથી દ્વેષ-રોષ-તિરસ્કારની વૃત્તિ પણ ઓછી થાય છે. ક્રોધ-ઈર્ષ્યા-વૈર જેવા દોષો નિર્બળ થઈ જાય છે અને મૈત્રી/સ્નેહ/શુભ ભાવના વૃદ્ધિગત થતાં જાય છે.

સવાલ :- આપણે જીનાજ્ઞા વિરુદ્ધ તો કાંઈ નથી કરતા ને?

ષટ્દર્શનનું અને નયનિક્ષેપનું ઊંડું જ્ઞાન ધરાવતા ન્યાયવિશારદ ઉપાધ્યાયજી યશોવિજયજી મહારાજે 'જિનાજ્ઞા શી?' એ વિષે 'ઉપદેશ રહસ્ય' નામના ગ્રંથમાં વિસ્તારથી સૂક્ષ્મ ચર્ચા કરી છે. એ આખીયે ચર્ચાને સમેટતાં, ષટ્દર્શન અને નયનિક્ષેપના એ અઠંગ જ્ઞાતાએ, એ ગ્રંથના ઉપસંહારમાં, સમગ્ર જિનાજ્ઞાનો નિષ્કર્ષ આપતા કહ્યું છે કે, ''ટૂંકમાં જિનાજ્ઞા એટલી જ છે કે જેનાથી વ્યક્તિ પોતે રાગ-દ્વેષમાંથી છૂટકારો મેળવી શકતી હોય તે તેણે કરવું - આચરવું.''

''જાતિ-લિંગ કે પક્ષમેં, જિનકું હૈ દૃઢરાગ;
મોહજાલમેં સો પરે, ન લહે શિવસુખભાગ.''
- ઉપા. યશોવિજયજી મહારાજ

જૈન શ્વેતાંબર પરંપરાના સમદર્શી આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીએ 'યોગબિન્દુ' ગ્રંથનો ઉપસંહાર કરતા કહ્યું છે કે ''બુદ્ધિમાન માણસ માટે 'પોતાનું' અને 'પારકું' શું? વિવેકબૃદ્ધિથી નાણી જોતાં જે સિદ્ધાંત તર્કસંગત જણાય તે તેણે સ્વીકારવો – પછી તે પોતાનો હોય કે પારકો.'' ...''तत् ज्ञेयं सर्वज्ञसम्मतम्।''

કોઈ પણ સાધનાપદ્ધતિ કે વિચારના સ્વીકાર કે ત્યાગનો પ્રશ્ન ઉપસ્થિત થાય ત્યારે, તે પોતાના અંતરંગ દોષોને ક્ષીણ કરવામાં અને આત્મિક ગુણવૃદ્ધિમાં સહાયક નીવડે છે કે બાધક – એ માપદંડ અપનાવવાનો અનુરોધ દરેક દેશ-કાળના જ્ઞાની પુરુષોએ કર્યો છે. આપણા પૂર્વાચાર્યોએ મુમુક્ષુઓને માર્ગદર્શન આપતા કહ્યું છે કે, ''જેનાથી દોષો ખાળી શકાતા હોય, મોહજન્ય સંસ્કારોનો નાશ થતો હોય અને પૂર્વબદ્ધ કર્મની નિર્જરા થતી હોય તે સર્વ મુક્તિના જ ઉપાયો છે.'' ''ભલે તે અનુષ્ઠાન કે સાધના પદ્ધતિ અન્ય મત-પંથમાં પ્રચલિત હોય, તો પણ તે સર્વજ્ઞ સંમત જ છે.'' વિપશ્યનાનો થોડોક અભ્યાસ કરનારને પણ રાગ-દ્વેષની મંદતા થવા દ્વારા ચિત્ત-શુદ્ધિનો કંઈક અનુભવ થાય છે અને તેથી આ સાધનાની ઉપયોગિતા સ્પષ્ટ જણાઈ આવે છે.

'જેનાથી સમભાવ વધે તે સામાયિક' એ જૈન પરિભાષાને આગળ કરીને, 'વિપશ્યના એ સામાયિકની જ સાધના છે' એ તથ્યનો નિઃસંકોચ સ્વીકાર કરી આપણે વિપશ્યનાને વિના ખચકાટે અપનાવીએ. જેણે વિપશ્યના-શિબિરનો અનુભવ લીધો હશે તેનાથી એ છાનું નથી કે વિપશ્યનાના પ્રારંભથી જ ત્યાં સમતાનો એકડો ઘૂંટાવાય છે; નિષ્ઠાપૂર્વક દીર્ઘકાળ પર્યંત એ સાધના કરનારને એ પ્રતીતિ થાય છે કે પોતે સમતામાં ઉત્તરોત્તર વધુ ને વધુ પ્રતિષ્ઠિત થતો જાય છે; અર્થાત્ વિપશ્યનામાં સામાયિક તેના સાચા અર્થમાં થાય છે. તો પ્રતિક્રમણ શું ખરેખર છૂટી જાય છે? અરે! વિપશ્યના-સાધના એ તો પળેપળનું પ્રતિક્રમણ છે.

સ્વભાવમાંથી બહિર્ગમન થયું હોય / પરભાવમાં જવાયું હોય – જ્ઞાયકભાવમાંથી હટીને કર્તા-ભોક્તા ભાવમાં જવાયું હોય – તે સંભારી જઈને, સ્વભાવમાં / જ્ઞાયકભાવમાં પાછા ફરવું એ જ સાર્થક / સાચું પ્રતિક્રમણ છે. આ અર્થમાં, વિપશ્યના એ ખરેખર તો પ્રતિક્ષણનું પ્રતિક્રમણ જ છે; કારણ કે ઉપયોગની જાગૃતિ – choiceless awareness – પૂર્વક પ્રતિક્ષણ સમતામાં રહેવાનો, તટસ્થ દૃષ્ટા રહેવાનો અભ્યાસ / પ્રેક્ટિસ / મહાવરો એમાં થાય છે – સંવેદના જોતાં જોતાં ચિત્તમાં જરા રાગ / આસક્તિ જાગે કે દ્વેષ / અણગમો જન્મે તો, તેનું ભાન થતાંવેંત, વિપશ્યી સાધક રાગ-દ્વેષના એ વિકલ્પથી પાછો હટી, પુનઃ સમભાવમાં તટસ્થ દૃષ્ટાભાવમાં સ્થિર થવાનો પ્રયાસ કરે છે. એટલે ખરું જોતાં વિપશ્યી સાધક પળેપળ પ્રતિક્રમણ જ કરી રહ્યો છે.

નિર્જરાનું પ્રધાન અંગ જે તપ કહ્યું છે તેના બાર ભેદો પૈકી ધ્યાન અને કાયોત્સર્ગને ખુદ ભગવાન મહાવીર પ્રભુએ સર્વોત્કૃષ્ટ તપ નથી કહ્યું? અને, ''ક્રોડો જન્મના ઉગ્ર તપથી જે કર્મનો ક્ષય થાય તેટલાં કર્મ સમત્વમાં પ્રતિષ્ઠિત સાધક એક ક્ષણમાં જ ખપાવી દે છે'' એવો બુલંદ ઉદ્ઘોષ શું આચાર્ય હેમચંદ્રસૂરિ જેવા પ્રખર યોગવિદ્-યોગનિષ્ઠ ધર્મનેતાએ નથી કર્યો? વિપશ્યના-શિબિરોમાં રોજના નવ-દસ કલાક સમત્વ અને ધ્યાનનો અભ્યાસ કરવાનો હોય છે અને તેમાંયે 'અધિષ્ઠાન' કરવાનું હોય ત્યારે તો પૂરો સળંગ એક કલાક કશાયે હલનચલન વિના – આંખનો પલકારો સુધ્ધાં માર્યા વિના – અડોલ આસને નિશ્ચલ બેસીને સમભાવપૂર્વક

ધ્યાન કરવાનું હોય છે. એ રીતે કલાકો સુધી સમત્વ, ધ્યાન અને કાયોત્સર્ગનો અભ્યાસ કરતા સાધક એક પછી એક કર્મની પ્રતરો નિર્જરતો જાય છે. ને ધ્રુવ-નિશ્ચલ-શાશ્વત એવા આત્માના દર્શનનો અનુભવ પ્રાપ્ત કરે છે.

મુક્તિનો એક માત્ર ઉપાય સમતા છે. બાકીનો સમગ્ર ક્રિયાકલાપ સમતાની સિધ્ધિ માટે જ છે.

ત્રણ અક્ષરને ઓળખો બે ગુરૂ લઘુ એક...

સીધી લેતા મોક્ષ છે, ઉલટી દુર્ગતિ દેત...

એ ત્રણ અક્ષર છે 'સમતા' જો સમતાને ગ્રહણ કરો તો મોક્ષ છે ને તેનું ઉલટું કરો તો 'તામસ' તામસ દુર્ગતિમાં ઘસડી જાય છે.

આવી માયાજાળથી ચેતો...

કેટલાક આ સાધનાનો ઉઘાડે છોગે નિષેધ ન કરતાં, ચાણક્યબુદ્ધિ વાપરીને, એ જ સાધનામાં અહીં-તહીં થોડા ફેરફાર કરીને, એ અધકચરી સાધનાને 'જૈન સાધના'ના લેબલ સાથે વહેતી મૂકે છે. તો બીજા કેટલાક ધર્મનેતાઓ, કશા જાત-અનુભવ વિના, કેવળ પુસ્તકીય માહિતીના આધારે, કોઈક પ્રક્રિયા ઘડી કાઢી 'જૈન પ્રક્રિયા' તરીકે આગળ કરી મુગ્ધજનોને આકર્ષવાનો પ્રયત્ન કરે છે. આવી સોનેરી જાળથી ચેતો. વિપશ્યના સાધના શીખવી હોય, તેનો લાભ મેળવવો હોય તો તેના કેન્દ્ર પર જઈ દસ દિવસની શિબિર ભરી તેના શુદ્ધ સ્વરૂપમાં શીખો. બાકી ફાયદો નથી.

બે વર્ષ પહેલાં એક ભાઈ જે ક્યારેક ક્યારેક મારા પ્રવચનમાં આવતા તે મને રસ્તામાં ભેગા થઈ ગયા. મને કહે ''બેન મારે દીક્ષા લેવી છે...'' મેં કહ્યું, ''બહુ સરસ... આનંદ થયો... પણ મારી એક વાત માનશો?'' તો કહે ''હા બેન જરૂર'' મેં કહ્યું, દીક્ષા લેતા પહેલા વિપશ્યનાની એક શિબિર કરી આવો. શું સાધના છે તે શીખી આવો... પછી તમને કદાચ એ ચાન્સ ન મળે તો ખરેખર જે કરવાનું છે તેનાથી વંચિત રહી જશો. ને જો આ સાધના શીખ્યા પછી દીક્ષા લેશો તો તમે તમારો તો ઉધ્ધાર કરશો પણ બીજા કેટલાયનો કરી શકશો. પણ યાદ રાખજો જેવા શુદ્ધ સ્વરૂપમાં શીખો તેવાજ શુદ્ધ સ્વરૂપમાં આગળ સાધના ચાલુ રાખજો... જો તેમાં કાંઈ પણ ભેળસેળ કરી 'જૈન'ના નામે મુકવાનો પ્રયત્ન કર્યો તો શું થશે ખબર છે? લોકોને એનો લાભ મળશે નહિ એટલે લોકો તેને છોડી દેશે. ને માંડ માંડ બે હજાર વર્ષે પાછી ફરેલી આપણી વિદ્યા ફરી પાછી લુપ્ત પ્રાયઃ થઈ જશે... એ ભાઈને મારી વાત બરાબર મગજમાં બેઠી. આ પહેલાં પણ એક-બે પ્રવચનમાં મેં આ વિષય પર પ્રકાશ પાડેલો. એટલે એમના ધ્યાનમાં તો હતું જ. તે ભાઈ તેમના પત્ની સાથે શિબિર કરી આવ્યા. શિબિર સમાપન પછી એમનો પ્રથમ ફોન મને આવ્યો કે ''બેન હું ખૂબજ ખુશ છું. મારો આનંદ શબ્દમાં વર્ણવી શકું તેમ નથી. જો તમે આગ્રહ કરી મને સાધના શિબિરમાં ન મોકલ્યો હોત તો મારૂં જીવન મારી દીક્ષા અધૂરી રહી જાત. ચારિત્ર લઈને ઓછામાં ઓછું એક વરસ સુધી આવું આર્યમૌન ધારણ કરી, જનસંપર્કથી દૂર રહી જો આ સાધના કરવામાં આવે તો સમ્યક્ દર્શનની પ્રાપ્તિ માટે સાચી દિશામાં પગલું ભરાય ને પૂર્વસંચિત કર્મોનો જથ્થો ઓછો હોય તો, અથવા આગલા કોઈ જન્મોમાં સાધના કરીને આવ્યા હોય તો સમ્યક્દર્શન પ્રાપ્તિ આ કાળમાં પણ થઈ શકે છે. મનુષ્ય જન્મ લઈને પ્રથમ કાર્ય સમ્યક્દર્શનની પ્રાપ્તિ માટે કરવાનું છે. એના વગરની બધી જ ક્રિયા-તપ-ચારિત્ર બધું જ ફોક કહ્યું છે. એટલે જ તો કેટલીયે વાર ઓઘા લીધા છતાં આપણો ઉદ્ધાર થયો નથી. એટલે જ તો વર્ષો પૂર્વે લોકો-છોકરાઓને ઘર-સંસાર સોંપી પોતે જંગલમાં રહી, ગુફાઓમાં એકાંત રહી... વિપશ્યના ધ્યાન સાધના કરતાં... એમ કર્મ નિર્જરતા.. નિર્જરતા જો આત્મદર્શન પામી ગયા તો ચારિત્ર ગ્રહણ કરી આત્મકલ્યાણ સાધતા...

- શું આ સાધનાથી રોગ પણ શમી જાય છે?

માનસિક અને શારીરિક અનેક રોગો મનને આધારિત છે. જેને મનોકાયુક (સાયકોસોમેટિક) રોગો કહેવાય છે. ક્રોધ, ભય, ચિંતા, ઈર્ષ્યા, વ્યસન, અહમ્. આ બધા અવગુણોરૂપી મેલ મન પર જામવા ન દેતાં અને જૂના મનોરોગોને દૂર કરતાં રેહવું એ વિપશ્યના છે. મન નિર્મળ થતાં-વિકારવિહીન બનતાં તેના આનુષાંગિક પરિણામરૂપે અનેક માનસિક-શારીરિક રોગો આપોઆપ દૂર થાય છે. સાધક જો રોગોના ઉપચારના પર્યાય તરીકે વિપશ્યનાઓમાં જતો હોય તો તેણે એ સમજવું કે વિપશ્યના સાધના અધ્યાત્મ (શુદ્ધ ધર્મ)ની સાધના છે, જેના પરિણામે અનેક રોગોમાં લાભ (ફાયદો) થોડાઘણાં અંશે થતો હોય છે. પરંતુ કોઈ પણ વ્યક્તિએ શરીરના કોઈ રોગના ઉપચાર માટે આ સાધનાનો ઉપયોગ ન કરવો જોઈએ. એ તો આ સાધનાની આડપેદાશ (બાયપ્રોડક્ટ) છે. મૂળ ઉદ્દેશ તો અધ્યાત્મ જ હોવો જોઈએ. સાધક દારૂ, સિગારેટ જેવા વ્યસનોથી પણ બહુધા મુક્ત બને છે.

આપણા ઋષિમુનિઓએ હજારો વર્ષ પહેલાં આ સત્યને પોતાના અનુભવથી જાણ્યું કે મનમાં વિકાર જાગતાં સંવેદના થાય કે આ સંવેદના વિકારને વધારવાનું કારણ બને છે. પણ જો તેને દૃષ્ટાભાવે / તટસ્થભાવે / સમતાભાવે અનુભવવામાં આવે તો તેનું બળ ઘટવા માંડે છે.

આચાર્ય શ્રી સત્યનારાયણ ગોએન્કાજી મસ્તકના દુઃખાવાના નિમિત્તે આ સાધના પ્રત્યે ખેંચાયા. દેશવિદેશના નામચીન દાક્તરો જેમાં નિષ્ફળ ગયેલા તે શીરદર્દ આ સાધનાથી શમી ગયું એટલું જ નહિ, તેમની જીવનદૃષ્ટિ પણ બદલાઈ ગઈ. આથી પ્રભાવિત થઈ, ત્યારબાદ લગભગ પંદર વર્ષ સુધી આ સાધના કરતા રહી તેઓ તેમાં નિષ્ણાત થયા. તેમના ગુરુજીએ તેમને આચાર્યપદે નિયુક્ત કર્યા અને આદેશ આપ્યો કે ભારતભૂમિની આ સાધના ભારતમાં ફરી પ્રસરે તે માટે ત્યાં જઈ તેનું શિક્ષણ આપો. તદનુસાર તેઓ

સને ૧૯૬૯થી તેની શિબિરો યોજી એ કલ્યાણકારી સાધનાનો પ્રસાર કર્યો.

ઈ.સ.૧૯૭૩માં ભદ્રેશ્વર તીર્થમાં યોજાયેલ શિબિરમાં સર્વ પ્રથમ ઘણાં જૈન સાધુ-સાધ્વીજીઓ – દશેક મુનિરાજો અને વીશ-બાવીશ મહાસતીજીઓ – એક સાથે વિપશ્યના શિબિરમાં જોડાયાં. ત્યારબાદ જૈનોમાં તેનો પ્રસાર વધતો રહ્યો છે. આચાર્યશ્રી તુલસી ગણિએ પોતાના સાધુ-સાધ્વીઓને આ સાધનાનો લાભ મળે તે માટે દિલ્હી તેમજ લાડનુમાં તેમના ધર્મપરિવાર માટે ખાસ શિબિરોનું આયોજન કરાવેલું. રાજગૃહીમાં રાષ્ટ્રસંત ઉપા. અમરમુનિએ પણ આ શિબિરનો લાભ મેળવ્યો. આ રીતે, ઘણાં મત-પંથના ગુરુઓએ તેમજ જૈન સાધુ-સાધ્વી-મહાસતીજીઓએ પણ આ શિબિરોમાં જોડાઈ તેનો લાભ લીધો છે.

કિંતુ, આવી ઉત્તમ કોટિની સાધનાનો જૈન સમાજના એક વર્તુળમાં વિરોધ પણ એટલો જ થઈ રહ્યો છે. ઘણાં સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ તેનો સખ્ત વિરોધ કરે છે. કારણ એટલું જ કે ''આ બુદ્ધધર્મની સાધના છે'' – તેમાં 'બુદ્ધ'નું નામ આવે છે! પણ 'બુદ્ધ'નો અર્થ ગૌતમ સિદ્ધાર્થ નામની વ્યક્તિ નહીં પણ 'જેણે બોધિ પ્રાપ્ત કરી છે / જ્ઞાન પ્રાપ્ત કર્યું છે તે બુદ્ધ' – એવો છે. આપણે નમુત્થુણંમાં 'સયં સંબુધ્ધાણં... બુધ્ધાણં બોહયાણં' બોલીને અરિહંત પરમાત્માની સ્તુતિ કરીએ જ છીએ ને!! પણ અહીં 'બુદ્ધ' શબ્દથી ભડકી ઊઠી, સમભાવની ખીલવટમાં અતિ ઉપયોગી એવી આ સુગમ અને નિર્દોષ સાધનાથી વંચિત રહીએ છીએ! આ સાધનાનો વિરોધ કરનારને મારૂં નમ્ર નિવેદન છે કે પહેલાં બે-ત્રણ શિબિરોમાં જઈ એનો જાત અનુભવ લો તે વિના, સાંપ્રદાયિક મમત્વ વશ એનો વિરોધ ન કરો. ખરેખર તો આપણે જે ધ્યાન સાધના ગુમાવી બેઠા છીએ તે વિપશ્યનાના અભ્યાસ દ્વારા પુનઃપ્રાપ્ત કરી શકીશું.

આ સાધના સાધકોને પચે તો મનની તમામ કડવાશ દૂર થઈ જાય, કોઈ પ્રત્યે દ્વેષ, ધિક્કાર કે ધૃણા – તિરસ્કાર ના રહે. મારી તો દૃઢ માન્યતા છે કે આ સાધના અપનાવવાથી જૈનોને ખૂબ જ લાભ થશે, સંપ્રદાયવાદ નાબૂદ થશે અને સમાજમાં અપૂર્વ શાંતિ સ્થપાશે.

મનને શુદ્ધ કરવાની આ કળા મુનિરાજો પ્રાપ્ત કરે તો, એ ગુરુવર્યો દ્વારા શ્રાવક-શ્રાવિકાઓ પણ આ સાધનાનો લાભ પ્રાપ્ત કરી જીવનને ધન્ય બનાવી શકે. સાચું સુખ અને સાચી શાંતિ આંતરિક શુદ્ધિ દ્વારા જ મેળવી શકાય છે. આંતરિક શુદ્ધિ વિના બાહ્ય ક્રિયાકાંડો બહુ ફલવાન બની શકતા નથી. પરિવારના બધા સભ્યો દસ દિવસની એકાદ શિબિરમાં જઈ વિપશ્યના સાધના કરતા થાય તો તે પરિવાર ધર્મપરિવાર બની શકે.

જે લોકોએ આ સાધના કરી છે. દરેકનું માનવું રહ્યું છે કે આ સાધના વહેલા શીખવાની જરૂર હતી. વિશ્વભરમાં આશરે ૧૦૦ થી વધુ દેશોમાં દર વર્ષે એક લાખ લોકોથી વધારે લોકો આ સાધનાનો લાભ લે છે. આ સંખ્યા નવા સાધકોની છે. જૂના સાધકો તો વારંવાર લાભ લે જ છે. દસ દિવસની અવધિનું તો કહેવું જ શું!

હવે તો ૨૦, ૩૦, ૪૫ અને ૬૦ દિવસની દીર્ઘ શિબિરો પણ થાય છે.

- વિપશ્યના માટે દસ દિવસ ફાળવવા અઘરૂં પડે છે? આટલો સમય ક્યાંથી લાવવો?

દરેક સારી વસ્તુની કિંમત હોય છે. આપણા શિક્ષણ પાછળ કેટલાં વર્ષો ખર્ચ્યાં? છતાં જીવન જીવવાની કળા શીખી શકતા નથી. ધ્યાનના લાંબા ગાળાના ફાયદા જોઈએ તો તેના માટે ફાળવેલો સમય બિલકુલ ઓછો છે. ધ્યાન કરવાથી આપણું કૌશલ્ય, કાર્યપદ્ધતિ અને કાર્યક્ષમતા સુધરે છે. લાંબો સમય લઈ લેતાં કાર્યો પણ ઓછા સમયમાં થઈ શકે છે. પરિણામે સમય અને શક્તિ બંને બચે છે. ધ્યાન માટે ફાળવેલ સમય તો ખરેખર ગોલ્ડન ઈન્વેસ્ટમેન્ટ છે. વિપશ્યના જીવનને તારનારી સાધના છે. સાચા અર્થમાં જીવન જીવવાની કળા શીખવા માટે દસ દિવસ ઘણાં ઓછા છે.

ટૂંકમાં સર્વજનીન, સર્વદેશીય, સર્વકાલીન, સાર્વભૌમ, બિનસાંપ્રદાયિક ધ્યાન વિપશ્યના જ શાંતિદાયી, આનંદદાયી અને મુક્તિદાયી છે, એવો મારો પોતાનો અનુભવ છે.

- ધ્યાન શીખવાની શરૂઆત ક્યારે કરવી જોઈએ?

સામાન્ય જનમાનસમાં એવી સમજણ વર્ષોથી દૃઢ થયેલી છે કે ''ધ્યાન-ધર્મ એ ઘડપણમાં કરવાના કામ છે.'' આ માન્યતા એ વાતને સિદ્ધ કરે છે કે ધ્યાન વિશેની કેવી ખોટી સમજણ લોકોના મનમાં છે. ધ્યાન તો જીવન જીવવાની કળા છે. તેની શરૂઆત તો જીવનના આરંભ પહેલાં જ એટલે કે બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય ત્યારે જ શરૂઆત થવી જોઈએ. જેથી તેનો લાભ આખા જીવન દરમિયાન મળી શકે.

ચાલો, જીવનનો જેટલો સમય વીતી ગયો તેટલો ગયો, અફસોસ કર્યા વગર હવે 'જાગ્યા ત્યારથી સવાર' માનીને વહેલી તકે આ દિશામાં કદમ ભરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

ડૉ. કનુભાઈ કલસરિયા કહે છે કે હું એક જનરલ સર્જન છું અને શારીરિક વ્યાધિને દૂર કરવા માટે ઓછામાં ઓછા ચાલીસથી પચાસ હજાર ઓપરેશન મેં કર્યા છે. પરંતુ 'મન'નું ઓપરેશન કરીને વિકારોરૂપી વ્યાધિને દૂર કરવાનું 'વિપશ્યના' નામનું ઓપરેશન અનન્ય છે, અદ્ભૂત છે. એની તોલે આવે એવું કોઈ ઓપરેશન મેં જોયું નથી, જાણ્યું નથી.

સાધનાયાત્રાના આરંભની જેમ, એ માર્ગે ઠીક ઠીક પંથ કાપ્યા

પછીયે, સાધનામાં વચ્ચે વચ્ચે ઉતાર-ચડાવ આવે, કોઈ વાર પૂર્વસંચિત બાધક સંસ્કારોનાં પ્રચંડ આંધી-તોફાન પણ જાગે પરંતુ જાગૃતિ અને નિઃકાંક્ષતા એ બેને સથવારે સાધના ચાલુ રહે ત્યાં સુધી વિપશ્યનાના માર્ગે નિષ્ફળતાના કે વિફળતાના જેવું કશું છે જ નહિ; પ્રત્યેક ડગલું સાધકને મુક્તિની નિકટ જ લઈ જનારું છે. સાધનાનું સાતત્ય તૂટે, સાધનામાં ખાડા પડે કે તે બંધ પડે એ જ એકમાત્ર નિષ્ફળતા વિપશ્યનાના પથ પર સંભવી શકે. માટે, સાધકે જીવનની અંતિમ પળ પર્યંત વિપશ્યનામાં ઉત્તરોત્તર અધિક પ્રતિષ્ઠિત થતા જવાના સંકલ્પ સાથે સાધનારત રહેવું ઘટે.

અષ્ટાંગ - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા (એકાગ્રતા), ધ્યાન અને સમાધિ - નો અભ્યાસ પણ વિપશ્યના-શિબિરની અંતર્ગત ઓતપ્રોત છે. શિબિર દરમ્યાન સાધકે શિબિર સ્થળની સીમાની અંદર જ રહી, બહારની દુનિયા સાથે તમામ સંપર્ક - પત્રવ્યવહાર, ટેલિફોન, વૃત્તપત્રો / છાપાં, રેડિયો, ટીવી આદિથી તેમજ હરેક પ્રકારના મનોરંજનથીયે વિમુખ બની, અંતર્મુખ રહી રોજ દસેક કલાક વિપશ્યનાનો અભ્યાસ કરવાનો હોય છે. અહીં રહેવાનો, ખાવાનો, એક પણ પૈસો ચાર્જ હોતો નથી. પરંતુ ત્રણેક મહિના પહેલેથી બુકીંગ કરાવવું પડે છે. વિશ્વના બધા જ વિપશ્યના કેન્દ્રો તથા શિબિર વિષેની માહિતી નીચેની લીન્ક પરથી મળશે. (1) www.vridhamma.org (2) www.dhamma.org (3) www.kotadhamma.org.

બધા જ કેન્દ્રો વિશાળ જગ્યામાં, હજારો વૃક્ષોથી આચ્છાદિત, નૈસર્ગિક, શાંત વાતાવરણથી આપ્લાવિત તપોભૂમિમાં વસેલા છે.

જીજ્ઞાસુ સાધકોને મારો અનુરોધ છે કે ''વિપશ્યના ડૉક્ટર્સની દૃષ્ટિએ'' એ પુસ્તક જેની ત્રણ લાખ ઉપર પ્રત છપાઈ ચૂકી છે તે લાવીને જરૂર વાંચી જવી તેને માટે

મુંબઈ - શ્રી નિતેશભાઈ કોઠારી - ૦૨૨ ૨૨૮૭૧૬૯૪,

ભાવનગર - મોહનભાઈ : મો.૯૮૨૪૮૮૨૩૩૧,

ડૉ. સુચકસાહેબ - મો.૮૭૫૮૩૭૧૭૧૭

બીજું એક પુસ્તક : 'મુક્તિપથ વિપશ્યના' મુનિશ્રી અમરેન્દ્રવિયજી લિખિત આ પુસ્તક પણ જરૂર વાંચવું.

તેને માટે,

શ્રી દિનેશભાઈ દેઢિયા - ૦૨૨ ૨૪૩૨૧૫૯૯ (દાદર વેસ્ટ),

શ્રી જયંતભાઈ ગંગર - ૯૩૨૨૪૦૦૦૭૧ (કુર્લા વેસ્ટ)

હમણાં જ એક ભાઈનો ફોન આવ્યો કે ... બધું જ વિપશ્યના સાધનાની જેમ... મૌન, વચન-કાયાની સ્થિરતા બધું જ બરાબર હોય પણ એકદમ અંતરમાં ઈષ્ટદેવનું સ્મરણ ચાલુ હોય તો કર્મની નિર્જરા થાય કે નહિ? ના થાય. કેમકે મનથી કર્માનો આશ્રવ ચાલુ છે. ભલે શુભકર્મનો આશ્રવ છે, પરંતુ નિર્જરા તો નથી. પુણ્યનો બંધ પડે, પરંતુ જો સમ્યક્દર્શનની પ્રાપ્તિ નથી થઈ ત્યાં સુધી ૯૫ ટકા અનુબંધ પાપનો પડે તે પાછો સંસારમાં રખડાવે. એટલે ગોળ ચક્કર ફરીને પાછા હતા ત્યાં ને ત્યાં. પણ સમ્યક્દર્શનની પ્રાપ્તિ પછી બાજી આખી પલટી ખાઈ જાય... બંધ પાપનો હોય કે પુન્યનો, ૯૫ ટકા અનુબંધ પુન્યનો જ પડે. જે ક્રમે ક્રમે મોક્ષ સુધી પહોંચાડે...

Now choice is yours. આવો મહામૂલો માનવભવ, તત્ત્વની સમજ, કેવલી પ્રરૂપિત ધર્મ, સાધના કરવાની સંપૂર્ણ સગવડ, બધું જ પ્રાપ્ત થયા છતાં એનો ઉપયોગ કરી... મુક્તિ તરફ ડગ ભરવા છે કે અનંતા અનંત જન્મો સુધી પાછા તિર્યંચ, નારકી, એકેન્દ્રિય જેવા ભવોમાં રખડવા ચાલ્યા જવું છે? આ જન્મમાં ભલે નેતા હો કે અભિનેતા... મોદી હો કે અમિતાભ... જો સાધના ન કરી, સમ્યક્દર્શન માટેનો પ્રયત્ન ચાલુ ન કર્યો તો થોડા સમયમાં આ ખોળિયું છોડી દઈ... અનંતા ભવો સુધી દુર્ગતિના ચક્કર ખાવાના છે. એટલે જ કહું છું. તમારા આત્માને જુદા જુદા ખોળિયામાં ઘાલી સાગરોપમને પલ્યોપમના વર્ષો સુધી કુટાવા દેવો છે કે પછી એને મુક્તિના આનંદમાં મ્હાલવા દેવો છે. Choice is yours.

સંસાર ભ્રમણનું કારણ મન છે; મુક્તિનું કારણ પણ મન છે. માટે પ્રત્યેક મુમુક્ષુ પોતાના મનને નિર્મળ બનાવે, ચિત્તને શુદ્ધ કરે, સાધના દ્વારા રાગ-દ્વેષની પકડમાંથી મુક્ત બને એવી આંતરિક ભાવના.

(સુબોધીબેન મસાલીઆ દ્વારા ચાર પ્રકારના ધ્યાન વિશે જુઓ આવતા અંકે)

❑❑❑

૧૯, ધર્મપ્રતાપ અશોક નગર, દામોદરવાડી, કાંદિવલી (ઈસ્ટ)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ એડ્રેસ લીસ્ટ અપડેટ કરી રહ્યા હોવાથી, વાચકોને વિનંતી છે કે આપનું નામ, નંબર, અને ગ્રાહક નંબર અમને જાણ કરશો. જેથી અમે આપના સંપર્કમાં આવી શકીએ. આપ અમને અમારા નવા મોબાઈલ પર મેસેજ અથવા ફોન કરીને તમારી વિગત જાણ કરી શકો છો.

**મો. નં. ૯૧૩૭૭૨૭૧૦૯**

**સ્થળાંતર થયેલ ઑફીસ**
**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**
૯૨૬, પારેખ માર્કેટ,
૩૯, જે. એસ. એસ. રોડ, કેનેડી બ્રિજ,
ઑપરે હાઉસ, મુંબઈ-૪૦૦ ૦૦૪.
મોબઈલ : ૯૧૩૭૭૨૭૧૦૯
પત્ર વ્યવહાર ઉપરોક્ત ઑફીસ પર જ કરવો.

# શ્રી ભક્તામર સ્તોત્ર : આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

### શ્લોક-૨ ઈન્દ્ર પૂજ્ય જિનેન્દ્ર

યઃ સંસ્તુતઃ સકલ વાઙ્મય તત્ત્વબોધા।

દુદ્ભૂત બુદ્ધિ પટુભિઃ સુરલોક નાથૈઃ।।

સ્તોત્રૈ ર્જગત્ ત્રિતય ચિત્તહરૈરુદારૈઃ

સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્।।૨।।

**ભાવાર્થ :** હે ત્રિજગત ચિત્તહારક! સર્વ શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનને જાણવાથી ઉત્પન્ન થયેલી કુશાગ્ર બુધ્ધિ વડે દેવોના સ્વામી ઈન્દ્રમહારાજાએ ત્રણેય જગતના ચિત્તનું હરણ કરનારા અને મહાન અર્થ ગંભીર સ્તોત્ર વડે જેમની સ્તુતિ કરી છે એવા પ્રથમ તીર્થંકર આદિનાથ ભગવાનની હું પણ સ્તુતિ કરીશ.

**વિવેચન :** આ શ્લોકમાં સ્તુતિકાર આચાર્ય માનતુંગજીએ પોતાનો સંકલ્પ દર્શાવ્યો છે. જે સમયે તેઓ સંકટમાં હતા-બેડીના બંધનમાં હતા ત્યારે દ્રવ્ય-ભાવ બંધનથી મુક્ત બનેલા પરમાત્મા પાસેથી આધ્યાત્મિક શક્તિ પ્રાપ્ત કરવા માટે તેમ જ ભાવ મંગલની પ્રાપ્તિ માટે મન, વચન અને કાયાની એકરૂપતા સાધી પોતાના ઈષ્ટદેવને નમસ્કાર કરે છે અને વિનયપૂર્વક તેમની સ્તુતિ કરવા માટેનો સંકલ્પ કરી તત્પર બને છે.

શાસ્ત્રોના તત્ત્વ વડે જ્ઞાનથી ઉત્પન્ન થયેલી કુશાગ્ર બુધ્ધિ વડે દેવોના સ્વામી ઈન્દ્રમહારાજ જ્યારે નમ્રપણે પ્રભુની સ્તવના કરે છે ત્યારે સમવસરણમાં બેઠેલા ત્રણે લોકના જીવો આશ્ચર્યચકિત બની જાય છે, મંત્રમુગ્ધ બની જાય છે. આદિનાથ પ્રભુનો મહિમા નિહાળીને કેટલાંક ભવ્ય આત્માઓની મિથ્યાદષ્ટિ દૂર થાય છે. સમ્યક્દર્શન પામે છે. મનના સંકલ્પ-વિકલ્પ દૂર થાય છે. આત્મા વાસ્તવિક રીતે આનંદનો અનુભવ કરે છે.

હંમેશા મુક્ત બનેલાં જ મુક્ત બનાવી શકે. એ ન્યાયે બંધનમુક્ત બનવા, મુક્ત એવા પરમાત્માનું શરણું જ લેવું પડે. આપણો આત્મા પણ આઠ કર્મ અને તેની ૧૪૮ ઉત્તરપ્રકૃતિરૂપે બંધનથી બંધાયેલ છે. તે બંધનથી મુક્ત થવા સર્વોત્તમ અને સરલ ઉપાય જો કોઈ હોય તો તે છે પરમાત્માના ચરણોમાં સમર્પણ...સમર્પણની ત્રણ શરતો છે. (૧) આજ્ઞાપાલન (૨) પરમાત્મા પ્રત્યે અથાગ પ્રીતિ અને (૩) પરમાત્મા પ્રત્યે અડગ શ્રધ્ધા. આવું સમર્પણ જ્યારે દિલમાં પ્રગટે ત્યારે ''જેના શરણે જઈએ તેના જેવા થઈએ.'' આ ઉક્તિ અનુસાર સ્વયંનો આત્મા જ પરમાત્મા સ્વરૂપ બની જાય છે. અષ્ટકર્મના બંધનથી મુક્ત બની જાય છે. એવા ભક્તના દ્રવ્ય બેડીનાં બંધન તૂટી જાય એમાં શું આશ્ચર્ય ગણવું?

ભક્ત જ્યારે ભક્તિમાં ભાવ વિભોર બની જાય છે. જ્યારે તેની પરાકાષ્ઠા ચરમ સીમાએ પહોંચે છે ત્યારે તે સ્તુત્યને આત્મસાત્ કરી લે છે. ત્યારે જગતનું વિસ્મરણ...અને ફક્ત આત્માનું સ્મરણ...ભગવાન આદિનાથ તો આ અવસર્પિણી કાળના ત્રીજા આરામાં થયા છે. જ્યારે આચાર્યશ્રી માનતુંગજી પંચમ આરામાં થયા. તેમની વચ્ચે અસંખ્ય વર્ષોનું અંતર હોવા છતાં. ભગવાન જાણે પોતાની સામે પ્રત્યક્ષ સાક્ષાત બિરાજમાન હોય એવું માની તેઓ અદ્ભુત ભાવોથી સ્તુતિ કરે છે. એટલું જ નહિ પણ સમ્યક્ પ્રકારે પ્રણમીને સ્તવના કરે છે. એકલા શબ્દો કે રાગાદિ નહિ પણ ઉપયોગપૂર્વક, સમજણપૂર્વક વીતરાગના ગુણોને પ્રગટ કરી જિનેન્દ્ર દેવની સ્તુતિ કરવાનો દૃઢ સંકલ્પ કરે છે.

જે સાધક તન્મયતાથી પ્રભુ સ્તુતિ કરે છે. તે સાધક પરમાત્માનો સાક્ષાત્કાર કરે છે. તે જ ખરી પ્રભુભક્તિ કહેવાય. જેમ કે વજ્રભૂમિમાં ભક્તિની લગનમાં સાન-ભાન ગુમાવીને ફરતી મીરાંને સાક્ષાત શ્રીકૃષ્ણના દર્શન થયા.. એવી જ રીતે પ્રભુભક્તિમાં લીન બની ગયેલ રાવણની વીણાનો એક તાર તૂટી ગયો હતો ત્યારે ભક્તિનાં રંગમાં ભંગ ન પડે એટલે રાવણે પોતાની નસ ખેંચી તારની જગ્યાએ ગોઠવી દીધી. ભક્તિના આ ઉત્કૃષ્ટ રસમાં રાવણે તીર્થંકર નામકર્મ બાંધી લીધું. ખરેખર? જઘન્ય રસ આવે તો પણ અનંત કર્મોની નિર્જરા થાય છે.

પ્રભુભક્તિમાં તન્મયતા કે એકાગ્રતા હોય છે ત્યારે બીજી કોઈ વાત યાદ આવતી જ નથી. વ્યક્તિ એકરસ બની જાય છે. જેમ સાકર દૂધમાં ઓગળી જાય છે પછી પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી શકતી નથી, સાગરમાં નદી ભળી જાય. પછી પોતાનું અલગ અસ્તિત્વ ટકાવી શકતી નથી. તેમ સાધક પણ પ્રભુમય બની જાય છે, તેનું અસ્તિત્વ અલગ હોતું નથી. જેને વીતરાગ પ્રત્યે અહોભાવ હોય તે પ્રભુમાં એકરસ બની જાય છે.

આ જગતમાં જેટલા પણ મહાન આત્માઓ છે તે બધા જ આદિનાથ આદિ તીર્થંકરોની જ સ્તુતિ કરે છે. ઉપાસના કરે છે. કારણ કે સહુનાં આરાધ્ય દેવની સ્તવનામાં જ મોક્ષના મંત્રો સમાયેલાં છે. માટેજ આરાધ્ય દેવનું શરણ સ્વીકારે છે.

શ્રી માનતુંગ આચાર્ય પ્રભુ સ્તુતિમાં એવાં તલ્લીન બની ગયા છે કે વસ્તુ, સ્થળ આદિનું ભાન ભૂલીને આદિનાથમય બની ગયાં છે. આ સ્તુતિમાં ભાવોની ભરતી લાવીને આદિનાથને સંબોધીને સ્તુતિ કરતાં કહે છે કે, મનને આનંદ આપનાર વિસ્તૃત સ્તોત્ર દ્વારા ઈન્દ્રમહારાજ પ્રભુના જન્મ આદિ પાંચેય કલ્યાણક સમયે સ્તુતિ

કરે છે, તેમાં જેટલો અહોભાવ અને ભક્તિ દેખાય છે, તેથી પણ વિશેષ અહોભાવભરી સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો છે.

ૠદ્ધિ : ૐ હ્રીં અર્હં ણમો ઓહિજિણાણં।

મંત્ર : ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં નમઃ

વિધિ : કાળાવસ્ત્ર પહેરી, કાળી માળા લઈ, કાળા આસન પર પૂર્વ દિશા તરફ મુખ કરી દંડાસનમાં એકવીસ અથવા ત્રીસ દિવસ સુધી પ્રતિદિવસ એકસો આઠવાર અથવા સાત દિવસ સુધી એક હજાર વાર ૠદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરવામાં આવે છે.

લાભ : આ સ્તોત્ર, ૠદ્ધિ તથા મંત્રના જાપ કરવાથી અને પાસે યંત્ર રાખવાથી દૃષ્ટિબંધ દૂર થાય છે. નજરબંધીના દોષો દૂર થાય. તેમ જ શત્રુ તથા મસ્તકની પીડા નાશ પામે છે.

ક્રમશઃ

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન, લાલબાગ,
મુંબઈ - ૪૦૦ ૦૧૨.
મો. ૯૮૯૨૮૨૮૧૯૬

# મા

**દક્ષા એમ. સંઘવી**

૨ વર્ષના વહાણાં વહી ગયા માને આ ફાની દુનિયા છોડી ગયે પણ હજી આજેય માની યાદ અકબંધ છે.

કામ કરતાં કરતાં માની યાદ આવે. થાય આ ટેવ તો માએ પાડેલી. તેનાથી કેટલી સરળતા રહે છે! મા બાળકોને સો વાર ટપારે ત્યારે બાળકમાં એક ટેવ પડતી હોય છે. જે આજે સમજાય છે તેણે પાડેલી ટેવ માટે વારેવારે તેને નમન કરવાનું મન થાય છે. મા કહેતી, ''વાસણ હંમેશાં ઊંધાં પાડો જેથી અંદર હવા જાય ને વાસણ સુકાઈ જાય. ઊંધું વાસણ તો આખી રાત જશે તોય અંદરથી ભીનું જ રહેશે. એક રૂમમાંથી બીજા રૂમમાં જાવ ત્યારે ધ્યાનમાં રાખો કે કઈ વસ્તુ એક રૂમની બીજા રૂમમાં પડી છે એને એની જગ્યાએ લઈ જાવ જેથી ઘર સાફ કરતી વખતે એટલો સમય બચે. રાત્રે સૂતાં પહેલાં બીજા દિવસે બહાર જતાં લઈ જવાની વસ્તુ અને કપડાં તૈયાર કરીને સૂઈ જાવ જેથી બીજા દિવસે જવાના સમયે વસ્તુની શોધમાં સમય ન બગડે. અચાનક કોઈ મહેમાન આવે કે બીજું કામ આવે તો પણ તમારાં કામમાં બાધા ન આવે.

ચા બનાવતી વખતે સાણસી પકડીને ઊભાં ન રહો. ચા થાય ત્યાં સુધીમાં નાસ્તાની પ્લેટ તૈયાર કરો. આ બધી ચીવટ નહીં રાખો તો કામ ન છોડે તમને અને તમે ન છોડો કામને, જેવી વાત થશે. વધારાની પ્રવૃત્તિ કરવા માટે સમય નહીં રહે. અમારી ઝડપ જોઈ મિત્રવૃંદ પ્રસંશા કરે ત્યારે માથું માના ચરણોમાં ઝૂકી જાય. મારી સખી કહેતી, ''તારી મા અમુક રીતે કામ કરવાનું કહે ત્યારે કારણ પણ કહે એટલે એમ કરવું ગમે. સખીઓએ આ વાત કરેલી ત્યારે માની આ ખાસિયત મારા ધ્યાનમાં આવેલી. મા કહેતી કે સ્ત્રીએ પંદર દિવસે મહિને તો રસોડામાં હાથફેરો કરવો જ જોઈએ, જેથી કોઈ વસ્તુમાં જીવજીવાત પડી હોય કે વસ્તુ બગડી ગઈ હોય તો ખ્યાલમાં આવે. કણીક તો એવી સરસ મસળતી મુલાયમ કરતી કે જોતા જ ખબર પડી જાય કે આજે માએ કણીક બાંધી છે અને અમને પણ સમજાય કે આવી કણીક બાંધેલી રોટલી ખાવાની મજા પણ જુદી જ.

માને મન દરેક વ્યક્તિ એક સરખી જ. તેના વર્તનમાં અમે ગરીબ અને તવંગર, ભણેલા, અભણ. નામી કે અનામી વ્યક્તિ વચ્ચેનો ભેદ પડતાં નથી જોયો. એટલે દરેક વ્યક્તિ માટેનો અમારો પ્રેમ પણ આવા ભેદોથી રહિત છે. સાદગી મા પાસેથી વારસામાં મળી છે મારી સમજથી મેં માને કોઈપણ સંજોગોમાં રાત્રી ભોજન કરતાં કે પાણી પીતાં નથી જોઈ કે નથી જોઈ આ અંગે બડાઈ મારતાં. સૂર્યાસ્ત પહેલાં એના ભોજનપાણી પતી જતાં. આત્મશ્લાઘા એના લોહીમાં ન હતી. માનની એને અંશમાત્ર પણ ચાહના ન હતી. મા કહેતી, ''આત્માને વળી માન, અપમાન શું?'' અને કદાચ એટલે જ કોઈ એને કંઈ કહી જાય કે એનું અપમાન કરે ત્યારે સામો જવાબ આપતી નહીં. અમે કોઈના માટે કંઈક કહીએ તો કહેતી, ''એના ભાવે એ કરે એટલે તમારે એવું નહીં કરવાનું. વડીલોને સામો જવાબ આપતા અમને રોકતી. કહેતી ''તમારી ભૂલ ન હોય તોય સાંભળી લેવાનું. સાંભળવાથી કંઈ તમે નીચા નહીં થઈ જાવ.''

મા સ્વચ્છતાની આગ્રહી હતી. મા પાસે પૈસા હતા કે ન હતા બંને પરિસ્થિતિમાં એનામાં કોઈ ફેર નથી જોયો. કોઈ ચીજ વસ્તુ માટે એનામાં આસક્તિભાવ નથી જોયો. દાન એવી રીતે કરતી કે ડાબો હાથ પણ ન જાણે. એક દિવસ બપોરે અમે સૌ સૂઈ ગયેલા. અચાનક મારી આંખ ખૂલી ગઈ. માને મેં નવો સાડલો લઈને સામેવાળા બેનના ઘરમાં જતી જોઈ. મેં પૂછ્યું તો કહે, ''મારો પહેરેલો આપું તો લોકોને ખબર પડી જાય કે મેં આપ્યો છે પણ નવો આપું તો કોઈને ખબર ન પડે.'' ગરીબના સ્વમાનનો તે આટલો ખ્યાલ રાખતી.

અંતિમ વર્ષોમાં મા કહેતી, ''અંદરથી હું ઘસાતી જાઉં છું. હવે અમારે જવાનો સમય આવી ગયો છે, મને કંઈપણ થાય તો દવાખાને નહીં લઈ જતાં.'' હજી અઠવાડિયા પહેલા તો મા મંદિરમાં ચાર ચાર કલાક બેસતી. અઠવાડિયાની માંદગી રહી, એની અંતિમ પળોમાં મા એ ઘરમાં બધાને ખમાવી લીધા. છેલ્લે મામાને માએ

ફોન પર કહ્યું, ''ભાઈ, હું હવે જાઉં છું'' બસ ત્યાર પછી પ્રભુનામ લેતા લેતા માએ ચિરવિદાય લીધી.

હા માને મેં કદી નથી જોઈ ઉપદેશ આપતા કે ચર્ચાઓ કરતી કે નથી જોઈ માને કૃતત્વપણાના બોજ નીચે દબાતી. માના દરેક કાર્યમાં મને થયા છે સહજતાના દર્શન.

મા જેવો નિઃસ્વાર્થ પ્રેમ તો દુનિયામાં બીજા કોનો હોઈ શકે?

શાળામાં એક અંગ્રેજી કવિતા ભણેલાં જેનો મર્મ થોડો ઘણો યાદ છે. જે અહીં વ્યક્ત કરું છું - વૃદ્ધો હવે મૃત્યુના આરે પહોંચ્યાં છે. જીવનમાં ઘણું બધું સહન કર્યું છે. હવે એમને એકપણ કર્કશ શબ્દ ન કહેશો. એમની સાથે પ્રેમ અને માનથી વર્તો.

અરે! હા હજી આજે પણ એ દિવસો તાદશ્ય થાય છે. માને પાટલો લઈને બેઠેલી જોઉં ત્યારે હું બોલતી, મારી માને પાટલા વગર ન ચાલે. આ સાંભળી એકવાર બાજુવાળા માસીએ કહ્યું, ''બેટા, અમુક ઉંમર પછી સાવ નીચે બેસવાનું આકરું પડે છે. ઉભા થતાં પણ વાર લાગે એટલે પાટલાની જરૂર પડે.'' તે દિવસ પછી ગાંઠ વાળેલી કે માનું વાણીવર્તન ન સમજાય તો પૂછી લેવાનું, માની વાતને અનુસરવાનું પણ મનઘડત અર્થઘટન નહીં કરવાનું.

મા બાપના નિઃસ્વાર્થ પ્રેમભાવને સમજીએ એ ભાવના સાથે માના ચરણએમાં શત શત વંદન. દરેક માના ચરણોમાં શતશત વંદન.

❑❑❑

૯૪૨૯૨૧૦૪૫૮

જીવનપંથ : ૯

# મા, માતૃભાષા ને માતૃભૂમિ

ડૉ. ભદ્રાયુ વછરાજાની

નાનો હતો ત્યારથી કોઈના મહેમાન બનીને ક્યાંક જવાની અદમ્ય ઈચ્છા રહેતી. મોસાળ ગામમાં જ હતું તેથી તે અદમ્ય ઈચ્છા પૂર્ણ ન થઈ. ભાગ્યે જ ક્યાંક રાત રોકાયો હોઈશ... મોટો થયો ને દેશ છોડીને પરદેશ જવાના અભરખામાં પેલી ઈચ્છા પરિવર્તિત થઈ અને પરદેશ જવાનું પણ બહુ શક્ય ન બન્યું. હમણાં હમણાં જીવને જ્યારે વનપ્રવેશ કર્યો ત્યારે થાઈલેન્ડ જવાનું બન્યું. મારાં માર્ગદર્શનમાં ડૉક્ટરેટ કરનાર ચાર થાઈસ્ટુડન્ટના આમંત્રણથી દસેક દિવસ ભારત છોડવાનું બન્યું... જતી વખતનો ઊમળકો પેલી બચપનની ઈચ્છાના ઉછાળા જેવો હતો, પરંતુ પાછા ફરતી વખતે આપણા દેશના દીવા જોયા ત્યારે હાશકારો થયો અને તેમાંય વતનની ધરતી પર પગ મૂક્યો ત્યારે જીવ હેઠો બેઠો... માતૃભૂમિની તલપ અને તડપનો અહેસાસ મેં જીવનમાં પહેલીવાર વનપ્રવેશ પછી કર્યો, તે જ દર્શાવે છે કે માતૃભૂમિની ગોદમાં ભરાઈ બેસવું મને કેટલું વ્હાલું છે?

માધ્યમિક શિક્ષક હતો અને વિજ્ઞાન ભણાવતો હતો ત્યારે શિક્ષકો માટેની સંસ્કૃત વક્તૃત્વ સ્પર્ધામાં ભાગ લેવાનું સાહસ કરેલું! ઘરમાં દાદા અને પિતાશ્રીને મોટે મોટેથી સંસ્કૃતમાં શ્લોકો બોલતા સાંભળેલા, તેટલું ભાથું અને જૂના મેટ્રિકમાં સંસ્કૃત તો (અણસમજણથી) છોડી દીધેલું! છતાં ઝંપલાવ્યું. સરસ સ્ક્રીપ્ટ લખાવી, કડકડાટ તૈયાર કરી ફાંકડું બોલ્યો, જિલ્લામાં પ્રથમ વિજેતા થયો. વિજ્ઞાન શિક્ષક થઈને સંસ્કૃત વાક્સ્પર્ધામાં વિજેતા થયો તેનું સૌ કોઈને અને વિશેષ તો મને આશ્ચર્ય હતું... બસ, એ સમયે માતૃભાષાનું મૂલ્યવર્ધન થયેલું... એટલું તારતમ્ય કાઢેલું કે, 'જે સમજીએ તે બોલી શકીએ તે માતૃભાષા અને જે બોલ્યા પછી સમજીએ તે પરભાષા...' ગમે તેટલા મોટા થઈએ કે ઉંમરલાયક થઈએ તો પણ રૂદન તો આપણો નિજી ભાવ, અંગત માલિકીની જાગિર... નાની કે મોટી ઠેસ વાગે ને સહજતાથી રડી પડાય ત્યારે જે વાચા આપમેળે કશા જ શણગાર વગર સ્ફુરે તે માતૃભાષા...

કોણ જાણે કેમ, 'મા' શબ્દ જેટલો સમજાયો છે, તેટલો તેનો ભાવ અનુભવાયો નથી! જન્મ્યો ત્યારથી સાચુકલી 'મા'ને માંહ્યલો શોધ્યા કરે છે, કદાચ આ જન્મ એ શોધ અધૂરી રહે... પણ એક વાત મનમાં બરાબર ઘર કરી ગઈ છેઃ નાનકડાં બાળકોને તેના ટીચરે કહ્યું કે, 'મા' એટલે કોણ? આ પ્રશ્નનો જવાબ તમને જેવો આવડે એવો લખો... મારા જેવી 'મા'ની શોધ કરતા એક બાળકે સરસ જવાબ લખ્યોઃ

અમે ઘરના પાંચ જણ જમવા બેસીએ અને રોટલીના ડબ્બામાં ચાર જ રોટલી છે તેવી ખબર પડે ત્યારે જે એમ કહે કે, મને આજે ભૂખ નથી, તે મારી 'મા'!!

આવું કહેનારી, પણ જન્મદાત્રી ન હોય તેવી 'મા' તો ઘણીય મળી છે અને એ જ તો જિંદગીનું કદિ ન ખૂટનારું બેંક બેલેન્સ છે!! શ્રી માઈમંદિર સંપ્રદાયમાં માંને બધી જ પ્રાર્થના કરી લીધા પછી છેલ્લે કહેવામાં આવે છે, તે મને પરમ સત્ય લાગે છે... તે શબ્દો છેઃ તે પવિત્ર અને દિવ્ય શબ્દો છે :

'મારી મા જ્યારે બીજું કોઈ નથી!!'... આ સાંભળ્યા પછી કઈ મા પોતાના બાળકથી દૂર રહી શકે? મેરે મનકે અંધ તમસમેં જ્યોર્તિમયી ઉતરો...

❑❑❑

મો. ૦૯૮૯૮૯૨૦૩૩૩ /ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com
સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.

ગાંધી વાચનયાત્રા

# રામનામ : નીતિ, અધ્યાત્મ અને રાષ્ટ્રસેવા

સોનલ પરીખ

સેરેસોલ : આ એકની એક વસ્તુ ફરી ફરી ગવાય તે મને રુચતું નથી.

ગાંધીજી : પણ તમારા ગણિતમાં પુનરાવર્તી દશાંશ હોય છે ને !

સેરેસોલ : પણ દરેક દશાંશ ફરી ફરી આવે છે ત્યારે નવી જ વસ્તુ સૂચવે છે.

ગાંધીજી : એ જ રીતે દરેક જપમાં નવો અર્થ હોય છે. દરેક જપ માણસને ઇશ્વરની વધારે નજીક લઇ જાય છે.

સેરેસોલ : પણ સામાન્ય માણસને માટે એ પોપટિયા ગોખણ થઇ જાય છે.

ગાંધીજી : સાચું, પણ સારામાં સારી વસ્તુનો દુરુપયોગ થવાનો સંભવ રહે જ છે. ગમે તેટલા દંભને માટે અવકાશ છે ખરો, પણ દંભ એ સદાચારની સ્તુતિ જ છે ને ! અને દંભી માણસો મળે તેમ સામે સરળ જીવો પણ મળે જેમને નામરટણમાંથી આશ્વાસન મળતું હોય. આપણે નિરંતર પૂર્ણતા માટે મથ્યા કરીએ છીએ. ઇશ્વર એકલો પૂર્ણ છે, મનુષ્ય કદી પૂર્ણ હોતો નથી.'

આ સાદા સંવાદમાં મહાત્મા ગાંધીએ જપની ખૂબી બતાવી છે. અન્ય એક સ્થળે તેઓ કહે છે, 'મારી તમને સલાહ છે કે તમે સૌ ગમે તે નામથી ઓળખાતા પણ એકમાત્ર સર્વસમર્થ ઇશ્વરની શરણાગતિ સ્વીકારો. પછી કોઇ એક માણસ કે માણસોના સમૂહ સામે તમારી ગરદન નહીં ઝૂકે. હું ઇશ્વરને રામ નામે ઓળખાતા એક પરિચિત સ્વરૂપ સાથે જોડું છું તેમ માનવામાં અજ્ઞાન છે. હું મૂર્તિપૂજક નથી, પણ મૂર્તિપૂજકોનો વિરોધી પણ નથી. ઇશ્વર બધે છે અને બધામાં છે. એ એક શક્તિ છે, તત્ત્વ છે, શુદ્ધ ચૈતન્ય છે, સર્વવ્યાપક છે. આ મહાશક્તિને સૌ જુદા નામે ઓળખે છે. આ રામ જીભેથી ઊતરી હૃદયમાં ને જીવનમાં વસે ત્યારે ચમત્કાર થાય.'

આપણે જાણીએ છીએ કે રામનામ મહાત્મા ગાંધીના જીવન સાથે વણાઇ ગયેલી, તેમના લોહીમાં વસી ગયેલી બાબત હતી. રામનામ વિશેના ગાંધીજીના વિચારો અને અનુભવો 'રામનામ' નામની નાનકડી પુસ્તિકામાં તેમના સાથી ભારતન કુમારપ્પાએ મૂક્યા છે. મૂળ અંગ્રેજી તેમ જ તેનું ગુજરાતી નવજીવને કરેલું છે. નોંધનીય વાત એ છે કે રામનામ વિશેના અનેક લખાણ ગાંધીજીએ મૂળ ગુજરાતીમાં લખ્યા હતાં જેનું અંગ્રેજી કરવામાં આવેલું. આવા લખાણોનું મૂળ ગુજરાતી જ આ પુસ્તિકામાં આપવાની કાળજી નવજીવને લીધી છે.

'બહાદુર સ્ત્રીપુરુષોની જેમ જીવો અને મરો તો જ જીવનની સાર્થકતા છે. રામનામ દિલમાંથી ભયને દૂર કરવાનો જાદુ છે. કેમ કે તે પોતાનામાં, માણસજાતમાં ને ઇશ્વરમાં શ્રદ્ધા જગાડે છે.'

મુશ્કેલી આવે ત્યારે રામનામ લેવાનું ગાંધીજીને બચપણમાં શીખવવામાં આવ્યું હતું. એક સત્યાગ્રહી તરીકે તેમણે સત્યને એટલે કે ઇશ્વરને દિવસના ચોવીસે કલાક વફાદાર રહેવાનું વ્રત ધારણ કર્યું હતું અને અનુભવે એ જોયું હતું કે પોતાની શારીરિક, માનસિક કે આધ્યાત્મિક એમ કોઇ પણ પ્રકારની મુશ્કેલીમાં કાયમ સમાધાન આપનાર ઇશ્વર છે. બ્રહ્મચર્ય અને ઉપવાસથી માંડીને સામાજિક, ધાર્મિક, આર્થિક તેમ જ રાજદ્વારી ક્ષેત્રોમાં નવો ચીલો પાડનાર એકાકી યાત્રી તરીકે એમને ભાગે જે આત્મમંથનો આવ્યાં તેમાંથી તેમને રામનામે જ પાર ઊતાર્યાં. જેમ તેઓ ઇશ્વરનું શરણું વધારે સ્વીકારતા ગયા તેમ તેમને એ પણ ખાતરી થતી ગઇ કે શારીરિક વ્યાધિઓમાંથી પણ તેમને ઇશ્વરે જ પાર ઉતાર્યા છે. ગાંધીજી માટે રામ, ઇશ્વર અને સત્ય એક જ હતાં.

સત્યની શોધ દરમિયાન માનવની શારીરિક પીડામાં રાહત આપવાની તત્પરતાએ ગાંધીજીને તાજી હવા, માલિશ, સ્નાન, ઉપવાસ, આહારનિયમન, માટીના પાડા અને એવા બીજા બીમારી મટાડવાના સાદા ને સસ્તા ઇલાજો શોધવા બહુ વહેલા પ્રેર્યા હતા. તેઓ માનતા કે કારખાનાઓમાં બનતી દવાઓની શરીર પર આખરે માઠી અસર થાય છે અને તેના કરતા આ સાદાસસ્તા ઇલાજો કુદરતને અનુસરતા હોવાથી વધારે ફાયદો કરે છે.

પણ ગાંધીજીને એ પ્રતીતિ પણ હતી કે માણસ એટલે માત્ર શરીર નહીં. એટલે તેની બીમારીમાં માત્ર શારીરિક ઇલાજો પૂરતા નથી. મન અને આત્મા પણ ઉપચાર માગે છે. શરીર, મન અને આત્માની તંદુરસ્તી સાથે સાથે ચાલે છે. અને મન અને આત્માને તંદુરસ્ત રાખવા માટે રામનામ જેવો બીજો કોઇ રામબાણ ઇલાજ નથી. માણસ પોતાને પૂરેપૂરો ઇશ્વરને હવાલે કરી દે, ખોરાક, અંગત સ્વચ્છતા અને જાત પર કાબૂ રાખે તો તે બીમારીમાંથી ઘણો ઊગરી જાય એમ ગાંધી ચોક્કસ માનતા. આરોગ્યનું આ નિરામય સ્તર સિદ્ધ કરવા હંમેશાં મથતા અને બીજાઓને પણ તેમ કરવા પ્રેરતા. નિસર્ગોપચારની એમની પદ્ધતિમાં દર્દીને રામનામના ગુણ શીખવવામાં આવતા. આવી છેલ્લી સંસ્થા તેમણે ઊરુલીકાંચનમાં સ્થાપી.

આ પુસ્તિકામાંથી કેટલાક ગાંધીવિચારો જોઇએ :

'રામનામ જેના હૃદયમાંથી નીકળે તેની ઓળખ શી ? માળા પહેરી, તિલક તાણી રામનામનો બબડાટ કરનારની જમાતમાં આપણે ઉમેરો તો કરતા નથી તે સતત જોવું જોઇએ. એક વાક્યમાં નિશાની આપું તો રામભક્ત અને સ્થિતપ્રજ્ઞમાં ભેદ નથી. રામભક્ત

આત્માને નિત્ય અને દેહને અનિત્ય સમજે છે તેથી દેહની યથાયોગ્ય રક્ષા કરતો છતા દેહ જાય તો મુંઝાતો નથી, સહેજે તેનો ત્યાગ કરે છે. ઊંઘતા પણ તેનો રામ જાગે છે.'

'સ્ત્રીપુરુષો આવીને મને કહે છે કે મહેનત કરવા છતાં રામનામ એમના અંતરમાં ઊગતું નથી. આવાં ભાઇબહેનોને હું કહું છું કે તમારી કોશિશમાં અખૂટ ધીરજથી મંડ્યા રહો. એક વિદ્યાર્થીને સારો દાક્તર થવા સોળ વરસ સુધી સખત અભ્યાસ કરવો પડે છે, તો વિચાર કરો કે રામનામને હૃદયમાં ધારણ કરવા માટે કેટલા સમય અને મહેનતની જરૂર પડે ?'

'રામનામ લેનાર ને તેને દ્વારા અંદરની શુદ્ધિ કરનાર માણસ બહારની ગંદકીને કેમ નભાવશે ? સમાજને લાગુ પડેલી બીમારી કેમ ચલાવશે ?'

'હું સત્યનો ઉપાસક છું. સત્ય જ મારો ઇશ્વર છે. પણ આ દુનિયામાં સ્વતંત્ર, નિરપેક્ષ સત્યનો માલિક કોઇ નથી. તેવો તો ઇશ્વર જ હોઇ શકે. આપણે તો આપણી મર્યાદા પ્રમાણે સાપેક્ષ સત્યને જ જાણી શકીએ. તે રીતે જેવું જોઇ શકીએ તે સત્યની ઉપાસના કરીએ. સત્યની આવી ઉપાસના કોઇને આડે માર્ગે કેમ લઇ જાય ?'

'અંદર ને બહાર સત્ય, પ્રામાણિકતા અને શુદ્ધિના ગુણ ન કેળવો ત્યાં લગી રામનામનો નાદ દિલમાંથી નહીં ઊઠે. દરરોજ પ્રાર્થનામાં આપણે સ્થિતપ્રજ્ઞના શ્લોક બોલીએ છીએ. તમારામાંના દરેક સ્ત્રી કે પુરુષ પોતાની ઇન્દ્રિયોને કાબૂમાં રાખો, કેવળ સેવા કરવાના હેતુથી શરીરને નિભાવવા ખાતર ખાઓ કે પીઓ, આનંદ કે આરામ લો તો જરૂર સ્થિતપ્રજ્ઞ થાઓ. જો આ ન કરી શકતા હો તો તેમ કરવાની શક્તિ મેળવવા માટે પણ રામનામ લેવું જરૂરી છે.'

'દયામય વિધાતા ઘણુંખરું ભક્તને આપત્તિમાંથી ઉગારશે જ, પરંતુ આપત્તિ આવી જ પડે, તો પોતાના દુર્ભાગ્યના રોદણાં ન રડતાં સ્વસ્થ ચિત્તે અને જેવી હરિઇચ્છા એમ કહીને આનંદથી તે સહેશે.'

જપને માટે આગ્રહ રાખનાર ગાંધીજી અ-જપના સ્તર વિશે પણ સ્પષ્ટ છે : 'રામનામ ફક્ત થોડા માણસો માટે નથી, સૌને માટે છે. હું તો એ સમયની રાહ જોઉં છું જ્યારે રામનામનો જપ પણ અંતરાયરૂપ થઇ પડે અને મનને રામ વાણી અને શબ્દથી પર છે તેવો સાક્ષાત્કાર થાય. એ સાક્ષાત્કાર થયા પછી મારે તેનું નામ જપવાની જરૂર નહીં રહે.'

રામનામ વિશેની આવી અચળ શ્રદ્ધા એમની આખરી પળ સુધી રહી. ૧૯૪૭ની ૩૦મી જાન્યુઆરીએ મનુબહેનને બાપુએ કહ્યું હતું કે છેલ્લા શ્વાસ સુધી રામનામ રટવું જોઇએ. 'બાપુ - મારી મા'માં મનુબહેન લખે છે, 'આખરની ઘડીએ છેલ્લા શ્વાસે પણ બાપુ રા...મ રા...મ બોલ્યા તે સાંભળવાનો કારમો અવસર આવશે તેની શી કલ્પના ! ઇશ્વરની ગતિ એવી ગહન છે.'

૧૯૪૯માં છપાયેલી 'રામનામ'ની પહેલી આવૃત્તિની કિંમત હતી દસ આના. નવી આવૃત્તિઓ વિશે 'નવજીવન'માંથી માહિતી મળશે.

('રામનામ' : મોહનદાસ કરમચંદ ગાંધી, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૩૮૦૦૧૪, ફોન : ૦૭૯-૨૭૫૪૦૬૩૫, ૨૭૫૪૨૬૩૪.)

❑❑❑

મો : ૯૮૩૩૭૦૮૪૯૪

## અમૃતલાલ દાદાને ધ્રુવદાદાએ આપેલી શ્રધ્ધાંજલિ

**ન હન્યતે હન્યમાને શરીરે..**

અમૃતલાલ વેગડ. આ નામથી અને વેગડ સાહેબના કામથી કોઈ ભારતીય ભાગ્યે અજાણ હશે. જે લોકો તેમને મળ્યા હશે તે દરેકને તેમની અને કાંતા બહેનની સહજતા સ્પર્શ્યા વગર નથી રહી.

વહેતી નર્મદા જેવી સરળતા, તેવો જ આનંદ, તેવી જ વાણી અને તેવી જ લેખિનીથી અમૃતભાઈ લોકોના મનમાં પોતાનું આગવું સ્થાન ધરાવે છે. મૃત્યુ તે સ્થાનેથી તેમને હટાવી શકવાનું નથી.

તેમના જવાથી તેમના ભાવકો કરતાં પણ પોતાની પરિક્રમાઓ દરમિયાન અમૃતભઈ જેમને મળ્યા હશે, જેમને ત્યાં રહ્યા હશે તે અજાણ્યા, અનામી ગ્રામવાસીઓને મોટી ખોટ પડશે. હવે આ અજાણી વાટે કોણ આવશે ? કોણ પોતાના થઈને અમારી ઝૂંપડીઓમા રહેશે ? હળ્યા મળ્યાનો ચરખો કોણ ચાલુ રાખશે ? - એક ખાલીપો નર્મદાના કાંઠે ફેલાશે.

અમૃતભાઈ અને કાંતાબહેન માત્ર પરિક્રમાવાસી નહોતા. તેઓ નહોતા માત્ર સાહિત્યકારો. માત્ર નર્મદાના ચાહકો પણ નહોતા. તે બેઉ 'માત્ર' કશું પણ નહોતા. જે હતા તે સર્વાંગ હતા. વહેતી નર્મદાનો રવ હતા. સહસ્ત્રધારામાં વહેચાઈને વહેતી નર્મદાની ખળખળ ગતિ હતા.

તત્વમસિ પરથી રેવા ફીલ્મ બનતી હતી ત્યારે આખું યુનિટ વેગડ સાહેબને મળી આવ્યું. તેમને ત્યાં જઈ, તેમની વાતો સાંભળીને ફિલ્મ અને પટકથામાં કેટલાક ફેરફાર પણ કરાયા. તેમના કેટલાક વાક્યોને તેમાં લેવાયા. દિવસે નર્મદા અને રાત્રે રેવા- તે વેગડ સાહેબનું વાક્ય ફીલ્મમાં અને તેના મુખ્ય ગીતમાં પણ લેવાયું.

જવાનું તો બધાને છે. પણ પાછા આવાનું નસીબ કોઈકને જ સાંપડે છે. વેગડ સાહેબે તો વિધાતા પાસે ખાતરીપૂર્વક એ નસીબ પોતાને માટે નક્કી કરાવી લીધું છે. કહ્યું, 'અમારા ગયા પછી, આવનારી સદીમાં જો દંપતી નર્મદા મૈયાના કિનારે હાથમાં સાવરણી લઈ નર્મદાના ઘાટની સાફ સફાઈ કરતું દેખાય, કિનારા પર વૃક્ષો રોપતું દેખાય તો એમ માની લેજો કે તે હું અને કાંતા જ છીએ..'

કાંતા બહેન, એમણે તમને હર જનમ માગ્યા છે. નર્મદાની જેમ જ. મને થાય કે મને અને દિવ્યાને પણ કેમ ન માગ્યા ? અમે એકાદ-બે વૃક્ષો તો વાવત નર્મદા કિનારે..

**સૌજન્ય : ધ્રુવ ભટ્ટ, દિવ્યા ભટ્ટ**

## જૈન પરંપરાના પુનરુધ્ધારકો-૧૬

### કોઈના નામની આગળ પંડિત શબ્દ વાપરવો હોય તો આવું પાંડિત્ય શોધવું પડે !

# સારસ્વતોમાં સૂર્ય : પંડિત બેચરદાસ જીવરાજ દોશી !

આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

જૂઈના ફૂલ જેવું સ્મિત ધરાવતા પંડિત પ્રવર શ્રી બેચરદાસ જીવરાજ દોશી એક જીવંત વિદ્યાર્થી હતા. એ તીર્થને સ્પર્શવાનું એક પાવન પળે બન્યું અને બીજી જ ક્ષણે વર્ષો જૂનો પરિચય હોય તેમ એઓએ મને આવકાર્યો. એ આવકારમાં નર્યું હેત હતું. એમણે મને કહ્યું :

'ભણવા આવો મારે ત્યાં.'

મેં એ સ્વીકાર્યું, પણ તેનો સુયોગ જલદી ન જામ્યો, એકાદ વર્ષ પછી ભણવા જવાનું થયું. ત્યારે મેં જોયું, પંડિતજી જીવનપટના રોમેરોમે વિદ્યા જીવતા હતા અને અણુએ અણુએ વહાલ. અભ્યાસ કરાવવાની અને કરવાની બંને ઉત્કંઠા એમને સતત રહેતી. જે કોઈ એમના પરિચયમાં આવે, એ પિપાસુ હોય તો એ જ્ઞાન પામીને જાય. એમની છાયામાં બેસીને કોઈ અધ્યયન કરવા મથે તો પંડિતજી દ્વારા વિદ્યાની સંપદા તો પામે જ, જીવનહૂંફ પણ. પોતાની જાતનું ઉદાહરણ આપે, 'હું નાનો હતો ત્યારે ભણવામાં દત્તચિત્ત રહેતો અને એટલે જ મને થોડું આવડ્યું, જુઓને !' અને આટલું કહ્યાં પછી ભોળું ભોળું હસે. એ હાસ્યને નીરખવું તે પણ લ્હાવો હતો. પંડિતજીને પોતાને અભ્યાસાર્થે ઘણો પરિશ્રમ કરવો પડેલો. માતાનો અખૂટ પ્રેમ, આર્થિક સ્થિતિ નબળી - ઘણાં કારણો નડ્યાં પરંતુ એ તમામ કારણો નડ્યા પછી પણ આટલો અભ્યાસ થઈ શક્યો તે માટે ગુરુજનોની કૃપા અને માતાના આશીર્વાદ નિમિત્તભૂત માનતા. માતૃઋણ સ્વીકરતાં તેઓ ઘણી વખત કહે : 'સંવત ૧૯૬૨-૬૩ માં હું કાશી ગયેલો અને ત્યાં પહોંચ્યા પછી છએક મહિનામાં શીતળાની બીમારી થઈ. તે સાંભળીને મારી બા એ જમાનામાં એકલાં શોધતાં શોધતાં છેક બનારસ આવી પહોંચ્યાં. કેવો અદ્ભૂત એ માતૃપ્રેમ !'

તેઓ સંપૂર્ણ સરસ્વતી ઉપાસક હતા. હું ભણવા જતો તે દિવસોમાં અમદાવાદથી પૂ. ગુરુવર્ય સાથે મારે હરસોલ પ્રતિષ્ઠા નિમિત્તે જવાનું થયું. મેં વિનંતી કરી કે 'અમે થોડા દિવસ જઈએ ?' તો કહે: 'પાઠનું શું ?' મેં કહ્યું : 'થોડાક દિવસ પાઠ અધૂરો રહેશે, મને માફ કરો' અને બીજી જ પળે તેઓ અકળાઈ ઉઠ્યા : 'ભણવાર સાધુને આ બધી પ્રવૃત્તિ શી ?'

હું ભણવા જતો તે દરમિયાન અમે અમદાવાદના ઝવેરીવાડના આમલીપોળ ઉપાશ્રયમાં હતા. તે સમયે મને મેલેરિયા થયો. પંડિતજી અજવાળીબેનને અને પોતાના પુત્ર શિરીષભાઈના દિકરાને લઈને ત્યાં આવી ચડ્યા અને કલાક સુધી બેસીને મારા માથા પર હેતાળ હાથ ફેરવતા જ રહ્યા. ડૉક્ટરની દવા કરતાં એ માયાળુ હસ્તસ્પર્શમાં જે મમતા હતી તેણે મને તરત સાજો કરી દીધો !

ક્રિયા કરતાં જ્ઞાન તરફનો ઝોક વિશેષ રહેતો. મુનિઓ માટે તેઓ કહેતા : 'સાધુઓ જીવનનો સમય અધ્યયન કરવાને બદલે બાહ્ય પ્રવૃત્તિઓમાં વિશેષ ગાળે છે. સમગ્ર જીવન ભગવાનને ચરણે અર્પિત કર્યા પછી આ કેમ શોભે ?' પોતાના પરિચયમાં આવનાર મુનિઓને તેઓ અચૂક ટોકતા. રાષ્ટ્રપ્રેમ, તેઓ વિદ્યાર્થી હતા ત્યારથી જ એમના જીવનમાં વણાઈ ગયેલો. ગાંધીજીની એમના પર વિશેષ અસર હતી, ગાંધીજીનું સ્મરણ તેઓ અનેકવાર કરતા. એમ પણ કહેતા કે પૂર્વે થયેલ જૈન સાધુઓ નિસ્પૃહી અને ત્યાગી હોવાના કારણે કેટલા બધા પ્રભાવક હતા ! ગાંધીજી આજે રાષ્ટ્રના જીવનમાં વણાઈ ગયા છે, તેનું કારણ તેઓ નિસ્પૃહી અને અપરિગ્રહી હતા, તે છે. દેશના બાળકો અક્ષરજ્ઞાનથી પણ વંચિત રહે છે તે માટે તેઓ સરકારની ખોટી શિક્ષણપ્રથાને જવાબદાર માનતા.

વિક્રમ સંવત ૧૯૪૬માં માગસર વદિ અમાસે તેમનો જન્મ. વલભીપુરના વતની. પિતાનું નામ જીવરાજ લાધાભાઈ દોશી, માતાનું નામ ઓતમબાઈ. જન્મ અમાસનો પણ એમની જીવનકળા પૂર્ણિમાની જેમ ખીલી ઊઠી.

પંડિતજી આગમવિશારદ હતા. સંશોધન-સંપાદન સતત કરતા રહેતા. એમનો વ્યાકરણપ્રેમ અનન્ય હતો. છેલ્લે 'શ્રી સિદ્ધહેમચંદ્રશબ્દાનુશાસન'ની લઘુવૃત્તિનો એમણે કરેલો ગુજરાતી અનુવાદ વ્યાકરણના વિદ્યાર્થીઓ માટે ઉપકારક સાધન છે. ગુજરાતી ભાષાની ઉત્ક્રાંતિ વિશે તેઓએ જે વ્યાખ્યાનો કરેલાં એ આજે પણ સીમા સ્તંભ છે. પાકૃત ભાષા માટે તો તેઓ કહેતા કે મને એ તો બહુ સહજ થઈ પડી, વિદ્યા ક્ષેત્રના પ્રવેશની આરંભે એમણે અનુવાદનું કાર્ય 'ભગવતી સૂત્ર' જેવા વિરાટ ગ્રંથથી ઉપાડ્યું તે પણ સૂચક છે. 'મહાવીરવાણી'નું એમણે કરેલું સંકલન અને અનુવાદ જૈનો માટે સારગ્રંથ છે. 'સમણસૂત્તં' પહેલી વાર પ્રગટ થયું ત્યારે સંત વિનોબાજીએ આગ્રહ રાખેલો કે તેનો મૂળ પાઠ અને અનુવાદ પંડિત બેચરદાસજી તપાસી આપે પછી જ પ્રગટ કરાય. તેમનો વિદ્યા પ્રત્યે કેવો અદ્ભૂત શ્રદ્ધાભાવ હશે !

બૌદ્ધધર્મ વિશે પણ તેઓએ ઘણું રચ્યું છે. એમણે અનેક ગ્રંથો

રચ્યા. ભારતીય ધર્મદર્શનના તેઓ વિશિષ્ટ પંડિત હતા. અનેક ધર્મોના અભ્યાસ પછી દ્રષ્ટિની ઉદારતા આપોઆપ આવી ગયેલી. સહન કરવા સાચું કહેવું તેમને વિશેષ ગમતું. સત્યને ખાતર તેઓ વેઠી શકતા.

ગાંધીજીની ગાઢ છાયાને કારણે પણ આમ હોય. અવસ્થા છતાં એમની સ્મૃતિ અને કાર્યો કરવાની અમાપ શક્તિ આશ્ચર્યજનક હતા. નિયમિત જીવન અને કર્તવ્યનિષ્ઠાને વરેલા પંડિતજી નમ્રતાથી પણ ભર્યાભર્યા હતા. પોતે પ્રખર વિદ્વાન હોવા છતાંય અન્ય કોઈની પાસે થોડી પણ ક્ષમતા જુએ તો હૃદયથી આવકારે. કાશીમાં આચાર્યશ્રી વિજયધર્મસૂરિજી મહારાજની નિશ્રામાં એમને અભ્યાસ કરવાનો જે મોકો મળેલો તે પણ બહુ સંભારે, અમે વિનંતી કરતા કે આપ એ સમયની સંસ્મરણકથા લખો કે જેથી ભવિષ્યમાં વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે, તેઓ ના પાડ્યા કરે. આમાં મુખ્ય કારણ તો એમની નમ્રતા જ. કિંતુ છેવટે અનેકોના અતિશય આગ્રહ પછી એમ કહેતા કે લખીશ. લખાઈ હોય તો કેવું સારું!

ભગવાન મહાવીરનો જીવપ્રેમ અને મહાત્મા ગાંધીનો જીવનપ્રેમ એમનામાં વણાઈ ગયેલો. એ પ્રેમાળ હતા. આગ્રહી પણ. એમનો અનુગ્રહ પ્રાપ્ત થવો તે જીવન સૌભાગ્ય બની રહેતું, અને એ કોઈને પણ સહજ રીતે પ્રાપ્ત થઈ શકતું.

પંડિતજીના સુપુત્ર શ્રી પ્રબોધ પંડિતનું અણધાર્યું અવસાન થયું ત્યારે અમે મળવા ગયા. અમને કહે :

'એ તો કાળનો ધર્મ છે, આવન-જાવન આવ્યા કરતી. એમાં શોક કે આનંદ શાં? મને એટલો સંતોષ છે કે મારો પુત્ર એના ક્ષેત્રનો અસાધારણ વિદ્વાન હતો.'

આમાં શબ્દનો ફરક હોઈ શકે કદાચ, અર્થનો નહિ. પંડિતજીની વાત એમની જ્ઞાનપરિણતીની દ્યોતક નથી? કેવો વિશિષ્ટ ઉઘાડ છે એ! શ્રી ઉમાસ્વાતિજી જ્ઞાનસ્ય ફલં વિરતિઃ કહે છે તે આ જ નહિ હોય!

પંડિતોની લુપ્ત થતી જતી પરંપરામાં પંડિત બેચરદાસજીનું તા.૧૧-૧૦-૮૨ના રોજ થયેલું અવસાન એક ન પુરાય તેવો અવકાશ ખડો કરે છે.

તેઓ નખશિખ અધ્યાપક હતા, અને પૂર્ણ પંડિત. હવે કોઈના નામની આગળ પંડિત શબ્દ વાપરવો હશે તો તે પહેલાં આવી પ્રખર વિદ્વત્તા શોધવી પડશે!

❑❑❑

## વિશ્વનીડમ્ રાજકોટ સંસ્થામાં ચેક અર્પણ વિધી

**અહેવાલ લેખન : ધનરાજ શાહ**

વર્ષ ૨૦૧૫માં વિશ્વનીડમ્ રાજકોટની સંસ્થા આપણે પસંદ કરી હતી. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં ૩૦,૮૮,૪૪૨ રૂા.નું માતબર ભંડોળ ભેગું થયું હતું, પરંતુ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નિયમ મુજબ સંસ્થાની પાસે પોતાનું મકાન હોવું જરૂરી છે. તે કારણોસર મૂળ રકમ સોંપવામાં વિલંબ થતો હતો. ત્યારબાદ આ સંસ્થાએ પોતાના પ્રયત્ન કર્યા હતા. પરંતુ પોતાનું મકાન મેળવવામાં તેઓને સફળતા મળી ન હતી. મકાન ન હોવાને કારણે તેમને પૈસા આપવામાં મુશ્કેલી નડતી હતી. આપણા ઓડિટર શ્રી અરવિંદભાઈ (A. R. & Co.) એ સજેશન આપ્યું હતું કે આ પૈસા વહેલી તકે વિશ્વનીડમ્‌ને પાછા આપી દેવા જોઇએ, નહીંતર શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ઉપર ટેક્સ લાયાબીલીટી આવવાની શક્યતા રહે છે. તે માટે વખતો વખત મિટીંગમાં ચર્ચાઓ થઈ હતી. અને તા. ૧૦-૩-૨૦૧૮ અને ૨૭-૦૪-૨૦૧૮ના રોજ મળેલી મિટીંગમાં એવો નિર્ણય લેવાયો કે વિશ્વનીડમ્‌ને પૈસા આપી દેવા. એટલે મુંબઈથી શ્રી નિતીનભાઈ સોનાવાલા, શ્રી હસમુખભાઈ, શ્રીમતી કલ્પનાબેન, શ્રી વિનોદ વસા અને શ્રી રાજ શાહ મુંબઈથી તા. ૯જૂને, રાજકોટ ગયા હતા. રાજકોટમાં શ્રી જીતેન્દ્રભાઈ વડોલીયાએ સાંજે ૬-૩૦ થી ૮-૩૦નો કાર્યક્રમ ગોઠવ્યો.

શ્રી જીતુભાઈ સાથે કામ કરતા શ્રી કૌશલભાઈએ વિશ્વનીડમ્‌નો ટૂંકો પરિચય આપ્યો હતો. વિશ્વનીડમ્‌માં બધી જ પ્રવૃત્તિઓનું શિક્ષણ પ્રાપ્ત થાય છે. માટીકામ, ભરતકામ વગેરે.

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ વતી રૂા. ૩૦,૮૮,૪૪૨ નો ચેક વિશ્વનીડમ્ સંસ્થાના સંચાલકો અને અધિકારીઓને અર્પણ કરાયો હતો. શ્રી જીતુભાઈને સંસ્થાના હોદ્દેદારો અને મુંબઈથી પધારેલા મહેમાનોને તથા આમંત્રિત મહેમાનો કાર્યક્રમમાં ઉપસ્થિત રહીને પ્રોત્સાહન પુરું પાડવા માટે ખૂબ આભાર માન્યો હતો. મુંબઈથી આવેલા શ્રી હસમુખભાઈ ડી. શાહ તથા કલ્પાબેને બાળકો માટે રૂા. ૫૧,૦૦૦/- નું દાન આપ્યું હતું અને જેમાંથી બાળકો માટે છત્રીઓ આપવાની વાત કરી હતી.


**'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**
**'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.**

**સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.**

# દક્ષિણાપથની સાધના-યાત્રા

પ્રા. પ્રતાપકુમાર ટોલિયા

### પ્રથમ દર્શન

(દક્ષિણના પ્રાચીન ઐતિહાસિક તીર્થ રત્નકૂટ-હંપી-વિજયનગર પરના એક આગવા સાધનાધામ અને નૂતન તીર્થધામ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ)

મૈસૂર પ્રદેશઃ બેલ્લારી જીલ્લોઃ ગુંટકલ-હુબળી લાઈન પરના 'હોસ્પેટ' રેલ્વે સ્ટેશનથી બસ રસ્તે સાત માઈલ દૂર આવેલું પ્રાચીન તીર્થધામ હંપી...

અહીં કેળ, શેરડી અને નારિયેળીથી છવાયેલી હરિયાળી ધરતીની વચ્ચે વચ્ચે ઊભી છે - અસંખ્ય શિલાઓ અને નાની મોટી પથરાળ ટેકરીઓ, સાથે જ દૂર દૂર સુધી માઈલો ને માઈલોના વિસ્તારમાં પથરાયેલાં પડ્યાં છે - જિનાલયો, શિવાલયો, વૈષ્ણવ મંદિરો અને વિજયનગર - સામ્રાજ્યના મહાલયોના ખંડેરો ને ધ્વંસાવશેષો. ઉત્તરી ભાગમાં વહી રહી છે - સ્થિતપ્રજ્ઞ શી તીર્થસલિલા તુંગભદ્રાઃ સતત, અવિરત, બારેય માસ!

વીસમાં જૈન તીર્થંકર મુનિસુવ્રતસ્વામીના સમયથી આ સ્થળનો પાવનસ્પર્શ અનેક મહત્પુરુષો અને સાધકજનોએ કર્યો છે. દીર્ઘકાળ વીતવા છતાં તેમની સાધનાના આંદોલનો અને અણુ-પરમાણુઓ આ ધરતીના અને વાયુમંડળના કણ-કણ અને સ્થળ-સ્થળમાં વિદ્યમાન જણાય છે. મુનિસુવ્રત ભગવાનના શાસનમાં અનેક વિદ્યાધરો સંમિલિત હતા. તેમાંના વિદ્યાસિદ્ધ રાજાઓ પૈકી હતા - રામાયણ પ્રસિદ્ધ વાલી, સુગ્રીવ આદિ. આ 'વિદ્યાધર ભૂમિ' જ તેમની રાજધાની. એ 'વાનરદ્વીપ' અથવા 'કિષ્કિન્ધાનગરી'ના નામે ઓળખાઈ છે. અહીંના અનેક પાષાણ-અવશેષો એની સાક્ષી પૂરે છે. ત્યારબાદ લાંબો એવો કાલખંડ વીત્યા પછી સર્જાયા-વિજયનગરના વિશાળ, સુપ્રસિદ્ધ સામ્રાજ્યના મહાલયો ને દેવાલયો, સન ૧૩૩૬માં આરંભાયેલા અને ૧૭મી સદી સુધી અસ્તિત્વમાં રહી અંતે વિવિધ પ્રકારે ધ્વંસ પામેલા એ મહાલયો, અડીખમ ઊભેલા તેમના ખંડેરો દ્વારા, પોતાની જાહોજલાલીની સ્મૃતિ મૂકતા ગયા...

### ગુફાઓ - ગિરિકંદરાઓના સાદ

આ બધાની વચ્ચે છે - જિનાલયોના ખંડેરોવાળા 'હેમકૂટ' 'ભોટ' ને 'ચક્રકૂટ'ના 'સદભક્ત્યા સ્તોત્ર' ઉલ્લિખિત પ્રાચીન પહાડી જૈન તીર્થો. એનો ઈતિહાસ મુનિસુવ્રતસ્વામીના સમયથી માંડીને ઈસ્વીસનની સાતમી સદી સુધી ક્વચિત્ તે પછી પણ, જતો જણાય છે. ઉક્ત 'હેમકૂટ'ની પૂર્વે અને ઉત્તુંગ ઊભેલા 'માતંગ' પર્વતની પશ્ચિમે છે - ગિરિકંદરાઓ, ગુફાઓ, જલકુંડો, શિલાઓ અને ખેતરોથી પથરાયેલી જાણે કોઈ પરી-કથાની સાકાર સ્વપ્ન-સૃષ્ટિ સમો, 'રત્નકૂટ' શિખરનો વિસ્તાર!

અનેક સાધકોની વિદ્યા, વિરાગ ને વીતરાગની વિવિધ સાધનાઓની સાક્ષી પૂરતી અને મહત્ પુરુષોના પાવન સંચરણની પુનિત કથા કહેતી આ 'રત્નકૂટ'ની ગુફાઓ, ગિરિકંદરાઓ અને શિલાઓ જાણે ઘેરા સાદ આપીને 'શાશ્વતની શોધ'માં નીકળેલા સાધના-યાત્રીઓને બોલાવતી રહેતી જણાય છે. પોતાની ભીતરમાં સંઘરી રાખેલા અનુભવીઓના જુગજૂના ને છતાંય ચિર-નવા એવા જીવન-સંદેશને આજના માનવ સુધી પહોંચાડવા ઉત્સુક ઊભી દેખાય છે...! એના અણુ રેણુમાથી ઊઠતા પરમાણુઓ આ સંદેશને ધ્વનિત કરે છે. પૂર્વે અનેક સાધકોની સાધના-ભૂમિ બન્યા બાદ આ સંદેશ દ્વારા નૂતન સાધકોની પ્રતીક્ષા કરતી ઠીક ઠીક સમય સુધી નિર્જન રહેલી અને છેલ્લે છેલ્લે દુર્જનવાસ પણ બની ગયેલી આ ગુફાઓ-ગિરિકંદરાઓના સાદને અંતે એક અવધૂતે સાંભળ્યા...

*''અંતરની સરિતાને તીરે ગુંજ્યા ગુફાના સાદ...*
*આપણો સંગ છે સદીઓ પુરાણો, રહ્યાં અપાવી યાદ...''*

વીસેક વર્ષની ભરયુવાવસ્થાએ સર્વસંગપરિત્યાગ કરી (જૈન) મુનિદીક્ષા ગ્રહણ કરેલા, બારેક વર્ષ સુધી એ ગુરુકુલ વાસે વસીને જ્ઞાન-દર્શન-ચારિત્ર-સાધનોના ક્રમ નિર્વહેલા અને તે પછી એકાંતવાસી-ગુફાવાસી બનેલા એ અવધૂત અનેક પ્રદેશોના વનોપવનોમાં વિચરતા અને ગુફાઓમાં વસતા - અનેકધર્મી ત્યાગી-તપસ્વીઓનો સત્સંગ કરતા કરતા - વિવિધ સ્થળોએ સાધના કરી રહ્યા હતા. તેમની સાધનાના આ ઉપક્રમમાં, અનેક અનુભવો પછી તેમણે પોતાના ઉપાસ્ય-પદે નિષ્કારણ કરુણાશીલ એવા વીતરાગપથ-પ્રદર્શક શ્રીમદ્ રાજચંદ્રજીને સ્થાપ્યાં. મૂળ કચ્છના, પૂર્વાશ્રમમાં 'મૂળજીભાઈ'ના નામે શ્વેતાંબર જૈન સાધુ તરીકે દીક્ષા-પર્યાયમાં 'ભદ્રમુનિ'ના નામે ઓળખાયેલા અને એકાંતવાસને દિગંબર જૈન ક્ષુલ્લકત્વના સ્વીકાર પછી 'સહજાનંદઘન'ના નામે ઓળખાઈ રહેલા આ અવધૂત, પોતાના પૂર્વ સંસ્કારે દૂર દૂરથી આવતા આ ગુફાઓના સાદને પોતાની સ્મૃતિની અનુભૂતિ સાથે જોડીને પોતાના પૂર્વપરિચિત એવા આ સ્થાનને શોધતાં શોધતાં અંતે અહીં અલખ જગાવવા આવી ચઢ્યા...

આ ધરતી, આ શિલાઓ, આ ગિરિકંદરાઓ જાણે તેમને સાદ કરતી તેમની પ્રતીક્ષામાં જ ઊભી હતી... રત્નકૂટની ગુફાઓમાં પ્રથમ પગ મૂકતાં જ તેમને એ સાદ સ્પષ્ટ સંભળાયો. પૂર્વ-સ્મૃતિઓએ તેની સાક્ષી પૂરી, અંતરના ઊંડાણેથી અવાજ આવ્યો :

''જેને તું ઈચ્છી રહ્યો હતો તે જ આ તારી પૂર્વપરિચિત સિદ્ધભૂમિ!''

## અવધૂતનો અલખ જાગ્યો અને સાકાર થયો ગિરિકંદરાઓમાં આશ્રમ !

અને તેમણે અહીં અલખ જગાવ્યો... એકાંત, અવાવરુ, નિર્જન અને ભયાવહ દેખાતી ગુફાઓમાં એકાકી વાસ શરૂ કર્યો. નિર્ભયપણે ને અડોલ આસને તેમની અધૂરી સાધના ત્યાં આગળ ચાલી. એ સાધનાના કેન્દ્રસ્થાને રહેલાં શ્રીમદ્ રાજચંદ્રજીનો મુખ્યત્વે દક્ષિણ ભારતના અનેક સાધકજનોને લાભ મળે એ ઉદ્દેશથી કાળક્રમે ત્યાં એ ગિરિકંદરાઓમાં, સાકાર થયો ગુજરાતના સંસ્કારવારસાસમ આ 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ' - આજથી થોડાં વર્ષ પહેલાં, વિ.સં.૨૦૧૭માં, જાતિ-વેશ-ભાષા-ધર્મ-દેશ વગેરેના કોઈ પણ બાધ વગર, 'આત્મતત્ત્વ'ની સાધનાના સઘળાં અભીપ્સુઓ માટે !

'રત્નકૂટ' પરની પ્રાચીન સાધનાભૂમિની વિવિધ ગુફાઓ, ગિરિકંદરાઓ અને શિલાઓ વચ્ચે આ આશ્રમ દિન-બ-દિન વિસ્તરી રહ્યો... સાધકો, સર્વધર્મીજનો, આ સાધના પ્રત્યે ખેંચાઈને દૂર દૂરથી પણ આવવા લાગ્યાં... ''શ્રીમદ્ રાજચંદ્રજીના આત્મદર્શનની તાલાવેલી અને પરમપદની પ્રાપ્તિ માટેના અણીશુદ્ધ સાધનામય જીવન અને કવન''થી દક્ષિણના અપરિચિત સાધકો પ્રભાવિત થવા લાગ્યા... એમના જીવન-દર્શન અને પ્રરૂપણ મુજબ સાધના કરી - કરાવી રહેલા આ અવધૂત શ્રી સહજાનંદઘનજી - ભદ્રમુનિજીને નિકટના અન્ય ધર્મના ધર્માચાર્યો અને રાજપુરુષોએ પણ બિરદાવ્યા એ આ સમન્વયી સ્યાદ્વાદ શૈલીની સાધનાની અવશ્ય એક સિદ્ધિ છે. આનું પ્રત્યક્ષ પ્રમાણ છે રામાનુજ સંપ્રદાયના આચાર્ય શ્રી તોળપ્પાચાર્ય અને મૈસૂરના ગૃહપ્રધાન શ્રી પાટિલ દ્વારા થયેલું 'રત્નકૂટ' પરની બધી જમીનનું આ આશ્રમને વિના મૂલ્ય પ્રદાન!... ૩૦ એકરના વિસ્તારની એ ઊંચી-નીચી પર્વતાળ આશ્રમભૂમિ પર આજે દસેક ગુફાઓ, સામાન્ય તેમજ વ્યક્તિગત નિવાસસ્થાનો, ગુફામાંનું ચૈત્યાલય, ગુરુમંદિર, ભોજનાલય અને નાની-શી ગૌશાળા વગેરે વિસ્તરેલા છે. વિશેષમાં કેટલીક ઉપત્યકાઓ, નિવાસખંડો, એક દર્શન વિદ્યાપીઠ, સભામંડપ, શ્રીમદ્ રાજચંદ્રજીનું ધ્યાનાલય અને એક જિનાલય - આટલું ત્યાં નિર્માણ હેઠળ છે. આશ્રમમાં એકાકી અને સામુહિક બન્ને પ્રકારે સમ્યગ્ જ્ઞાન-દર્શન-ચારિત્રની અથવા બીજા શબ્દોમાં દૃષ્ટિ, વિચાર અને આચાર શુદ્ધિની કે ભક્તિ, જ્ઞાન અને યોગની સાધના ચાલે છે. ઉપર જણાવ્યા અનુસાર તેના દ્વાર કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સૌ સાધકો માટે ખુલ્લાં છે. હા, એ માટે એક સાધકીય નિયમાવલી છે ખરી જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીના સમગ્ર જીવનદર્શનનું - વિચાર અને આચારનું પ્રતિબિંબ પડે છે, એનો પ્રથમ નિયમ ખરેખર ધ્યાન ખેંચે તેવો છે :

''મત પંથના આગ્રહોનો પરિત્યાગ અને પંદર ભેદે સિદ્ધના સિદ્ધાંતનુસાર ધર્મ-સમન્વય''.

આ નિયમ શ્રીમદ્‌ના પેલા સુવિચારની સ્મૃતિ આપે છે :-

''તું ગમે તે ધર્મ માનતો હોય તેનો મને પક્ષપાત નથી... માત્ર કહેવાનું તાત્પર્ય એ કે જે રાહથી સંસારમળ નાશ પામે તે ભક્તિ, તે ધર્મ અને તે સદાચારને તું સેવજે...!''

આ સદાચારનો સમાવેશ પણ સાધકીય નિયમાવલીના અન્ય નિષેધોમાં થઈ જાય છે, યથાઃ સાત વ્યસન, રાત્રિભોજન, કંદમૂળ આદિ અભક્ષ્ય ભોજન વગેરેનો આત્મભાન ને વીતરાગતાયુક્ત ત્યાગ.

અહીં સાધના વ્યક્તિગત કે સામુદાયિકપણે કરવાનું સ્વાતંત્ર્ય હોય છે - જેમાં સ્વાધ્યાય, પોતપોતાની રીતિએ સામાયિક - પ્રતિક્રમણાદિ ધર્માનુષ્ઠાન, ધ્યાન, ભક્તિ, મંત્રધૂન, પ્રાર્થના, ભજન ઈત્યાદિ ભૂમિકાભેદે સધાય છે. વિશેષ દિવસોના સાપ્તાહિક, પાક્ષિક કે માસિક કાર્યક્રમો સિવાય રોજ નિયમિત સત્સંગ-સ્વાધ્યાય-પ્રવચન બે વખત અને સવાર-સાંજ ભક્તિક્રમ આટલું સામુદાયિક સ્વરૂપે ચાલે છે, જે પણ ફરજિયાત નથી, છતાં કોઈ પણ એનો આનંદ, એનો લાભ જતો કરવા ઈચ્છતું નથી.

આમ સમન્વય દૃષ્ટિ ને સ્વાતંત્ર્યપૂર્વક આશ્રમમાં સ્વાધ્યાય, સત્સંગ, ભક્તિ, ધ્યાનની આત્મલક્ષી સાધના ચાલે છે. જે સૌના શ્રેયને સ્પર્શવા સામુદાયિક સ્વરૂપે ચાલે છે ત્યારે સમાજલક્ષી પણ બની રહી છે અને સત્ ને શુદ્ધિના આંદોલન સમાજના દૂષિત વાયુમંડળમાં વહેતાં મૂકે છે.

આ છે થોડી-શી ઝાંખી - આ આશ્રમની સાધનાભૂમિ ને સાધનાની.

### દટાયેલો ઈતિહાસ

પ્રાચીન 'કિષ્કિન્ધા' નગરી અને વિજયનગરના પ્રાસાદોના ભવ્ય ઈતિહાસની જેમ સાધકોને સુરમ્ય લાગતી ને ભીરુઓને ભેંકાર ભાસતી આ ગિરિકંદરાઓ અને ગુફાઓનોયે અદ્‌ભુત ઈતિહાસ છે, જે કાળના ગર્ભમાં દટાયેલો પડ્યો છે. અનેક નિર્ગ્રંથોએ અહીં ધ્યાન ધરી સ્વરૂપસ્થ થઈ 'ગ્રંથિભેદ' કર્યા છે. અનેક જોગીઓએ અહીં જોગ સાધ્યા છે. અનેક જ્ઞાનીઓએ અહીં વિશ્વચિંતન અને આત્મચિંતનના વિશ્લેષણપૂર્વક સ્વપરના ભેદ ઉકેલ્યા છે, અનેક ભક્તોએ અહીં પરા-ભક્તિના અભેદ અનુભવ્યા છે ને વિવિધ ભૂમિકાના અનેક સાધકોએ અહીં સ્વરૂપસંધાન કર્યાં છે. આ બધાનો જ ઈતિહાસ પુસ્તકોના પાનાઓ પર નથી. અહીંના વાતાવરણમાં એ દટાયેલો પડ્યો છે અને ગુફાઓ-ગિરિકંદરાઓમાંથી ઊઠતાં આંદોલનોના સૂક્ષ્મ ઘોષ-પ્રતિઘોષોમાંથી સંભળાઈ રહ્યો છે, કોઈ નીરવ ગુફામાં પેસતાં જ એના ધ્વનિ જાણે સંભળાવા લાગે છે... ક્રમે ક્રમે સ્થૂળમાંથી સૂક્ષ્મમાં ને શૂન્ય નિર્વિકલ્પતામાં એ લઈ જાય છે...

**ક્રમશઃ**

❑❑❑

૧૨, કેમ્બ્રિજ રોડ, અલ્સૂર, બેંગલોર - ૫૬૦૦૦૮.

# નિમિષોઽનિમિષઃ

હેમંતવાળા

વિષ્ણુ સહસ્ત્રનામમાં આવતાં વિષ્ણુ ભગવાનના આ બે નામ છે, એક અસ્ત પામનાર તરીકે દિવસ અને રાત્રી અને બીજું નામ અસ્ત ન પામનાર છે. કેટલાંક વિજ્ઞાનો આ શબ્દનો સમજાય તેવો રાત્રી-અરાત્રી, તેવો અર્થ પણ કાઢે છે. પ્રશ્ન અહિં શબ્દો કે તેના અર્થનો નથી, તેના મર્મનો - તેના હાર્દનો છે. આમ પણ શિવ-મહિજનમાં જણાવાયા પ્રમાણે 'તે' વાણી અને તેના અર્થની મર્યાદાઓથી પણ પર છે.

ગીતામાં પણ સ્વયં કૃષ્ણએ આવાં બંને પ્રકારના દ્વંદ્વથી પોતાની જાતની ઓળખ આપી છે. તેઓ જણાવે છે કે તેઓ મૃત્યુ પણ છે અને અમૃત પણ, તેઓ ગતિ પણ છે અને સ્થિતિ પણ. એક સમજ પ્રમાણે પરમ તત્ત્વ સૌથી યુવાન છે અને સૌથી વૃદ્ધ પણ, તે સૌથી નજીક પણ છે અને સૌથી દૂર પણ. જ્યારે કોઈ બાબત માટે આવાં વિરોધી લાગતાં વિધાન થાય ત્યારે મૂળભૂત કેટલીક વાતો સમજી લેવી પડે. એક તો એ વાત સ્થાપિત થાય કે તે બાબત - તે તત્ત્વ બુદ્ધિગમ્ય નથી, કારણ કે વિરોધી બાબતોના ગુણધર્મોની સમજ બુદ્ધિનો વિષય છે.

બુદ્ધિ જ નિર્ણયો કરે છે કે શું શું છે. પણ જ્યારે કોઈ બાબત આ પણ છે અને તે પણ છે એમ સ્થાપિત થાય ત્યારે બુદ્ધિ મુંઝવણમાં મુકાય. આ વખતે તેની પાસે બે વિકલ્પો જ રહે છે; એક, તે બાબત બુદ્ધિથી સમજી શકાય તે માટે બુદ્ધિને વધુ તેજ કરવી અથવા, બુદ્ધિને બાજુમાં રાખી આગળ વધી જવું. સ્વાભાવિક રીતે બુદ્ધિને તેજ કરવાથી દ્વંદ્વમાં સામ્ય જોવું અઘરૂં બની રહે, તેથી જ બુદ્ધિને 'શાંત' કરી દેવાનો માર્ગ વધારે યોગ્ય ગણાયો છે. બુદ્ધિ શાંત થતાં જ એવી અનુભૂતિ થઈ શકે કે જેનાથી બધાં જ જવાબો મળી રહે.

દ્વંદ્વથી પર થવું એટલે ભેદથી પર થવું. જ્યારે બે વસ્તુ વચ્ચેનો ભેદ પરખાય ત્યારે જ તેમની ભિન્ન ઓળખ સંભવી શકે. બેભાન માણસ માટે રાત્રી શું અને અરાત્રી શું! પછી આ બેભાનપણું પૂર્ણ જાગ્રતતાનું પરિણામ કેમ ન હોય! ભેદ પાડવો - ભેદ સમજવો એ સામેલ થવાનું પહેલું ચરણ છે. જ્યારે ભેદવૃત્તિ જાગ્રત થાય ત્યારે ચોક્કસ પ્રકારની નિર્ણય શક્તિ ઉદ્‌ભવે અને વ્યક્તિ તેમાં - તે બાબત સાથે સંકળાતો જાય. આધ્યાત્મના પ્રવાસમાં ભેદભાવથી ઉપર ઉઠવાની વાત હોય છે. તેમ કરવાથી અલિપ્તતા આવે અને તાંતણાં એક પછી એક તૂટવા લાગે. દ્વંદ્વથી ઉપર ઊઠી શકાય તેટલા માટે જ સ્વયં ભગવાને ગીતામાં પોતાની જાતને અસત અને સત એ બંને સ્વરૂપે વર્ણવી છે.

મૂલ્ય-નિર્ણય કર્યા વગર વસ્તુ-પરિસ્થિતિ જેમ છે તેમ સ્વીકારવાની આ વાત થઈ. રાત્રીને દિવસની સાથે મૂલવવાની નથી કે દિવસને રાત્રી સાથે. રાત્રીને રાત્રી તરીકે લઈને આગળ વધી જવાનું અને દિવસને દિવસ તરીકે લઈને! વળી આ પ્રકારના ભાવથી સમગ્રતામાં જોવાની આદત પણ પડે. પછી કદાચ વ્યક્તિ રાત્રી તથા દિવસને એક એકમ તરીકે જોવાની શરૂઆત કરે. એમ આગળ વધતાં વધતાં સમયની મર્યાદાઓમાંથી પણ બહાર નીકળી શકાય. બે દ્વંદ્વ વચ્ચે ઐક્ય જોવાની ઘણી બાબતો સમગ્રતામાં - પૂર્ણતામાં જોવાની શરૂઆત પણ થઈ શકે.

દેવ અને દાનવના કર્તા તો તે અલખધણી જ છે. તેથી બંને તેના જ સંતાનો છે. આમ બંને સમાનતા પર આવી શકે. જો ભેદ જોવો હશે તો ભેદ દેખાશે અને સામ્ય જોવાં હશે તો સામ્યતા દેખાશે. આ બંને પરિસ્થિતિમાં કોઈ ને કોઈ એવી બાબત હશે જેના સંદર્ભમાં ઐક્ય કે ભિન્નતા દેખાશે. જીવન આવાં સંદર્ભો પણ સાંદર્ભિક હોય છે. આપણે જેને આધારે નિર્ણય લઈએ છીએ તે માત્ર આપણી સમજ પર આધિરત હોય છે - આધાર પણ આધારિત રહે છે, તે આધારનો પણ કોઈ આધાર હોય છે. આ પ્રક્રિયામાં અંતે ગુચવાડો ઊભો થાય. તેથી જ ક્યાંક દ્વંદ્વની ઓળખની ઉપર ઉઠવાનું અહીં સૂચન હોય તેમ લાગે છે.

વસ્તુનો ગુણધર્મ તેનામાં પ્રકૃતિના કોઈ એક ગુણના પ્રભુત્વને કારણે હોય છે. જે તે સમયે જે તે સ્થિતિમાં તે ગુણ ઉભરીને આવતાં તે વસ્તુ તેવી લાગે. સમય તથા સ્થિતિ બદલાતાં અન્ય ગુણોનું પ્રભુત્વ વધી શકે અને તે વસ્તુ અન્ય સ્વરૂપે સમજાય. દાનવમાં પણ ક્યાંક દેવત્વ ઉભરી આવી શકે. તો પછી તેને દ્વંદ્વના માળખામાં કાયમ માટે તે જ સ્થિતિમાં કેદમાં - તેવી જ સમજમાં - રાખવું ઈચ્છનીય ગણાય! અંધ પણ કશુંક જોઈ શકતો હોય છે, સત્ય પણ આપેલ હોય છે; તો મહાર કેવા પ્રકારનો રાખવો?

સત્ય અને અસત્યની, રાત્રી અને અરાત્રીની, સુખની ઈચ્છા અને દુઃખથી બચવાની, મારાં અને તારાની સમજ ઓછી થતાં જ સમજાશે કે આ બધાં તો મન-બુદ્ધિના ખેલ હતાં. જે બ્રહ્મ છે તે જ સર્વત્ર વ્યાપ્ત છે, અને તે એક માત્ર છે, તે જ સ્વયં છે. અહિં-તહીં-બધે જ આમાં-તેમાં-બધામાં; તો ભેદ શેનો! દ્વંદ્વ શેનો! સ્વયંની વાત કરીએ તો હાથ તરફ નિર્દેશ કરીને પણ કહી શકાય કે આ હું છું, અને છાતી તરફ નિર્દેશ કરીને પણ. છતાં હાથ હાથ છે અને છાતી છાતી છે. બંનેને અલગ જોવાં હશે તો અલગ જણાશે નહિતર 'હું' જ છું. અહીં માત્ર હોવાપણું છે - ભેદ નથી! ગંગા સતીના શબ્દોમાં કહીએ તો ભેદની આંટી મેલવાથી અભેદપણું સમજાય!

તેથી જ શાસ્ત્રોમાં અલખને વિરોધી ગુણધર્મોથી આલેખાયેલ છે!

❑❑❑

(સંપર્ક:walahemant@gmail.com)

પંથે પંથે પાથેય

# 'ડેવિડનો જૈન મુનિ સાથેનો વાર્તાલાપ'

શશિકાંત લ. વૈદ્ય

ચિંતકો અને અનુભવી સંતો કહે છે કે જીવન જીવી નાખવું અને જીવન જીવી જાણવું તેમાં આભ જમીનનો ફેર છે. બહુ ઓછા માણસો-માનવ જીવનનું મૂલ્ય સમજે છે. જે વ્યક્તિ પોતાને માટે સ્વાર્થયુક્ત જીવન જીવે છે તે બરાબર નથી, પણ જે પ્રાણીમાત્રના કલ્યાણ માટે જીવન જીવી જાય છે, તે ખરેખર મૂલ્યનિષ્ઠ જીવન કહેવાય. સંતો અને ધર્મપરાયણ જીવન જીવનારા સૌ સાચા અર્થમાં જીવન જીવે છે. સોક્રેટીસ, એરિસ્ટોટલ, મહાત્મા તોલસ્તૉય, ઈશુ, ભગવાન બુદ્ધ, અને મહાવીર પ્રભુ આ બધા મૂલ્યનિષ્ઠ અને સત્યમય જીવન જીવી ગયા કે આજે પણ સમગ્ર વિશ્વ એમના જીવનમાંથી પ્રેરણા લે છે.

મહાત્મા ગાંધીનું જીવન પણ ખુલ્લી કિતાબ જેવું હતું. રાષ્ટ્રપિતા સત્ય અને અહિંસા માટે જીવ્યા અને મર્યા. આપણે આજે જૈન ધર્મના એક દિગંબર મુનિની જીવન શૈલીની વાત કરીશું. સૌ જાણે છે કે જૈન ધર્મનો પાયો 'અહિંસા' પર છે. મહાવીર પ્રભુએ તો જૈન ધર્મના સિદ્ધાંતને 'અહિંસા પરમો ધર્મ' કહ્યો. સમજાય તેવી સરળ વાત છે કે પૃથ્વી પર જે કુદરતે પ્રાણી સૃષ્ટિ સર્જી છે, તેને પણ જીવવાનો પૂરો હક છે. ટૂંકમાં અહિંસાનું સૂક્ષ્મ ચિંતન આ ધર્મમાં જોવા મળે છે. જૈન ધર્મના સાધુઓ પણ કઠોર જીવન જીવે છે. જૈન ધર્મની દીક્ષા લેવી તે પણ કઠિન છે... જે કઠિન જીવન જીવીને ધર્મ પરાયણ જીવે તે જ જૈન સાધુ કે સાધ્વી બની શકે. આવા એક દિગંબર જૈન મુનિનો મને પ્રભુ કૃપાથી ભેટો થયો, તે ઘટના હું અહીં રજૂ કરું છું.

હું ઘણા સમય પહેલા વીરસદ, શ્રી વસનદાસ હાઈસ્કૂલમાં-હાયર સેકંડરી સ્કૂલમાં શિક્ષક હતો. વડોદરામાં જ્યોતિ લી. ના મુખ્ય સંચાલક શ્રી નાનુભાઈ અમીન અમારી કેળવણી મંડળના પ્રમુખ હતા. (શ્રી નાનુભાઈ અમીન મૂળ વીરસદના) એમના દ્વારા યુ.કે. ના એક ઈતિહાસના પ્રોફેસર શ્રી ડેવિડ હાર્ડીમન, એમના ઈતિહાસ વિષયના સંશોધન માટે વીરસદ આવ્યા. હું આ શાળામાં અંગ્રેજી વિષયનો શિક્ષક હતો. આ શિક્ષણ સંસ્થાનું કાર્ય તે વખતે ખૂબ પ્રચલિત હતું. મને શાળાના આચાર્યશ્રીએ શ્રી ડેવિડ હાર્ડીમન સાથે આજુબાજુના ગામમાં જઈને એમને મદદરૂપ થવાનું હતું. - દુભાષિયા તરીકે. (ઈન્ટરપ્રિટર) શાળાના સમય પછી ભાઈ ડેવિડે જે કંઈ નક્કી કર્યું હોય તેમ અમે બે એમની મોટર બાઈક પર જતા. આજુબાજુના ગામોમાં આ કાર્ય માટે ફરવું પડતું આ બ્રિટીશ વિદ્વાન ખૂબ મળતાવડા સ્વભાવના હતા. તેઓ મારે ત્યાં પણ રોકાયેલા... આપણી સાથે હળી મળી જતા અને આપણી સાથે જ ભોજન લે. એમણે એક દિવસ મને કહ્યું કે ભાઈ મારી ઈચ્છા જૈન ધર્મના દિગંબર મહારાજને મળવાની છે. દિગંબર સ્વામી (મુનિ) ગુજરાતમાં ઓછા આવે. મને જાણવા મળ્યું કે સોજિત્રા (પેટલાદ પાસે) ગામમાં એક દિગંબર જૈન મુનિ પધાર્યા છે. મારા પિતાજીની આ કર્મભૂમિ હતી. એક દિવસ રજાના દિવસે હું અને ડેવિડ જૈન મુનિને મળવા ગયા. ત્યાંના જૈન મહાજનને મળ્યો અને જૈન દિગંબર મુનિ (મહારાજ) સાથે થોડી વાતો થઈ, તે ખરેખર આનંદ જન્માવે તેવી છે. જે હું મારા શબ્દોમાં રજૂ કરું છું.

સામાન્ય રીતે સંત ખૂબ સાદા અને નિર્મળ સ્વભાવના હોય છે. સંતની એક સરળ વ્યાખ્યા તે છે કે બીજા માટે અને અજાણ્યાને પણ સહાયરૂપ થાય. એક ભજનમાં સંતના સંદર્ભમાં ખૂબ સચોટ વ્યાખ્યા આપી છે.

'શાંતિ પમાડે તેને સંત રે કહીએ'. જૈન સાધુઓ તો સ્વભાવે ખૂબ નમ્ર અને વિવેકી હોય છે. તપ દ્વારા એમણે આત્માની અનુભૂતિ કરી હોય છે. તેનામાં મોહ કે માયાનાં દર્શન ન થાય. આવા જૈન મુનિઓ મોહયુક્ત હોય છે. આવા એક જૈન દિગંબર મુનિને હું અને યુ.કે. ના વિદ્વાન ડેવિડ હાર્ડીમન, એક જૈન દેરાસરમાં મળ્યા. ડેવિડે શ્રધ્ધાપૂર્વક વંદન કર્યા અને અમારો ખૂબ ટૂંકો વાર્તાલાપ શરૂ થયો. જૈન મુનિ હિન્દી જાણતા અને તેથી મારે ડેવિડને અંગ્રેજીમાં કહેવું પડતું. (હિન્દી ભાષાની મારી ખૂબ મર્યાદા હતી) જૈન ધર્મ અંગેની અને સિદ્ધાંતોની થોડી વાત થઈ. સાંજનો સમય હતો. રાત્રિ પડવાની તૈયારી હતી. તેથી આ વાર્તાલાપ ટૂંકાવી દેવો પડ્યો. ડેવિડનો એક પ્રશ્ન હતો. શું રાત્રે તમે (જૈન મુનિ) અહીંજ રહેશો ? મેં જૈન મુનિને ઉપરનો પ્રશ્ન પૂછ્યો અને મુનિએ જવાબ આપ્યો. - 'હા'.

ડેવિડે કહ્યું (મને) 'Sir, you ask Jain Muni , if there is a fire in the temple would you not leave this place? 'આ પ્રશ્નનો જૈન મુનિએ જે જવાબ આપ્યો તે ખરેખર ડેવિડને વિચાર કરતા કરી દીધા. જૈન મુનિએ કહ્યું, 'मास्टर साहब, आप डेविड साहब को बता दो, अगर आग भी लगे, तो ये जैन दिगंबर मुनि यहाँ से नहीं हटेंगे। वो मर जाएंगे पर बाहर नहीं जाएँगे क्युंकी हमे शरीर का मोह नहीं!' મેં ડેવિડને અંગ્રેજીમાં કહ્યું કે, 'Under any Circumstances, Jain Muni would not leave this place, he would prefer to die because he has no fascination for the body'.

જૈન મુનિનો આ જવાબ સાંભળી ડેવિડને આશ્ચર્ય થયું અને તેણે કહ્યું, 'This is wonderful & Unique one' આ ખરેખર

અદ્‌ભુત કહેવાય અને અદ્વિતીય પણ. અમારો મુનિ સાથેનો ટૂંકો વાર્તાલાપ આનંદદાયક અને અર્થપૂર્ણ બની રહ્યો. અમે બન્નેએ મુનિને નમસ્કાર કર્યા અને કહ્યું 'જય જિનેન્દ્ર' મુનિનાં દર્શનથી અમને આનંદ થયો.

❑❑❑

૫૧, 'શિલાલેખ' ડુપ્લેક્ષ,
અરૂણોદય સર્કલ પાસે,
અલકાપુરી, વડોદરા ૩૯૦૦૦૪

# જ્ઞાન-સંવાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

**પ્ર.૧ આજકાલ વોટ્‌સએપમાં એક મેસેજ બહુ જ આવે છે (વાંચવા મળે છે) કે કરોડો રૂપિયા ખર્ચી મંદિર કે ઉપાશ્રય બનાવવામાં આવે છે, તો આ દેરાસર - મંદિર કે ઉપાશ્રય પાછળ ખર્ચાતા રૂપિયા ગરીબોની ગરીબી દૂર કરવા પાછળ ખર્ચાય એ શું વધુ યોગ્ય નથી ?**

**જ.૧** ભારત દેશ સંત-મહંત-ઋષિ મુનિઓની ભૂમિ છે. આધ્યાત્મિક દેશ છે. ત્યાં મંદિર-દેરાસર-ઉપાશ્રય વધુ હોય તે સ્વાભાવિક છે. અને હજી પણ નવાં નવાં મંદિર કે દેરાસર બની રહ્યાં છે. તેની પાછળ થતો ખર્ચ એ લક્ષ્મીનો સદ્‌વ્યય થયો ગણાય. જ્યારે આ કાર્યમાં અવરોધ ઊભો કરવો તે ધર્મવૃક્ષના મૂળમાં ઘા કરવા સમાન છે. પ્રભુ ભક્તિના પવિત્ર કાર્યમાં અડચણ ઊભી કરવી તે બરાબર નથી.

પશ્ચિમની કેળવણીના પ્રતાપે આજે ભોગ વિલાસના અનેક સાધનો વધી રહ્યાં છે. ભૌતિક સુખ સગવડો પણ વધતી જતી દેખાય છે. શરીર અને ઈન્દ્રિય સુખની રૂચિના કારણે આત્મા અને બુદ્ધિને બહેકાવનારા સાધનો પ્રત્યે મનનું વલણ વિશેષરૂપે રહે તે સ્વાભાવિક છે. જીવન વિલાસી અને ભૌતિક સુખ સગવડ પાછળ પાગલ થતું જાય છે. જેના કારણે આજે મંદિર-ઉપાશ્રય કે દેરાસર કરતાં દવાખાનાઓ પણ વધી રહ્યાં છે. રોગીની સંખ્યા વધતી જાય છે. આ બધાંની પાછળ મુખ્ય કારણ તો સંયમ ધર્મનો અભાવ જ વરતાય છે. અને સમજણના અભાવે જીવાતું જીવન ગરીબીરૂપે ફુલતું ફાલતું જાય છે.

ત્યારે આત્માનું કલ્યાણ થાય, આરોગ્ય-નીરોગી રહે, સંયમ-શીલ તપના ભાવની પ્રભાવના થાય તેવા નિર્માણ કાર્યમાં ધન વપરાય તે સારું જ છે. સાથે સાથે તેનો વિવેકપૂર્વક વિચાર કરવાની પણ ખૂબ જ જરૂર છે. મંદિર-દેરાસરોની પરંપરાથી ભારતની સંસ્કૃતિ અને ધર્મ આજે પણ જીવંત છે. આજે જે સ્વરૂપમાં તેની પરંપરાઓ જોવા મળે છે. તે શ્રદ્ધાળુ ધાર્મિક આત્માઓને લઈને જ છે. આ મંદિર દેરાસરોની શિલ્પ સ્થાપત્ય કળા ભારતની અજોડ ધરોહરરૂપે છે. જુઓ વિશેષાંક-મે-મંદિરોના શિલ્પ સ્થાપત્ય.

ગરીબોને આપવા માટેની દયાભાવના ઉત્તમ છે. પરંતુ એ દયાધર્મના મૂળ તો પ્રભુની આજ્ઞામાં છે. એનો આધાર નહીં હોય તો દયા પણ ક્યાંથી આવશે ? એવા સંસ્કારો ક્યાંથી મળે ? કોણ આપે ? વળી આ મંદિર-દેરાસરોના નિર્માણ કાર્યમાં પણ હજારોને રોજી-રોટી મળે છે. દેશનો પૈસો દેશમાં જ રહે છે, પરદેશ જતો નથી.

ધર્મની ધજા ફરકાવતાં મંદિરો, દેરાસરો આત્માઓને ભક્તિ કરવા માટે, તીર્થયાત્રા કરવા માટે પુષ્ટ આલંબન પુરું પાડે છે. તેના દ્વારા જ દયા-દાનાદિ ધર્મોના આટલા પરોપકારી કાર્યો ટકી રહ્યાં છે. આ દ્રષ્ટિથી આવા ધાર્મિક સંકુલોનું નિર્માણ કરનાર પુણ્યશાળી આત્માઓ, અનેક જીવો પર ઉપકારી પુણ્યાનુબંધી પુણ્ય ઉપાર્જન કરે છે. સદ્‌ગતિનું પુણ્ય પ્રાપ્ત કરે છે.

આજે ઘણાં મંદિરો કે દેરાસરો આદિના નિર્માણમાં ખર્ચ કરવાની ના પાડી દે છે. પરંતુ તેઓ ચલચિત્રો, ક્રિકેટ - ફેશન ઈત્યાદિ મોજ-શોખ કે રમતો પાછળ પારાવાર પૈસો ખરચતાં અચકાતાં નથી. ત્યાં ગરીબ માણસો યાદ આવતા નથી. અને ધર્મ કાર્યો પાછળ થતાં ખર્ચાઓ માટે બૂમાબૂમ કરી મૂકે છે.

મંદિરો કે ઉપાશ્રયો એ તો સાચા જીવનની શિક્ષા કે દીક્ષા આપનાર સંસ્થાઓ છે. તેની સામે આનંદ હોય, વિરોધ નહિ. જેમાં માણસને સાચું જીવન જીવવાની સૂઝ અને સમજ મળે, કર્તવ્યની કેડી પર ચાલવાનો આનંદ મળે, પ્રભુ આગળ પાપનો એકરાર કરવાનો ઉપદેશ મળે, પોતાને ઓળખવાનો અવસર મળે, અને માનવ જીવનને કૃત-કૃત્ય કરવાનો મોકો મળે તેવા મંદિરો કે દેરાસરો - ઉપાશ્રયો એક કરતાં વધુ હોય તો પણ સહુને ઉપકારી બને છે. એમાં તન-મન અને ધન એ ત્રણેનો સદુપયોગ થવાથી એ ત્રણેય સુરક્ષિત રહે છે. બાકી દુઃખી પ્રત્યે દયાભાવના કરવાનું કાર્ય તો સમાજમાં સાધન સંપન્ન અગ્રણીઓ કરતા જ રહે છે. તે માટે દાનાદિનો ઉપદેશ સાધુ ભગવંતો આપતા જ હોય છે.

અંતમાં દરેક કાર્યનું નિર્માણ યોગ્ય સમયે થતું જ હોય છે. દાન હોય કે દેરાસર આદિનું નિર્માણ, પણ વિવેકથી થાય તો દરેક કાર્ય કલ્યાણકારી બને. આજે અનેક ચર્ચના પરિસરોમાં શૈક્ષણિક સંસ્થાઓ જોવા મળે છે. તેવી જ રીતે જો જૈન ધાર્મિક સ્થાનકો સાથે શૈક્ષણિક સંસ્થાઓ તેમ જ અન્ય સામાજિક સંસ્થાઓ સંલગ્ન બને તો સોનામાં સુગંધ ભળે...

જિનઆજ્ઞા વિરૂદ્ધ કાંઈ લખાયું હોય તો 'મિચ્છામિ દુક્કડમ્'। પરમ પૂજ્ય પુણ્યપાલસૂરીજી મહારાજ સંપાદિત 'આધ્યાત્મિક પ્રશ્નોત્તર'ના આધારે જવાબ આપ્યો છે.

**- અસ્તુ.**




# સર્જન-સ્વાગત

**ડૉ. રશ્મિ ભેદા**

આચાર્ય શ્રી મુનિચંદ્રસૂરિજી 'શાંતિ સૌરભ' માસિકમાં 'પ્રસંગ પરિમલ' કોલમના માધ્યમથી અને 'હૃદય પરિવર્તન' માસિકમાં 'પ્રસંગ પરિવર્તન' કોલમના માધ્યમથી પ્રસંગવાર્તાઓ લખે છે. લગભગ ૩૭ વર્ષથી આ કોલમ નિયમિત ચાલે છે. આ સામાયિકોમાં પ્રગટ થતી પ્રસંગવાર્તાઓનું પુસ્તકરૂપે પ્રકાશન થયું છે. એમાંથી નીચેના બે પુસ્તકો છે –

પુસ્તકનું નામ : **પ્રસંગ રત્નાકર**
લેખક : આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિ
પ્રકાશક : આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર
સૂભાષ ચોક, ગોપીપુરા.
સુરત.
ફોન :૯૮૨૪૧૫૨૭૨૭
મૂલ્ય : રૂા. ૨૦૦/- પાના : ૧૧૧




'પ્રસંગ રત્નાકર' માં આ.મુનિસુંદરસુરીશ્વરજીએ ઈતિહાસના નાના નાના પ્રસંગો ટાંકીને એના દ્વારા બોધપાન કરાવ્યું છે. માનવતા, પ્રામાણિકતા, ન્યાયપ્રિયતા, નમ્રતા, નિઃસ્પૃહતા, કરૂણા, ત્યાગ...જેવા નૈતિકતાના મૂલ્યો આવી ટચુકડી વાર્તાઓ દ્વારા બહુજ સરસ સમજાવ્યા છે. સાથે સાથે આ દૃષ્ટાંતો દ્વારા જૈન ધર્મની પાયાની સમજણ પણ આપી છે.

♦♦♦

(૨) પુસ્તકનું નામ : **પ્રસંગ ધારા**
લેખક : આચાર્ય શ્રી મુનિસુંદરસૂરિ
પ્રકાશક : આ. ૐકારસૂરિ જ્ઞાનમંદિર
સુભાષ રોડ, ગોપીપુરા, સુરત
ફોન : ૯૮૨૪૧૫૨૭૨૭
મૂલ્ય : રૂા. ૧૦૦/- પાના : ૧૦૮




'પ્રસંગ ધારા'માં ૧૦૮ નાની નાની કથાઓ છે. જેના દ્વારા આચાર્યશ્રીએ જિનશાસનના વિદ્વાન મુનિભગવંતો જેવાકે મુનિ શ્રી બુટેરાયજી, શ્રી મૂલચંદજી (બુદ્ધિવિજયજી, મુક્તિવિજયજી), આગમપ્રજ્ઞ શ્રી જંબુ વિજયજી મ., કવિકુલકીરીટ આ. લબ્ધિસૂરીશ્વરજી મ., આ વાદિદેવસૂરિજી, પ્રબળ વૈરાગી, મુનિ વીરવિજયજી, અધ્યાત્મયોગી આ. બુદ્ધિસાગરજી, પંજાબ કેસરી મુનિ વલ્લભવિજયજી મ.સા. વગેરેનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો છે. જેમકે જ્યારે સંવેગી સાધુઓનું પ્રમાણ નહીવત હતું ત્યારે શ્રી બુટેરાયજી મહારાજે પંજાબ જેવા દૂરના પ્રદેશોમાં વિચરણ કરી સંવેગી સાધુઓની સંખ્યા વધારી અને શાસન પ્રભાવના કરી. સાથે સાથે ભીખાઈ કામા, ગાંધીજી, લેનિન, ગુર્જીએફ, ઝાકિર હુસેન, સ્વામી રામદાસ. વગેરે અનેક મહાનુભાવોના જીવનના પ્રસંગો ટાંકી વાચકોને એમના ગુણોનો પરિચય કરાવ્યો છે.

જેને બહુ વાંચનનો શોક ન હોય એવી વ્યક્તિઓ પણ આ બંને પુસ્તકો રસથી વાંચી એમાંથી બોધ મેળવી શકે છે.

♦♦♦

૩. પુસ્તકનું નામ : **યોગધર્મનો અધિકારી**
લેખક : શ્રી સંયમકીર્તિ વિજયજી મ.સા.
પ્રકાશક : શ્રી સમ્યગ્જ્ઞાન પ્રચારક સમિતિ, અમદાવાદ
ફોન : C/o. નૃપેનભાઈ શાહ - ૯૪૨૭૪૯૦૧૨૦
પાના : ૨૦૪ મૂલ્ય : સદુપયોગ




અનંત દુઃખરૂપ સંસારનો આત્યંતિક નાશ કરીને અનંત સુખરૂપ મોક્ષને પ્રાપ્ત કરવાનું શ્રેષ્ઠ સાધન યોગ છે. મોક્ષની સાથે યોજન કરી આપે તેને યોગ કહેવાય છે, જે સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્ર રૂપ છે. યોગનું મુખ્ય ફળ મોક્ષ છે, આનુષંગિક ફળ અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાનાદિ અનેક લબ્ધિઓ છે. 'યોગધર્મનો અધિકારી' આ પુસ્તકમાં યોગનો મહિમા, યોગનું સ્વરૂપ અને યોગધર્મના અધિકારી જીવની યોગ્યતા અંગે વર્ણન કરવામાં આવ્યું છે.

આ. હરિભદ્રસૂરિ લિખીત 'યોગીબિંદુ ગ્રંથમાં યોગનો મહિમા વર્ણવતા 'યોગને કલ્પવૃક્ષ, ચિંતામણિ રત્ન, સિદ્ધિનો સ્વયંગ્રહ વગેરેની ઉપમા આપી છે. યોગથી ધૈર્ય, શ્રદ્ધા, મૈત્રી, જનપ્રિયત્વ, દ્વન્દ્વસહિષ્ણુતા, ધૃતિ, ક્ષમા, સદાચાર વગેરે ગુણોની પ્રાપ્તિ થાય છે તેમજ જીવાદિ તત્ત્વોનું ઉદ્ભાસન થાય છે.

'યોગશાસ્ત્ર' અને 'યોગશતક' ગ્રંથના આધારે યોગનું સ્વરૂપ સમજાવ્યું છે. નિશ્ચયદષ્ટિએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્ર આ રત્નત્રયી મોક્ષયોજક હોવાથી 'યોગ' કહેવાય છે. જ્યારે આ રત્નત્રયીના સાધનરૂપે ગુરૂવિનયાદિ કારણોને કારણમાં કાર્યનો ઉપચાર કરીને યોગ કહેવામાં આવેલ છે.

'યોગધર્મના અધિકારી જીવની કેવી યોગ્યતા હોય તેનું વર્ણન આ. હરિભદ્ર સૂરિજીના 'યોગબિંદુ' અને 'યોગદૃષ્ટિસમુચ્ચય' ગ્રંથને અવલંબીને કરવામાં આવ્યું છે. સામાન્યથી અપુનર્બંધક જીવને યોગનો અધિકારી બતાવ્યો છે. અને વિશેષથી ઔચિત્યારંભી, અક્ષુદ્ર, પ્રેક્ષાવંત

(નિપુણ-બુદ્ધિવાળો), શુભાશયવાળો, અનિષ્ફલ પ્રવૃત્તિ કરનારો અને કાલજ્ઞ (અવસરનો જ્ઞાતા) જીવ યોગધર્મનો અધિકારી બતાવ્યો છે. અપુનર્બંધક અવસ્થાએ ભવાભિનંદીપણાના દોષોનો મહત્તમ ક્ષય થયો હોય છે અને તેના પ્રતિપક્ષ ગુણોની પ્રાપ્તિ થયેલી હોય છે. ભવાભિનંદી આત્મા સંસાર પ્રત્યે તીવ્ર આસક્તિ ધરાવે છે જ્યારે અપુનબંધક આત્માને સંસાર પ્રત્યે તીવ્ર આસક્તિ હોતી નથી. ગોત્રયોગી, કુલયોગી, પ્રવૃત્ત-ચક્રયોગી અને નિષ્પન્ન યોગી આ ચાર પ્રકારના યોગીઓ છે. ઔચિત્યાદિ ગુણો કુલયોગી અને પ્રવૃત્તચક્ર યોગીમાં હોય છે. તેથી તે બંને યોગધર્મના અધિકારી છે. ગોત્રયોગી પાસે આ ગુણો હોતા નથી તેથી તે યોગધર્મનો અધિકારી નથી અને નિષ્પન્ન યોગીને યોગસિદ્ધિ પ્રાપ્ત થઈ ગઈ છે. આપણી આરાધના યોગધર્મ બને તે માટે તેના અધિકારીપણાના ગુણો જીવનમાં આવે એ પુરૂષાર્થ કરવાનો છે.

♦♦♦

૪. પુસ્તકનું નામ : **શુદ્ધ સમકિતનું સરનામું**
લેખક : શ્રી વસંતભાઈ ખોખાણી
પ્રકાશક : શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર ટ્રસ્ટ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૪૪૯૯૯૨
મુલ્ય : રૂા. ૩૦/- પાના : ૧૫૪

અનાદિકાળથી સંસારની ચાર ગતિમાં પરિભ્રમણ કરતો જીવ જ્યારે સમ્યક્દર્શન



પ્રાપ્ત કરે છે ત્યારે જ તેના સંસાર પરિભ્રમણની યાત્રા સમાપ્ત થાય છે અને મુક્તિની યાત્રાનો પ્રારંભ થાય છે. શુદ્ધ આત્મસ્વરૂપને પામ્યા છે એવા જ્ઞાની પુરૂષોએ 'છ પદ'ના રૂપમાં આ સમ્યકત્વ પ્રાપ્તિનું સરનામું આપણને આપ્યું છે. સમ્યક્દર્શનના ૬૭ બોલમાંથી અંતિમ છ બોલ એટલે 'આત્માના છ પદ' જેને શ્રીમદ્ રાજચંદ્રે સર્વોત્કૃષ્ટ સ્થાનક કહ્યા છે અને વચનામૃતજીમાં નવ વખત એમણે 'છ પદ'ના મહાત્મ્યને સમજાવ્યું છે. લલ્લુજી મુનિએ દેહ છોડતા પહેલા સમકિત પ્રાપ્ત કરવું જ છે એવી દૃઢ ઈચ્છા શ્રીમદ્ રાજચંદ્ર પાસે કરતા એમણે સમ્યક્ દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ સ્થાનક 'છ પદ' પત્ર સ્વરૂપે આપ્યા જે વચનામૃતમાં પત્રાંક ૪૯૩ છે.આ છ પદ નીચે પ્રમાણે છે -

"આત્મા છે, આત્મા નિત્ય છે, આત્મા કર્તા છે, આત્મા ભોક્તા છે, મોક્ષ પદ છે, મોક્ષનો ઉપાય છે."

શ્રી વસંતભાઈ ખોખાણીએ સ્વાધ્યાય શ્રેણીમાં આ 'છ પદ'ના પત્રની જે સુંદર છણાવટ કરી હતી તે આ 'શુદ્ધ સમકિતનું સરનામું' આ પુસ્તકરૂપે પ્રકાશિત થયું છે. આ 'છ પદ' શુદ્ધ આત્મસ્વરૂપ પ્રાપ્ત કર્યું છે એવા જ્ઞાની પુરૂષોએ કીધા છે. આ માર્ગ સનાતન અને શાશ્વત છે. જ્ઞાની પુરૂષ તેનો આર્વિભાવ કરે છે. તે સત્ છે, શાશ્વત છે, ત્રિકાળ છે. આત્મા છે અને તેના મોક્ષનો ઉપાય પણ છે. સાધકને પોતાના આત્મપદ, નિજપદને પ્રાપ્ત કરવા માટે આ પત્ર છે તેમાં નિજપદની ઓળખાણ પણ છે અને નિજપદ્ની સિદ્ધિનો માર્ગ પણ છે. જ્ઞાન અને ક્રિયા શુદ્ધ પદ પ્રાપ્ત કરવાના સાધન છે.

♦♦♦

(આ પુસ્તક મેળવવા માટે શ્રી મુંબઈ જૈન સંઘની ઓફીસમાં ફોન કરો.)

## DO AS LIKE IT

તમારું મૂલ્ય છે, તે સાથે તમારા ગમા - અણગમાનું પણ!

તમને જ્યારે જે ગમે તે સાચું, પણ શર્ત એ છે કે તમે, તમારા ગમા (likes)ને વફાદાર હોવાં જોઈએ આ ગમાની ઉત્પત્તિ, અંદરથી, અંતરથી થયેલી હોવી જોઈએ વળી તે સ્થિર અને ટકાઉ પણ હોવી જોઈએ.

અમુક વસ્તુ કે વ્યક્તિ તમને ગમે છે, શા માટે? તેની પૂરી સમજણ તમારામાં હોવી જોઈએ કેમકે, એ જ તમને ભવિષ્ય તરફ દોરતી રહેશે! તે જ રીતે અણગમા (Dislikes)ના પણ પૂરેપૂરાં કારણો હોવાં જોઈએ. આપણો અણગમો પણ ટકાઉ હોવો જોઈએ.

જે તે માણસની વૃત્તિ, મનનું વલણ તેને પ્રવૃત્તિ તરફ દોરતું રહે છે, ગમવુંનો અર્થ મેળવવું કે તેનાં પર માલિકીની ભાવના લાદવી એવો ન થવો જોઈએ. તે આંતરિક સ્ફૂરણાનો પ્રતિક બની રહેવો જોઈએ.

ગમતી વસ્તુ કે વ્યક્તિમાં આપણે, આપણાપણું ઉમેરીને તેને સાર્વજનિક બનાવવાની રહે છે, આ બાબતમાં કવિ મકરંદ દવે લખે છે,

**'ગમતું મળે તો અલ્યા, ગૂંજે ના ભરીએ ને**
**ગમતાંનો કરીએ રે ગુલાલ!'**

જેમ ગુલાલને એકમેક પર છાંટવામાં આનંદ આવે છે, તેમ 'ગમતું' વહેંચવામાં, વાપરવામાં અન્યને આપવામાં પણ આનંદ આવવો જોઈએ. The Pleasure of Giving. આપવાનો આનંદ અનેરો કે જે આપણને પામવાની નજીક દોરી જાય છે.

હું એટલે કોણ અને શું? મારી ગમાડવાની મર્યાદા કેટલી? મને ન ગમતી હોય એવી કેટલીયે અસંખ્ય વસ્તુઓ અને વ્યક્તિઓને જીવવાનો પોતાનો અધિકાર છે જ, આપણે સર્વસ્વ ના હોઈ શકીએ. આ અર્થમાં આપણા ગમા-અણગમા પણ મર્યાદિત...

હરજીવન થાનકી
સીતારામનગર, પોરબંદર

# સાધના-ભૂમિ પર અમી-છાંટણાં

**ડૉ. સર્વેશ વોરા**

કોઈજ કંઠી નહીં એમની ભાષામાં ''બ્રાન્ડ'' વિનાના સ્વતંત્ર વિચારક. આઠ પુસ્તકો સોળેક વાર વ્યાખ્યાનયાત્રાઓ માટે દુનિયાના છ ખંડોમાં આમંત્રિત ''ગુજરાત સમાચાર''ની શતદલપૂર્તિની બધી આવૃત્તિઓમાં ''અન્તર્યાત્રા'' કટાર વિશ્વ સંસ્કૃત પરિષદમાં ઓસ્ટ્રેલિયા અને ઓસ્ટ્રિયામાં સત્રાધ્યક્ષ)

બૌદ્ધ દર્શનમાં એક શબ્દ છે : ''કુશળ પ્રયોગ''. કોઈ મકાનમાં ચારે બાજુ આગ લાગી હોય મકાનની અંદર બાળકો રમતમાં મસ્ત હોય. આગથી બચી ગયેલા મકાનની બહારથી બાળકોને બહાર આવવા બૂમો મારતા હોય. બાળકો દાદ ન આપે ત્યારે કશુંક આકર્ષક, કશુંક મીઠાઈ જેવું બતાવીને બાળકોને બહાર આવવા લલચાવાય અને... બાળકો બહાર આવવા પ્રેરાય... 'પ્રબુદ્ધ જીવન'નો અગ્રલેખ આવા. 'કુશળ પ્રયોગ'થી શરૂ થાય છે. જીવનનો સાર, જીવનનું પ્રાપ્તવ્ય શોધવા મૂઠી ઊંચેરા મહાપુરુષોએ અનેક જન્મો પછી જે નવનીત મેળવ્યું : એ ''સમ્યક દર્શન'' અને દર અંકની જેમ ડૉ. સેજલ ખૂબ સમૃદ્ધ અગ્રલેખ દ્વારા...બાળજીવોને પણ ગંભીર ડૂબકી માટે પ્રેરે છે.

દર વખતે પ્રબુદ્ધ જીવનની રાહ જોતો હોઊ સાત્ત્વિક સમૃદ્ધ અને રસસભર વાનગીઓનો થાળ હોય, અંગ્રેજીમાં, જેને ''કલેક્ટર્સ આઈટેમ'' કહે, એવા લેખો.... પણ-અગ્રલેખો તો ગ્રન્થસ્થ થવા જ જોઈએ એવું હમેશા લાગે. ''સમ્યક્દર્શન'' પરના લેખે આ માન્યતા પર મહોર મારી.

જૂન ૨૦૧૮ નો અંક, બરાબર તપ્ત ધરતી પર વર્ષાનાં અમી છાંટણાં જેમ, સાધક માટે અમી છાંટણાનો સુયોગ સાધે છે. પાનાં ખુલતાં જાય અને તંત્રી ની કૃષ્ટિસંપન્ન પસંદગીનો ઉઘાડ થતો જાય! ડૉ. કુમારપાળ દેસાઈ, આપણા ગૌરવવંતા સારસ્વત, સ્થાનાંગ સૂત્ર, ગીતા, ઉત્તરાધ્યયન સૂત્ર અને ભગવતી સૂત્ર જેવા અદ્‌ભુત આધારો સાથે, સમ્યક્દર્શનની કઠિન યાત્રાને ખૂબજ પ્રવાહી અને 'સરળ' શૈલીમાં સુલજાવી આપે છે. ડૉ. કુમારપાળની બહુમુખી પ્રતિભા અને પ્રખર વક્તા અને સિદ્ધહસ્ત લેખક તરીકેની જળહળતી સફળતાનું રહસ્ય કદાચ આ લેખ જ પ્રગટ કરી દે છે. જૈનદર્શન જેવા ગંભીર વિષયનાં કેટલાં પરિમાણોને એમણે સરેરાશ વાચક કે શ્રોતાનાં હૈયે ટકોરા મારીને રજૂ કર્યાં છે. 'સ્વાધ્યાય' આખા લેખમાં કેન્દ્રમાં હોવા છતાં એમણે ધ્યાન અને જપ પર જૈનદર્શને મૂકેલા ભાર પર પણ ધ્યાન ખેંચ્યું છે.

આ અંકના અન્ય લેખોની વિશેષતા એ છે કે કયાંય પુનરાવર્તન નથી. સુબોધીબેન મસાલિયા એ 'જિનાજ્ઞા આરાધન'નાં વિજ્ઞાનનાં પગથિયાં જાણે ખૂબ સરળ રીતે આલેખ્યાં છે. ''શ્રુત દ્વારા સ્વરૂપનો બોધ થતાં અને તેના વડે ચિત્ત ભાવિત થતાં ક્રમશઃ મોહની પકડ ઢીલી પડતી જાય છે, અને વિષય કષાયના આવેગો કંઈક મોળા પડતા જાય છે'' સુબોધીબેને અહીં એક તેજસ્વી મૌલિક તણખો મૂક્યો છે, 'વિષયોમાં જ સુખ છે તો ભ્રમ છે, આ ફક્ત શ્રુતથી ટળતું નથી. આ ભ્રમ અનુભવથી ખસે છે.' 'આત્માનુભવ જીવન પ્રત્યેનો સમગ્ર દૃષ્ટિકોણ જ પલટી નાખે છે.' વિદુષી અને પરમસાધિકા સુબોધીબેનનો લેખ પણ. વારંવાર એકાન્તમાં સ્વાધ્યાય કરીને ''પામવા'' જેવું અદ્‌ભુત ઘરેણું છે. ''પ્રબુદ્ધ જીવન''ની મૂળભૂત પરંપરા જ ''જૈનદર્શન અને વિચારક્રાન્તિ'' રહી છે. સુબોધીબેનનું આ વિધાન બરાબર એ મૂળભૂત બુનિયાદને અનુરૂપ છે : ''આત્મ અનુભવીઓની ન્યાત એક જ છે.''

ધર્મ-નીતિ, દેશપ્રેમ, જીવનધોરણ, આદિ કોઈ પણ બાબતમાં પ્રચલિત માન્યતાઓ કે ધોરણોને એ પોતાની વિવેકબુદ્ધિથી નાણી જુએ છે.''

જૂના જોગી અને વૈચારિક રીતે પહેલેથી હિંમતબાજ હિંમતભાઈ ગાંધીએ જૈન જીવનપદ્ધતિનાં અનિવાર્ય અંગ ''સમ્યક આહાર'' પર ખૂબ સમૃદ્ધ, સંશોધનમંડિત અને વિજ્ઞાનમંડિત લેખ આપ્યો છે. સમ્યક્દર્શન માત્ર વૈચારિક પ્રક્રિયા નથી, રોજિન્દાં જીવન સાથે પણ એનો નક્કર અનુબંધ છે એ સમજવા માટે કોઈ જ જિજ્ઞાસુએ આ લેખ ચૂકવા જેવો નથી. હિંમતભાઈએ કેટલાક સમય પહેલાં વિદેશવાસી જૈનો વિષે એક વેધક લેખ લખેલો. હિંમતભાઈના આ ''ગાગરમાં સાગર'' જેવા લેખનો અંગ્રેજી અનુવાદ થવો જોઈએ અને આપણાં સંખ્યાબંધ વિદેશી કેન્દ્રોમાં પહોંચવો જોઈએ.

પ્રબુદ્ધ જીવનના લેખોમાં અનેકાન્તદૃષ્ટિ જોવા મળે છે. પસંદગીમાં ફક્ત તાત્ત્વિક વાતોને બદલે જીવનનાં વિવિધ પરિમાણો, જીવનની વૈવિધ્યપૂર્ણ ગતિવિધિઓને આવરી લેવાય છે એ આ જૂન અંકમાં પણ સુપેરે પ્રગટ થયું છે. ઉપનિષદો પર આપણાં સન્માન્ય વિદ્વાન ડૉ. નરેશ વેદ, તો દિગમ્બર પરંપરાના આધાર સાથે, આપણા વંદનીય આચાર્યશ્રી વિદ્યાસાગરજી પરનો ઉષાબેન નરેશ સંઘવીનો લેખ અંકની શોભા વધારે છે. ડૉ ભદ્રાયુ વછરાજાની પ્રખર શિક્ષણશાસ્ત્રી તો ખરા જ, સાથે એક સુપ્રસિદ્ધ વિચારક અને એમના પ્રત્યેક લેખમાં જીવનનો તાજગીસભર સંસ્પર્શ હોય. ''મને કરોડોની

લોટરી લાગે તો શું કરૂં? કશું જ નહીં, કેટલીય લાયબ્રેરીઓ બાંધું અને તેનાં પ્રાંગણમાં મંદિર બાંધી, તેમાં એક ગ્રન્થ રાખી, તેની નિત્ય સવારસાંજ આરતી ઊતારૂં'' રોજિન્દા અનુભવો ની વાસ્તવિક ધરતી પરના લેખોને પોતાનાં તેજસ્વી જીવનદર્શનથી રસીને રજૂ કરતા ડૉ. ભદ્રાયુભાઈના લેખો પણ પ્રબુદ્ધજીવનનું એક અણમોલ-આભૂષણ છે. નટવરભાઈ દેસાઈ નો ''સ્વમાન અને અભિમાન'' પર નો લેખ અનુભવપૂત છે. નટવરભાઈની પોતાની સમગ્ર કારકિર્દીમાં અધ્યાત્મ, માનવસેવા અને સ્વકીય પુરુષાર્થનો વિશિષ્ટ સમન્વય છે, અને એ તપશ્ચર્યા જેવી જિન્દગીનો અર્ક એમના નાનકડા લેખમાં પ્રગટ થયો છે.

''પ્રબુદ્ધ જીવન'' ભલે અનેકાન્તદૃષ્ટિને કારણે ખૂબ ઉદાર હોય, પણ ભજનના મૂળ લય જેમ જૈનદર્શન એનાં કેન્દ્રમાં છે. જૂન અંકમાં ''ભક્તામર'' પરનો ડૉ. રતનબેનનો સમૃદ્ધ લેખ જાણે મહાનિબંધ જેટલો કિમતી બન્યો છે. જૈન પરંપરાનાં રત્નોની વિશેષતા એ છે કે તમે મૂળદર્શન, શાસ્ત્રો, સ્તોત્રો, સ્તવનો, ને જૂદાં ન પાડી શકો. નવકારમંત્રમાં સમગ્ર જૈનદર્શન પ્રગટ થાય તો ભક્તામરમાં પણ આખી પરંપરા પ્રગટ થાય. ડૉ. રતનબેનની સિદ્ધહસ્ત કલમે લખાયેલ આ લેખ પણ જૂન અંકની મૂલ્યવૃદ્ધિમાં મોટું પ્રદાન કરે છે.

આ વખતના, જૂનના અંકમાં, શાસ્ત્રીય સંગીતમાં જેમ તાનપુરાના સુરીલો લય સતત સંવાહિતા પ્રગટ કરતો હોય એમ 'અધ્યાત્મ'નો લય માણી શકાય છે. વર્ષોથી જેમનાં ગદ્યનો ચાહક છું એ ડૉ. ગુલાબ દેઢિયા પણ એજ આધ્યાત્મિક લયની વાત ખૂબ સરસ રીતે રજૂ કરે છે. ''એક વરદાનની નજીક જવા જેવું.''.. ''તને તારી જાત સાથેની, પોતીકી ક્ષણો મળે!'' સામાયિક કે પ્રતિક્રમણ આ વરદાન વિના શક્ય છે ખરાં? તો ગાંધીજીનાં દર્શનના મર્મને સ્પર્શતો સોનલબેન પરીખનો લેખ ''દાદા ધર્માધિકારીનું સુંદર પુસ્તક : ગાંધી કી દૃષ્ટિ'' પણ અંતર્યાત્રા પ્રેરે છે.

'જૈન પરંપરાના પુનરુદ્ધારકો'ની શ્રેણીમાં ડૉ. હરિવલ્લભ ભાયાણી વિષેનો આચાર્ય શ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજીનો લેખ અને પાલીતાણામાં નિર્માણ થઈ રહેલાં રૂપકડાં જિનાલય વિષયક ખૂબ રસસભર માહિતી આપણે હંસાબેન રાંભિયા અને ચંદુલાલભાઈ ફેમવાલાનો લેખ - આ બન્ને લેખો જિજ્ઞાસુને સંતર્પક યાત્રાએ લઈ જાય છે.

'પ્રબુદ્ધ જીવન'નું એક બહુ મહત્ત્વનું પ્રદાન એટલે મુખ્યત્વે જૈનદર્શન આધારિત અંગ્રેજી લેખો. આ અંકમાં પ્રાચીબેન શાહ ડૉ. કામિની ગોગરીના લેખો વિષયને અનુરૂપ છે. બાર ભાવનાઓ પરનો શ્રી બકુલ ગાંધીનો વિસ્તૃત લેખ પણ દેશવિદેશના અંગ્રેજી માધ્યમમાં જ વાંચતા અનેકને સંશોધન માટે નવી બારીઓ ખોલે છે.

ડૉ. સેજલ શાહે, એમનાં પોતાનાં વ્યક્તિત્વને અનુરૂપ, 'પ્રબુદ્ધ જીવન' ને 'સાંપ્રત સાથેનું તાજગીસભર યૌવન બક્ષ્યું છે, તો વિદુષી પ્રાધ્યાપિકા તરીકે સામયિકનું એક ખાસ કક્ષાનું ધોરણ પણ સાચવ્યું છે. તંત્રીનું આ પ્રદાન, શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વરિષ્ઠ સંચાલકો, પ્રમુખશ્રી, ઉપપ્રમુખશ્રી અને ટ્રસ્ટીઓની ઉષ્માસભર પ્રેરણા વિના શક્ય ન જ હોય. જૂન અંકના પુષ્પગુચ્છ માટે શ્રી સંઘના મોવડીઓને પણ ખૂબ અભિનંદન.

'પ્રબુદ્ધ જીવન' 'કુમાર', સંસ્કૃતિ જેવી જ પ્રતિષ્ઠાને પંથે જઈ રહ્યું છે ત્યારે આ સામયિકના જ નેજા હેઠળ, આંતરિક સમૃદ્ધિને લગતી, જીવનનાં વિવિધ પાસાંને આવરી લેતી પ્રવૃત્તિઓ, મહાનગરોનાં વિશાળ સભાગૃહોમાં નિયમિત શરૂ થાય, તો સામયિક અને સરેરાજ જાગૃત જન બન્નેને ખૂબ જ ઉપકારી નીવડશે. આ પ્રકારનાં ગંભીર વાચન પીરસતાં ગલીપચીથી અને સસ્તાં સાધનોથી દૂર રહેતાં સામયિકે પોતાનો વ્યાપ વધારવા, જાહેર કાર્યક્રમો પણ કરવા જોઈએ એવો નમ્ર મત છે. લોકરુચિને નવાં પરિમાણો, ઊંચાઈ આપવા આ પ્રયોગ કરવા જેવો છે.

❑❑❑

લાભ આશિષ 'એ' બિલ્ડીંગ, પહેલે માળે, ફ્લેટ ૧૦૧,
ઓફ ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશન સામે,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
મો. ૦૯૯૬૭૩૯૮૩૧૬

❋❋❋

**મંદિરોના શિલ્પ સ્થાપત્ય વિશેષાંક**

આ વિશેષાંક સ્વતઃ ધર્મનિરપેક્ષ શિલ્પસ્થાપત્યના વિશાળ ગ્રંથની ગરજ સારે છે. આ એક જ ગ્રંથમાં સમાયેલા ઉત્તરમાં શ્રીનગરથી લઈ દક્ષિણમાં વિજયનગર અને હંપી તથા પશ્ચિમમાં દ્વારકા, સોમનાથ-ગિરનારથી લઈ પૂર્વ તરફના કોણાર્કના સૂર્યમંદિરના સ્થાપત્ય તથા ઈતિહાસના લેખો વાંચવાની માણવાની ઘણી મજા આવી.

પ્રસ્તુત અંકમાં હરિપ્રસાદ સોમપુરાનો લેખ 'શિલ્પ દ્વારા રાષ્ટ્રીય એકતા' નવીન વિષયવસ્તુ લઈ અલગ દૃષ્ટિકોણથી ધર્મસ્થાનકોમાં સમાવિષ્ટ રાષ્ટ્રિય એકતાને રજૂ કરે છે. સોમપુરા શિલ્પીઓ પોતાનો કસબ કેટલીયે પેઢીઓથી અજમાવે છે. તેમણે આપણને મંદીરો, કિલ્લાઓ, મસ્જીદોનો અમર વારસો આપ્યો. લેખકે અહીં સ્થાપત્યકળાની અદ્ભુત વાતો જણાવી છે જેમાં બીજાપુરની ગોળગુંબજની અજાયબ કરામતો તથા એમાં સંયોજિત ધ્વનિ અને ગણિતના સિધ્ધાંતો ઉડીને આંખે વળગે એવા છે. એવું જ ઉદાહરણ તેમણે દર્શાવેલ અમદાવાદના ઝૂલતા મિનારાઓના સ્થાપત્યનું છે. કલાકારની ધર્મનિરપેક્ષતાનું વર્ણન કરતાં તેઓ જણાવે છે કે આરસ જ્યાંથી પ્રાપ્ત થાય છે તે મકરાણા ગામમાં ૮૦ ટકા મુસ્લિમ વસ્તી છે.

સ્થાપત્યના વિશેષાંકના દરેક લેખોમાં લેખકોની પોતાની

સંશોધિત દૃષ્ટિ અને તે વિષયનું વિશાળ જ્ઞાન ઉપરાંત તેમની રજૂઆત કરવાની વિશિષ્ટ શૈલીને કારણે આ અંક વાંચતા ખૂબ ખૂબ આનંદ થયો. ગુજરાતીના ખ્યાતનામ સમાચારપત્રોમાં દીર્ઘ પત્રકારીત્વ નિભાવતા હોય તેવા સદાબહાર વિદ્વાનોના શોધપત્રો જેવા લેખો પ્રબુધ્ધજીવનને ગૌરવતા બક્ષે છે.

ભારતનું સ્વર્ગ શ્રીનગર ગણાય અને ત્યાં આવેલા એક હજાર વર્ષ પ્રાચીન મંદીરોના વિશાળ અવશેષો જોવા એકવાર ફરીને આવ્યા હોય પરંતુ એનું સ્થાપત્ય કેવું તે અહીં જાણવાનું મળે છે.

દરેક શિલ્પ સ્થાપત્યની માહિતીઓ ફોટા સાથે વાંચતા અમે વાચકો ભાવવિભોર થઈ ગયા.

પીંકીબેન દલાલના રાણકપુરના અજોડ મંદીર 'ત્રિભુવન ત્રિલોક પ્રાસાદ' કે 'ત્રિલોક્ય દીપિકા'ના સ્થાપત્યનો લેખ ઈતિહાસ અને કલાની અનેકવિધ ખૂબીઓ રજૂ કરે છે તો નરેશભાઈ અંતાણી 'ગુજરાતની સાંસ્કૃતિક ધરોહર'માં મોટાભાગની વાવ અને તળાવોના દર્શન કરાવે છે.

ટૂંકમાં જ્યાંથી કળા અને સ્થાપત્યનો પ્રારંભ થયો તે સ્તૂપના સ્થાપત્યથી લઈ વર્તમાન સમયના દરેક પ્રકારના મંદીરોનો સમાવેશ આ વિશેષાંકમાં આવરી લેવાયા છે. અહિં કીંગ નેપચ્યુન, ભૂતાન અને ન્યૂયોર્કના મંદીરોના દર્શન કરતા ઘર બેઠા યાત્રાનો લહાવો મળ્યો હોય એવું લાગે છે.

તંત્રી શ્રી ડૉ. સેજલબેન અને સંપાદક શ્રી કનુભાઈ સૂચકને વિનંતી કે લોકભોગ્ય આ વિશેષાંકને રંગીન ફોટાઓ સાથે પુસ્તક આકારે પ્રકાશિત કરવું. જેથી આ અંક વિશેષ યાદગાર માહિતીસભર બની રહે.

**ડૉ. રેણુકા પોરવાલ**
એ-૧૧૦૫, ઝેનીથ ટાવર, પી.કે.રોડ,
મુલુંડ (વેસ્ટ), મુંબઈ - ૪૦૦ ૦૮૦.
મો. ૯૮૨૧૮૭૭૩૨૭

●●●

પ્રબુદ્ધ જીવનનો શિલ્પ-સ્થાપત્ય, વિશેષાંક મળ્યો, જે ખૂબ સુંદર અને આકર્ષક રહ્યો. તેનાં વિદ્વાન સંપાદક શ્રી કનુભાઈ સૂચકની દૃષ્ટિએ, મંદિરોની સૃષ્ટિ વાચકનાં મનમાં ખડી કરી દીધી.

કોનાર્કનાં સૂર્યમંદિરનાં રથચક્રનું પૈડું (Wheel) ઘણું બધું સૂચવી ગયું. તેનાં આઠ આરા (spoke) તેની કોતરણી પત્થરમાં પ્રાણ પૂરતા રહ્યા, Ring ની Design પણ અદ્ભુત રહી.

સૂર્ય નારાયણનાં રથનાં સાત અશ્વો, તે તેનાં સફેદ કિરણનાં સાત-રંગનું સૂચન કરતા રહ્યા છે. VIBGYOR Violet, Indigo, Blue, Green, Yellow, Orange and Red. પ્રાણીઓમાં પણ ઘોડો (Horse) સૌથી વધુ શક્તિશાળી મનાતો હોવાથી આપણે શક્તિનું માપ કાઢવા માટે H.P. (Horse Power) નું એકમ સ્વીકાર્યું છે.

આપણાં પ્રાચીન ભારતનો વારસો મહાન છે, અને તે શિલ્પ-સ્થાપત્ય રૂપે પથ્થરમાં કંડારાયેલો પડયો છે, તેને ઉકેલવાનો સુંદર પ્રયત્ન કરવા બદલ પ્રબુદ્ધ જીવનની Team ને મારાં હાર્દિક અભિનંદન.

ભૂતકાળમાં, સ્વ. શાંતારામ મારફત આપણને એક સુંદર ચલચિત્ર પણ આ વિષયને ઉજાગર કરતું મળ્યું છે. તેનું નામ છે. 'ગીત ગાયા પથ્થરોને' અભિનેતા જિતેન્દ્ર તેના નાયક હતા. પ્રસ્તુત ચલચિત્રમાં પથ્થરોને વાચા આપવાનો સુંદર પ્રયત્ન થયો હતો. શિલ્પ અને સ્થાપત્ય, ટાંકણા દ્વારા પથ્થરમાં હૃદયનાં ભાવ અને મનનાં વિચારો પ્રદર્શિત કરવાનાં સુંદર કાર્યો ભૂતકાળમાં થયાં છે, તેને પ્રસંગોપાત યાદ કરતાં રહેવું એ ભવિષ્યની પેઢીની ફરજ ગણાય. આપણાં દેશનો ઈતિહાસ તેનાં પથ્થરોમાં પણ કંડારાયેલો પડયો છે. નવી પેઢી ધારે તો તેમાંથી પણ પ્રેરણાનું બળ પ્રાપ્ત કરી શકે. History ઈતિહાસ કેવળ રાજકીય જ ના હોય તે, સામાજિક અને સાંસ્કૃતિક પણ હોઈ શકે! અગાઉનાં વાવ, કૂવા, તળાવો અને હવાડાને કાંઠે પણ કોતરણી થતી. અમદાવાદ પાસે અડાલજની વાવ પણ તેનો નમૂનો ગણાય.

મેં, પ્રસ્તુત, કોનાર્કનું સૂર્યમંદિર, ભૂતકાળમાં રૂબરૂ જઈને જોયું છે તેની કોતરણી બેનમૂન છે, સ્ત્રી-પુરુષનાં અંગ-ઉપાંગો સાથે રતિચિત્રો પણ જોયાં છે. જે તે કાળનાં સંસ્મરણો પથ્થરમાં કોતરીને લાંબો સમય સુધી જાળવી રાખવાની ભાવના તેનાં પાછળ કાર્યરત હોય તેમ જણાય છે.

તાજેતરમાં, મે માસનાં પ્રથમ અઠવાડિયામાં, અમે, અડાલજમાં દાદા ભગવાન પ્રસ્તુત ત્રિદેવ મંદિરની મુલાકાત મારા બે પૌત્રો પાર્થ અને દેપાંગ સાથે લીધી હતી. ત્યાં ભગવાન મહાવીરની સુંદર પ્રતિમા જોઈને ખૂબ પ્રસન્નતા થઈ હતી. વિશાળ આરસનું મંદિર અસંખ્ય મુલાકાતીઓને આકર્ષી રહ્યું છે. દાદા ભગવાન નામે એક જૈન સજ્જન થઈ ગયા, તેમણે પોતાની સ્મૃતિમાં આ સુંદર મંદિરની રચના કરી હોય તેમ જાણ્યું. મંદિર ઉપરાંત બાગ-બગિચાએ શોભામાં વૃદ્ધિ કરી હતી. બાળકોને રમવાની સગવડ ઉપરાંત ખાવા-પીવાનું આયોજન પણ હતું. તેની પાછળની દીર્ઘ દૃષ્ટિથી અભિભૂત થઈ જવાયું. ભવિષ્યની પેઢીને ધર્મમાં, કર્મમાં શ્રદ્ધા જાગે અને તે દ્રઢ થાય, એ માટે આવાં શિલ્પો-સ્થાપત્યો આવકાર્ય ગણાય કે જે લાંબા સમય સુધી માનવજાતને પ્રેરતાં રહે.

**હરજીવન થાનકી,**
સીતારામ નગર, પોરબંદર

❑❑❑

# The Absolute Knowledge...The right Knowledge ..... Samyak Gyan

Prachi Dhanvant Shah

What is the gist of your life when you do not spearhead your life in the right direction with rightful perception? You are given this life and you are the person who decides how you want to live this life. In this worldly life, every human being somehow manages to earn the living and spend days of their life, but how many of them are earning life to make it a living? Idealistic knowledge is the rightful perception of life. In this society, it is obligatory to gain knowledge through academics studying in educational universities as that would eventually aid you to make living in your life. The world is shaping such that without the academic knowledge, it leads you to be at brim in this materialistic life. But at the same time, it gets uniformly imperative to balance your life with scriptural knowledge which would lead you to earn your life. If you acclaim knowledge for living, but you do not aspire to and pursue spiritual knowledge of life, knowledge of the Jain way of life, you have not made and merited your life. This spiritual knowledge when you trail in life-sustaining the Right knowledge ***( Samyak Gyan )***, it would eventually direct you to the path of liberation.

As per Jain Philosophy, the three important Jewels of life, ***Samyak Gyan*** (Right Knowledge) ***Samyak Darshan*** ( Right Faith ) and ***Samyak Charitra*** ( Right conduct ) are the true ethics of one's life leading to the right path of salvation and liberation, this being the supreme aspiration for every Jain individual be it an ascetic or laity. When these three gems are essential elements to seek liberation in one's life, it is imperative to implement all the three ethics and pursue the same. They are interdependent on each other, yet independent of each other. Deficiency of any one of these Gems in life would not accomplish the aspiration of every rightful Jain which is to seek liberation. When you do no constrain right faith *( Samyak Darshan* ), you cannot pursue right knowledge ( *Samyak Gyan* ). And if you do not have the right knowledge, it would certainly not consent you to accomplish right conduct ( *Samyak Charitra*).

What is knowledge? In general, Knowledge is defined as human aptitude resulting from inferred information; understanding that germinates from the combination of data. In other words, knowledge is acclaimed from education, information, solution, analysis, information, experience and learning. And this knowledge empowers you in life. It is known that knowledge has power and it controls access to opportunity and progression. But as knowledge has power, only wisdom has liberty, wisdom is power with a purpose. Martin Luther King Jr., mentioned once that, "Science investigates, and religion interprets. Science gives man knowledge which is power, religion gives man wisdom which is control". In life, it is idyllic only when there is an equivalent balance of knowledge through academics as well as knowledge gained through right scriptural doctrine. This is when you have aspired ultimate knowledge to empower your life. In life, there is no end to gaining knowledge. Our soul and mind are an enduring source of erudition. It is our endowment how much to decant and what to dispense into our asset of knowledge because gaining knowledge has no boundaries and does not exclaim period to its aspiration. Socrates once said, "To know, is to know, that you know nothing." With the right faith, if we acclaim right knowledge what our Tirthankars and Gurus have doctrine, you would experience inclusiveness within your life. And when you assimilate total knowledge, the soul is imbibed with spiritual aura which would be carry forwarded to the next birth as the soul is immortal.

Jainism recognizes eight types of knowledge. Amongst these, five institute veracious knowledge. These five types of right knowledge are *Mati* (mental knowledge), *Sruti* (acquired knowledge), *Avadhi* (distant knowledge), *Manahparyaya* (paranormal knowledge) and *Kevala* (absolute knowledge). The remaining three types of knowledge constitute false knowledge (*Mithya Gyan*). They are unenforceable knowledge, inaccurate knowledge, and erroneous knowledge. Mati Gyan (mental knowledge) is conventional perception attained through the normal aptitudes of the mind such as perception, cognition, analysis, and memory. Mati Gyan comes to us mainly through the sense organs (*Indriyas*). So sensory knowledge always heralds mental knowledge. *Sruti Gyan* is verbal and nonverbal knowledge acquired through signs, symbols, and words. Study and hearing are the usual methods of obtaining *Sruti Gyan*. While *Mati Gyana* is acquired through primary contact, *Sruti Gyan* is acquired through secondary contact or another source. The difference between *Sruti* and *Mati* is very subtle because *Sruti Gyan* also acclaim perception, cognition, and intellect play an important role.

Mati Gyan is the natural resource from which emanates *Sruti Gyan* as a refined product. The former is based on subjective involvements and insights while the latter is based on other people's knowledge and experiences that have been derived through interaction. *Avadhi Gyan* is knowledge of indistinct and isolated things acquired through complex abilities, without the use of the senses or study. It comes either from natal (*bhava*) because of preceding karma or from virtues (*gunas*) acquired by doing good karma and extinguishing bad karma. *Manahparyaya Gyan* is the knowledge acquired psychically through other people's observances using the supernatural aptitude of reading other's mind or telepathy. Individuals bestowed with this capability can envisage the thought forms and perceptual impressions of other people and know straightway what they are deeming. *Manahparyaya Gyan* is acquired because of previous good karma or karmic asset acquired in the present life. *Kevala Gyan* is the ultimate and absolute knowledge. It is sagacious, pervasive, omniscient, ineffable, infinite, ceaseless and sublime to which the limitations of space and time are inapplicable. *Keval Gyan* is only sought and accomplished by an individual attaining Nirvana. And nirvana could be conceivable only to the one who has given up worldly desires and life, aspires for monkhood and becomes an ascetic. As per Jain philosophy, transmigration of souls after death is caused by the amalgamation of the living with the non-living which then sets up energies, or tapas, which then drive the cycle of birth and rebirth. This endless process can be impeded if the energies are used up in a Jain way of life of chastisement. When this cycle of death and birth concludes, the soul, then endures in a state of infinite bliss, knowledge, power, and perception. This is the state in which the soul has achieved *Siddha-paramesthin*.

Knowledge obtained by the above listed five means is divided into both direct knowledge (*pratyaksha*) and indirect knowledge (*paroksha*). Direct knowledge is the knowledge which is acquired directly without the intervention of an external agency. Out the above listed five types of knowledge, the first two are deliberated as indirect whereas latter three are considered as direct knowledge. Hence, the first two knowledge becomes our entity to aspire it without errors and falsehood. Although, these two types of knowledge are vulnerable to mistakes as it is within our proximity. But in contradiction, the latter three type of knowledge cannot lead to any errors as that abounds to our soul and is always seamless. And hence, it befalls indispensable to sublime our soul with ***Samyak Gyan***.

In today's fast track world, gaining information through resources on any facet be it educational or spiritual, cannot be interpreted as gaining knowledge. It is easy to acclaim heap of information but misinterpreting it as knowledge, would not ideally hail right knowledge to our soul. It is essential to experience this information then would it transform into knowledge. Because unless it is not experiential, it is not true to mankind. When this information is experienced with the true persona; stifle our soul with this information in accordance to *Samyak Darshan* (Right Faith), that is when you have acquired *Samyak Gyan* (Right Knowledge). When our life is disturbed with distraction, we would not be rewarded with right knowledge. Hence, it is very much necessitous to attain stable equanimity in our life. It is only with the keenness of *Samyak Darshan*, that one would acquire *Samyak Gyan*. The only way of acquiring knowledge is enhancing your perception towards that knowledge and fascinate it within your soul. Your attention while seeking knowledge needs to be in the right direction. It is simple enough when a teacher or you as a parent is teaching your child, you often keep using a word "Pay attention!" Why is that so? That is obviously because the teacher wants the student to grasp as much knowledge what she is teaching. Similarly, it is you who must give a call to your soul, while gaining spiritual knowledge "Pay attention" and that is when you would acclaim right knowledge. And when you have the right knowledge, the quality of life you would experience would be mystical. This is the quality of life every persona should strive for.

When you abide by the three gems of Jain philosophy, you would certainly embellish and glorify your soul, and it is the soul itself that is immortal. Also, it is the ultimate aspiration of every Jain soul to pursue the three Jewels of Jainism to endure the path of liberation. You are your soul and not your body. You would leave this body and sustain another body in the cycle of birth and death. To be blissful, one should aspire to fix the interiority without bothering much about the body and your mind.

*"The true nature of soul is right faith,*
*right knowledge and right conduct.*
*The soul so long as it is subject to transmigration,*
*is undergoing evolution and involution."*

*- Virchand Gandhi*

❑❑❑

49, wood Ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com | +1-9175825643

# JAINISM THROUGH AGES

Dr. Kamini Gogri

**(Contd.)**

## LESSON - 9

**In this article we will study the spread of Jainism in Tamil Nadu**

It is believed that Jainism entered Southern India in around fourth century BC, when Acharya Bhadrabahuswamin, the last *Sruta Kevalin* (433 BC-357 BC), along with a body of twelve thousand disciples, started on a grand exodus towards the South, migrated to the Sravanabelagola region, in Karnataka, as he feared a period of twelve years of severe drought was about to hit the North India. The Mauryan emperor, Chandragupta, abdicating his throne in favour of his son Simhasena (according to Jain work *Rajavali-Kathe*) took Diksha and joined Bhadrabahuswamin on his exodus. As foretold by Bhadrabahuswamin, a terrible famine did brake out in the Northern country.

Some time after reaching Shravanabelagola, Bhadrabahuswamin felt that his end was approaching; and, he then initiated Visakhamuni into a higher order. The *Sruta Kevalin* Bhadrabahuswamin , thereafter, entrusted the rest of the disciples to the care of Visakhamuni; and, instructed them all to move further South.

And, soon thereafter, the monk Visakhacharya, at the behest of Acharya Bhadrabahuswamin, moved over to the Chola and Pandya countries along with a group of *Sramanas* (Jain monks), in order to propagate the faith of the Thirthankaras.

It is said; Visakhamuni, in the course of his wanderings in the Chola and the Pandya countries, worshipped in the Jain Chaityas and preached to the Jains settled in those places. This would suggest that the Jains had already colonized the extreme south even before the *Sallekhana* of Bhadrabahuswamin, i.e., before 357 B.C.

Some scholars argue that a sizable number of Sravakas (Jain householders) were already present in the Madurai, Tirunelveli and Pudukottai regions; and they lent support and care to the emigrant monks.

However, the exact origins of Jainism in Tamil Nadu are unclear.

Some scholars claim that Jain philosophy must have entered South India some time in the sixth century BCE.; and, that Jains flourished in Tamil Nadu at least as early as the Sangam period.

According to other scholars, Jainism must have existed in South India, at least, well before the visit of Bhadrabhuswamin and Chandragupta. There are plenty of caves as old as the fourth century found with Jain inscriptions and Jain deities around Madurai, Tiruchirâppalli, Kanyakumari and Thanjavur.

The ancient Tamil history , culture and literature depict a rich legacy of the Jains

[Some scholars believe that Tholkappiar the author of the celebrated earliest Tamil Grammar *Tholkappiam* (estimated to be written between the 3rd century BCE and the 5th century CE) was a Jain. And, Saint-poet, Thiruvalluvar, the author of *Tirukkurral* (dated variously from 300 BCE to 7th century CE), one of the finest collections of couplets on ethics, political and worldly-wisdom, and love, was also a Jain. Apart from these, the three other major works in Tamil of the ancient times – *Silapaddikaram, Civaka Cintamani* and *Valayapathi* – were written by Jain authors.

It is said, that in these texts, in the ancient Tamil regions, the Jain Thirthankaras were addressed as *Aruga* or *Nikkanthan*. And, the religion of Jains was called: *Arugatha* or *Samanam.* The senior Jain monks were called as '*Kuruvattikal*' (Guru), *Atikal* (Yati), *Periyar* or '*Patarar*' ( Tamil form of *Bhattara*) . The place where Jain monks lived was called as *Aranthaanam* and *Aravor (Manimekalai. 3:86-112, 5:23);* and, as *Nikkanthak Kottam (Silappatikaram .9:63).* The generous land donations made to the Jain monasteries *(Palli)* were called *Palliccantam (* however, the exact meaning of the term *Cantam* , is much debated).

The more important cities where the Jains flourished in sizable numbers were said to be: Kaveripoom-pattinam (also known as Poompuhar or Puhar), Uraiyur, Madurai, Vanchi (also known as Karur or Karuvur) and Kanchi (Kanchipuram).

They all had monasteries *(Vihara)* which also functioned as schools *(Samana palli)* run by the Jain monks (the bigger Pallis were called Perumpalli). *Silappatikaram* (11:1-9) mentions a *Kanthan*school and temple at Uraiyur as also in Madurai, the capital of Pandya kingdom. Even though Manimekalai was a

Buddhist, she went to Jain monks at Vengi, the Chera capital; and, learnt about the Jain concepts of morality (*Manimekalai* 27:167-201). And, Vengi was also the city where lived the celebrated Jain monk Ilango Adigal – the brother of King Cheran Chenguttuvan and the author of *Silappatikaram*, which is one of the five Epics of Tamil literature.

Sittanavasal Cave *(Sit-tan-na-va-yil)* – the abode of great saints – is a second -century complex of caves in Pudukottai District of Tamil Nadu. It is a rock-cut monastery that was created by Jain monks. Its name indicates that it was the abode of the Siddha (the monk or monks). It is also called *Arivar Koil* – the temple of the *Arihants*.

The first century Tamil-Brahmi inscription, found therein, names the place as *'ChiRu-posil'.* It records that Chirupochil Ilayar made the *Atitnam* (*Adhittana,* abode or a dwelling place) for Kavuti Itan who was born at Ku*muthur* in *Eorumi-nadu***.**

[*A fairly large number of stone-inscriptions, etched in Tamil-Brahmi , are found in several caves in Tamil Nadu. And, most of such inscriptions are around Madurai , the capital of the Pandyas. The noted scholars like Iravatham Mahadevan and Ramachandran Nagaswamy, have made extensive studies of the early inscriptions. It is explained; the script of the inscriptions are named as 'Tamil-Brahmi ', because it is , basically, Brahmi, but with slight modification to facilitate insertion of Tamil terms. For instance; in these inscriptions, the Prakrit term 'Gani' ( leader of a Gana , a group) becomes "Kani'; 'Acharya' becomes 'Acirikar'; names like 'Nanti' become 'Nattai or Nattu'; sacred images Prathima (Pratima) becomes 'tirumenai'; and,'Sranana' ( a Jain monk) becomes* 'Amanan'.]

The Sittannavasal cave temple belonged to a period when Jainism flourished in Southern India. And, it served as a shelter for Jain monks till about 8th century when Jainism began to fade away in the Tamil region.

Sittannavasal has the distinction of being the only monument where one can find, in one place, Tamil inscriptions dating back from 1st century BC to the 10th century AD. It is virtually a stone library in time Sittanavasal is also renowned for remnants of its rare Jaina mural paintings.

It appears there were Jain Nunneries too. *Silappatikaram* (10:34-45 ) mentions that when Kovalan and Kannagi went to Madurai, on their way, they secured the blessings from Gownthiyadigal , situated close to Kaveripoompattinam, on the northern bank of the river Kaveri. It is said; Gownthiyadigal was a sort of Jain Nunnery. The Jain nuns, it appears, were variously called as *Gownthi; Aariyanganai; Eyakkiyar*; or *Gurathiyar*, the female Guru. It is also said , the Sanskrit term '*Guru*' and its plural form ' *Guruvah*' became in Tamil '*kuru*' and '*Kuruvar*'. Its polite form was *Kuruttiyar* or *Kuruttikal* ]

Some scholars believe that Jainism became dominant in Tamil Nadu in the fifth and sixth century CE, during a period known as the *Kalabhra interregnum.* And, after the fifth century A.D, Jainism became so very influential and powerful as to even become the state-creed of some of the Pandyan kings.

*It was only when the Bhakthi movement took hold, large numbers of families finally became Vaishnavas or Shaivas. Those that continued to adhere to Jainism were reduced into small and a minor community of Jain laymen – SamaGar, Nayilâr (around 0.13% of the population of Tamil Nadu. ]*

However, Jainism began to decline around the 8th century A.D., with many Tamil kings embracing Hindu religions, especially Shaivism.

Thus, during the middle half of the seventh and the beginning of the eighth centuries A.D., the Jains sustained a series of reverses both in the Pallava and the Pandya country. The Chola kings did not encourage during this period the Jain religion, as they were devoted to the worship of Shiva

In any case, there is evidence to indicate that Jainism came into existence in Tamil Nadu, at least, by about fourth century BC. Thereafter it took roots in Tamil Nadu and flourished till about sixteenth century when it went into decline, due a combination of reasons. It is estimated there are now about 50,000 Tamil – Jains or Samanar who have a legacy that is more than 2,000 years old; and that most of them are engaged in farming in the North Arcot (Thondai-mandalam) region.

As regards Kanchipuram, the capital city of the Pallavas and a renowned centre of learning, the Jainism flourished there because of the recognition, acceptance and encouragement it gained from the ruling class, as also from common people. It is said; the Pallava King Mahendra-varman I (600 – 630 CE), in the early part of his life, caused the construction of

two temples dedicated to Thirthankaras Vrishabdeva and Vardhamana.. The Jain scholar-monks such as Acharyas Sumantha-bhadra, Akalanka, Vamana-charya Pushpa-danta, Kunda- kunda and others, were highly regarded for their piety and scholarship. Under their guidance a number of Jain temples and educational institutions *(samana-palli)* were established in the Tamil country, especially in its Northern regions.

Palli is a Prakrit term, which by extension came to mean, in the Tamil – Brahmi inscriptions, a Jaina monastery or a temple or a rock shelter where the Jaina monks stayed and studied . Some say that the Tamil term for a school –"palli"- has its origin in the ancient *samana-palli* of the Jains].

The recognition accorded to Jainism is evidenced by the fact that a sector of Kanchipuram, along the banks of the Palar River, was named as Jaina Kanchi. It is now a hamlet (Tiruparuttikunram) on the southwest outskirt of the present-day – Kanchi, a little away from the Pillaiyaar Palayam suburb. Jaina Kanchi does not ordinarily attract many tourists. Jaina Kanchi is now of interest mainly because of its two temples: one dedicated to Chandra-prabha the eighth Thirthankara; and the other dedicated to Vardhamana the twenty-fourth Thirthankara who is also addressed as Trailokya-natha-swami. And, the other reason of interest is the ancient paintings in the Vardhamana temple.

The Chandra-prabha temple is the earlier and the smaller of the two. It was constructed during the reign of Parameswaravarman II, the Pallava king who came to throne in 728 AD.

According to Dr. T. N. Ramachandran, the Trailokya-natha-swami temple was built perhaps during the end of the Pallava period; that is, in the eighth-ninth century.

Trailokya-natha-swami (Vardhamana)

The Trailokya-natha-swami temple enjoyed the patronage of Pallava kings as also of Chola emperors Raja-raja chola II ( reign ,c.1146–1173 ) ; Rajendra II (reign , c.1163 – c. 1178 CE ) ; Kulottunga I (reign , 1178–1218 CE); and Raja-raja III (reign , c.1216–1246 CE) during whose periods some improvements were made and a front pavilion (mukha mantapa) was added to the sanctum. The Vijayanagar kings too supported this Jain temple.

During the year 1387, Irugappa, a disciple of Jaina-muni Pushpasena; and a minister of Vijayanagar King Harihara Raya II (1377-1404), expanded the temple by adding a larger pavilion- the Sangeetha mantapa.

Later additions were made by Bukka Raya II (in 1387-88) and Krishna Deva Raya (in 1518). It is also said; Krishna Deva Raya made a "land-grant" to the temple. The *Trailokya-natha*, thus, developed into a complex of three shrines: One for Vardhamana and Pushpadanta; the other for Padmaprabha and Vasupujya; and the third for Parshvanatha and Dharma Devi. Each shrine has its own sanctum, *ardha-mantapa and mukha-mantapa*. The temple is also a repository of a large number of icons.

During the 14th and 16th centuries, the ceiling of the sangeetha – mantapa were decorated with beautiful paintings, in Vijayanagar style.

It appears Jainism was active in the Kanchipuram region at least till around the 16th century.. The paintings drawn on the ceiling of the Sangeetha-mantapa during the period 14th and 16th centuries were in Vijayanagar style of painting; and they depicted the legends of the Thirthankaras, particularly those of Rishabha Deva and Vardhamana.

A narrative panel relates the story of Dharmendra, the serpent king, who offered his kingdom to the relatives of Rishabha Deva in exchange for their consent not to disturb the meditation of Rishabha Deva.. Such narratives were alternated with scenes depicting processions of elephants, horses, soldiers, standard bearers and musicians.

The sequence of the narratives and the court scenes was broken by depiction of Sama-vasarana the adorable heavenly pavilion where the eligible souls gather to receive divine discourse.

There are a few panels that resemble the Krishna- Leela, the legends of Krishna. But, they in fact, depict life events of Neminatha, the twenty-second Jain Tirthankara. According to Jaina lore, Neminatha was the cousin of Krishna of Srimad Bhagavatha; and he is Krishna's counterpart in the Jain tradition.

**To Be Continued In The Next Issue**

❑❑❑

76-C, Mangal Flat No. 15, 3rd Floor,
Rafi Ahmed Kidwai Road,
Matunga, Mumbai-400019.
Mo : 96193 / 79589 / 98191 79589.
Email : kaminigogri@gmail.com

(અનુસંધાન છેલ્લા પાનાંથી)

'દર્શક' આગળ કહે છે, 'જ્ઞાન અને આચરણ' વચ્ચે થોડો તફાવત તો કોઈને પણ રહી જવાનો. પણ આ તફાવત ઓછો ને ઓછો - શક્ય એટલો ઓછો કરવાનો સતત પ્રયત્ન કરવો એનું જ નામ જીવનસાધના.'

જ્ઞાન કે સમજની પ્રાપ્તિની શરૂઆત માના ઉદરથી જ થઈ જાય છે એ વાત હવે આજનું વિજ્ઞાન પણ સ્વીકારે છે. મારો પોતાનો અનુભવ પણ આની સાક્ષી પૂરે છે. મારા સ્વભાવનાં ઘણાં લક્ષણો મને જન્મથી જ પ્રાપ્ત થયાં હોય એમ મને લાગે છે. એ લક્ષણો એટલાં સહજ છે કે એને માટે મારે સહેજે પ્રયત્ન કરવો પડ્યો નથી! માના ઉદરથી જે બીજ રોપાયાં, મારા શૈશવમાં જે બીજનું જતન થયું, એમાંથી મોટા ભાગનાં બીજ પછીથી પોષાયાં. અલબત્ત, આ બીજને પોષવામાં વાચન શ્રવણ અને સત્સંગનો ઘણો ફાળો છે તે સ્વીકારવું જોઈએ. પણ, સાથે-સાથે એ પણ કહેવું જોઈએ કે જો આ બીજ જન્મથી - કહો, જન્મ પહેલાંથી રોપાયાં ન હોત તો એ બીજના વિકસવાનો પ્રશ્ન જ ન હોત!

બા જાણે જન્મથી જ મોટા મનનાં ને મોટા હૃદયનાં હતાં. બા ચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં પરણીને આવ્યાં. મારા પરદાદા મરજાદી હતા ને દાદા પણ મરજાદી હતા. દાદા-દાદીએ બ્રહ્મસંબંધ લીધેલો. ખેતીનો વ્યવસાય અને નોકરીને લીધે બે દીકરામાંથી એકેય બ્રહ્મસંબંધ લઈ શક્યા નહીં એટલે દાદા-દાદી એકલાં રહે - દાદીમાનું અવસાન ઘણું વહેલું થઈ ગયું એટલે પછી દાદા ઘણાં વરસ એકલા રહ્યા. કોઈના હાથનું રાંધેલું ખાય નહીં. નાના બાળકને પણ અડે નહીં! કુટુંબના વડીલો 'કપડાં શિવડાવ્યાં' એમ ન કહે; 'કપડાં બનાવડાવ્યાં' એમ કહે, કારણ કે 'શિવડાવ્યાં'માં 'શિવ'નું નામ બોલાઈ જાય! આ વાતાવરણમાં શરૂઆતનાં વર્ષોમાં રહેવા છતાં, બા-બાપુજી સ્વતંત્ર રીતે રહેતાં થયાં એ પછી બા આ સંસ્કારથી તદ્દન મુક્ત થઈ ગયાં. બાપુજી તો જાણે અલિપ્ત હતા જ! બાએ ઠાકોરજીની પૂજા જિંદગીભર કરી; લાલાને નવડાવે, વાઘા પહેરાવે, માતાના વાત્સલ્યથી લાડ લડાવે, લાલા સાથે વાતોય કરે; પણ, બાના મંદિરમાં બધા ભગવાનની હાજરી; બધાંની પૂજા પણ ખરી. પડોશમાં થોડા જૈન કુટુંબો; એમના પર્વોમાં પણ બા ભાગ લે; જૈન મિત્રો સાથે ઉપાશ્રયમાં જવાની ખુશીથી હા પાડે ને ઉમેરે : 'ભગવાન બધાંના સરખા!' નિરક્ષર બાએ વેદ-ઉપનિષદનાં નામ પણ નહીં સાંભળ્યાં હોય, પણ પૂર્વજન્મના સંસ્કારો પ્રાચીન ભજનવાણીથી પોષાયા હતા. બાએ વાવેલાં બીજ પછીથી સર્જનાત્મક સાહિત્યના - ખાસ કરીને કાવ્યોના વાચનથી અને સત્સંગથી પોષાયાં. એટલે આજે મારા માટે મંદિરનો કે મૂર્તિપૂજાનો નિષેધ નથી, પણ મારા હૃદયમાં નિર્ગુણ, નિરાકાર એક જ પરમતત્ત્વનો ઈશ્વર રૂપે સહજ સ્વીકાર થયો છે. 'ઈશાવાસ્યમ્ ઈદમ્ સર્વમ્' (બધું ઈશ્વરમય છે)ની ઉપનિષદવાણી જાણી તે પહેલાંની એ વાણી આત્મસાત્ થઈ ગઈ છે તે બાને કારણે. સર્વધર્મ સમભાવ - સર્વધર્મ તરફ સરખો આદર - મારામાં સહજ છે.

કાકાસાહેબ કાલેલકરે 'સર્વધર્મસમભાવ'ને સ્થાને 'સર્વધર્મભાવ' ('બધા ધર્મો મારા છે' એવો ભાવ)ની હિમાયત કરી છે. શ્રીરામકૃષ્ણ પરમહંસે બધા ધર્મોની ઉપાસના કરી હતી. 'સર્વધર્મમભાવ'ની વિભાવના મને ગમે છે. પણ, એ કક્ષાએ પહોંચવામાં મારે હજુ ઘણું અંતર કાપવાનું બાકી છે! એ જ રીતે પરમતત્ત્વને પૂર્ણપણે સમર્પિત થઈ જવાની વાત પણ મને ગમે છે, 'જે થાય છે તે પરમ શક્તિની ડિઝાઈન પ્રમાણે થાય છે.' - એવા ભાવનું પ્રોગ્રામિંગ સતત કરતો રહું છું. ઈશ્વરશ્રદ્ધા સતત વધતી રહી હોવાનો અનુભવ પણ થાય છે. 'ધાર્યું થાય તો હરિકૃપા, ને ન થાય તો 'હરિ-ઈચ્છા' એવું સૂત્ર મનમાં સતત ઘૂંટું છું; પણ, તોય મન વારંવાર ડગી જાય છે.

'ધાર્યું' થાય છે ત્યારે 'હરિકૃપા'નો ભાવ અનુભવાય છે; પણ 'ધાર્યું' નથી થતું ત્યારે 'હરિઈચ્છા'નો ભાવ એટલો પ્રબળપણે અનુભવાતો નથી. 'ધાર્યું' થાય તોય ખુશ અને 'ધાર્યું' ન થાય તોય 'ખુશ' એ ભૂમિકા તો ઘણી ઉચ્ચકક્ષાની છે. 'ધાર્યું' ન થાય તોયે 'ખુશ' રહેવાની ભૂમિકા મારે માટે ઘણી દૂરની છે. પણ 'ધાર્યું' ન થાય તોયે ખિન્ન ન થવાય, સ્વસ્થ રહેવાય અથવા બને એટલું જલદી સ્વસ્થ થઈ જવાય, એટલું કરવા પ્રયત્ન કરું છું. મારે કહેવું જોઈએ કે 'ધાર્યું' ન થાય ત્યારે અનુભવાતી ખિન્નતામાંથી ઘાટાપણું ધીરેધીરે ઓછું થતું જાય છે. ખિન્નતામાંથી મુક્ત થઈ સ્વસ્થ થવા તરફની ગતિ વધી રહી છે. આજ રીતે પ્રયત્ન કરતો રહીશ, તો એક દિવસ 'ધાર્યું' ન થાય તો 'હરિઈચ્છા' ગણી બિલકુલ સ્વસ્થ રહી શકીશ એવી શ્રદ્ધા હૃદયમાં બંધાઈ છે. ધાર્યું ન થાય તોય ખુશ રહેવું - એ આદર્શ મને ગમે છે, પણ અત્યારે તો 'દિલ્હી દૂર હૈ' એવું લાગે છે!

શેરીમાં અમારું એક જ કુટુંબ બ્રાહ્મણનું હતું. બાકી, જૈન ને કપોળ વાણિયા, પરજિયા સોની અને વાણિયાસોની, બારોટ બાવા - વગેરે બધા વર્ગોનાં લોકો અમારી 'આંબલી શેરી'માં હતા. આ બધાં કુટુંબો એક જ કુટુંબની જેમ રહેતાં - ન એમાં આર્થિક ઉચ્ચાવચતા આડે આવતી કે ન એમાં જ્ઞાતિની ઉચ્ચાવચતા આડે આવતી. બા-બાપુજીને બધાં સાથે ગાઢ સંબંધ. બા કે બાપુજીમાં બ્રાહ્મણ હોવાની ગુરુતા નહીં ને ગરીબ હોવાની લઘુતા નહીં. ફળિયામાં આવતા ભીમકાકા ધોબી, મોંઘીમા મોચી, ગુલાબચંદકાકા કાપડિયા, લગ્નપ્રસંગે ઢોલ વગાડવા આવતા ઢોલી - બધાં સાથે બાનો સ્નેહ ને સમભાવભર્યો સંબંધ. બાપુજીથી નાના એટલા બાના દિયર ને મોટા એટલા બાના જેઠ! બાપુજીથી નાના એટલા અમારા કાકા ને મોટા એટલા અમારા બાપા! લાજપ્રથામાં પછી ઘણાં દૂષણો

પેઠા પણ પ્રારંભમાં તો એ પ્રથા વડીલોની માનમર્યાદા જાળવવા માટે હતી. ગમે તે જ્ઞાતિ કે વર્ણના વડીલ હોય - બા એમની લાજ કાઢે - હા, દલિત ઢોલીની પણ! બાપુજીથી નાની ઉંમરના દલિત ઢોલી બાને 'ભાભી' કહીને બોલાવી શકે. એક બ્રાહ્મણ સ્ત્રી દલિત વડીલની લાજ કાઢે, એક દલિત વ્યક્તિ બ્રાહ્મણ સ્ત્રીને 'ભાભી' કહી સંબોધી શકે એ આજે પણ કલ્પી ન શકાય એવી ઘટના હતી! બામાં અસ્પૃશ્યતાના પરંપરાગત સંસ્કારો દૃઢ, પણ માનવીય વર્તન બધાં સાથે એકસમાન! આ કારણે મારામાં બધાં સાથે સમાન માનવીય વર્તનના સંસ્કાર જેટલા દૃઢમૂલ થયા એટલા અસ્પૃશ્યતાના સંસ્કાર દૃઢ ન થયા - અને એટલે જ નવમા ધોરણમાં હિન્દી વિષયમાં પ્રેમચંદજીની 'ઠાકુર કા કુઆં' વાર્તા શીખ્યો ને અસ્પૃશ્યતાનો ભાવ જડમૂળથી ઊખડી ગયો!

'આત્મવત્ સર્વભૂતેષુ' એવી વેદ-ઉપનિષદની વાણી તો બાએ જાણી નહીં જ હોય, પણ પૂર્વજન્મના સંસ્કાર જાગ્રત થયા હશે એટલે 'આતમો સૌનો સરખો' એ વાક્ય બાએ ઘાટા અક્ષરે અમારા મનમાં ઘૂંટાવ્યું હતું. આ સંસ્કારને કારણે આર્થિક, સામાજિક, ધાર્મિક - કોઈ પણ પ્રકારના ભેદભાવ વગર સૌ સાથે સમાન ભાવે વર્તવાનું મારા માટે તદ્દન સહજ છે. દબાયેલા, કચડાયેલા વર્ગની પીડા દૂર કરવા મારાથી ખાસ કંઈ થઈ શકતું નથી એની પીડા કિશોરવયથી રહી છે; પણ, આવાં સૌને હૃદયપૂર્વક માન-સન્માન આપું છું ત્યારે એમના ચહેરા પરની ખુશી મને ઊંડો સંતોષ આપે છે. આઝાદી પછી દેશમાં જ્ઞાતિ-જાતિના ખ્યાલો નિર્મૂળ થવાને બદલે વધારે દૃઢ થયા છે. એટલે જાણ્યે-અજાણ્યે જ્ઞાતિ-જાતિની સભાનતા રહે છે એને હું મારી અધૂરપ સમજું છું. બ્રાહ્મણ હોવાનો ગર્વ તો ક્યારેય હતો નહિ, પણ બ્રાહ્મણ હોવાની ઓળખ મિટાવતાં - જનોઈનો ત્યાગ કરતાં સુધીમાં જીવનના છેલ્લા ચરણમાં પહોંચી ગયો હતો. વર્ણ, રંગ, ધર્મ, આર્થિક ઉચ્ચાવચતાથી પર એવા જગતની કલ્પના કરવાનું મને ગમે છે, પણ આજે તો એવું જગત ઘણું દૂર હોય એવું લાગે છે!

પરંપરાગત સંસ્કારોને કારણે બામાં દોરા-ધાગા, બાધા-આખડી, માનતા, વ્રત-ઉપવાસ. એકટાણાં - આ બધું ઘણી વધુ માત્રામાં હતું! આની બધાં ભાંડરડાં પર પ્રબળ અસર થઈ હતી. હું વર્ષો સુધી આ બધામાં અટવાયેલો રહ્યો. નાની-અમથી મૂંઝવણ હોય તોયે માનતા માનવી; સફેદ વસ્તુ ખાઈને એકવીસ સોમવાર કરવા; મગ ખાઈને અમુક બુધવાર કરવા; અમુક ગુરુવાર કરવા; સાડાસાતીની પ્રતિકૂળ અસર નિવારવા શનિવાર કરવા - આ બધું બહુ વર્ષો ચાલ્યું - અમદાવાદ આવ્યા પછી પણ થોડાં વરસ ચાલ્યું. એક સમય તો એવો હતો કે અઠવાડિયામાં ત્રણ દિવસ - સોમવાર, ગુરુવાર ને શનિવાર કરતો; રાત્રે જમવાનું! આખા દિવસના કામ પછી થાકીને લોથપોથ થઈ જતો. શરીરને નિરર્થક બહુ કષ્ટ આપ્યું. વાચન-શ્રવણ ને સત્સંગને કારણે - ખાસ તો સત્સંગને કારણે - આમાંથી નીકળ્યો તો ખરો, પણ નીકળવામાં વર્ષો નીકળી ગયાં!

બાપુજી નખશિખ વૈષ્ણવજન! નરસિંહ મહેતાએ વૈષ્ણવજનનાં જે લક્ષણો વર્ણવ્યાં છે એ લક્ષણો બાપુજીમાં પૂરેપૂરાં ઊતર્યાં હતાં. ગીતા તો એમણે બહુ મોટી ઉંમરે વાંચવી શરૂ કરી હતી; પણ, ગીતાએ પ્રબોધેલો નિષ્કામ કર્મયોગ એમના જીવનનો સ્વાભાવિક સૂર, નિષ્ઠા ને પ્રમાણિકતા એમના જીવનનો સ્વાભાવિક લય! હૃદયની નિર્મળતા તો એટલી બધી કે કોઈમાં એમને કશી ખરાબી જ ન દેખાય! ચાળીસ વરસ સુધી જેમની પુત્રવત્ સેવા કરી એ સોનામા પાસે રોકડ રકમ, સોનું, ને સ્થાવર મિલકત ખૂબ. બૅન્કમાં માનું ખાતું - માત્ર બાપુજીના એકલાના નામે! કારમી આર્થિક તંગી ભોગવી, પણ બાપુજીએ સોનામાની રાતી પાઈ આમતેમ ન કરી. આની અમારા બધાં પર ખૂબ અસર પડી. બા કહેતાં, 'હરામનો પૈસો કાચા પારાની જેમ ફૂટી નીકળે.' બાપુજીએ અણહકના પૈસાને કદી હાથ ન લગાડ્યો. 'સાધનશુદ્ધિ' શબ્દ બાએ કે બાપુજીએ સાંભળ્યો નહીં હોય. પણ અમે એકેય ભાઈએ અશુદ્ધ સાધનથી ક્યારેય કશું મેળવ્યું નહીં - મેળવવાની વૃત્તિ જ ન થઈ.

'પૂ. ભાઈ' તરીકે ભાવિકજનો દ્વારા ઓળખાયેલા ગોંડલનિવાસી પૂ. નાથાલાલભાઈ જોશી વિરલ અધ્યાત્મ પુરુષ હતા. એમની સ્મૃતિમાં 'નવનીત-સમર્પણ'નો વિશેષાંક પ્રસિદ્ધ થયો હતો. આ વિશેષાંકમાં પૂ. ભાઈનું એક વાક્ય વાંચ્યું હતું એ મારા હૃદયમાં ઊંડે સુધી ઊતરી ગયું છે. આ વાક્ય છે : 'મા (પરમતત્ત્વ) આપે એની ઉપેક્ષા નહીં ને ન આપે એની અપેક્ષા નહીં' માનવસહજ અપેક્ષાઓથી હું સહેજે મુક્ત નથી; કદાચ, મુક્ત રહેવાનું મારું ગજું પણ નથી; પરંતુ, હૃદયમાં ઊગતી કોઈ પણ માનવસહજ અપેક્ષા અશુદ્ધ સાધનથી પાર પાડવાની કોશિશ ક્યારેય કરી નથી; એવી કોશિશ કરવાની વૃત્તિ પણ કદી થઈ નથી. એને હું પ્રભુની મારા પરની કૃપા સમજું છું.

સાત અબજની દુનિયાની વસ્તીમાંથી જેમની સાથે આપણો જેટલો ઋણાનુબંધ હોય એમની સાથે જોડાવાનું થાય છે. વત્તા-ઓછા ઋણાનુબંધ પ્રમાણે વત્તુ-ઓછું જોડાવાનું થાય છે. ઋણાનુબંધ પૂરો થાય એટલે છૂટા પડવાનું થાય છે. જીવનની આવી ડિઝાઈન છે એવો આપણા સૌનો અનુભવ છે. ઋણાનુબંધ હકારાત્મક પણ હોય છે ને નકારાત્મક પણ હોય છે. હકારાત્મક અનુભવ આપણી ઉર્જા વધારે છે ને નકારાત્મક અનુભવ આપણી ઉર્જા ક્ષીણ કરે છે. નકારાત્મક અનુભવનો સકારાત્મક પ્રત્યુત્તર આપવો એ જ આપણી ઉર્જાને ક્ષીણ કરે છે. નકારાત્મક અનુભવનો સકારાત્મક પ્રત્યુત્તર આપવો એ જ આપણી ઉર્જાને ક્ષીણ થતી રોકવાનો માર્ગ છે. આ માર્ગ ઘણો કઠિન છે એનો મેં ડગલે ને પગલે અનુભવ કર્યો છે, પણ આ એકમાત્ર માર્ગ છે એની મને

પ્રતીતિ થઈ ચૂકી છે. મારો મોટા ભાગનો ઋણાનુબંધ હકારાત્મક - અધિક માત્રામાં હકારાત્મક - છે એને હું પરમાત્માની મારા પરની મોટી કૃપા સમજું છું.

નકારાત્મક અનુભવનું એક હકારાત્મક પાસું પણ છે. અંધકારના અનુભવ વગર પ્રકાશનો મહિમા આપણા મનમાં વસતો નથી એ જ રીતે હકારાત્મક માનવસંબંધનો મહિમા નકારાત્મક સંબંધની કટુતાનો અનુભવ થાય ત્યારે જ વિશેષ થાય છે. એટલે જ, હકારાત્મક માનવસંબંધના માધુર્યનો 'આનંદ' મેળવવા માટે નકારાત્મક માનવસંબંધની કટુતાને હૃદયપૂર્વકની ક્ષમાના રસાયણમાં ઓગાળી દેવા પ્રયત્ન કરવો એ જ જીવનસાધના છે.

કાકાસાહેબ કાલેલકરે મૈત્રી વિશેના નિબંધમાં કહ્યું છે કે 'આપણો અકારણ દ્વેષ કરનાર વ્યક્તિની 'ભગવાન એમનું ભલું કરે' એવો ક્ષમાભાવ સેવી ઉપેક્ષા કરવી. 'ઉપેક્ષા સેવવી'નો ગુજરાતી ભાષામાં જે પ્રચલિત અર્થ છે - 'અવગણના કરવી' - તે અહીં નથી એ સ્પષ્ટ છે. અહીં 'ઉપેક્ષા કરવી' એટલે 'ક્ષમા આપવી, ને મનમાં પણ એવી વ્યક્તિઓ માટે દુર્ભાવ ન સેવવો.' એવો છે. જીવનમાં આવા દ્વેષભાવનો મને ઝાઝો અનુભવ નથી થયો એને હું પરમાત્માની કૃપા સમજું છું. પણ, જ્યારે ક્યારેય આવો અનુભવ થયો છે ત્યારે કાકાસાહેબ કહે છે તેવો 'ઉપેક્ષાભાવ' સેવવાનું મને ક્યારેય અઘરું નથી લાગ્યું. આવી વ્યક્તિઓથી શક્ય એટલા અળગા રહેવું એવું મારું વલણ હોય છે. આવી વ્યક્તિઓ માટે મનમાં કોઈ દ્વેષભાવ નથી જાગતો કે આવી વ્યક્તિઓ માટે મનમાં કોઈ કટુભાવ નથી રહેતો; ઊલટું, આવી વ્યક્તિઓને મારી કંઈ જરૂર પડે તો એને સહાયરૂપ થવામાં હું કોઈ કસર નથી છોડતો.

- પણ, મારી ખરી કસોટી 'જેમનાથી અળગા થઈ શકાય તેમ ન હોય એવી વ્યક્તિઓ - એવાં નિકટનાં સ્વજનો નાની-અમથી વાતમાં કોઈ વાર અકારણ દૂભવે ત્યારે 'હે પ્રભુ! ગુસ્સો આવે ત્યારે શાંતિ કેમ રાખવી એ મને શીખવ' - એવી પ્રાર્થના સતત રહ્યાં કરી હોવા છતાં, શાંતિ રહેતી નથી. આવી પરિસ્થિતિમાં મારાથી એકદમ અકળાઈ જવાય છે, એકદમ અસ્વસ્થ થઈ જવાય છે. અલબત્ત, ફરી શાંત સ્થિતિ પ્રાપ્ત કરવામાં વાર નથી લાગતી. આવી જે-તે વ્યક્તિને હૃદયપૂર્વકની ક્ષમા આપવામાં સહેજે મુશ્કેલી નથી પડતી. આવી વ્યક્તિઓ સાથે પછી તરત નૉર્મલ વર્તન કરવામાં પણ વાર નથી લાગતી. પણ તત્ક્ષણ તો અકળાઈ જવાય છે - એને મારી મોટી અધૂરપ ગણું છું. આ અધૂરપને અતિક્રમી જવાનો મારો સંકલ્પ છે - ને એ માટે હું એકદમ જાગ્રત થઈ ગયો છું. કોઈ પણ પરિસ્થિતિમાં ચિત્ત વિચલિત ન થાય એ આદર્શે પહોંચું ત્યારે ખરો; પણ, અકળામણની ફ્રીક્વન્સી ને તીવ્રતા ચોક્કસ ઓછાં થતાં જાય છે.'

હાસ્ય માણસને મળેલું અણમોલ વરદાન છે. 'હસવાનું' વરદાન તો પ્રભુએ કશા પક્ષપાત વગર મનુષ્યમાત્રને આપ્યું છે. 'હાસ્ય' ગમે તેવા વિષાદને ઓગાળી દે છે. એ મારો અનુભવ છે. જે રીતે આપણા ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં પ્રોટીન કે વિટામિન્સ - મિનરલ્સ મળતાં નથી ત્યારે આપણે એ બધું મળી રહે એવી દવા લઈએ છીએ એ જ રીતે હું દરરોજ સવારે કે રાત્રે મોટે ભાગે બંને વખત - હાસ્યના કોઈને કોઈ પુસ્તકમાંથી કંઈ ને કંઈ વાંચી લઈ મનને નીરોગી રાખવાનો પ્રયત્ન કરું છું. મનને સ્વસ્થ રાખવામાં હાસ્યની ઘણી મદદ મને મળતી રહે છે.

હસવાની શક્તિ તો પરમાત્માએ બધાંને આપી છે. પણ હસાવવાની શક્તિ પરમાત્માની વિશેષ કૃપા છે. આવી વિશેષ કૃપા પ્રાપ્ત થવાને કારણે વિષમ પરિસ્થિતિને પણ હું હસી કાઢી શકું છું. આવી વિશેષ કૃપાને કારણે 'વિષાદ'નો ભાવ મારા મનમાં લાંબો સમય ટકી શકતો નથી. આ હાસ્યની દૃષ્ટિને કારણે જ મારી નબળાઈઓ હું સ્પષ્ટ જોઈ શકું છું ને બીજાંઓની નબળાઈઓ પરત્વે સમભાવની દૃષ્ટિ રાખી શકું છું. મારી આજ સુધીની આયુષ્યયાત્રામાં મેં ક્યાકેય કોઈ માટે તિરસ્કારનો ભાવ અનુભવ્યો નથી એ કેવળ પરમાત્માએ આપેલી હાસ્યદૃષ્ટિનું જ પરિણામ છે એમ હું સમજું છું.

કુંદનિકા કાપડિયાની એક પુસ્તિકાનું શીર્ષક છે : 'જીવન એક ખેલ!' અંગ્રેજી પુસ્તકનો આ અનુવાદ છે. જીવન અંગેની સમજવા જેવી ઘણી સામગ્રી આ પુસ્તિકામાં છે. આ પુસ્તિકાના શીર્ષકથી જ જીવનની વ્યાખ્યા એકદમ સ્પષ્ટ થઈ જાય છે. જીવન એક ખેલ છે, - રમત છે. રમત માત્રનો હેતુ 'આનંદ' હોય છે. આનંદ સિવાય રમતનો બીજો કોઈ હેતુ હોઈ શકે નહીં. બીજા હેતુઓ ભળે એટલે રમત દૂષિત થાય (આજે કેટલીક રમતોમાં - ખાસ કરીને ક્રિકેટની રમતમાં - આનંદ સિવાયના હેતુઓ ભળેલા દેખાય છે ને એનાં પરિણામો પણ જોઈ શકાય છે). પ્રકૃતિ, પર્યાવરણ, સાહિત્ય-સંગીત-ચિત્ર-નૃત્ય આદિ કળાઓ, તેમજ માનવસંબંધની મધુરતા આનંદના અખૂટ સ્રોત છે પણ આવા આનંદનું પ્રતિબિંબ નિર્મળ ચિત્તમાં જ પૂરેપૂરું ઝિલાય છે. પ્રકૃતિ, કળા કે માનવસંબંધની મધુરતા ચિત્તની નિર્મળ અવસ્થામાં જ આનંદ આપી શકે છે. એટલે ચિત્તની શુદ્ધિ જીવનનું ખરું સાધ્ય છે, એમ હું સમજ્યો છું.

આ ચિત્તશુદ્ધિ શું છે? ચિત્ત નકારાત્મકતાથી જેટલું મુક્ત એટલી એની શુદ્ધિ વધુ. સીધા માર્ગે ચાલનાર વ્યક્તિને પણ ચિંતા, ગુસ્સો, અકળામણ, ભય, હતાશા - જેવા નકારાત્મક ભાવો સતાવતા રહે છે. ચોવીસ કલાકમાં સાઠથી સિત્તેર હજાર વિચારો આવતા હોય તો એમાં નકારાત્મક વિચારો આવે જ નહીં - એવું તો કોઈ વીરલા માટે જ શક્ય હશે! નકારાત્મક વિચારો આવે જ નહીં, એવી સ્થિતિ તો મારા માટે અત્યારે ક્યાંય ક્ષિતિજમાં પણ મને દેખાતી નથી. પણ, નકારાત્મક વિચારો આપણા મગજનો કબજો ન લઈ લે એટલી

જાગૃતિ દરેક માટે શક્ય છે, એવી મારી અનુભવજન્ય પ્રતીતિ છે. હકારાત્મક વિચારોને વધુ ને વધુ પોષવા ને નકારાત્મક વિચારોને સહેજે ન પોષવા એ દેખાય છે એટલું અઘરું નથી, એવો મારો અનુભવ છે. આપણા તરફથી પોષણ નહીં મળે તો મનમાં આવેલો નકારાત્મક વિચાર આપોઆપ નષ્ટ થઈ જશે. અલબત્ત, આને માટે 'જાગૃતિ' (awareness) જોઈએ. આવી જાગૃતિ કેળવી શકીએ તો પ્રકૃતિ, પર્યાવરણ, કળા ને માનવસંબંધની મધુરતાના આનંદનો ભાવ ધીમેધીમે ચિત્તની સ્થાયી અવસ્થા બનશે. આવી જાગૃતિ માટે હું સતત જાગ્રત રહેવાનો પ્રયત્ન કરું છું. શ્રી અરવિંદ નકારાત્મક વિચાર ઉદ્ભવે કે તરત જ એને રિજેક્ટ કરી દેવાનું કહે છે. બ્રહ્મકુમારી શિવાનીજી પણ નકારાત્મક વિચાર ઉદ્ભવે કે તરત જ 'કટ', 'સ્ટૉપ' કહી નકારાત્મક વિચાર અટકાવી દેવાનું કહે છે. નકારાત્મક વિચારને દબાવી નહીં શકાય પણ આ રીતે અટકાવી શકાય છે એવો મારો અનુભવ છે.

અંતિમ સમયે 'મૃત્યુ' અંગેનો તેમજ મૃત્યુ પછીના જીવન અંગેનો પોતાનો ખ્યાલ માણસે સ્પષ્ટ કરવો જોઈએ. જવાહરલાલ નહેરુનું અત્યંત કાવ્યાત્મક વસિયતનામું પ્રસિદ્ધ છે. વેદ-ઉપનિષદમાં મૃત્યુ અને મૃત્યુ પછીના જીવન વિશે ઊંડું ચિંતન છે. ભારતીય મનીષીઓએ પણ આ ચિંતન આત્મસાત્ કરીને પોતાનું ચિંતન રજૂ કર્યું છે. આમાનું કેટલુંક મેં જાણ્યું-વાંચ્યું છે. પણ, મારા મનના કમ્પ્યૂટરમાં મૃત્યુનું જે ચિંતન 'સેવ' થઈને સચવાયું છે તે ગીતાનું છે. પાંચમા ધોરણમાં હતો તે વખતથી બેત્રણ વર્ષ બાને 'ગીતા'નો એક અધ્યાય દરરોજ વાંચી સંભળાવતો. મને એમાં કંઈ સમજ પડતી નહોતી. દરરોજ ગીતાનો એક અધ્યાય સાંભળવો અને તે પછી જ જમવું એવો બાનો નિયમ હતો. બા ગીતા સાંભળે એના કરતાં બા પછી જ જમી શકશે એ મારી મુખ્ય નિસ્બત હતી. આ રીતે અઢારે અધ્યાય અનેક વાર વાંચવાના થયા હતા. એ વાચનને કારણે ચિત્તમાં જે થોડાં બીજ વવાયાં, એમાંનાં કેટલાંક પછીથી ઊગી નીકળ્યાં. એમાંનું એક બીજ તે 'જન્મેલાંનું મૃત્યુ નિશ્ચિત છે, ને મરેલાનો જન્મ નિશ્ચિત છે' (जातस्य हि ध्रुवो मृत्युर्ध्रुवं जन्म मृतस्य च). 'જન્મેલાનું મૃત્યુ નિશ્ચિત છે' - એ આપણા સૌનો રોજબરોજનો અનુભવ છે, 'મરેલાનો જન્મ નિશ્ચિત છે' - એ શ્રદ્ધાનો વિષય છે. મૃત્યુ આવવાનું જ છે - એમાં આપણું કંઈ ચાલવાનું નથી તો પછી ચાલો, એ આવે ત્યાં સુધી ઉલ્લાસથી જીવીએ, આવી સમજ દૃઢ થતી ગઈ છે. ગુણવંત શાહના એક પુસ્તકનું સરસ શીર્ષક છે : 'મરો ત્યાં સુધી જીવો' - બસ, મરવાનું થાય ત્યાં સુધી જીવંત રહેવાનો પ્રયત્ન કરું છું. આમાં ચડઊતર થયાં કરે છે, થોડાં ડગલાં આગળ જવાનું થયાં કરે છે. પણ આ માર્ગે ચાલવાનું છોડ્યું નથી. ડગલાં ધીમાં છે - પણ મક્કમ છે એનો મને સંતોષ છે.

મહાભારતમાં યક્ષના એક પ્રશ્ન : 'જગતનું સૌથી મોટું આશ્ચર્ય કયું ?'ના જવાબમાં યુધિષ્ઠિર કહે છે : 'માણસ પોતાની નજર સામે અનેક મનુષ્યોને મરતાં જુએ છે, છતાં એ તો એમ જ માને છે કે પોતે અમર છે ! જગતનું આ પરમ આશ્ચર્ય છે.' પણ આ પરમ આશ્ચર્ય પરમતત્ત્વની મનુષ્યને ઉત્તમ ભેટ છે. આ પરમ આશ્ચર્ય જ જીવનના પરમ-આનંદને શક્ય બનાવે છે. સચોટ ભવિષ્યકથન કરવાની શક્તિ કેટલાંકમાં હોય છે; જ્યોતિષ એ વિજ્ઞાન છે, - આ બધું સ્વીકારવા છતાં પિતાજીએ મારી કુંડળી બનાવડાવી નથી એને હું પિતાજીની મોટી ભેટ ગણું છું, અને જ્યોતિષના જાણકાર મિત્રોએ કુંડળી બનાવી આપવાની તૈયારી બતાવી હતી તોપણ મને ક્યારેય કુંડળી બનાવડાવવાનો ઉમળકો નથી થયો. આવતીકાલ વિશે આજે જાણીને આજના અને આવતીકાલના રોમાંચને શા માટે ખોવો ? - આવી મારી સ્પષ્ટ સમજ છે.

મને કોઈ પૂછે કે 'કેવું મૃત્યુ તમે ઈચ્છો ?' તો એના જવાબમાં 'દો આંખે બારહ હાથ' ફિલ્મના ગીતની પંક્તિઓ કહું : 'એ માલિક, તેરે બંદે હમ, ઐસે હો હમારે કદમ, નેકી પર ચલે ઔર બદી સે ટલે, તાકિ હંસતે હુએ નિકલે દમ' – બસ 'હંસતે હુએ નિકલે દમ'ની ઝંખના છે. અલબત્ત, એના માટે ચિત્ત નિર્મળ રહે 'ઐસે કદમ' ભરવા અંગે સતત સજગ રહું છું. બાપુજીએ એક જીવનમંત્ર એમના જીવન દ્વારા શીખવ્યો છે : 'થાય એટલું બીજાનું ભલું કરો ને કોઈનું બૂરું ન કરો; પણ, કોઈનું બૂરું કરો નહિ, એટલું પૂરતું નથી, કોઈનું બૂરું ઈચ્છો પણ નહિ' બસ, આ જીવનમંત્ર જીવવાનો યથાશક્તિ - યથામતિ પ્રયત્ન કરતો રહું છું.

અંતિમ પત્રમાં મૃત્યું પછીની ઈચ્છાઓ પણ જણાવી દેવી જોઈએ. મૃત્યુ અંગેના આપણા મહામનીષીઓના ચિંતનમાંથી એક વાત એ પણ મારા મનમાં દૃઢ થઈ છે કે મૃત્યુ પામનાર માણસની પાછળ જેટલું કલ્પાંત થાય છે એટલું એના આત્માને દુઃખ થાય છે. મૃત્યુ પામનાર આત્માની પછીની યાત્રા શાંતિમય ને આનંદમય હોય તેવી પ્રાર્થના આત્માને શાંતિ ને આનંદ આપે છે. સ્વજનના મૃત્યુનું દુઃખ ન થાય, સ્વજનના મૃત્યુથી આંખમાં આંસુ ન આવે એવું તો શક્ય નથી; પણ, મારા મૃત્યુના દુઃખને અતિક્રમીને મારા આત્માની શાંત અને આનંદમય યાત્રા માટે પ્રાર્થના થાય એવી મારી લાગણી છે. મારા મૃત્યુ પછી કોઈ પણ પ્રકારનાં વિધિ-વિધાન ન થાય એવી પણ મારી તીવ્ર લાગણી છે.

'અંતિમ પત્ર' લાંબો થયો, પણ મારા પોતાના માટે પણ આ પત્ર કામ આવશે. આ પત્રમાં રજૂ કરેલી ભાવના પ્રમાણે હવે પછીનાં જેટલાં વરસ સિલકમાં હોય એટલાં વર્ષોમાં જ્યારે જ્યારે કંઈ ભૂલચૂક થશે તો એ તરફ સુધારી લેવામાં આ પત્ર મને કામ આવશે.

કુશળ હશો - આટલો લાંબો પત્ર વાંચ્યા પછી પણ - એવી શુભેચ્છા પાઠવું છું.

❑❑❑

લિ. સ્નેહાધીન

રતિલાલ બોરીસાગર

# અતીતની બારીએથી આજ

સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી
9819372908

**अलं बालस्स संगेणं**


**– ભગવાન મહાવીર**

અર્થાત બાળક બુદ્ધિના એટલે કે મૂર્ખ, અજ્ઞાની, અયોગ્ય અથવા અપાત્ર માણસોનો સંગ કરશો નહિ, કારણકે સામાન્ય રીતે સંગનો રંગ લાગ્યા વગર રહેતો નથી... મનુષ્ય સામાજીક પ્રાણી છે. એકલા રહેવું એને ગમતું નથી. લોકો વચ્ચે રહેવું, લોકોમાં હરવું ફરવું, મૈત્રી બાંધવી....જ્યાં સુધી માણસ ભૌતિક સુખની પાછળ પડયો છે, ત્યાં સુધી તેને અનેક લોકો સાથે સંબંધો બાંધવાનું અને રાખવાનું ગમે છે. જેમ સંબંધો કે ઓળખાણ વધારે તેમ તે પોતાની જાતને વધુ મોટો માને છે. પરંતુ આવા સંબંધો કેટલીક વાર ભૌતિક દ્રષ્ટિએ પણ માણસને હાનિકારક નિવડે છે. આત્મહિતની દ્રષ્ટિએ તો એનો વિચાર જુદી જ રીતે કરવાનો રહે છે, परोस्परोपग्रहो जीवानाम् સ્વ. પૂ. પન્યાસજી શ્રીભદ્રંકરવિજયજી કહે છે,

જીવનાં બે લક્ષણ: ''उपयोगो लक्षणम्''અને ''परोस्परोपग्रहोजीवानाम''

આ બન્ને સૂત્રો જીવના અનુક્રમે અંતરંગ અને બહિરંગ લક્ષણોના દ્યોતક છે. ''ઉપયોગ'' એ જીવનું અંતરંગ લક્ષણ છે. એનાથી જીવનું પોતાનું સ્વરૂપ કેવું છે એનો બોધ થાય છે. અને ઉપગ્રહ જીવનું બહિરંગ લક્ષણ છે. એનાથી જીવનો બીજા બધા જીવો સાથે શો સંબંધ છે, એનો બોધ થાય છે. ઉપયોગ એ જીવનું દર્શક લક્ષણ છે અને ઉપગ્રહએ દર્શક લક્ષણ છે. જિનાગમોમાં જીવને ભાવસ્વરૂપ પણ કહ્યો છે. એ ભાવનાં પાંચ પ્રકાર છે. ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ, ક્ષયોપશમિકભાવ, ઔદાયિકભાવ અને પારિમાણિકભાવ સિદ્ધાત્માઓને ક્ષાયિક અને પારિણામિક એમ બે ભાવ જ હોય છે. સંસારી જીવોને ઓછામાં ઓછા ત્રણ અને વધુમાં વધુ પાંચ પણ હોઈ શકે.

(રમણલાલ ચી શાહના તંત્રી સ્થાનેથી ઓગસ્ટ ૧૯૮૯ ના અને નવેમ્બર ૧૯૮૯માં સ્વ. પૂ. પન્યાસજી શ્રીભદ્રંકરવિજયજીના લેખો પ્રસ્તુત થયાં છે. For detailed reading of EditorialAugust 1989 and November 1989 visit www. Prabuddhjeevan.in.)



પ્રબુદ્ધ જીવન

તંત્રી : રમણલાલ ચી. શાહ

अलं बालस्स संगेणं

— ભગવાન મહાવીર

અજ્ઞાનીની સોબત ન કરો


परस्परोपग्रहो जीवानाम् ।

સ્વ. પૂ. પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી

જીવનાં બે લક્ષણ

સંસાર અને દુઃખનું મૂળ

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2016-18. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2018. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

રતિલાલ બોરીસાગર

*'જો હોય મારો અંતિમ પત્ર તો...' એવી લેખ શ્રેણી તમે 'પ્રબુદ્ધજીવન'માં શરૂ કરી એ માટે અભિનંદન અને આ શ્રેણીમાં લખવાનું મને નિમંત્રણ આપ્યું એ માટે આભાર અને નિરાંતે, જ્યારે અનુકૂળતા મળે ત્યારે, લખવાની છૂટ આપી એ માટે વિશેષ આભાર. જોકે આમાં આંગળી આપતાં પહોંચો પકડવા જેવો ઘાટ થયો છે. હું આટલી બધી નિરાંત રાખીશ એવો તમને ખ્યાલ નહીં હોય ! મેં મારા એક લેખમાં લખ્યું છે કે મારું મગજ નેરોગેજ રેલવે સ્ટેશન જેવું છે; એક ટ્રેન પસાર થઈ જાય પછી જ બીજી ટ્રેન આવી શકે ! (આઈન્સ્ટાઈનનું પણ આવું જ હતું એમ મેં હમણાં જ ક્યાંક વાંચ્યું !) એટલે એક કામ હાથ પર હોય ત્યારે બીજું કામ પાછળ ઠેલાય એમ આ કામ ઠેલાતું ગયું. અંતિમ સમયે તો બધા ખુલાસા કરી દેવા જોઈએ એટલે આ પણ કહી દીધું !*

*તમે વિગતથી લખવાનું કહ્યું એ માટે પણ તમારો વિશેષ આભાર. લંબાણથી બોલવા-લખવાની છૂટ મળે છે ત્યારે આ રહી ન જાય, તે રહી ન જાય એવો ભાર રહેતો નથી. તંત્રી તરીકે જે ઍડિટ કરવા જેવું લાગે તો તમે જરૂર કરજો. (રતિલાલ બોરીસાગરના પત્રની પ્રસ્તાવના)*

'અંતિમ પત્ર' એટલે 'ડાઈંગ ડેક્લેરેશન' એમ હું સમજું છું. અંતિમ સમયે 'માણસ જે કહે તે સાચું જ કહે' એવું માનવામાં આવે છે ને એટલે જ કાયદામાં 'ડાઈંગ ડેક્લેરેશન'ને શ્રદ્ધેય પુરાવો ગણવામાં આવે છે. હું પણ અત્યારે મજાક છોડીને પૂરી ગંભીરતાથી આ 'ડેક્લેરેશન' કરું છું.

જે આ મારો અંતિમ પત્ર હોય તો મારે સૌપ્રથમ ઈશ્વરનો અને પછી આ જગતનો આભાર માનવાનો છે. ઈશ્વરનો આભાર એટલા માટે કે નરસિંહ મહેતા જેવી મારી પાત્રતા નહીં, પણ સ્વભાવ અદ્દલ એવો જ ! ભવિષ્યનું યોગ્ય પ્લાનિંગ કરીને ક્યારેય કશું ગોઠવ્યું નથી. બસ એમ જ ચાલતું રહ્યું ને છતાં આશ્ચર્યની વાત એ છે કે બધું બરાબર ચાલતું રહ્યું ! નરસિંહ મહેતા જેવી અડગ પ્રભુશ્રદ્ધા પણ નહીં; 'હંકારી જા' ગીતમાં સુંદરમે પોતાની જીવનહોડી હંકારવા માટે પ્રભુને બધા પાવર્સ ડેલિગેટ કરીને કહ્યું છે : 'મનનાં માલિક તારી મોજને હલેસે ફાવે ત્યાં એને હંકારી તું જા !' એવું કોઈ મારું પ્રભુને સમર્પણ પણ નહીં, ને છતાં, પ્રભુએ મારી જીવનહોડી સંભાળપૂર્વક હંકારી છે. અલબત્ત, ક્યારેક ક્યારેક મોજમાં આવીને મારી જીવનહોડીને પ્રભુએ આમતેમ ફંગોળી પણ છે; પણ, આજે લાગે છે કે એ રીતે મારી જીવનહોડીને ફંગોળવા પાછળ પણ પ્રભુનો હેતુ તો હોડીને યોગ્ય ઠેકાણે પહોંચાડવાનો જ હતો !

આ જગતનો પણ મારે હૃદયપૂર્વક આભાર માનવાનો છે. કૉમન સેન્સ બહુ જ ઓછી, અને વ્યવહારબુદ્ધિ તો બિલકુલ શૂન્ય ! આવો માણસ નભી ગયો જગતની સારપને કારણે ! આનો અર્થ એવો નથી કે કટુ અનુભવો થયા જ નથી - થયા છે; પણ, ઊંડા ઘા પડી જાય એવા અનુભવો નથી થયા એ કેવળ પ્રભુકૃપાને કારણે ! એકદમ વિશ્વાસ મૂકી દેવાનો મારો સ્વભાવ. સામી વ્યક્તિ જેવી દેખાય છે એવી જ છે એવું તુરત તો માની જ લઉં; અને એટલે જ, મને છેતરવાનું સાવ સહેલું; તેમ છતાં, કળ ન વળે એવી રીતે ક્યારેય છેતરાયો નથી.

મારું અર્થતંત્ર ભારત સરકારના અર્થતંત્રની જેમ કાયમ ખાધલક્ષી રહ્યું છે. અઢાર વરસની ઉંમરથી શરૂ કરી, સાઠ વર્ષ પૂરાં થયાં ત્યાં સુધી - જીવનનાં કુલ બેતાલીસ વરસ નોકરી કરી ! શરૂઆતનાં વર્ષોથી એવું લાગતું કે 'બસ, આવતી પહેલી તારીખથી કોઈનું દેવું માથે નહીં રહે'; પણ, એવી પહેલી તારીખ કદી આવી જ નહીં ! ફ્લૅટ માટે ઑફિસની લોનનો છેલ્લો મોટો હપતો પગાર પૂરેપૂરો કપાવવા ઉપરાંત સ્વજનના પૈસાથી ભર્યો હતો ! ને છતાં, નરસિંહ મહેતાની જેમ જ મારું કોઈ કામ પૈસા વગર અટક્યું નથી ! એટલે જ જો આ અંતિમ પત્ર હોય તો મારે પ્રભુ પરત્વે ને પ્રભુના પ્રતિનિધિઓ પરત્વે કૃતજ્ઞતાનો ભાવ વ્યક્ત કરવાનો છે.

આ અંતિમ પત્રમાં જીવનના સીધા અનુભવોમાંથી અને વાચન અને સત્સંગને કારણે જીવન વિશેની જે કંઈ સમજ મને પ્રાપ્ત થતી રહી છે તે વિશે તેમજ એ સમજ મુજબ જીવવાના મેં જે કંઈ સફળ-નિષ્ફળ પ્રયત્નો કર્યા છે તે વિશે ગુણવંત શાહના શબ્દોમાં કહું તો, 'મારા તાબામાં હોય એટલી' પૂરી તટસ્થતાથી વાત કરવા માગું છું. આમાંથી કોઈ કંઈ શીખે એવો ગુરુભાવ આની પાછળ નથી. આ કેવળ નિખાલસ નિવેદન છે !

એક વાત મને બહુ નાની ઉંમરથી સમજાઈ ગઈ છે કે મળેલી સમજ જો સ્વ-ભાવ ન બને તો કેવળ કોરી સમજનો કશો અર્થ નથી. સમજણ જેટલા પ્રમાણમાં આચરણમાં ઊતરે એટલી જ એની સાર્થકતા છે. 'દર્શકે' કહ્યું છે, 'જ્ઞાન પહેલાં આવે છે, આચરણ એની પાછળ આવે છે.' જ્ઞાન કે સમજની પ્રાપ્તિ વગર આચરણ શક્ય નથી. એટલે જ્ઞાનનો ઘણો મહિમા છે, પણ આચરણનો અધિક મહિમા છે. (વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫૧)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. Editor : **Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**